

શ્રીમદ્ વલ્લભાચાર્યનું શુદ્ધાદ્વૈત ધર્મ-દર્શન

ડૉ. કોકિલા એ. શાહ

શ્રીમદ્ વલ્લભાચાર્યનું
શુદ્ધાદ્વૈત ધર્મ-દર્શન

ડૉ. કોકિલા એ. શાહ

પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ

SHRIMAD VALLABHACHARYANU
SHUDDHADVAITA DHARMA-DARSHAN
by
Dr. Kokila A. Shah

ISBN : 978-93-5108-669-7

© ડૉ. કોકિલા એ. શાહ

પ્રકાશક :
બાબુભાઈ હાલચંદ શાહ
પાર્શ્વ પબ્લિકેશન
૧૦૨, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી ગામની રેલ્વે ફાટક સામે,
મીઠાખળી, અમદાવાદ-380 001.

●

પ્રથમ આવૃત્તિ : 2016
પ્રત : 500
કિંમત રૂા. 270-00

●

લેસર ટાઈપસેટિંગ
ખુશ્બૂ ગ્રાફિક્સ
૧૦૨, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી ગામ,
અમદાવાદ-380 006.

●

મુદ્રક
શ્રી સ્વામિનારાયણ મુદ્રણ મંદિર
૧૨, શાયોના એસ્ટેટ, દૂધેશ્વર રોડ, શાહીબાગ,
અમદાવાદ-380004.



नमो भगवते तस्मै कृष्णायाभ्दुतकर्मणे ।
रूपनामविभेदेन जगत् क्रीडति यो यतः ॥

અર્પણ

જેમની પ્રેરણા, સહકાર અને પ્રોત્સાહન વિના
આ પુસ્તકનું કાર્ય શક્ય નહોતું તેવા મારા સ્વર્ગસ્થ પતિ
ડૉ. એ. સી. શાહને...

સહજાનંદસ્વામીના 'નવ્ય વિશિષ્ટાદ્વૈત' મત સાથે સંક્ષેપમાં ચર્ચા કરવામાં આવી છે. આ વિષયને એટલા પૂરતો જ સીમિત રાખવામાં આવ્યો છે.

શ્રી વલ્લભાચાર્યે 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' નું પ્રતિપાદન કર્યું અને મહાન દાર્શનિક ગણાયા પણ સાથે સાથે તેઓ મહાન ધર્મગુરુ અને સંપ્રદાયસ્થાપક પણ હતા. તે સમયના સામાન્ય લોકો પણ સમજી શકે અને આચરણમાં મૂકી શકે એટલે એમણે સ્વસિદ્ધાંતોને આધારે જ 'પુષ્ટિ - સંપ્રદાય' સ્થાપીને ભક્તિનો સરળ રાજમાર્ગ લોકોને દર્શાવ્યો, કે જેમાં નાત-જાત, ધર્મ કે કોમના ભેદભાવ વિના સર્વ કોઈ, સ્ત્રીઓ અને શૂદ્રો પણ એમાં પ્રવેશ મેળવી શકે છે, અને મોક્ષના અધિકારી બની શકે છે. 'પુષ્ટિ સંપ્રદાય' ના મુખ્ય સિદ્ધાંતોને 'ષોડશ ગ્રંથો'માંથી સંદર્ભો આપીને સમજાવવામાં આવ્યા છે.

આમેય 'અણુભાષ્ય' અને શ્રી વલ્લભાચાર્યના બીજા ગ્રંથોની ભાષા સંસ્કૃત અને ભાષ્યાત્મક હોવાથી સમજવી થોડી મુશ્કેલ છે. એટલે મેં એને સરળ ગુજરાતી ભાષામાં રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે. શ્રી વલ્લભાચાર્યના સિદ્ધાંતો 'વલ્લભ વેદાન્ત' ના વિદ્વાનો અને 'પુષ્ટિ સંપ્રદાય'ના વૈષ્ણવોને આજના સમયમાં પણ નવજીવન અને નવચેતના આપવાની ક્ષમતા ધરાવે છે.

છેલ્લા ૨૫-૩૦ વર્ષથી શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી વિશે અભ્યાસ કરવાનો વિચાર ઘોળાતો હતો. સાતેક વર્ષ પહેલાં મારા પતિ ડૉ. શાહ, એમના મિત્ર ડૉ. રમેશભાઈ અને મારી એક મિત્ર કૌમુદીબેન સાથે વાત કરતા મેં મારી મુંઝવણ ડૉ. રમેશભાઈને જણાવી. એમણે તરત જ સૂઝાવ આપ્યો કે તમે તત્ત્વજ્ઞાનના વિષય પર પી.એચ.ડી કરો તો તમારી મુંઝવણનો ઉકેલ તમને આપોઆપ મળી રહેશે. મેં અને મારા પતિ ડૉ. શાહે આ પ્રસ્તાવનો સહર્ષ સ્વીકાર કર્યો અને આમ અમારો આ 'જ્ઞાનયજ્ઞ' શરૂ થયો. વર્ષોથી મારા મનમાં રહેલી આ ઇચ્છાને સાકાર સ્વરૂપ મળ્યું. મારા આ વિષયને મેં શ્રી વલ્લભાચાર્યના દર્શન સુધી જ સીમિત રાખ્યું છે. બાકી તત્ત્વજ્ઞાનનો વિષય વિશાળ મહાસાગર જેવો છે, કે જેનો ક્યાંય અંત નથી.

પ્રભુકૃપાએ મારું આ સ્વપ્ન સાકાર બન્યું છે, અને હવે 'શ્રી મહાપ્રભુજી વલ્લભાચાર્યનું શુદ્ધદ્વૈત દર્શન' એ મારી થીસીસ પુસ્તક સ્વરૂપે પ્રગટ થઈ રહી છે એનો મને આનંદ છે. આ કાર્ય સંપન્ન થયું છે ઘણાં બધાં મિત્રોના માર્ગદર્શન

સાથ-સહકાર અને પ્રોત્સાહનથી જ. જો હું એમનો ઋણસ્વીકાર ન કરું તો નગુણી જ ગણાઉં.

સૌ પ્રથમ તો મારા વિદ્વાન માર્ગદર્શક પ્રો. રમેશભાઈ દવેની હું ખૂબ જ ઋણી છું. એમણે મને માત્ર સૂચન અને સૂઝાવ જ નથી આપ્યો પણ મારા માર્ગદર્શક (Guide) થવાનો પણ સ્વીકાર કર્યો. હું થીસીસ મારી માતૃભાષા ગુજરાતીમાં લખવા માગતી હતી એનો પણ એમણે સહર્ષ સ્વીકાર્ય કર્યો. મારો મૂળ વિષય તત્ત્વજ્ઞાન ન હોવા છતાં ધીરજપૂર્વક, શાંતિથી એમણે મને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું. ચાર વર્ષ પહેલાં મારા પતિ ડૉ. શાહનું અવસાન થયું, ત્યારે તો મેં આ કાર્ય છોડી દેવાનું જ નક્કી કર્યું હતું પણ ડૉ. રમેશભાઈએ જ મને પ્રોત્સાહન આપીને આ કાર્ય પૂરું કરવાની પ્રેરણા આપી. મારા પતિ ડૉ. શાહ શરૂઆતથી જ આ પ્રોજેક્ટમાં મારી સાથે હતા એની એમને ખબર હતી. એટલે એમણે આગ્રહ રાખ્યો કે કોઈપણ સંજોગોમાં મારે આ કાર્ય પૂરું કરવું જોઈએ. થીસીસને પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં પણ એમણે મને ઘણું માર્ગદર્શન અને સૂચનો આપ્યા છે અને પુસ્તક પ્રસ્તાવના પણ એમણે લખી છે. હું ઈશ્વરનો હૃદયપૂર્વક આભાર માનું છું કે મને રમેશભાઈ જેવા સહૃદયી, વિદ્વાન મિત્ર અને માર્ગદર્શક મળ્યા છે.

આ ઉપરાંત મને વિદ્વાન ગોસ્વામી-આચાર્યો પાસેથી પણ ઘણું માર્ગદર્શન અને ઘણાં સંદર્ભ પુસ્તકો મળ્યા છે પૂજ્ય ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજીએ તો જ્યારે મે જણાવ્યું કે થીસીસને હું પુસ્તક રૂપે પ્રકાશિત કરવાની છું ત્યારે એમણે મારી આખી થીસીસ વાંચીને જ્યાં હકીકત દોષ હતા તે સુધારીને ઘણા નવા સૂચનો કર્યા અને માર્ગદર્શન આપ્યું. અને મારા પુસ્તકને આશીર્વચન આપીને એમણે મને કૃતકૃત્ય કરી છે. વડોદરાના આચાર્ય પૂજ્ય ગોસ્વામી શ્રી ચંદ્રગોપાલજી મહારાજે પણ ખૂબ મદદ કરી છે. એમની લાયબ્રેરીમાંથી મને ઘણા અગત્યના પુસ્તકો મળ્યા, એટલું જ નહી પણ મારા મનની ઘણી શંકાઓનું પણ એમણે સમાધાન કર્યું અને મારા પુસ્તકને પણ એમના આશિષ મળ્યા છે એ બદલ હું એમની ઋણી છું.

આ વિષયના મોટા ભાગના પ્રમાણભૂત પુસ્તકો અને સાહિત્ય સંસ્કૃત અને અંગ્રેજીમાં ઉપલબ્ધ છે. મુંબઈ યુનિવર્સિટીની લાયબ્રેરી અને શ્રી અનંતાચાર્ય ઈન્ડોલોજીકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટની લાયબ્રેરી ઉપરાંત ભારતીય વિદ્યાભવનના

પુસ્તકાલય અને એ સર્વના સ્ટાફના સભ્યોએ મને ઘણી મદદ કરી છે એ માટે હું એમની આભારી છું.

મારા આ કાર્યમાં મને સૌથી વધારેમાં વધારે સહકાર મળ્યો હોય તો તે અમદાવાદના ડૉ. સુનંદાબેન શાસ્ત્રી તરફથી. કોઈ પૂર્વજન્મના ઋણાનુબંધ અમે એક સેમીનારમાં ભેગા થયા અને સમાન વિષયમાં રસ-રુચી હોવાથી એ સંબંધ મિત્રતામાં પરિણમ્યો. એમના તરફથી તો મને ખૂબ જ માર્ગદર્શન અને અગત્યના પુસ્તકો મળ્યા હતા. એટલું જ નહીં પણ જ્યારે હું હતાશ થઈ જતી ત્યારે મને હંમેશા પ્રોત્સાહન અને પ્રેરણા આપ્યા છે. એમણે મારી થીસીસના પ્રથમ પ્રૂફ રીડીંગનું કામ પણ સ્વેચ્છાએ સ્વીકાર્યું હતું. આ પુસ્તકના પ્રકાશનમાં પણ એ જ મારી સાથે રહ્યા છે અને પ્રકાશનની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી છે. આ પુસ્તક વિશે પણ એમણે પોતાનો અભિપ્રાય આપવાનું સ્વીકાર્યું. એમના પતિ ડૉ. યજ્ઞેશ્વરજી શાસ્ત્રીએ પણ પુસ્તક વિશે અભિપ્રાય આપ્યો છે. એ બન્ને શાસ્ત્રી દંપતીનો તો હું કયા શબ્દોમાં આભાર માનું ?

મારા પતિ ડૉ. શાહ તો આ કાર્ય માટે મારા કરતાં પણ વધારે ઉત્સાહિત હતા. તેઓ હંમેશા મારી સાથે ડૉ. રમેશભાઈને મળવા લાયબ્રેરીમાં યુનિવર્સિટી બધે જ આવવામાં મને સાથ આપતા, મારા માટે પુસ્તકો વાંચી નોંધ બનાવતા અને ચર્ચા કરતા. અમારા ઘરમાં આ સિવાય વાતનો બીજો વિષય જ નહોતો. પણ એ તો અધવચ્ચે આ કાર્યની જવાબદારી મને સોંપીને ચાલ્યા ગયા. મને સંતોષ છે કે મારી શક્તિ અને ગજા પ્રમાણે મેં આ કાર્યને ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે. આ થીસીસ પુસ્તક રૂપે પ્રકાશિત થઈ રહી છે તો મને વિશ્વાસ છે કે એમનો આત્મા પરમ ધામમાં જ્યાં પણ હશે ત્યાં એમના આત્માને જરૂર શાંતિ અને પ્રસન્નતા મળશે.

આ સિવાય મારા અને મારા પતિના ઘણા મિત્રોએ મને પુસ્તક પ્રકાશનમાં સાથ અને સહકાર આપ્યો છે. આ ઉપરાંત મારા સંતાનો સ્વાતિ-આશિષ, અપૂર્વ-પૂર્વીએ હંમેશા મારા વિષયમાં રસ લઈને અને આ પુસ્તકના પ્રકાશનમાં સાથ-સહકાર અને પ્રોત્સાહન આપ્યા છે. મારી પુત્રવધૂ પૂર્વીએ આ પુસ્તકના મુખપૃષ્ઠની સુંદર ડીઝાઈન કરી આપી એનો મને આનંદ છે અને હું એની ખૂબ આભારી છું. મારા પૌત્ર-પૌત્રી મીરાં અને અર્જુન તો ક્યારે દાદી પી.એચ.ડી. પુરુ કરે અને દાદીનું પુસ્તક પ્રગટ થાય એની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા !

આ પુસ્તકના પ્રકાશ માટે પાર્શ્વ પ્રકાશનના શ્રી બાબુભાઈ વોરાનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. એમણે ખૂબ ઉત્સાહ અને રસપૂર્વક પુસ્તકના પ્રકાશનની અને વિતરણની કામગીરી સંભાળી છે. એ માટે હું શ્રી બાબુભાઈ અને એમના પુત્ર વિરલભાઈની આભારી છું.

મેં આ પુસ્તક દ્વારા શ્રી મહાપ્રભુજીના શુદ્ધાદ્વૈત વેદાંત અને પુષ્ટીમાર્ગના મહત્ત્વના સિદ્ધાંતોને સાદી અને સરળ ભાષામાં ગુજરાતી વાચકો સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે. ગુજરાતી વૈષ્ણવ વાચકો અને વિદ્વાનો આ પુસ્તકને હૃદયપૂર્વક આવકારશે એવી આશા છે.

અંતે જેમની કૃપા, આશિર્વાદ અને પ્રેરણાથી અને જેમના આશિર્વાદ મારી થીસીસને મળ્યા હતા એવા મારા ગુરુ બ્રહ્મલીન પૂ. શ્રી પ્રમુખસ્વામીને મારા કોટિ કોટિ પ્રણામ.

અંતે શ્રી ગોવર્ધનધારી શ્રીનાથજીબાબા અને મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજી કે જેમની કૃપા અને અનુગ્રહ વિના આ કાર્ય શક્ય જ નહોતું, એમના ચરણોમાં મારા કોટિ કોટિ પ્રણામ.

તા. ૧-૯-૨૦૧૬

- ડૉ. કોકિલા શાહ
સી-૬-૨, લોઈડ્સ ગાર્ડન,
અપ્પા સાહેબ મરાઠે માર્ગ,
પ્રભાદેવી - મુંબઈ - 400025,
ફોન : 022-24322283 મો.09820575029
Email : shahac@yahoo.com

પ્રાક્કથન

'શ્રીમદ્ વલ્લભાચાર્યનું શુદ્ધાદ્વૈત ધર્મ-દર્શન' વિષયક ગ્રંથ માટે પ્રાક્કથન અર્થે બે બોલ લખતાં મને એક સુખદ અનુભૂતિ થાય છે. ડૉ. શ્રીમતી કોકિલાબેન એ. શાહ લિખિત આ શોધનિબંધ છપાઈને લોકોના હાથમાં પહોંચશે ત્યારે તેના ભાવકોને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય વિષયક ધર્મતત્ત્વ તથા તત્ત્વદર્શન વિષયક આધારભૂત માહિતી-સભર પ્રસાદ માણવા મળશે. વલ્લભાચાર્ય પ્રણિત પુષ્ટિસંપ્રદાય, તેનું તત્ત્વદર્શન અને ક્રિયાવિધિઓ પ્રત્યેની દૃષ્ટિ, સમજ અને અભિરૂચિ સ્પષ્ટ થઈ જશે; અને એનું ગૌરવ તથા માહાત્મ્ય સમજાશે. તેમના શોધકાર્ય દરમ્યાન પ્રત્યેક તબક્કે શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન સંબંધી ચર્ચાવિચારણા કરતાં મને બે બાબતો ખાસ દૃષ્ટિગોચર થઈ. (૧) કોકિલાબહેને ઉઠાવેલી જહેમત અને (૨) શુદ્ધાદ્વૈત તત્ત્વ દર્શનના દરેક વિષય અને તેના અંગીભૂત નાના મોટા દરેક આંતરબાહ્ય પાસાંની સુંદર વિશ્લેષણાત્મક છણાવટ - એ આગવી વિશેષતા છે.

શ્રીમદ્ વલ્ભાચાર્યનું 'અદ્વૈત' ભલે પરમ તત્ત્વરૂપે એક પરબ્રહ્મને સ્વીકારે પરંતુ જીવ, જગત, મોક્ષ, સાધના વિગેરેને અસત્ય કે મિથ્યા નથી માનતા. એક જ પરબ્રહ્મ-પુરુષોત્તમમાંથી આવિર્ભાવ પામેલા તત્ત્વો-અર્થાત્-અક્ષર, અંતર્યામી, જીવો, માયા-સંસાર, સાધના, મોક્ષ વિગેરે સર્વ કાંઈ સત્ય છે. મિથ્યા કે કેવળ આભાસ માત્ર નથી. આ મુદ્દો સુપેરે સ્પષ્ટ કરાયો છે.

પ્રથમ પ્રકરણ 'શુદ્ધાદ્વૈત ધર્મદર્શન'માં ટૂંકી પરંતુ મુદ્દાસર આધારભૂત માહિતી સાંપડે છે. આ ગ્રંથ અન્ય વેદાંતના પૂર્વાચાર્યોના મતોનું અવગાહન કરીને લખાયો છે. તેથી શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, મધ્વાચાર્ય, વિષ્ણુસ્વામી આદિના ધર્મદર્શન સંબંધી માહિતી પણ ટૂંકમાં મળી જાય છે.

પ્રકરણ બીજાના પ્રથમ ભાગમાં વલ્લભાચાર્યના જીવનકાળ-કાલીન ભારતની પરિસ્થિતિ, તેમનું જીવન અને કવન વિષયક સારી છણાવટ છે; જયારે બીજા ભાગમાં શુદ્ધાદ્વૈત સાહિત્યની (ખાસ કરીને વલ્લભાચાર્ય અને વિઠ્ઠલનાથજીના સાહિત્યની) માહિતી આપીને પુષ્ટિમાર્ગનું સાહિત્ય કેટલું વિશાળ, ગહન અને સર્વ સમાવેશક છે, તે વાત ખૂબીથી કરી છે.

પ્રકરણ-૩,૪, અને ૫ માં દાર્શનિક સિદ્ધાંતોનું નિરૂપણ - ખાસ કરીને

'પરબ્રહ્મ-પુરુષોત્તમ', જીવાત્મા અને 'જગત' સંબંધી અસંદિગ્ધ સમજૂતી આપી છે. આ પુસ્તક બ્રહ્મનું સ્વરૂપ-નિરૂપણ અને 'અંતર્યામી' તથા અવતારવાદની વલ્લભાચાર્ય અભિપ્રેત માન્યતાની આગવી છણાવટ જોવા મળે છે.

જગત અને સંસારનો ભેદ, જીવ અને જગતનો સંબંધ, મોક્ષનું સ્વરૂપ તથા આવિર્ભાવ-તિરોભાવ સૂચિત અવિકૃત પરિણામવાદ તો શુદ્ધાદ્વૈતની મૌલિક રજૂઆત છે.

લેખિકા કોકિલાબેનના અભ્યાસ અને વાંચનની વિશળતાનો ખ્યાલ તો જ્યારે પ્રકરણ છ માં નિરૂપિત અન્ય આચાર્યોના વેદાંતદર્શન સાથેનું તુલનાત્મક સમીક્ષા વાંચીયે ત્યારે જ સ્પષ્ટ પ્રકાશ પાડે છે. બહુ પરિશ્રમ અને અધ્યયન પછી જ લખી શકાય એવું પ્રકરણ તેમણે ટૂંકમાં છતાં સર્વગ્રાહી રૂપે લખ્યું છે. પ્રસ્તુત લેખન ક્ષતિરહિત રહે તે માટે લેખિકાએ પુરતી કાળજી લીધી છે.

પુષ્ટિમાર્ગની વિશિષ્ટતા, તેની ભક્તિમીમાંસા છે. તેમણે કરેલી સ્પષ્ટતા, ભક્તિ પ્રકારોની છણાવટ અને પુષ્ટિ-ભક્તિનો અર્થ, સંદર્ભ અને આવશ્યક્તાને સુંદર રીતે ઉજાગર કરી છે. આને લીધે લોકો ખોટા ખ્યાલોમાંથી બહાર નીકળી પુષ્ટિભક્તિની સાચી સમજણથી અવગત થશે.

વળી, તેમણે શ્રીમદ્ વલ્લભાચાર્યનું પ્રદાન, તથા તેના ધર્મદર્શનની કેટલીક મર્યાદા અને સમીક્ષા જે રીતે કરી છે તે તેમની નિષ્પક્ષ અભ્યાસ, વ્યવસ્થિત માંડણી અને સિદ્ધાંત-નિરૂપણની બૌદ્ધિક પેશકશની ગવાહી આપે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યના ધર્મ-દર્શન વિષયક આધારભૂત માહિતી પ્રાપ્ત કરવા ઈચ્છુક તથા તેમણે પ્રચલિત કરેલી ભક્તિ પ્રણાલી વિષયક જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છુક જિજ્ઞાસુએ આ ગ્રંથ વાચ્યા-સમજ્યા વગર ચાલવાનું નથી.

અહીં સમાપન, લેખિકા શ્રીમતી કોકિલાબેને સ્પષ્ટ કરેલા કેટલાક મુદ્દાઓથી કરીએ. વલ્લભ વેદાંતનો અભ્યાસ કરતાં મુખ્ય બે વાત સ્પષ્ટ રૂપે તરી આવે છે. તે છે - બ્રહ્મનું સવિશેષત્ત્વ (સગુણ-સાકારત્વ) અને સૃષ્ટિની સત્યતા (જગત સત્ય છે.) ખાસ કરીને આ બે વિષયની પૃષ્ઠભૂમિમાં જ વલ્લભ વેદાંતના સિદ્ધાંતો નક્કી થયા છે....શ્રી વલ્લભ કૃષ્ણ ભક્તિ પરક દાર્શનિક હોવાને કારણે જ એમના 'બ્રહ્મ'માં ગીતાના 'પુરુષોત્તમ' અને શ્રીમદ્ ભાગવતના રસરાજ શ્રીકૃષ્ણની ભાવનાઓ જોડાયેલી છે....ઉપનિષદના બ્રહ્મ અને શ્રીમદ્ ભાગવતના શ્રીકૃષ્ણ એકરૂપ થઈ ગયા છે.....વલ્લભ, જગત (પ્રપંચ) અને સંસાર વચ્ચે ભેદ છે, એમ માને છે. જગત બ્રહ્મરૂપ છે પણ સંસાર વિષયા સકિત રૂપ હોવાથી મિથ્યા છે....પ્રેમલક્ષણા ભક્તિ જ વલ્લભદર્શનનું પ્રાણતત્ત્વ છે. જો એને બાદ કરીએ તો પુરું વલ્લભ દર્શન જ નિષ્પ્રાણ અને સત્ત્વહીન

બની જાય....શ્રી વલ્લભાચાર્યે 'रसो वै सः' એ શ્રુતિને આધારે પરબ્રહ્મ-પુરુષોત્તમ શ્રીકૃષ્ણના રસરૂપત્વની જ વ્યાખ્યા કરી છે....તેમણે શ્રીકૃષ્ણભક્તિમાં 'ગોપી' અને 'યશોદા'ની ભાવના જગાડી સ્ત્રીઓને ગૌરવભર્યું સ્થાન અપાવી સમાજના મુખ્ય પ્રવાહમાં સામલે કરી...

જ્યારે માનવીને ઈશ્વરની અનન્યતાનું જ્ઞાન સાથે જ સમજમાં આવશે ત્યારે આપોઆપ જ એ પરમશક્તિ સામે નતમસ્તક થઈ ભક્તિ ભાવપૂર્વક શરણાગતિ સ્વીકારશે...

આજના વિષમ સમયમાં તો વલ્લભવેદાંતમાં જરૂર માનવજાતને નવજીવન અને નવચેતના બક્ષવાની ક્ષમતા છે."

તા. ૧૫-૯-૨૦૧૬

રમેશ મ. દવે

(Res.) Prof. Dr. Ramehs M. Dave
253-Hingwala Lane
10-Matru Prerana
Ghatkopar (East)
Tel : 25012851, (M) 9819283973

(Off.) Ananthacharya Indological Research Institute
G.D., Somani School Bldg. Cuffe Parade
Mumbai-400005
Tel : 22184178

गोस्वामी श्याम मनोहर

દિવંગત શ્રી એ. બી. શાહની ભાવનાને મૂર્તિમંતી

શ્રીમતી કોકિલાબેન શાહે વાલ્લભ વેદાંત પી.એચ-ડી. નિબંધ લખ્યો જે મુંબઈ વિશ્વવિદ્યાલયે માન્ય રાખીને એમને ડૉક્ટરેટની પદવી એનાયત કરી છે. હું આ પરિશ્રમ લેવા માટે શ્રીમતી કોકિલાબેનને હાર્દિક અભિનંદન આપું છું. નિબંધમાં સરલ ભાષામાં સઘન વિચારોની ચર્ચા કરવામાં આવી છે. આ દરેક પાઠકને વાંચતા અનુભવ થાય એવી વાત છે.

લેખિકાને અને તેમને સહયોગ આપનાર સહુને આ સફલ ઉદ્યમની વધાઈ!

ગો. શ્યામ

૧૪ ઑક્ટોબર ૨૦૧૯

[illegible] गोस्वामी, [illegible], जुहू [illegible],
[illegible]
"[illegible]"
[illegible]

॥ श्री कृष्णाय नमः ॥
॥ श्रीमद्वल्लभविठ्ठलेशौ विजयते ॥

પ્રતિ
શ્રીમતી કોકિલાબહેન એ. શાહ
મુંબઈ
સસ્નેહ શુભાશિષ: સહ

જત-આપની સાથે થોડા દિવસ પૂર્વ ફોન પર વાત થયા મુજબ જાણ્યું કે આપ પી.એચ.ડીની ડીગ્રી માટેનો આપનો શોધનિબંધ **'શ્રીવલ્લભાચાર્યનું શુદ્ધાદ્વૈત ધર્મદર્શન'** અનેક જનોના લાભાર્થે પુસ્તકાકારે પ્રકાશિત કરવા જઈ રહ્યા છો તે જાણી ખૂબ જ પ્રસન્નતા થઈ.

આપના દ્વારા થનાર આ પ્રકાશન માટે મારી હાર્દિક અનેક-અનેક શુભકામનાઓ અને આ પ્રકાશન અનેક જિજ્ઞાસુજનોની જિજ્ઞાસાને પોષવામાં ખૂબ જ ઉપયોગી થઈ પડશે તેવી મને પૂર્ણ શ્રદ્ધા છે. તેમાં પણ ખાસ કરીને ગુજરાતી ભાષામાં આનું પ્રકાશન થવાનું છે તેથી અનેક ગુજરાતીજનોને સમજવામાં ઘણું સરળ થઈ પડશે. આનું પ્રકાશન આગળ હિન્દીમાં અને અંગ્રેજીમાં પણ જો કરવામાં આવશે તો તે ખૂબ જ આનન્દો વિષય હશે.

આપે આ મહાનિબન્ધમાં ષડ્દર્શન-બ્રહ્મસૂત્ર પર આધારિત વિવિધ આચાર્યોનાં મંતવ્યો-શ્રીવલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત વેદાન્ત મત - શ્રીવલ્લભાચાર્ય જીવન અને કવન-શ્રીવલ્લભાચાર્ય ગ્રન્થ પરિચય-પૂર્વ મીમાંસા-કારિકા અને ભાષ્ય-પરબ્રહ્મ-જીવાત્મા-જગત-અન્ય અદ્વૈતવાદ સાથે તુલનાત્મક સમીક્ષા-ભક્તિમીમાંસા: ભક્તિ તથા પુષ્ટિભક્તિ વગેરે વિષયોને વિસ્તારપૂર્વક આમાં આવરી લીધા છે તેમજ આપને આ મહાન કાર્યમાં સમ્પ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઈ)નું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે તથા વિદ્વાન પ્રો. શ્રીરમેશભાઈ દવે, અમદાવાદના ડૉ. સુનંદાબહેન શાસ્ત્રી તેમજ આપના પતિ શ્રીશાહ જેવા વિદ્વાનોનો સહકાર સાંપડ્યો છે તેથી નિબંધ ઉત્તમ જ હોય તેમાં કશું કહેવાનું રહેતું નથી.

અન્તમાં આ પ્રકાશન ખૂબ જ શીઘ્રતાથી પ્રકટ થાય અને જિજ્ઞાસુજનોની

જિજ્ઞાસાને પોષણ મળે તથા આપના દ્વારા આવા બીજા પણ અનેક કાર્યો પ્રભુ કરાવતા રહે એ જ શ્રીપ્રભુના શ્રીચરણોમાં અભ્યર્થના.

વિ.સં.૨૦૭૨ લી.
ગુર્જર શ્રાવણ કૃ.-૭, બુધવાર ગો. ચન્દ્રગોપાલ
દિ.૨૪-૮-૨૦૧૬, વોડદરા. (ગોસ્વામી શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)

'ShriRadhakrishnakunj'
B-41/1, Shrinagar Soc; H-Road, Behind Dinesh Mill,
Akota Road, **Baroda-390 020. T.Fax : 0265-2326897**

From the Heart of A Friend

This indeed is great pleasure to write few words for Dr. Kokilaben Shah's scholarly treatise on Vallabh Vedanta. Vallabh Vedanta or the Shuddhadvaita Sect or Pushti sect has a special place in the mosaic of Indian Philosophy. Vallabhacharya has reinvented Bhakti or devotion in many new perspective and filled with beautiful colours of music, painting and many other arts.

Dr. Kokilaben Shah has underataken the study of Shuddhadvaita Vedant. She has given introduction to Indian Philosophy. This helps one understand the Shuddhadvaita in proper perspective. We get to know opinions of different Acaryas on Badarayana Sutras which is the basis of esoteric interpretations in the Indian philosophy. She has also explained the social, religious and political background of the development of the sect. She has beautifully brought out sketch of Vallabhacharya's life in historical perspective. Brief summary of Vallabhacharya's writings given the glimpse into his philosophical tenets.

Dr. Kokila Shah has explained the facets of Vallabhacharya's philosophy, which undoubtedly is important part of this book. Notion of Parabrahman (Supreme Reality) according to Shuddhavaita is explained. Parabrahman is the Inherent Cause of this world this notion and notion of Aksharabrahman is explained at length. Most important feature of this discussion is, the two kinds of Avataras explained according to Shuddhavaita thought. Dr. Kokila Shah has discussed about the important topic of individual soul, its eternality, size, doership etc. This is very interesting quest not only for a philosopher or scholar but for layperson as well. Jivas or individual souls are of many kinds according to Shuddhadvaita. This categorization is based on individual Karma. Concept of Moksha or Liberation also is an interesting feature of this book.

This book indeed is a great source of information for both scholars and common man. The language of this book is simple for explanations and lucid. Anyone can easily understand the great tenets of Shuddhadvaita school of thought. I must congratulate Dr. Kokila Shah for this beautifully brought out scholarly book.

Dt : 25-8-2016

Dr. Sunanda Y. Shastri
Asso. Prof. (Retd)., Sanskrit Dept.,
Gujarat University, Ahmedabad

અનુક્રમણિકા

- આત્મ નિવેદન - કોકિલાબેન શાહ ૫
- પ્રાકકથન - રમેશભાઈ દવે ૧૦
- આશિર્વચન - ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી ૧૩
- આશિર્વચન - ગોસ્વામી શ્રી ચન્દ્રગોપાલ મહારાજ ૧૪
- From the Heart of A Friend - Dr. Sunanda Y. Shastri ૧૬

પ્રકરણ-૧ વિષય પ્રવેશ ૨૧

(૧) ભારતીય દર્શનો ૨૨

(૨) ષડ્દર્શન (છ દર્શન) ૨૨

(૩) બ્રહ્મસૂત્ર પર આધારીત વિવિધ આચાર્યોના મંતવ્યો ૨૫

(૪) શ્રી વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત વેદાન્ત મત ૨૮

(૫) પુષ્ટિ સંપ્રદાયની સ્થાપના ૩૩

પ્રકરણ-૨ શ્રી વલ્લભાચાર્ય : જીવનચરિત્ર ૩૭

(૧) શ્રી વલ્લભાચાર્યના સમયની રાજકીય, ધાર્મિક, સામાજિક પરિસ્થિતિ ૩૭

(૨) શ્રી વલ્લભના પૂર્વજો અને એમનું પ્રાકટ્ય ૩૯

(૩) જીવનના ત્રણ મહત્ત્વના યાત્રા પ્રવાસો ૪૩

(૪) બ્રહ્મવાદની વિજય પતાકા ૪૯

(૫) પુષ્ટિ સંપ્રદાયની શરૂઆત ૫૦

(૬) ગૃહસ્થાશ્રમ ૫૩

(૭) વ્યામોહ પ્રવેશ ૫૫

(૮) મહાપ્રભુજીનું વ્યક્તિત્વ ૫૭

પ્રકરણ-૩ શ્રીમદ્વલ્લભાચાર્ય - ગ્રંથપરિચય ૬૫

(૧) પૂર્વમીમાંસા - કારિકા અને ભાષ્ય ૬૫

(૨) તત્ત્વાર્થદીપ નિબંધ ૬૬
(૩) અણુભાષ્ય ૭૦
(૪) શ્રી સુબોધિનીજી ૭૪
(૫) ષોડશ ગ્રંથ ૭૫
પ્રકરણ-૪ પરબ્રહ્મ ૯૦
(૧) પ્રમાણ અને પ્રમેય ૯૧
(૨) બ્રહ્મવાદ ૯૭
(૩) પરબ્રહ્મનું સ્વરૂપ વર્ણન ૯૮
(૪) બ્રહ્મ સમવાયી કારણ ૧૦૩
(૫) અક્ષરબ્રહ્મ ૧૦૬
(૬) બ્રહ્મના ધર્મો (Attributes of Brahma) ૧૧૭
(૭) પરબ્રહ્મના અવતારો ૧૨૬
પ્રકરણ-૫ જીવાત્મા ૧૩૧
(૧) જીવનો બ્રહ્મ સાથે અંશ - અંશી ભાવ અને તેની અભેદતા ૧૩૩
(૨) જીવની નિત્યતા ૧૩૪
(૩) જીવનું અણુત્વ ૧૩૫
(૪) જીવનું કર્તૃત્વ ૧૩૭
(૫) જીવ - આભાસ - પ્રતિબિંબ ? ૧૪૦
(૬) વલ્લભ વેદાંતમાં तत्त्वमसि નો અર્થ ૧૪૨
(૭) જીવના પ્રકાર ૧૪૩
(૮) મોક્ષ વિવેચન ૧૪૬
પ્રકરણ-૬ જગત (World) ૧૫૧
(૧) જગતકાર્ય - બ્રહ્મ સમવાયી કારણ ૧૫૧
(૨) જગતની સત્યતા ૧૫૪
(૩) અભિન્નનિમિત્તોપાદાન કારણ વાદ ૧૫૫
(૪) આવિર્ભાવ - તિરોભાવવાદ ૧૫૮

(૫) અવિકૃતપરિણામવાદ ૧૬૦
(૬) જગત અને સંસારનો ભેદ ૧૬૩
(૭) જગતનો વિકાસ - સૃષ્ટિક્રમ ૧૬૭
(૮) માયા ૧૭૩
પ્રકરણ-૭ અન્ય અદ્વૈતવાદ સાથે તુલનાત્મક સમીક્ષા ૧૮૨
(૧) શ્રી વલ્લભાચાર્ય અને શંકરાચાર્ય ૧૮૪
(૨) શ્રી વલ્લભ અને રામાનુજાચાર્ય ૧૯૫
(૩) શ્રી વલ્લભાચાર્ય અને ચૈતન્ય મહાપ્રભુ ૧૯૮
(૪) શ્રી વિષ્ણુસ્વામી અને વલ્લભાચાર્ય ૨૦૦
(૫) શ્રી વલ્લભ અને નરસિંહ મહેતા ૨૦૪
(૬) શ્રી વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત વેદાંત અને શ્રી સહજાનંદ સ્વામીનો નવ્ય વિશિષ્ટાદ્વૈત મત ૨૦૯
પ્રકરણ-૮ ભક્તિમાર્ગ અને પૃષ્ટિ સંપ્રદાય ૨૧૭
(૧) ભક્તિની વ્યાખ્યા ૨૧૮
(૨) નવધા ભક્તિ ૨૧૮
(૩) ભક્તિના અલગ અલગ પ્રકાર ૨૨૧
(૪) શ્રી વલ્લભાચાર્ય અને પુષ્ટિ ભક્તિ ૨૨૬
(૫) પુષ્ટિનો અર્થ ૨૩૯
(૬) બ્રહ્મસંબંધ અને અષ્ટાક્ષર મંત્રની દિક્ષા ૨૪૩
(૭) જીવના પ્રકાર ૨૪૬
પ્રકરણ-૯ ઉપસંહાર ૨૫૦
- **Bibliography** ૨૬૦

પ્રકરણ - ૧ વિષય પ્રવેશ

આ પુસ્તક પ્રબંધ લેખનનો મુખ્ય વિષય (ધ્યેય) શ્રી વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈત દર્શનને (તત્ત્વજ્ઞાનને) આજના સંદર્ભમાં ઊંડાણ પૂર્વક સમજવાનો અને એનું વિવેચન-પૃથક્કરણ કરવાનો છે. ભારતીય તત્ત્વજ્ઞાનમાં ખાસ કરીને (૧) ઉપનિષદના મૂળભૂત સિદ્ધાંતો (૨) બ્રહ્મસૂત્ર અને (૩) શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમાવેશ થાય છે, જે પ્રસ્થાન ત્રયી તરીકે ઓળખાય છે. એમાં સર્વ અગત્યના ઉપનિષદોની શ્રુતિઓના અર્થને સ્પષ્ટ કરીને તેનો સમન્વય કરવાનો પ્રયત્ન શ્રી બાદરાયણે બ્રહ્મસૂત્રની રચના કરીને કર્યો છે. વેદોના અર્થઘટનમાં એ અંતિમ હોવાથી તેને વેદાંત કહેવાય છે.

ભારતીય તત્ત્વજ્ઞાનનો મૂળભૂત વિષય છે આ બ્રહ્માંડનો રચયિતા કોણ ? હું કોણ ? આ બ્રહ્માંડનો રચયિતા જો કોઈ હોય તો એ (બ્રહ્મ) અને આ જગત સાથે મારો (આત્માને) શું સંબંધ છે. પ્રાચીન ઋષિમુનીઓમાં આ જાણવાની જિજ્ઞાસા બળવત્તર થતી ગઈ. આ બધા ગૂઢ વિષયો પર એમણે ઘણું ચિંતન-મનન કર્યું. મુખ્ય રૂપે ભારતીય દર્શનના શ્રોત (આસ્તિક) અને અશ્રોત (નાસ્તિક) એમ બે વિભાગ પાડવામાં આવ્યા છે. જેઓ વેદોને તથા બ્રહ્મને પરાતત્ત્વ તરીકે સ્વીકારે છે તેઓ આસ્તિક ગણાયા અને જેઓ ‘બ્રહ્મ’ કે ‘પરાતત્ત્વ’વું અસ્તિત્વ નથી ગણતા તેઓ નાસ્તિક ગણાયા. આ વ્યાપક પરાતત્ત્વને ઉપનિષદમાં બ્રહ્મ કહે છે. નાસ્તિક દર્શનોની પરંપરામાં મુખ્ય ત્રણ દર્શન ગણાય છે. ચાર્વાક, બૌધ્ધ અને જૈન જ્યારે આસ્તિક દર્શનોમાં મુખ્યત્વે ન્યાય-વૈશેષિક, સાંખ્ય યોગ, મીમાંસા તથા વેદાંત નામના ષડ્દર્શનનો સમાવેશ થાય છે. આ ષડ્દર્શનમાં કેટલાક ચિંતકો વેદોના સ્વીકાર કરે છે પણ બ્રહ્મનું અસ્તિત્વ સ્વીકારતા નથી તેમાં મુખ્યત્વે સાંખ્ય, નૈયાયિક, પૂર્વ મીમાંસાનો સમાવેશ થાય છે.

(૧) ભારતીય દર્શન :



(૧) ષડ્દર્શન (છ દર્શન) :

સાંખ્ય દર્શન કપિલ મુનિનુ અને પ્રાચીન દર્શન મનાય છે એમાં પ્રકૃતિ અને પુરુષને જ મૂળભૂત નિત્ય તત્ત્વ માનવામાં આવ્યા છે અને આનાથી જ સૃષ્ટિનો ઉદ્‌ભવ માનવામા આવ્યો છે સંસારમાં પુરુષ અને પ્રકૃતિના સંબંધથી તમામ પ્રકારના દુઃખોનો અનુભવ થાય છે માટે પુરુષ અને પ્રકૃતિનો સંબંધ છૂટી જાય તો સર્વ દુઃખો દૂર થાય. પુરુષમાં કોઈ વિકૃતિ નથી. પ્રકૃતિના પણ સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણોને લીધે સુખ, દુઃખ, મોહ જણાય છે. કપિલ મુનિ પ્રકૃતિને તમામના મૂળ તરીકે સ્વીકારે છે. તેનામાં કોઈ વિકાર નથી પણ પ્રકૃતિના ત્રણ ગુણો, સત્ત્વ, રજસ અને તમસમાં સંતુલન (equilibrium) હોય છે ત્યારે તે પ્રકૃતિ કહેવાય છે જ્યારે ગુણોમાં અસંતુલન થાય ત્યારે તેને વિકૃતિ કહે છે અને એજ ભૌતિક જગત (material world) ઉત્પન્ન કરે છે. પ્રકૃતિમાંથી મહત્, અહંકાર અને પાંચ તન્માત્રાઓ ઉત્પન્ન થાય છે એ સાતને પ્રકૃતિ અને વિકૃતિ કહે છે, અને એમાંથી જ ઉત્પન્ન થતા પાંચ મહાભૂતો અને ૧૧ ઈન્દ્રિયોને વિકૃતિ કહે છે જેમાં મનનો પણ સમાવેશ થાય છે. આ ૨૪ તત્ત્વોમાં પુરુષ તત્ત્વ ઉમેરતા ૨૫ તત્ત્વો થાય છે. અને સાંખ્ય શાસ્ત્રમાં આ ૨૫ તત્ત્વોનો જ નિર્ણય કર્યો છે.

(૨) યોગદર્શન :

સાંખ્ય અને યોગ બન્ને યુગ્મ તરીકે જ ઓળખાય છે. પંતજલિ સાંખ્યવાદી છે પણ તે કપિલના ૨૫ તત્ત્વોને સ્વીકારીને જ નથી અટકી ગયા પ્રકૃતિ અને પુરુષથી પર પણ એક તત્ત્વ છે અને તે ઈશ્વર છે. વળી મોક્ષના સાધનામાં તેમને યોગ જ મુખ્ય ઉપાય લાગ્યો તેમનું કહેવું છે કે તમામ દુઃખોનું કારણ ઈન્દ્રિયો છે માટે ઈન્દ્રિયોને અંકુશમાં રાખવી જોઈએ અને આ ઈન્દ્રિયોનો 'નિરોધ' કેવી રીતે કરવો, તેને વશમાં કેવી રીતે રાખવી એ યોગશાસ્ત્રમાં પતંજલિએ દર્શાવ્યું છે. જેના મુખ્ય સોપાન (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ છે. તેને અષ્ટાંગ યોગ કહેવાય છે. સમાધિ અવસ્થાએ પહોંનાર જ મોક્ષનો અધિકારી બને છે. એને 'રાજયોગ' પણ કહેવામાં આવે છે.

(૩) વૈશેષિકદર્શન :

આ દર્શનના રચનાર કણાદ મુનિ છે. સાંખ્ય યોગમાં એમ જણાવ્યું છે કે પુરુષ અને પ્રકૃતિનો સંબંધ જ બંધનમાં રાખે છે અને સુખ દુઃખનો અનુભવ

કરાવે છે માટે એ બન્ને વચ્ચે વિવેક કરવો જોઈએ પણ આ વિવેક જ્યાં પદાર્થોના લક્ષણો જાણ્યા જ ના હોય ત્યાં સુધી સંભવી શકે નહીં. માટે પદાર્થોના લક્ષણો - વિશેષો દર્શાવનારૂં શાસ્ત્ર કણાદે રચ્યું. સૃષ્ટિના તમામ પદાર્થોનું અવલોકન કરતા કણાદ તેનું સાત પદાર્થોમાં પૃથક્કરણ કરે છે. આ સાત પદાર્થો તે દ્રવ્ય (substance), ગુણ (quality), કર્મ (action), સામાન્યત્વ (generaliity), વિશેષતા (uniquness), સમવાય (inherence) અને અભાવ (non-existence).

આ શાસ્ત્ર પદાર્થના લક્ષણો - વિશેષો દર્શાવવા સાથે શરીર અને આ જગતનો ભૌતિક અને રાસાયણિક તત્ત્વો સાથે પણ સંબંધ દર્શાવે છે. અણુ વિજ્ઞાન (The theory of atomic structute)નો સિદ્ધાંત કણાદે જ પ્રસ્થાપિત કર્યો છે.

(૪) ન્યાયદર્શન :

વૈશેષિક અને ન્યાય દર્શન પણ એક યુગ્મ તરીકે જ ઓળખાય છે. કણાદે પદાર્થોના વિશેષ લક્ષણો તો દર્શાવ્યા, પણ તે ખરા છે ખોટા તેને માટે ન્યાય પદ્ધતિ હોવી જોઈએ અને આ ન્યાય પદ્ધતિ ગૌતમ મુનિએ દર્શાવી છે. કાર્ય અને કારણનો સંબંધ શો ? કારણો કેટલી જાતના છે ? તેમણે મુખ્યત્વે પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, તર્ક, નિર્ણય વગેરે સોળ પદાર્થોનું લક્ષણ નિરૂપીને વિવેચન કર્યું છે. આમ ન્યાય એ તર્કશાસ્ત્ર (Logic) છે અને બીજા ભારતીય તત્ત્વજ્ઞાનના દર્શનોએ ન્યાયશાસ્ત્રોને ક્યારેક સંપૂર્ણ રીતે તો ક્યારેક આંશિક રીતે (as a whole or in part) પોતાના સિદ્ધાંતના પાયામાં અને વિવાદમાં એનો ઉપયોગ કર્યો છે.

(૫) પૂર્વ મીમાંસાદર્શન :

જૈમિનિ વેદને અંતિમ પ્રમાણ તરીકે સ્વીકારે છે અને તેઓ વેદ-ઉપનિષદના કર્મ-કાંડ, ભક્તિ, નૈતિક્તા (ethics) ઉપર ખૂબ જ ભાર મૂકે છે. પૂર્વ મીમાંસામાં એમણે ધર્મ સંબંધી નિર્ણય આપ્યો છે. તેઓ કહે છે કે ધર્મ કરવાથી જ સુખ-દુઃખ મળે છે અને કર્મના ફળ અને ધર્મથી સ્વર્ગ મળે છે. તેઓ માને છે કે આ શરીર નશ્વર છે પણ આત્મા તો શરીરના અવસાન પછી સ્વર્ગ વગેરે દ્વારા પોતાના ધાર્મિક કર્મ ફળોને ભોગવે છે. તેઓ કર્મકાંડ અને ધાર્મિક ક્રિયાઓનું ફળ જરૂર મળે છે એમ નિષ્ઠાપૂર્વક માને છે. તેઓ વેદને તો અંતિમ પ્રમાણ માને છે પણ બ્રહ્મ કે કોઈ પરા શક્તિને સ્વીકારતા નથી

પૂર્વમીમાંસા દૃઢ પણે માને છે કે આપણે આ જીવનમાં જે કંઈ પણ કરીએ છીએ તે આભાસ કે સ્વપ્નવત્ નથી, પરંતુ સત્ય છે અને આપણા કર્મનું ફળ આપણને જરૂર મળે છે

જૈમિની બે પ્રકારના પ્રમાણને સ્વીકારે છે, પ્રત્યક્ષ જ્ઞાન અને પરોક્ષ જ્ઞાન. પરોક્ષ જ્ઞાનના પાંચ પ્રકાર છે, અનુમાન, ઉપમા, શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ. તેઓ માને છે કે આત્મા અનેક છે, પરંતુ આ જગતના નિર્માણ માટે બ્રહ્મની આવશ્યકતા સ્વીકારતા નથી. દૈનિક ફરજો, ધર્મ અને ધાર્મિક ક્રિયા કાંડને મોક્ષનું સાધન માને છે.

(૬) ઉત્તર મીમાંસા વેદાંત :

પૂર્વ મીમાંસામાં જૈમિનિએ ધર્મદર્શન અને કર્મકાંડનું પ્રતિપાદન કર્યુ છે. તો બાદરાયણ કૃત ઉત્તર મીમાંસામાં વેદોના જ્ઞાનનું યથાર્થ રૂપે નિરૂપણ કરવામાં આવ્યું છે. એટલે પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા ને પણ યુગ્મ તરીકે જ ગણવામાં આવે છે. જેટલા પણ દર્શન છે એમાં આધારભૂત સામગ્રીની દૃષ્ટિએ પૂર્વ મીમાંસા અને વેદાન્ત પ્રાચીનતમ છે, કેમ કે એ વેદો પર જ આધાર રાખે છે. ઐતિહાસિક અને તાર્કિક બન્ને દૃષ્ટિએ વેદોનું અંતિમ દર્શન ઉપનિષદો, અને એ ઉપનિષદોનું દોહન કરીને તારવેલું નવનીત એટલે વેદાંત કહેવાય છે. ભારતીય દર્શનમાં વેદાન્ત દર્શન અધ્યાત્મશાસ્ત્રનું મુકુટમણિ માનવામાં આવે છે. વેદાન્તનો સામાન્ય અર્થ છે વેદોનો અંત અર્થાત્ ઉપનિષદ. વેદાન્ત દર્શનનો મુખ્ય આધાર છે, વેદવ્યાસ બાદરાયણનું બ્રહ્મસૂત્ર અને એનો મુખ્ય વિષય છે બ્રહ્મ.

(૭) વેદાન્ત દર્શન :

વેદાન્ત દર્શનની વિશેષતાઓ : પ્રથમતો વેદાન્ત દર્શન શ્રુતિમૂલક છે. કેવળ તર્કથી કોઈ વિષયનો અને તેમાંયે 'બ્રહ્મ' જેવા વિષયનો અંતિમ નિર્ણય થઈ શકે નહી. બ્રહ્મ સૂત્રમાં બ્રહ્મનું નિરુપણ, સૃષ્ટિ રચના, જીવાત્મા, જ્ઞાન, મોક્ષ વગેરેનું નિરુપણ કરવામાં શ્રુતિને જ સ્વતઃ પ્રમાણના રૂપમાં સ્વીકાર કર્યો છે. બીજું વેદાન્ત દર્શન 'એકમેવાદ્વિતિયં બ્રહ્મ'ને જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ સિદ્ધ કરે છે. વેદાંત દર્શનમાં વ્યવહારિક્તા પણ જણાય છે કારણ વેદાન્ત સર્વ શરીરોમાં એ જ આત્મા (સર્વાત્મભાવ)ની અનુભૂતિનો સિદ્ધાંત મનુષ્યોમાં પરસ્પર દ્વેષ, ઈર્ષા, મોહ, ભય વગેરેથી મુક્તિ અપાવે છે. બીજું વેદાન્તની આ અમૃત ધારા વેદોથી લઈને ઉપનિષદમા પૂર્ણ રૂપે પ્રગટ થઈ સમસ્ત ભારતીય

દર્શનમાં ફેલાયેલી છે, તે એની વ્યાપકતા અને અવિચ્છિન્ન પરંપરા દર્શાવે છે – એટલે સુધી કે આ પરંપરા મહાભારત, ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત, રામાયણ અને વિવિધ પુરાણો સુધી જળવાયેલી છે ભગવદ્ ગીતામાં પણ બ્રહ્મસૂત્રનો ઉલ્લેખ છે.

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥ (અધ્યાય ૧૩, શ્લોક-૪)

ભારતીય દર્શનમાં જેટલા સંપ્રદાય વેદાન્ત દર્શનમાં છે એટલા બીજા કોઈ દર્શનમાં નથી. વેદાન્ત દર્શન દ્વારા શંકર, રામાનુજ, નિમ્બાર્ક, મધ્વ, ચૈતન્ય, વલ્લભ, સ્વામિનારાયણ વિગેરે દર્શનની વિવિધતા અને વિશાળતા બીજા કોઈ દર્શનમાં નથી અને આચાર્યોએ સ્થાપેલ અલગ અલગ વાદ અને સંપ્રદાયોની વિશાળતા પણ વેદાન્ત દર્શન પર જ આધારીત છે. અત્યાર સુધી પાશ્ચાત્ય વિદ્વાનો પણ ભારતીય દર્શન એટલે વેદાંત દર્શન જ સમજતા હતા.

(૩) બ્રહ્મસૂત્ર પર આધારીત વિવિધ આચાર્યોના મંતવ્યો :

બ્રહ્મસૂત્રના આ સૂત્રોની પરિભાષા એટલી બધી ગૂઢ છે કે તે સમજી શકાય એવી નથી. માટે આ તત્ત્વજ્ઞાનને સમજાવવા માટે જુદા જુદા આચાર્યોએ તેના ઉપર ભાષ્યો લખ્યા છે. તે વખતની એવી પરંપરા હતી કે જે આચાર્ય તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પોતાની વિચારધારા (School of thought) નું પ્રતિપાદન કરવા માગતા હોય તેમણે બ્રહ્મસૂત્ર પર ટીકા લખવી જરૂરી ગણાતી. ત્યારબાદ જ તેમની મહાન આચાર્યોમાં ગણના થતી. સામાન્ય રીતે શંકરાચાર્યને બ્રહ્મસૂત્ર ઉપર પ્રથમ ભાષ્ય લખનાર કહેવામાં આવે છે. એમના પહેલા પણ કેટલાક આચાર્યોએ બ્રહ્મસૂત્ર પર ભાષ્ય લખ્યા હશે પણ તે ઉપલબ્ધ ન હોવાથી વેદાન્ત દર્શનના ઈતિહાસની શરૂઆત શંકરાચાર્યથી ગણાય છે. બ્રહ્મસૂત્રોમાં દર્શાવેલા બ્રહ્મ વિશેના વિચારોમાંથી જુદા જુદા મતો તારવી કાઢયા છે. તેમા મુખ્ય ત્રણ મતો છે અદ્વૈત મત, દ્વૈત મત, દ્વૈતાદ્વૈત મત. આ ત્રણમાંથી પણ અનેક ફાટા નીકળ્યા છે.

અદ્વૈત મત - શ્રી શંકરાચાર્યનો કેવલાદ્વૈત મત
શ્રી રામાનુજનો વિશિષ્ટાદ્વૈત મત
શ્રી વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત મત

શ્રી વિજ્ઞાનભિક્ષુનો અવિભાગાદ્વૈત
શ્રી સ્વામિનારાયણનો નવ્યવિશિષ્ટાદ્વૈત
દ્વૈત મત - શ્રી મધ્વાચાર્યનો અને આનંદતીર્થનો દ્વૈતમત
દ્વૈતાદ્વૈત મત - શ્રી નિમ્બાર્કાચાર્યનો દ્વૈતાદ્વૈત મત
(સ્વાભાવિક ભેદાભેદવાદ)

શ્રી ભાસ્કરનો ઔપાધિક ભેદાભેદવાદમત

- **શ્રી શંકરનો કૈવલાદ્વૈતમત :**

વેદાન્ત દર્શનમાં શંકરના કેવલાદ્વૈત દર્શનનું મહત્વપૂર્ણ સ્થાન છે. વૈદિક શ્રુતિઓની પ્રામાણિક્તાના વિરોધી બૌદ્ધ અને જૈન દર્શનના પ્રભાવોથી સમાજને મુક્ત કરી વૈદિક પરંપરાની એમણે પુનઃ સ્થાપના કરી. એમણે ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને ભગવદ્ ગીતા પર ભાષ્યો લખી વૈદિક પરંપરાને પુનઃ જીવિત કરી. એમણે બ્રહ્મસૂત્ર પર લખેલ 'શાંકર ભાષ્ય' વેદાન્ત દર્શનનો મુખ્ય ગ્રંથ છે. એમાં એમણે અદ્વૈત મતના મુખ્ય સિદ્ધાંતો વ્યક્ત કર્યા છે. (૧) બ્રહ્મ જ સત્ય છે. (૨) જગત મિથ્યા છે (૩) જીવ જ બ્રહ્મ છે તથા (૪) જીવ બ્રહ્મથી ભિન્ન નથી. એમના મતે બ્રહ્મ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, નિર્ગુણ, નિર્વિશેષ અને શુદ્ધ જ્ઞાન સ્વરૂપ છે. બ્રહ્મની વિશેષ શક્તિ માયા અથવા અવિધા કે જે સત્ય પણ નથી અન અસત્ય પણ નથી અર્થાત્ અનિર્વચનીચ છે અને માયાથી સંબદ્ધ બ્રહ્મ જ આ જગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે એટલે એમના સિદ્ધાંતને માયાવાદ પણ કહેવામાં આવે છે. એમણે આત્માની મુક્તિ માટે જ્ઞાન અને વૈરાગ્યને જ મહત્ત્વના ગણ્યા છે અને ભક્તિને માત્ર એક સાધનરૂપ ગણી છે.

ત્યાર પછીના વૈષ્ણવ આચાર્યોએ શ્રી શંકરના માયાવાદનું પૂર્ણ રૂપે ખંડન કર્યું છે. વૈષ્ણવ વેદાન્તમાં અદ્વૈત-દ્વૈત-દ્વૈતાદ્વૈત સિદ્ધાન્તો સાથે આ આચાર્યોએ ભક્તિને પણ વિશિષ્ટ સ્થાન આપ્યુ છે અને ભાગવત ધર્મ, વૈષ્ણવ ભક્તિ, શ્રી કૃષ્ણની સગુણોપાસના દ્વારા ભાગવત ધર્મની સ્થાપાની કરી, અને વખત જતાં રામાયણ મહાભારત પુરાણો વગેરેની રચના તથા વૈષ્ણવ, શાક્ત, શૈવ વગેરે દર્શનોમાં પણ એક કે બીજી રીતે વેદાન્ત દર્શન જ પાયામાં રહેલું છે, અને જુદા જુદા દર્શનોમાં વેદાન્તની છાયા જુદા જુદા રૂપે જણાઈ છે. આ વૈષ્ણવ વેદાન્તના મુખ્ય આચાર્યોમા ક્રમશઃ રામાનુજ, નિમ્બાર્ક, મધ્વ, વિષ્ણુસ્વામી અને ત્યાર બાદ શ્રી વલ્લભ અને ચૈતન્યને ગણી શકાય.

● શ્રી રામાનુજાચાર્ય - વિશિષ્ટાદ્વૈત :

આ મત પ્રમાણે ચિદ્ (જીવ) અચિદ્ (જગત) અને બ્રહ્મ એ ત્રણ નિત્ય પદાર્થ છે અને તેમા ચિદ્ અને અચિદ્ એ પરમાત્માના વિશેષણો છે અને પરમાત્મા વિશેષ્ય છે. અર્થાત્ બ્રહ્મ શંકર કહે છે તેવું કેવલ અદ્વૈત નથી પણ ચિદ્ અને અચિદ્‌થી વિશિષ્ટ અદ્વૈત છે. શ્રી રામાનુજ મોક્ષને માટે ભક્તિને જ પ્રાધાન્ય આપે છે અને ઈશ્વરની કૃપા પ્રપત્તિથી ગણાવે છે.

● મધ્વાચાર્ય - દ્વૈતવાદ :

અદ્વૈત વાદીઓથી તદ્દન જદો દ્વૈતવાદ છે, જેના પ્રવર્તક મધ્વાચાર્ય અર્થાત્ આનંદતીર્થ છે. એને મધ્વ મત પણ કહેવાય છે. દ્વૈતવાદીઓ માને છે કે જડ અને જીવ બ્રહ્મથી જુદા છે અને તેમની વચ્ચે અભેદતા નથી. તેઓ માને છે કે પ્રકૃતિ એ જગતનું ઉપાદાન કારણ અને બ્રહ્મ એ નિમિત્તકારણ છે. જીવ સર્વદા અણુ છે અને કર્મ, જ્ઞાન અને ભક્તિ એ મોક્ષના સાધનો છે.

આમ વેદાન્તની વિચારસરણીમાં પરમતત્ત્વ બ્રહ્મ એક જ તત્ત્વ તરીકે ઓળખાયું પણ કૈવલાદ્વૈતમાં તે નિર્ગુણ નિરાકાર તરીકે શંકરે એનું પ્રતિપાદન કર્યું જ્યારે સર્વ વૈષ્ણવ આચાર્યો અને તેમાંયે અંતિમ આચાર્ય શ્રી વલ્લભચાર્યે તો બ્રહ્મને નિર્ગુણ નિરાકાર સાથે સગુણ સાકાર હોવાનું પ્રતિપાદન કર્યું. માયાવાદનું ખંડન અને બ્રહ્મના સગુણ-સાકાર અને શ્રીકૃષ્ણ એજ પર બ્રહ્મ સ્વરૂપ છે એના પ્રતિપાદનમાં બન્ને મતો અંતિમ છેડે આવી ગયા.

● શ્રી વલ્લભાચાર્ય :

વેદાન્ત દર્શનમાં શંકરાચાર્ય અને પછીના અન્ય વૈષ્ણવ આચાર્યોમાં અંતિમ આચાર્ય તરીકે શ્રી વલ્ભાચાર્યને ગણવામાં આવે છે એમણે માયારહિત શુદ્ધ બ્રહ્મનું પ્રતિપાદન કરી 'અખંડ બ્રહ્મવાદ' અથવા 'શુધ્ધદ્વૈત બ્રહ્મવાદ'ની સ્થાપના કરી. અત્યાર સુધીના આચાર્યોને પોતાના મતના પ્રતિદન માટે પ્રમાણ તરીકે માત્ર 'પ્રસ્થાન ત્રયી'નો સ્વીકાર કર્યો હતો પણ શ્રી વલ્લભે શ્રીમદ્ ભાગવત પુરાણનો પણ ચતુર્થ પ્રમાણ તરીકે સ્વીકાર કર્યો એટલું જ નહી, પણ ભાગવતની સમાધિ ભાષાને સર્વોચ્ચ સ્થાન આપ્યું. વેદ-ઉપનિષદ બ્રહ્મસુત્ર, ભગવદ્ ગીતા અને ભાગવત ઉપરાંત જે શાસ્ત્રો 'બ્રહ્મ વાદ'ને પરિપુષ્ટ કરે છે એવા રામાયણ મહાભારત, પાંચરાત્ર, બ્રાહ્મણગ્રંથો, આરણ્યક અને પુરાણોને પણ તેઓ પ્રમાણ તરીકે સ્વીકારે છે. એમણે વેદવાકયોના અર્થઘટન માટે કયારેય તર્કનો આધાર લીધો નથી. પણ શ્રુતિ વાક્યોને જ અંતિમ પ્રમાણ ગણ્યું છે.

શ્રી વલ્લભના પૂર્વજો દક્ષિણ ભારતના આજના આંધ્ર પ્રદેશમાં થઈ ગયા. એમના પૂર્વજો વિષ્ણુસ્વામીના અનુયાયી હતા, અને શ્રીધર સ્વામીના વખતથી એમના કુળમાં ગોપાલકૃષ્ણની ભક્તિ થતી હતી, એટલે કેટલાક વિદ્વાનો 'બ્રહ્મવાદ'ના પ્રણેતા તરીકે વિષ્ણુસ્વામીને ગણે છે. શ્રી વલ્લભ પોતે પણ બે-ત્રણ વાર પોતાને વિષ્ણુસ્વામીના અનુવર્તી તરીકે ગણાવ્યા છે અને શાસ્ત્રાર્થ પ્રકરણની પુષ્ટિકામાં પણ 'व्यासस्य विष्णोः प्रिया' "વ્યાસ અને વિષ્ણુ સ્વામીને પ્રિય સિદ્ધાંત કહું છું." એમ જણાવ્યું છે અને અણુભાષ્યમાં પણ વિષ્ણુસ્વામીની વિશદ છાયા છે તેં જાણી શકાય છે. પણ એ સિવાય શ્રી વલ્લભે જાતે જ પોતાને 'અખંડ બ્રહ્મવાદ'ના સ્થાપક જણાવેલ છે અને સુબોધિનીમાં તો એમણે વિષ્ણુસ્વામીને દ્વૈતવાદના પ્રવર્તક જણાવ્યા છે. આ વિષયની ચર્ચા અલગ રીતે 'અન્ય અદ્વૈતવાદ સાથે તુલનાત્મક સમીક્ષા'એ પ્રકરણમાં કરેલી છે.

(૪) શ્રી વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત વેદાન્ત :

શ્રી વલ્લભાચાર્ય ઉચ્ચ કક્ષાના તત્ત્વજ્ઞાની અને સાથે મહાન ધર્માચાર્ય પણ હતા. એમની બુદ્ધિ પ્રતિભા એટલી તીવ્ર હતી કે નાની ઉંમરે જ એમણે બધા શાસ્ત્રોનું જ્ઞાન સંપાદન કર્યું હતું. એમણે ત્રણવાર વિશાળ ભારતવર્ષની યાત્રા કરી હતી. યાત્રા દરમિયાન એમણે અનેક વિદ્વાનો સાથે ચર્ચા વિચારણા અને વાદ-વિવાદ કર્યા હતા. આમ એમણે દરેક વિચારધારાના વિદ્વાનોને સમજવાનો પ્રયત્ન કર્યો હતો જેમાં બૌદ્ધ અને જૈન વિચારધારાનો પણ સમાવેશ હતો. યાત્રા દરમિયાન એમણે સ્વતંત્ર ગ્રંથ લેખનની પ્રવૃત્તિ પણ શરૂ કરી હતી. યાત્રા દરમિયાન જ એમણે પૂર્વમીમાંસા પર ભાષ્ય લખ્યું હતું અને 'તત્ત્વાર્થ દીપ નિબંધ' દ્વારા પોતાના સિદ્ધાંતોને સ્પષ્ટ રૂપ આપ્યું હતું. પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા (બ્રહ્મસૂત્ર) ઉપર એમનું પ્રભુત્વ હતું જ, વિચારોમાં પણ એ સ્પષ્ટ હતા. એમણે પ્રતિપાદન કરેલ વાદ 'અખંડ બ્રહ્મવાદ' અથવા 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' કહેવાયો. એમણે માયા રહિત સચ્ચિદાનંદ સ્વરૂપ અદ્વૈત બ્રહ્મને જ વેદોના પ્રતિપાદ્ય તરીકે સિદ્ધ કર્યું. એમણે શંકરની માયા, ભાસ્કરની ઉપાધિ, રામાનુજના તત્ત્વત્રય, નિમ્બાર્ક અને મધ્વના દ્વૈતવાદનું ખંડન કરી સર્વધર્મ વિશિષ્ટ બ્રહ્મ તથા જીવ-જીગતનો પરસ્પર સંબંધ કે જે વેદાન્ત દર્શનની મહત્વપૂર્ણ સમસ્યા છે, એનું અર્થઘટન કરી અને એક સમન્વય કારક સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું. એમની દૃષ્ટિએ 'બ્રહ્મ' જે એક માત્ર 'તત્ત્વ' છે અને આ જડ-જીવાત્મક જગત પણ બ્રહ્મનું જ કાર્ય છે એટલે એ બન્ને વચ્ચે શુદ્ધ અદ્વૈત છે. કાશીવાળા

શ્રી ગિરિધરજીએ એમના શુદ્ધાદ્વૈત માર્તણ્ડ ગ્રંથમાં 'શુદ્ધાદ્વૈત' પદનો બે રીત વિગ્રહ કર્યો છે.

'ષષ્ઠી તત્પુરુષ' સમાસ પ્રમાણે 'शुद्धयोः अद्वैतम् इति शुद्धाद्वैतम् ।' અર્થાત્ શુદ્ધ જગત અને જીવોનું, શુદ્ધ બ્રહ્મ સાથે અદ્વૈત એટલે શુદ્ધાદ્વૈત. ટૂંકમાં, કાર્યરૂપ અને કારણ રૂપ બ્રહ્મ એક જ છે અને તે શુદ્ધ છે 'कार्य-कारण रुपं हि शुद्धं ब्रह्म न मायिकम्' શુદ્ધાદ્વૈત માર્તંડ-ગિરિધર મહારાજ કૃત — 'કર્મધારય' સમાસ પ્રમાણે — 'शुद्धं च तद् अद्वैतम् इति शुद्धाद्वैतम् ।' અર્થાત્ સદા શુદ્ધ બ્રહ્મ જ અદ્વૈત તત્ત્વ છે. "શુદ્ધાદ્વૈત માર્તંડ"ના લેખક ગિરિધર મહારાજ અર્થ કરે છે કે — 'माया संबंध रहित शुद्धं इति उच्यते ।' અર્થાત્ શુદ્ધ એટલે સદાય માયાના સંબંધથી (લેશથી) રહિત બ્રહ્મ છે. — તત્ત્વદીપ નિબંધ પ્રમાણે વલ્લભાચાર્યજી 'अद्वैत'નો અર્થ 'सजातीय' બ્રહ્મ જ એક તત્ત્વ છે. બ્રહ્મથી સજાતીય જીવો, વિજાતીય જગતા જડ પદાર્થો અને બ્રહ્મના પોતાના સ્વગત ગુણો - આ બધું જ અંતે વસ્તુતઃ બ્રહ્મ જ છે, તે વિવિધ ભેદ રહિત શુદ્ધ અદ્વૈત છે.

● શુદ્ધાદ્વૈત વાદના મુખ્ય સિદ્ધાંતો :

(૧) બ્રહ્મવાદ (૨) વિરૂદ્ધધર્માશ્રયતા (૩) અભિન્નનિમિત્તોપાદાનકારણવાદ (૪) સત્કારણતા વાદ (૫) સત્કાર્ય વાદ (૬) આવિર્ભાવતિરોભાવ (૭) અવિકૃતપરિણામ વાદ (૮) કાર્યકારણ-તાદાત્મ્યવાદ તથા અંશાશિતાદાત્મ્ય વાદ (૯) લીલાર્થે સૃષ્ટિવાદ.

આગળના પ્રકરણોમાં આનું ઉંડાણપૂર્વક વિગતવાર વિવેચન કરવામાં આવ્યું છે, પણ અહીં એનો ટૂંકમાં પરીચય કરી લઈએ.

(૧) બ્રહ્મવાદ :

ઉપનિષદો જે બ્રહ્મને 'एकमेवाद्वितीयम्, स आत्मानं स्वयम् अकुरुत' વગેરે વાક્યો દ્વારા દર્શાવવામાં આવ્યું છે. એ બ્રહ્મ સજાતીય-વિજાતીય સ્વગત ભેદરહિત, સત્, ચિદ્, આનંદ સ્વરૂપ છે તથા આ જડજીવાત્મક સૃષ્ટિનો એક માત્ર કર્તા (ઉપાદાન) છે. તત્ત્વાર્થ દીપ નિબંધ પ્રમાણે વલ્લભાચાર્યજી 'अद्वैत'નો અર્થ "सजातीय विजातीय स्वगत द्वैतवर्जितम ।" બ્રહ્મ જ એક તત્ત્વ છે. બ્રહ્મથી સજાતીય જીવો, વિજાતીય જગતના જડ પદાર્થો અને બ્રહ્મના સ્વગત ગુણો — આ બધું જ અંતે વસ્તુતઃ બ્રહ્મ જ છે. તે ત્રિવિધ ભેદ રહિત શુદ્ધ અદ્વૈત છે. આ બ્રહ્મ વલ્લભ વેદાન્ત પ્રમાણે ત્રણ પ્રકારનું છે (૧) આધિદૈવિક - પરબ્રહ્મ (પુરુષોત્તમ) (૨) આધ્યાત્મિક - અક્ષર બ્રહ્મ (૩) આધિભૌતિક - જગત.

પરબ્રહ્મ :

પ્રમેય તત્ત્વોમાં પ્રમુખ પરબ્રહ્મ જ છે. જે સચ્ચિદાનંદ સ્વરૂપ, વ્યાપક, અવિનાશી, સર્વશક્તિમાન, સ્વતંત્ર અને નિર્ગુણ છે શ્રીકૃષ્ણ જ પરમ પુરુષોત્તમ છે, અગણિતાનંદ છે અને માત્ર અનન્ય ભક્તિથી જ એ પ્રાપ્ય છે.

અક્ષર બ્રહ્મ :

અક્ષર બ્રહ્મ પરબ્રહ્મની સરખામણીમાં થોડુ ન્યૂન (ઉતરતી કક્ષાનું) તત્ત્વ છે. પરબ્રહ્મ જ્યારે વિવિધ લીલા કરવા માટે પોતાના આનંદને સીમિત કરી લે છે, ત્યારે તે 'અક્ષર' કહેવાય છે, અક્ષરની સાથે પરબ્રહ્મ દ્વારા કાલ, કર્મ અને સ્વભાવનો પણ પ્રાદુર્ભાવ થાય છે. આ 'અક્ષર' માત્ર શુદ્ધ જ્ઞાન દ્વારા જ પામી શકાય છે અને એ પરબ્રહ્મનું જ સ્વરૂપ છે.

આધિભૌતિક-જગત :

જગત પણ બ્રહ્મરૂપ હોવાથી સત્ય છે, માયિક નથી. અક્ષર બ્રહ્મની ઈચ્છા પ્રમાણે અગ્નિના તણખાની જેમ બ્રહ્મના સદ્ અંશમાંથી જડ જગતનો આવિર્ભાવ થાય છે. ચિદ્ અંશમાંથી ચેતનનો આવિર્ભાવ થયો અને આનંદાંશ તો સ્વયં પરબ્રહ્મ છે.

(૨) વિરુદ્ધધર્માશ્રયતાવાદ :

વલ્લભમતમાં બ્રહ્મને બ્રહ્મસૂત્રના આધારે પુરુષવિધ અને અપુરુષવિધ માનીને એને વિરુદ્ધધર્માશ્રય ગણવામાં આવ્યું છે. અનન્તમૂર્તિ બ્રહ્મ ચલ અને અચલ બન્ને પ્રકારનું છે, તે નિર્ગુણ હોવા છતાં સગુણ પણ છે અને નિર્ધર્મક હોવા છતાં સધર્મક પણ છે. અહી વિરુદ્ધ ધર્માશ્રય કહેવાનું તાત્પર્ય એ છે કે બ્રહ્મ શું છે, કેવું છે એ બાબતમાં આપણે કોઈ પ્રકારની ઉત્પ્રેક્ષા ન કરીએ, પણ શ્રુતિમાં બ્રહ્મને જે સ્વરૂપે વર્ણવવામાં આવ્યું છે એનો સ્વીકાર કરીએ. શ્રુતિમાં ક્યારેક બ્રહ્મનું વિરોધાભાસી વર્ણન પણ કરવામાં આવ્યું છે. તો આપણે એ શ્રુતિને પ્રમાણભૂત માનીને એનો સ્વીકાર કરવો જોઈએ.

(૩) અભિન્નનિમિત્તોપાદાનકારણવાદ :

• तद् आत्मानं स्वयम् अकुरुत, एकोहम् बहुस्याम् प्रजायेय' વગેરે શ્રુતિઓને આધારે જ શ્રી વલ્લભે બ્રહ્મને આ નામરૂપાત્મક જગતનું સમવાયી તથા નિમિત્ત

કારણ બતાવ્યું છે. આ જ બ્રહ્મ કયારેક પોતાના સ્વરૂપમાં તો ક્યારેક સ્વયં એણે રચેલી સૃષ્ટિમાં હંમેશા વ્યાપીને રહે છે.

(૪) સત્કારણતાવાદ :

બ્રહ્મ જો એકમેવ અને અદ્વિતિય સત્ છે તો તે જ જગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે તો જગતનો આવિર્ભાવ પણ સત્કારણથી જ માનવો પડે. કારણ કે સંત્ કારણથી જ કાર્યની ઉત્પત્તિ થઈ શકે, અસત્કારણથી નહીં. અસત્કારણ વસ્તુ કારણતા કે ધર્મનું નિર્વાહક ન બની શકે.

(૫) સત્કાર્યવાદ :

सदेव सौम्य इदमग्र आसीद । વગેરે શ્રુતિના આધારે જ શ્રી વલ્લભ સત્કાર્યવાદ સિદ્ધ કરે છે. એમના મતે કાર્ય પોતાના કારણમાં જ ઉત્પત્તિ પહેલાં વિદ્યમાન હોય છે. કાર્યરૂપ જગતની સત્તા ઉપાદાનકારણત્મના બ્રહ્મમાં પહેલેથી જ વિદ્યમાન હોય છે.

(૬) આવિર્ભાવ-તિરોભાવવાદ :

વલ્લભના મતે બ્રહ્મ અને જગત સત્ય તેમજ નિત્ય માનવમાં આવે છે; તો પછી જે સત્ય અને નિત્ય હોય એની ઉત્પત્તિ અને નાશ કયારેય સંભવી શકે નહીં. એટલે એમના મતે આ નામરૂપાત્મક જગત બ્રહ્મની આવિર્ભાવ દશા છે, તથા બ્રહ્મની કારણતા એની તિરોભાવ દશા છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે એ પ્રમાણે, વિષયની અનુભવગમ્ય યોગ્યતા એ એની આવિર્ભાવ દશા છે, અને વિષયની અનુભવગમ્ય અયોગ્યતા એ તિરોભાવ દશા છે.

(૭) અવિકૃતપરિણામવાદ :

શુદ્ધાદ્વૈત મતાનુસાર જગત બ્રહ્મનું કારણ છે પણ જ્યારે એ કાર્યરૂપ જગતમાં પરિણમે છે ત્યારે એમાં કોઈ વિકાર થતો નથી. દા.ત., સુવર્ણમાંથી કુંડલ, કંગન વગેરે બને છે ત્યારે એમાં કોઈ વિકૃતિ નથી, અને જ્યારે એ કનક કુંડળ તોડવામાં આવે ત્યારે પાછું સુવર્ણ જ બની જાય છે એમાં કોઈ વિકૃતિ થતી નથી. એજ રીતે જગત રૂપે પરિણમવા છતાં બ્રહ્મમાં કોઈ પ્રકારની વિકૃતિ થતી નથી. આજ વાત શ્રી વલ્લભે કામધેનું, કલ્પવૃક્ષ વગેરેના ઉદાહરણ દ્વારા પણ સમજાવી છે.

(૮) કાર્યકારણતાદાત્મ્યવાદ તથા અંશાંશિ તાદાત્મ્યવાદ :

જીવાત્મા અને પરમાત્મા વચ્ચે અંશાંશિભાવાત્મક તાદાત્મ્ય રહેલું હોવાથી જીવ અંશ તથા પરમાત્મા અંશી રૂપે 'સમુદ્ર તરંગ ન્યાયે' રહેલા છે. જડરૂપ જગત બ્રહ્મનો સદંશ છે તથા જીવાત્મા ચિદંશ.

(૯) લીલાર્થ સૃષ્ટિવાદ :

જો બ્રહ્મે સૃષ્ટિને નિર્માણ કરી તો એનું પ્રયોજન શું ? બ્રહ્મસૂત્રમાં એનું નિરુપણ 'लोकवत्तु लीलाकैवल्यम्' રૂપે કર્યું છે. બ્રહ્મ કેવળ નિજાનન્દની સહજ અભિવ્યક્તિ માટે સૃષ્ટિ પ્રક્ટ કરે છે. શ્રીવલ્લભ માયાને બ્રહ્મની શક્તિ માને છે. અને માયા શક્તિ દ્વારા જ બ્રહ્મે જગતનું નિર્માણ કર્યું છે.

● મુસ્લીમોના આગમન પછીની રાજકીય, ધાર્મિક, સામાજિક પરિસ્થિતિ :

શ્રી શંકરાચાર્યના સમય વખતે બૌદ્ધ ધર્મ ભારતમાંથી લગભગ લુપ્ત થઈ ચૂક્યો હતો અને જૈન ધર્મ કોઈપણ જાતના ઉપદ્રવ વિના દેશમાં શાંતિપૂર્વક પ્રચલનમાં હતો એટલે તે સમયે દેશમાં પ્રચલિત જ્ઞાનમાર્ગ કે જૂના ચાલ્યા આવતા ભાગવત માર્ગ - ભક્તિમાર્ગને ખાસ કોઈ અડચણ નહોતી. સનાતન હિન્દુ ધર્મ શાંતિપૂર્વક ચાલ્યો આવતો હતો. પણ એ પછી મુસલમાનોના આગમનને કારણે એક નવો સંઘર્ષ શરૂ થયો. એ લોકોએ હિંદના જુદા જુદા પ્રદેશો પચાવી પાડી રાજધુરા સંભાળી ત્યારથી હિંદુઓ અને હિંદુ ધર્મ સંકટમાં આવવા લાગ્યા. એ સમયના ૩૦૦ વર્ષના ગાળામાં હિંદની રાજકીય સ્થિતિ ડામાડોળ હતી. વારંવારના રાજ્ય પલટાને કારણે પ્રજા લાંબા વખતથી શાંતિ અનુભવી શકી નહીં. અને વારંવાર આવતા ઝનૂની મુસ્લિમ નવાબોના જુલમને કારણે આર્થિક, ધાર્મિક, સામાજિક તેમજ રાજકીય દષ્ટિએ પ્રજા ખૂબ હેરાન પરેશાન હતી. શ્રી વલ્લભાચાર્યે પણ એમના 'કૃષ્ણાશ્રય' ગ્રંથના શ્લોક ૧,૨,૩,૪,૫,૬માં આ અંધકાર યુગનું વર્ણન કર્યું છે. લોકોમાં હતાશા અને નિરાશા વ્યાપી ગયા હતા. પ્રજા અજ્ઞાન અને વહેમથી ઘેરાયેલી હતી. સમાજ અનેક જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં વહેંચાઈને છિન્નભિન્ન થઈ રહ્યો હતો. એની ભવ્ય સંસ્કૃતિ અને પંરપરાઓ વિનાશને માર્ગે હતી. 'દેશ અને કાલની' આવી અધોગતિને કારણે તેઓ વ્યથિત થયા હતા. તેઓ એમાં નવાં જીવન અને નવી આશાનો સંચાર કરવા માગતા હતા. તેઓ સમાજની પ્રગતિમાં નડતરરૂપે વહેમ, અંધશ્રદ્ધા, અજ્ઞાન વગેરેને દૂર કરવા કટિબદ્ધ થયા. આવા

સમયે આપણા સંત મહાત્મા અને આચાર્યોએ પ્રજાને ઈશ્વર તરફ વાળવાનો સબળ અને ગંભીર પ્રયાસ કર્યો. આ ત્રણસો-ચારસો વર્ષોના સળગતા યુગમાં દક્ષિણમાં આચાર્યો અને ઉત્તર હિંદના સંતો-ભક્તોએ ભક્તિની પ્રણાલી સતત ચાલુ રાખી હતી. આ ભક્તોએ નાત-જાતના ભેદ વિના બધાંજ વર્ગોની પ્રજાની હિંદુ સાંપ્રદાયિકતા સાચવી રાખી હતી જેમણે કચડાયેલી પ્રજાને પ્રાણપોષણ આપી ટકાવી રાખી હતી.

આ સંક્રાતિકાળમા જ પ્રસિદ્ધ આચાર્ય શ્રી વલ્લભચાર્યજી થયા. એમની સામે ભાગવત માર્ગનું જે ચાર શાખાઓમાં (જુદા જુદા વૈષ્ણવ આચાર્યો દ્વારા) ખેડાણ થયેલું અને સંતો-ભક્તોએ જે વાતાવરણ સરજી આપ્યું હતું તે પૂર્વભૂમિકા રૂપે તૈયાર હતું, અને શ્રી વલ્લભે એ ભૂમિકા ઉપર ઈશ્વરના અનન્યત્વ અન ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સ્થાપિત કરેલા ભક્તિ માર્ગનું પુનઃ જીવન કરવાનું હતું. તેમણે એ રીતે સામાન્ય લોકોને ભક્તિના માર્ગ ઉપર ચડાવી, લૌક્કિ-વૈદિક કાર્યો કરતાં કરતાં એ ભાગવત માર્ગ ઉપર કેવી રીતે ચાલી શકાય એનો રાજમાર્ગ બતાવ્યો.

(૫) પુષ્ટિ સંપ્રદાયની સ્થાપના :

ધર્મના બે પાસાઓ છે સિદ્ધાંત અને આચરણ .સિદ્ધાંતની દૃષ્ટિએ શ્રી વલ્લભ 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નું પ્રતિપાદન કરીને એક મહાન દાર્શનિક તરીકે તો જાણીતા હતા જ. પણ તેઓ એક ધર્માચાર્ય – ધર્મગુરુ તરીકે પણ મહાન હતા.તેઓ માનતા કે સિદ્ધાંત અને આચરણ વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે. સિદ્ધાંત અને આચરણ વચ્ચે વિરોધભાસ ન હોવો જોઈએ. જે તત્ત્વજ્ઞાન જીવનમાં આવિર્ભૂત ન થાય એ ખોખલું ગણાય અને એટલે જ એમણે એ જમાનાની જરૂરિયાત ધ્યાનમાં રાખીને અને પોતાના જ દાર્શનિક સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી સામાન્ય લોકો સમજી શકે અને આચરણમાં ઉતારી શકે એવા 'પુષ્ટિ સંપ્રદાય' નામના ભક્તિ માર્ગની સ્થાપની કરી.

એમનું તત્ત્વજ્ઞાન માત્ર જ્ઞાનીઓ માટે જ નહોતું, પણ જેમણે શાસ્ત્રોનો અભ્યાસ ન કર્યો હોય અને તત્ત્વજ્ઞાનના જટિલ અને ગહન વિચારોને સમજી શકતા નહોતા એવા સામાન્ય માણસ માટે પણ સહજ હતુ. એમનો 'પુષ્ટિમાર્ગ' જે પ્રેમલક્ષણા ભક્તિ ઉપર આધારિત છે તેને સામાન્યમાં સામાન્ય માણસ પણ સમજી શકે એવો છે. એમણે 'પુષ્ટિમાર્ગ' દ્વારા સેવા અને આત્મસમર્પણનો મહિમા સમજાવ્યો. 'પુષ્ટિ' એટલે ભગવાનનો અનુગ્રહ, ભગવાનની કૃપા. એ

કૃપાના અધિકારી બનવા જીવે આત્મસમર્પણની તૈયારી કરવાની છે. એ માટે પુષ્ટિ સંપ્રદાયમાં 'શરણ મંત્ર' અને 'બ્રહ્મસંબંધ' અથવા આત્મનિવેદન એમ બે દીક્ષા આપવામાં આવે છે.

'શ્રીકૃષ્ણ શરણમ્ મમં'એ મંત્ર દ્વારા ભક્ત શ્રીકૃષ્ણની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી અનન્ય આશ્રયથી એને શરણે જાય છે. કૃષ્ણના શરણમાં જ એની સર્વ ગતિ છે. એવો આ મંત્રનો ભાવાર્થ છે.

ત્યાર બાદ આવે છે ઉચ્ચ અધિકારી માટે આત્મસમર્પણ રૂપી 'બ્રહ્મસંબંધ'ની દીક્ષા. આત્મનિવેદનમાં ભક્ત પોતાનું સર્વસ્વ અર્પણ કરી ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરી શકે છે, અને એ જ શ્રી વલ્લભની દૃષ્ટિએ મોક્ષ છે. એ માટે વ્યક્તિએ સંસાર છોડી સંન્યાસી બનવાની જરૂર નથી, પણ સંસારમાં રહીને જ સાંસારિક કર્તવ્યો અને ફરજો બજાવતા રહીને ધીમે ધીમે અહંતા-મમતાનો ત્યાગ કરીને પ્રભુને પામવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ માટે શ્રી વલ્લભે સેવાને પણ મહત્ત્વનું સ્થાન આપ્યું છે. સેવા બે પ્રકારની તનુ-પિત્તજા અને માનસી સેવા. પ્રભુ પ્રત્યેની આસક્તિ આ સેવા દ્વારા જ શક્ય છે. માનસી સેવા સર્વશ્રેષ્ઠ છે પણ સંસારી જીવ માટે તનુજા અને વિત્તાજા સેવા પણ એટલી જ જરૂરી છે, કે જેથી જીવ પોતાના અહમ્ થી ધીમે ધીમે છૂટકારો મેળવી શકે. શ્રી વલ્લભ આ જગત અન સંસારને જુદા માને છે. એમની દૃષ્ટિએ આ જગત સત્યછે પણ આ સંસાર જ જીવના મોહ અને મમતાનું કારણ છે. અવિદ્યાને લીધે જીવ સંસારના બંધનમાં જોડાયેલો રહીને જીવન-મરણના ચક્રમાં ફસાયેલો રહે છે. જો સંસારની આસક્તિ છૂટી જાય તો જીવાત્મા ફરીથી પરમાત્મા સાથે જોડાઈ શકે છે અને એ સંપૂર્ણ શરણાગતિ, નિર્વ્યાજ પ્રેમ અને આત્મનિવેદન દ્વારા જ શક્ય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા (અધ્યાય ૧૮/૬૫)માં પણ શ્રીકૃષ્ણે કહ્યું છે :

''मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥

''હે અર્જુન, તું મારામાં મન પરોવનાર થા, મારો ભક્ત બની જા, મારું પૂજન કરનાર થા અને મને પ્રણામ કર, આમ કરવાથી તું મને જ પામીશ, આ હું તારી સામે સત્ય પ્રતિજ્ઞા કરું છું''

શ્રીવલ્લભ, આત્મનિવેદન દ્વારા જે સમર્પણની ભાવનાને પ્રાધાન્ય આપે છ એના મૂળમાં ભાગવતનો આ શ્લોક સરખાવવા જેવો છે. શ્રીમદ્ ભાગવત

(સ્કંધ - ૯/૪/૬૫)માં પણ શ્રીકૃષ્ણ કહે છે કે જે વ્યક્તિ પોતાના સ્ત્રી, પુત્ર, આપ્ત જન, ઘરબાર એટલું જ નહીં પણ પોતના પ્રાણને-સ્વને ત્યાગીને મારે શરણ આવે છે તેને હું કેવી રીતે તરછોડી શકુ ?

ये दारागारा पुत्राप्तप्राणान् वित्तमिमं परम् ।
हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ॥

આગળ ભાગવત (સ્કંધ-/૧૧/૨-૬)માં પણ તેઓ આજ વાત દોહરાવે છે.

इष्टं दत्तं तपो जप्तं वृत्तं यच्चात्मनः प्रियम् ।
दारान् सुतान् गृहान् प्राणान् परस्मै च निवेदनम् ॥

"જે ભક્ત સ્ત્રી, પુત્ર, ઘરબાર વગેરે છોડીને પોતાના પ્રાણ સહિત આત્મનિવેદન કરીને જપ-તપ કરે છે તેવો ભક્ત મને પ્રિય છે."

પુષ્ટિભક્તિ એ પ્રેમલક્ષણા ભક્તિ છે. અને ગોપીઓના શ્રીકૃષ્ણ પ્રત્યેના પ્રેમને એમણે સર્વોચ્ચ ગણાવ્યો છે. એને જ શ્રી વલ્લભ નિઃસાધન, નિર્ગુણ ભક્તિ કહે છે. તેઓ જ નિર્ગુણ ભક્તિ માર્ગના પ્રણેતા છે.

શ્રીવલ્લભનું બીજું મહત્વનું પ્રદાન એ છે કે એમણે સમાજમાં રહેલા નાત, જાત, કોમ, ધર્મ, ભાષા વગેરે ભેદભાવોને દૂર કર્યા. તેઓ સમાજમાં રહેલી સંકુચિત માન્યતાઓથી પર હતા. તે જમાનામાં સ્ત્રીઓ અને શૂદ્રોને શાસ્ત્રોના અભ્યાસની અનુમતિ ન હોતી. એમણે સ્ત્રીઓને અધિકાર આપીને સ્ત્રીનું સ્થાન અને ગૌરવ પ્રસ્થાપિત કર્યું, અને શુદ્રોને પણ મોક્ષના અધિકારી ગણાવીને એમને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કર્યા.

● એ સમયનું સાહિત્ય :

અષ્ટ સખાઓ અને સુરદાસે રચેલા પદો આજે પણ સાહિત્યની દૃષ્ટિએ ઉચ્ચ કોટિમાં સ્થાન પામેલા છે. એ અષ્ટ સખાઓમાંના કુંભનદાસ, પરમાનંદ દાસ, કૃષ્ણદાસ વગેરે બીજા ભક્તો સંગીતના અચ્છા જાણકાર હતા અને એટલે જ એ 'હવેલી સંગીત' આજે સાડાપાંચસો વર્ષો પછી પણ લોકોના હૃદયમાં એટલું જ ગૌરવપૂર્ણ સ્થાન ધરાવે છે.

આમ શ્રીવલ્લભચાર્યના વ્યક્તિત્વના મૂળની જડ ભવ્ય ભૂતકાળમાં હતી, તેઓ સાંપ્રત સમયની મર્યાદાઓથી પણ સારા એવા જ્ઞાત હતા, અને આર્ષદૃષ્ટિથી ભવિષ્ય પ્રત્યે પણ જોઈ શકતા હતા. તેઓ એમના જમાના કરતા ક્યાંય

આગળ હતા. તેઓ મહાન દાર્શનિક ની સાથે સાથે મહાન ધર્માચાર્ય પણ હતા. અને એટલે જ એમણે જે ઉપદેશ આપ્યો છે તે દેશ અને કાળથી પર વૈશ્વિક સ્તરે વ્યાપી શકે એવો છે. ધર્મ અને તત્ત્વજ્ઞાન પ્રત્યેનો એમનો અભિગમ જડ રૂઢિઓ અને કર્મકાંડથી પર છે.

પ્રકરણ - ૨ શ્રી વલ્લભાચાર્ય - જીવન અને કવન

‘શુદ્ધાદ્વૈત દર્શન’ના મહાન આચાર્ય અને પુષ્ટિમાર્ગના પ્રવર્તક મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યનું પ્રાકટ્ય એ ભારતના સાંસ્કૃતિક ઈતિહાસની એક મહત્ત્વપૂર્ણ ઘટના છે. શ્રી વલ્લભાચાર્યે ભારતીય તત્ત્વ ચિંતનને નવી અને સમગ્ર દૃષ્ટિ આપી ભારતીય ધર્મસાધનાને નવા સ્તરે પહોંચાડી. પરંપરાગત વૈષ્ણવ ધર્મને નવી ચેતના પ્રદાન કરી અને કૃષ્ણભક્તિની પરંપરાને અપૂર્વ વૈશિષ્ટય (વિશેષતા) અર્પ્યું. તેમનું પ્રબુદ્ધ ચિંતન, ભાવાત્મક ભક્તિની પદ્ધતિ અને પ્રેરક વ્યક્તિત્વએ મધ્યકાલીન ભારતના ધાર્મિક, દાર્શનિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક વિષયના ઈતિહાસને ખૂબ જ પ્રવાભિત કર્યો છે. ભારતીય સમાજ પર મહાપ્રભુ વલ્લભાચાર્યની અમિટ છાપ આજે સાડાપાંચસો વર્ષ પછી પણ દેખાઈ આવે છે.

(૧) શ્રી વલ્લભાચાર્યના સમયની રાજકીય, ધાર્મિક, સામાજિક પરિસ્થિતિ :

● Condition of Hindus under Islam :

From the records of Muslims chronicles, of foreign travellers and references in Indian Literature of that period, the condition of Hindus under Muslim rulers was unenviable. Barbarities - almost incredible cruelities, were perpetrated on Hindus.

The following brief summary of the description on the condition of Hindus under the Muslims, given by the eminent Historian Jadu Nath Sarkar will clearly and graphically show the enormity of the sufferings to which Hindus were subjected.

“By the basic concept of Islam, all non-muslims are its enemies. The ideal aim was to exterminate them totaly - the poll tax, zizya (જજિયા વેરો) was payable by Hindus for permission to live in their own ancestral homes under muslim sovereigns. In addition to the payment of zizya, the Hindus were subjedcted to many disabilities in the practice of their own religion and other civil rights.”[1]

શ્રી વલ્લભાચાર્યે પણ એમના 'કૃષ્ણાશ્રય' ગ્રંથના શ્લોક ૧, ૨, ૩, ૪, ૫, ૬ માં આ અંધકાર યુગનું વર્ણન કર્યું છે. લોકોમાં હતાશા અને નિરાશા વ્યાપી ગયા હતા. પ્રજા અજ્ઞાન અને વહેમથી ઘેરાયેલી હતી. સમાજ અનેક જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં વહેંચાઈને છિન્નભિન્ન થઈ ગયો હતો.

Mr. G V. Tagare એમના 'Brahma - Vada' Doctrine of Sri Vallabhacharya માં કહે છે કે -

"These ignorant masses or innocents fell easy victim of the politically supported craftly Muslim missionaries who profesed pseudo - pro Hindu sufism and converted the masses to Islam. It is said that sufis converted more Hindus to Islam than the ruthless Sultans with their swords.

It is under such terrible social and political conditions that our saints and philosophers of the medieval period struggled for the solidarity and uplift of our society.

Of these saints and philosophers, Vallabhacharya was one of the prominent ones."[2]

● ધાર્મિક ભૂમિકા :

આપણે આગળ જોયું તે પ્રમાણે આ અંધકાર યુગમાં મુસ્લિમ સુલતાનોના જુલ્મને કારણે પોતાના ધર્મનું રક્ષણ કરવામાં પણ પ્રજા ખૂબ હેરાન - પરેશાન હતી. એના પરિણામે આ યુગમાં થયેલા સંત મહાત્મા અને આચાર્યોએ પ્રજાને ઈશ્વર તરફ વાળવાનો ગંભીર અને સબળ પ્રયાસ કર્યો હતો. તેથી જ આ યુગની સાંપ્રદાયિક પ્રવૃતિ પણ હિંદના ઈતિહાસમાં બીજા કોઈ પણ યુગ કરતાં વધુ નોંધપાત્ર બની છે.

હિંદમાં વૈદિક પરંપરા સાથે મેળ સાચવતા હિંદુ સંપ્રદાયોમાં પણ પેટાભેદ જાણીતા છે એ શૈવ, શાક્ત અને ભાગવત સંપ્રદાયો લગભગ એકમેકથી સ્વતંત્ર રીતે આ સંપ્રદાયોએ હિંદની પ્રજાને દોરી છે. ઋગ્વેદમાં રુદ્રનો ઉલ્લેખ છે. ઉપરાંત મોહેં - જો -દડો અને હડપ્પાના અવશેષોમાંથી પણ રુદ્ર અને માતા - શક્તિની ઉપાસનાના ચિહ્ન મળે છે. આ સંસ્કૃતિ સાથે ઋગ્વેદની સંસ્કૃતિ મળતાં પછીથી વિષ્ણુ અને રુદ્ર એ બન્ને હિંદુ સાંપ્રદાયિક પ્રધાન દેવ થયા. શ્વેતાશ્વતર ઉપનિષદમાં રુદ્રનું શિવરૂપ જોવા મળે છે અને કાળક્રમે શિવ અને

શક્તિ એકરૂપી બની ગયા. આમ ભાગવત અને શૈવ એ બન્ને સંપ્રદાય વ્યાપક રૂપે જોવા મળે છે. પરંતુ જે ભક્તિ પ્રણાલી મળી એતો ભાગવત માર્ગે જ આપી અને આમ ૧૧ મી સદીથી સંત ભક્તો અને વૈષ્ણવ આચાર્યોનું જ પ્રાબલ્ય રહ્યું. ૧૨મી અને ૧૩મી સદીએ શ્રી રામાનુજ, શ્રી નિંબાર્ક, શ્રી વિષ્ણુસ્વામી, શ્રી મધ્વ જેવા આચાર્યો આપ્યા અને દક્ષિણના આલ્વરો પાસેથી મળેલી રાધાકૃષ્ણભક્તિ જયદેવના ગીતગોવિંદ વગેરેમાં જોવા મળે છે. ગુજરાતમાં પણ શ્રી વલ્લભ પહેલાં નરસિંહ મહેતા જેવા સંત કવિ અને વલ્લભના સમકાલીન મીરાં, ભાલણ વગેરે થઈ ગયા. મહારાષ્ટ્રમાં પણ જ્ઞાનદેવ જેવા જ્ઞાની ભક્ત અને નામદેવ જેવા 'વિઠ્ઠોબા'ના મહાન ભક્તો થઈ ગયા.

આમ આ ત્રણસો - ચારસો વર્ષોના સળગતા યુગમાં દક્ષિણમાં આચાર્યોએ અને ઉત્તર હિંદના સંતભક્તોએ ભક્તિની પ્રણાલી સતત ચાલુ રાખી હતી. આ ભક્તોએ નાત-જાતના ભેદ વિના બધાં જ વર્ગોની પ્રજાની હિંદુ સાંપ્રદાયિકતા સાચવી રાખી હતી. જેમણે કચડાયેલી પ્રજાને પ્રાણપોષણ આપી ટકાવી રાખી હતી.[૩]

આ નવા યુગના સંક્રાન્તિકાળમાં પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય શ્રી વલ્લભાચાર્યજી થયા. એમની સામે ભાગવત માર્ગનું જે ચાર શાખાઓમાં ખેડાણ થયેલું અને સંત - ભક્તોએ જે વાતાવરણ સરજી આપ્યું તે પૂર્વભૂમિકા રૂપે તૈયાર હતું. અને શ્રી વલ્લભે એ ભૂમિકા ઉપર ઈશ્વરના અનન્ય અને ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સ્થાપિત કરેલા ભક્તિ માર્ગનું પુનઃજીવન કરવાનું હતું. તેમણે એ રીતે સામાન્ય લોકોને ભક્તિના માર્ગ ઉપર ચડાવી, લૌકિક - વૈદિક કાર્યો કરતાં કરતાં એ ભાગવત માર્ગ ઉપર કેવી રીતે ચાલી શકાય એનો રાજમાર્ગ બતાવ્યો.

(૨) શ્રી વલ્લભાચાર્યના પૂર્વજો :

ભારતીય સંસ્કૃતિના એક વિશિષ્ટ પ્રદેશ તરીકે દક્ષિણના દ્રાવિડ પ્રદેશની ખ્યાતિ હિંદમાં પ્રસરેલી જ હતી. ભારતવર્ષે જે અનેક મહાન આચાર્યો આપ્યા તે બધા જ દક્ષિણમાં થયા છે. મહાન શંકરાચાર્ય, શ્રી રામાનુજાચાર્ય, શ્રી નિમ્બકાચાર્ય, શ્રી વિષ્ણુસ્વામી અને શ્રી માધવાચાર્ય એ સર્વે આ દ્રાવિડ દેશમાં જ જન્મ્યા હતા. છેલ્લા આચાર્ય શ્રી વલ્લભાચાર્ય પણ આજ મહાન ભૂમિમાં જન્મ પામી 'શુદ્ધાદ્વૈત વેદાંત'ના પ્રણેતા અને 'પુષ્ટિમાર્ગ' જેવા સર્વ દેશ અને સર્વ કાળમાં પાળી શકાય એવા સંપ્રદાયના પ્રવર્તક બન્યા.

આંધ્ર પ્રદેશના કાંકર પરગણામાં આવેલું કાંકારપાંઢુ ગામ પણ પરંપરાથી શ્રી વિષ્ણુસ્વામીના સંપ્રદાયનું સ્થાન હતું. શ્રી વલ્લભના પૂર્વજો શ્રી વિષ્ણુસ્વામીના સંપ્રદાયના હતા અને આરાધ્ય દેવ તરીકે ગોપાલકૃષ્ણની સેવા કરતા હતા. આ કુટુંબ યજ્ઞયાગાદિક વૈદિક પ્રણાલીમાં પણ ખૂબ પ્રેમ અને શ્રદ્ધા ધરાવતું હતું. આ કુળમાં શ્રી વલ્લભના એક પૂર્વજ નારાયણ કે યજ્ઞનારાયણ ભટ્ટ થયા. એમના સમયથી થોડી માહિતી મળે છે. તેઓ જ્ઞાતિએ આંધ્ર તૈલંગ બ્રાહ્મણ હતા. એમનો વેદ કૃષ્ણયજુર્વેદ, શાખા તૈત્તીરીય, ગોત્ર, ભારદ્વાજ, દેવી રેણુકા, કુળ વેલ્લનાડુ અને અવટંક (અટક) ખંભપટ્ટીવારુ હતી.

આ વિદ્વાન યજ્ઞનારાયણ ભટ્ટને ત્યાં અગ્નિહોત્ર સતત ચાલુ રહેતુ અને યજ્ઞયાગાદિક પણ થયા કરતા હતા. સોમયાગ જેવા વિશિષ્ટ યજ્ઞો પણ આ કુળમાં થયા હતા. યજ્ઞનારાયણ ભટ્ટે ૩૨ સોમયાગ કર્યા હતા તેથી તેઓ 'સોમયાજી' અને 'દીક્ષિત' પણ કહેવાતા. આ કુટુંબની એવી દઢ માન્યતા હતી કે ૧૦૦ સોમયાગ પૂરા થતાં એમના કુળમાં કોઈ દેવાંશી પુરુષનો જન્મ થશે. એટલે યજ્ઞનારાયણ પછી તેમના પુત્ર ગંગાધર ભટ્ટે ૨૮, એમના પુત્ર ગણપત ભટ્ટે ૩૦, એમના પુત્ર વલ્લભ ભટ્ટે ૫ અને વલ્લભ ભટ્ટના પુત્ર લક્ષ્મણ ભટ્ટે ૫, એમ અત્યાર સુધીમાં ૧૦૦ યજ્ઞ પૂરા·થયા હોવાથી લક્ષ્મણ ભટ્ટને શ્રદ્ધા હતી કે પોતાને ત્યાં દેવાંશી પુરુષનો જન્મ અવશ્ય થવો જોઈએ.

● શ્રી વલ્લભાચાર્યનું પ્રાકટ્ય :

લક્ષ્મણ ભટ્ટના લગ્ન એ સમયના પ્રસિદ્ધ વિજયનગરના પુરોહિતના બહેન એલ્લગામાંરૂ સાથે થયા હતા. એલ્લમ્માંગારુજીથી લક્ષ્મણ ભટ્ટને રામકૃષ્ણ નામે એક પુત્ર અને સરસ્વતી તેમજ સુભદ્રા નામે બે પુત્રી થયા હતાં. આ ત્રણે બાળકોના જન્મ પછી લક્ષ્મણ ભટ્ટે ૧૦૦ મો સોમયાગ કર્યો હતો એટલે એની સમાપન વિધિ પ્રયાગ તથા કાશીમાં કરવાની એમની ઈચ્છા હતી. એટલું જ નહીં પણ સંજોગો અનુકુળ હોય તો શેષ જીવન કાશીમાં જ વસવાટ કરવાની એમની ઈચ્છા હતી. આમ એમણે કાશીમાં નિવાસ કર્યો.

લક્ષ્મણ ભટ્ટ કાશીમાં નિવાસ કરી આનંદથી પોતાનો ભાગવત્ ધર્મ નિભાવતા દિવસો ગાળતા હતા ત્યાં અચાનક આપત્તિ આવી પડી. કાશી જોનપુરના રાજ્યની સત્તા નીચે હતું અને દિલ્હીના લોદી સુલતાન અને જોનપુરના સુલતાન વચ્ચે હંમેશા લડાઈ ચાલુ રહેતી પણ એની અસર હજુ કાશી સુધી પહોંચી ન હતી. પણ કેટલાક સમય પછી દિલ્હીના સૈન્ય આગળ વધતાં વધતાં

કાશી નજીક આવી પહોંચ્યા એટલે કાશીના પ્રજાજનોમાં નાસભાગ શરૂ થઈ. લક્ષ્મણ ભટ્ટે પણ સંબંધીઓ સાથે કાંકરપાઢુ પાછા ફરવાનો નિર્ણય લીધો પણ આ વખતે એમના પત્ની એલ્લામ્માગારૂજી સગર્ભા હતા. એમને માટે આ પ્રવાસ ભારે કષ્ટરૂપ હતો પણ નાસવા સિવાય બીજો કોઈ માર્ગ ન હતો. એટલે સર્વે પોતાના વતન તરફ ચાલી નીકળ્યા. લાંબા પ્રવાસ પછી તેઓ ચંપારણ્ય નામના અરણ્યમાં આવી પહોંચ્યા. એલ્લામ્માગારુજીને આ દીર્ઘ પ્રવાસને કારણે પારાવાર કષ્ટ થયું અને હવે તેઓ આગળ વધી શકે તેમ નહોતા. આથી કેટલાક લોકો પાસેના ચૌડા નગરમાં ગયા અને થોડા લોકો લક્ષ્મણ ભટ્ટજી પાસે રહ્યા. એ દિવસ સં. ૧૫૩૫ અથવા ૧૫૨૯ (ઈ.સ. ૧૪૭૮ અથવા ૧૪૭૩)ના વૈશાખ (ગુજ. ચૈત્ર) વદ ૧૧ અને શનિવાર હતો. કારમી પ્રસવવેદના પછી એલ્લામ્માગારુજીએ સાતમે અધૂરે માસે રાત વીતતા ૬ ઘડી અને ૪૪ પળે બાળકને જન્મ આપ્યો.[૫] પણ લક્ષ્મણ ભટ્ટના ૧૦૦ યજ્ઞોના ફળ રૂપે જન્મેલો એ બાળક મૃતવત દશામાં હતો. લક્ષ્મણ ભટ્ટ અને એલ્લામ્માગારુજીની સ્થિતિ કેવી હશે એની તો કલ્પના જ કરવી રહી. બાળકને મૃતવત જાણી, શમીવૃક્ષની બખોલમાં સાડીમાં લપેટી મૂકી અને કોઈ હિંસક પશુ ઈજા ન પહોંચાડે એટલે બખોલની ફરતે અગ્નિ સળગાવવામાં આવ્યો હતો. પણ જાણે કે માતા - પિતા બન્નેને અંતઃસ્ફૂરણા થઈ અને સવારે શમીવૃક્ષની બખોલ પાસે આવ્યા ત્યારે મૃતવત બાળકમાં ચૈતન્ય આવી ગયું હતું. ભૌતિક અગ્નિ જ જાણે પોતાનું આધિદૈવિક સ્વરૂપ ધારી બાલક - રૂપે જગત સમક્ષ રજું થયું. માતાના આનંદનો પાર નહોતો. સળગતા અગ્નિની પણ પરવા કર્યા વિના એમણે દોડીને બાળકને ઉપાડી લીધો. સંઘમાં સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો અને લક્ષ્મણ ભટ્ટને તો સ્પષ્ટ પ્રતીતિ થઈ કે દેવાંશી પુત્રનું જ પ્રાકટ્ય થયુ છે. બધાં નજીકના ચૌડા ગામમાં પહોંચ્યા. લક્ષ્મણ ભટ્ટને આ પ્રદેશ જાણીતો હતો. કૃષ્ણદાસ ચોપડા નામના ક્ષત્રિય ગામના વહિવટદાર હતા અને લક્ષ્મણ ભટ્ટને એની સાથે સારા સંબંધો હતા એટલે ગામમાં રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. કેટલોક સમય લક્ષ્મણ ભટ્ટ સપરિવાર ચૌડામાં રહ્યા. વલ્લભના માતાજીની તબિયત પણ યાત્રા કરવા જેવી સ્વસ્થ થઈ ગઈ હતી. શ્રી લક્ષ્મણ ભટ્ટે પોતાના વતન જવાનો જ વિચાર કર્યો હતો પણ ઉત્તર તરફથી સમાચાર આવ્યા કે કાશી ઉપરનું સંકટ ટળી ગયું છે ત્યાં ફરીથી શાંતિનું વાતાવરણ થયું છે એટલે શ્રી લક્ષ્મણ ભટ્ટે અંતે કાશી પાછા ફરવાનો વિચાર કર્યો. કારણ કે લક્ષ્મણ ભટ્ટને બાળકોના અભ્યાસની ચિંતા હતી. એમની

ઈચ્છા પોતાના પુત્રોને સારામાં સારો અભ્યાસ કરાવવાની હતી અને કાશી જેવી વિદ્યાનગરી અને વિદ્યા બીજે ક્યાં મળે ?

● શ્રી વલ્લભનો બાલ્યકાળ અને અભ્યાસ :

કાશીમાં આવ્યા પછી જ્યારે શ્રી વલ્લભ ચાર વર્ષના થયા ત્યારે કાશીમાં એમની વર્ષગાંઠ ઉજવાઈ હતી એવો ઉલ્લેખ સંપ્રદાયના સાહિત્યમાં મળે છે. લક્ષ્મણ ભટ્ટની નજીકમાં એક **સગુણદાસ** કરીને ઢાઢી રહેતો હતો. બાળક વલ્લભ એને ખૂબ પ્રિય હતા અને સંભવ છે કે આ વર્ષગાંઠે એમણે ખાસ પદો રચ્યા હોય. એ પદો આજે પણ સચવાઈ રહ્યા છે. (વ્રજભાષામાં) સગુણદાસને લક્ષ્મણ ભટ્ટની વિદ્વતાનો ખ્યાલ હતો જ ને શ્રી વલ્લભની કમનીયતાનો પણ પરીચય હતો. એટલે શ્રી વલ્લભમાં એણે એ સમયે પણ સાક્ષાત કૃષ્ણચંદ્ર - પૂર્ણ પુરુષોત્તમના દર્શન કર્યા હોય એ રીતે એણે નિરૂપણ કર્યું છે.[૬]

પાંચમું વર્ષ બેસતા લક્ષ્મણ ભટ્ટે એમને અક્ષરારંભ કરાવ્યો હતો અને પાંચમું વર્ષ ઉતરતા ચૈત્ર સુદ ૯ ને રવિવારે શ્રી વલ્લભનો યજ્ઞોપવિત - સંસ્કારનો મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પછી બાળક વલ્લભના વિદ્યાભ્યાસનો આરંભ પણ કરવામાં આવ્યો. શ્રી વલ્લભને લક્ષ્મણ ભટ્ટનાં પૂર્વપરિચિત ગુરુ માધવેન્દ્રે યતિની પાઠશાલામાં જ મૂકવામાં આવ્યા. એમની દેખરેખ નીચે શ્રી વલ્લભનું દોઢેક વર્ષ અધ્યયન ચાલ્યુ. ત્યાર પછી માધવેન્દ્ર યતિ વ્રજમાં ચાલ્યા ગયા અને આ પાઠશાળાનું સંચાલન એમના વિદ્વાન શિષ્ય માધવાનંદને સોંપ્યુ અને શ્રી વલ્લભનો અભ્યાસ નિર્વિઘ્ને આગળ વધ્યો. શ્રી વલ્લભને પાઠશાળા ઉપરાંત ઘરમાં વિદ્વાન પિતા પાસેથી પણ અધ્યયનનો લાભ સહજ રીતે મળી રહ્યો હતો. વલ્લભની બુદ્ધિશક્તિ અસાધારણ હતી અને સ્મરણ શક્તિ પણ આશ્ચર્યજનક હતી. અભ્યાસકાળ દરમિયાન જ નાની ઉંમરે વલ્લભે વેદ, વ્યાકરણ, સાંખ્ય, ન્યાય, યોગ, વૈશેષિક, પૂર્વમીમાંસા, ઉત્તર મીમાંસા (ષડ્ દર્શન) નો અભ્યાસ કરી લીધો. તે ઉપરાંત એમણે શાંકર, રામાનુજ વિષ્ણુસ્વામી, મધ્વ જેવા આચાર્યોના વેદાન્ત ભાષ્યોનો પણ અભ્યાસ કર્યો. બ્રહ્મચારીના રૂપમાં વલ્લભનું વ્યક્તિત્વ અગ્નિ સમાન દેદીપ્યમાન લાગતું હતું અને એમની પ્રખર બુદ્ધિ શક્તિની પ્રશંસા ચારે તરફ થતી હતી અને એટલે જ એમને નાની ઉંમરમાં જ 'બાલ સરસ્વતી'નું બિરુદ પ્રાપ્ત થયું હતું.

આ જ અરસામાં ગુરુની શોધમાં ફરતો એક યુવક લક્ષ્મણ ભટ્ટજીને ત્યાં આવી પહોંચ્યો અને તેજોમૂર્તિ શ્રી વલ્લભના દર્શન કરી એને એમ થયું કે મારા

હૃદયની ભીડ આજ બાળક ભાંગશે અને એમ વિચારી એ લક્ષ્મણ ભટ્ટને ત્યાં જ સેવામા રહી ગયો. આ એજ કૃષ્ણદાસ મેઘન કે જે ક્ષત્રિય વીર શ્રી વલ્લભાચાર્યના સમગ્ર જીવનકાળ પર્યંત અહોરાત્રી સેવામાં ખડે પગે હાજર રહ્યા.

શ્રી વલ્લભે દક્ષિણમાં વિશેષ અભ્યાસ કરવા જવાની પોતાની ઈચ્છા માધવાનંદજીને બતાવી. તે સમયે દક્ષિણમાં 'વિજયનગર અથવા વિદ્યાનગરી' વિદ્વાનો અને શાસ્ત્ર ચર્ચા માટે પ્રખ્યાત હતું. ત્યાંનો સરસ્વતી ભંડાર પણ એ સમયે ખૂબ સમૃદ્ધ હતો. શ્રી વલ્લભના મામા ત્યાં રાજ્યમાં સારી પદવી (દાનાધ્યક્ષ) અને વગ ધરાવતા હતા. આમ શ્રી વલ્લભ ગુરુના આશીર્વાદ લઈ પિતાજી સાથે દક્ષિણની તરફ નીકળી પડ્યા. લક્ષ્મણ ભટ્ટને પણ પુત્રીઓને પરણાવ્યા પછી બન્ને બાળકોના વિદ્યાભ્યાસમાં જ રસ હતો. વિજયનગર આવતાં જ સરસ્વતી ભંડારમાં વલ્લભ અને એમના ભાઈ રામચંદ્રને સ્થાન મળી ગયું અને વિદ્યાભ્યાસ જોરથી ચાલવા લાગ્યો. શ્રી વલ્લભના ગ્રંથો જોતા આપણે જાણી શકીએ છીએ કે દર્શનશાસ્ત્રમાં તો એમનું પ્રભુત્વ હતુ જ પણ એ ઉપરાંત તેઓ બૌદ્ધ, જૈન, ચાર્વાક વગેરે વાદોથી પણ પરિચિત થઈ ચૂક્યા હતા. આચાર્યોમાં માત્ર શ્રી વલ્લભે જ પૂર્વમીમાંસા ઉપર ભાષ્ય લખ્યું છે એ ઉપરથી એમ કહી શકાય કે પૂર્વમીમાંસા ઉપર એમણે વિશિષ્ટ પ્રભુત્વ મેળવ્યું હશે. એમના તત્ત્વાર્થદીપનિબંધના બીજા સર્વનિર્ણય પ્રકરણમાં તેમજ પત્રાવલંબનમાં પૂર્વમીમાંસા ઉપરનો શ્રી વલ્લભનો કાબુ સ્પષ્ટ જણાઈ આવે છે.

● પિતાનું અવસાન :

વિજયનગરમાં થોડો વખત રહ્યા પછી એમના પિતાજી સહકુટુંબ દક્ષિણના નજીકના તીર્થસ્થાનોની યાત્રાએ નીકળ્યા. તીર્થો કરતાં તેઓ શ્રી લક્ષ્મણ બાલાજી (તિરુપતિ બાલાજી)ના પવિત્ર ધામમાં ગયા. ત્યાં શ્રી બાલાજીને શૃંગાર કરાવતાં કરાવતાં જ શ્રી લક્ષ્મણ ભટ્ટનો દેહાંત થયો. શ્રી બાલાજીમાં જ પિતાનો અંત્યેષ્ટિવિધિ કરી આ કુટુંબ પાછું વિજયનગર આવી ગયું.

(૩) જીવનના ત્રણ મહત્ત્વના યાત્રા - પ્રવાસો :

વિજયનગર આવ્યા પછી પિતાજીના વાર્ષિક શ્રાધને પતાવી લક્ષ્મણ ભટ્ટની છેલ્લી ઈચ્છા યાત્રા કરવાની અધૂરી રહેલી એ પૂરી કરવા વલ્લભ માતાજીને લઈને નીકળ્યા. નાનો ભાઈ રામચંદ્ર મોસાળમાં જ રોકાઈ ગયો અને શ્રી વલ્લભ માતાજી અને સેવક કૃષ્ણદાસ મેઘન સાથે યાત્રાએ નીકળી પડ્યા.

આ સમયે ઓરિસ્સામાં ગજપતિ પુરુષોત્તમ નામે પરમચુસ્ત હિંદુ રાજા હતો. એકવાર એના દરબારમાં વાદ થયો કે (૧) મુખ્ય શાસ્ત્ર કયું ? (૨) મુખ્ય દેવ કોણ ? (૩) મુખ્ય મંત્ર કયો ? અને (૪) મુખ્ય કર્મ શું ? એ અરસામાં જ શ્રી વલ્લભ જગન્નાથજીના દર્શન કરવાને પુરીમાં આવ્યા હતા. એમણે જોયું કે વિદ્વાનો દરબારમાં જોરશોરથી ચર્ચા કરી રહ્યા છે. આ બાલબ્રહ્મચારી વલ્લભ કુતુહલ ખાતર સભામાં બેઠા. એમને નવાઈ લાગી કે શ્રી જગન્નાથજીના મંદિરમાં બેસી શ્રીજીની સમક્ષ જ મુખ્ય દેવ કોણ હોઈ શકે એની વિદ્વાનો વાહિયાત ચર્ચા કરતા હતાં. એમણે તીર્થગોર દ્વારા રાજાની પરવાનગી લઈ સમગ્ર ચર્ચાનો ઉપસંહાર કરતા હોય એમ વક્તવ્ય આપ્યું અને કોઈ અદૃશ્ય તત્ત્વની પ્રેરણાથી ચારે પ્રશ્નોના નિચોડ રૂપે એક શ્લોક રજૂ કર્યો.

एकं शास्त्रं देवकीपुत्र गीतमेको देवो देवकी पुत्र एव ।
मन्त्रोऽप्येकस्तस्य नामानि यानि कर्माप्येकं तस्य देवस्य सेवा ॥

સમગ્ર શાસ્ત્રોના નિચોડ રૂપ આ નિર્ણયનો વિરોધ કરવો મુશ્કેલ હતો. પણ કોઈ ખૂણેથી ઈર્ષાથી નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો ત્યારે શ્રી વલ્લભે એક જ સૂચક વાક્ય કહી વિરોધીઓને શરમિંદા કરી નાખ્યા.

यः पुमान् पितरं द्वेष्टि तं विद्यादन्यरेतसम् ।
यः पुमान् श्रीहरिं द्वेष्टि तं विद्यादन्यरेतसम् ॥

(જે પુરુષ પિતાનો દ્વેષ કરે તેને બીજાના પેટનો જાણવો, જે પુરુષ ભગવાનનો દ્વેષ કરે તેને હલકી આસુર યોનિનો માનવો.)

આટલું કહીને વલ્લભ તો પોતાના ઉતારે ચાલ્યા ગયા અને બીજે જ દિવસે ત્યાંથી બીજા તીર્થસ્થળોએ જવા નીકળી ગયા. આ બાલ - સરસ્વતીને યશ કે વિજય કે પ્રતિષ્ઠા શું છે એનો ખ્યાલ નહોતો કે માનપાનનો યે મોહ નહોતો.

આ પ્રસંગનો નિર્દેશ એમણે એમના પ્રથમ ગ્રન્થ "તત્ત્વાર્થદીપનિબંધ" માં કર્યો અને એ શ્લોકનો પણ સમાવેશ કર્યો છે. પણ સાક્ષાત જગન્નાથજીએ एकं शास्त्रं અને यः पुमान् બન્ને શ્લોક લખી આપી વૈષ્ણવ પક્ષને વિજય અપાવ્યો હતો એવી આખ્યાયિકા હોવાનું શ્રી પુરુષોત્તમજી કહે છે, અને જૂના સમયમાં ગ્રંથસ્થ થયાનો પુરાવો પણ મળ્યો છે. જગન્નાથજીના શ્રી વલ્લભના તીર્થગોરે આ પ્રસંગ નોંધ્યો છે અને કુળગોર તરીકે એનો સ્વીકાર કરી શ્રી વલ્લભાચાર્યના મોટા પુત્ર શ્રી ગોપીનાથજીએ સહી કરી આપી હતી.

આ યાત્રામાં તીર્થ કરતાં વલ્લભ કુંભસ્નાને ઉજ્જૈન પહોંચ્યા. ત્યાં એમણે તીર્થ ગોરને કન્નડ લિપિમાં એક લેખ લખ્યો છે. એ દ્વારા એક મહત્ત્વની હકીકત સચવાઈ છે કે વલ્લભ પિતૃપરંપરાએ વિષ્ણુસ્વામીની મર્યાદાને અનુસરતા હતા.[૭]

ઉજ્જૈનમાં એમને એક જુવાનનો ભેટો થયો. એ જુવાન હતો **દામોદરદાસ હરસાની.** આ ક્ષત્રિય જુવાન બાલસરસ્વતીની પાછળ શ્રદ્ધા પૂર્વક ચાલી નીકળ્યો અને કૃષ્ણદાસ મેઘનની જેમ એ પણ શ્રી વલ્લભનો આજીવન સેવક બની રહ્યો.

વિજયનગર પાછા ફર્યા એ પછી તો એક પ્રતિભાશાળી દાર્શનિક વિદ્વાન તરીકે એમની કીર્તિ ચારેબાજું પ્રસરી ગઈ હતી. તેઓ હંમેશા વિદ્વાનો સાથે ચર્ચા વિચારણા કરતા અને દરેકના દૃષ્ટિબિંદુને સમજવાનો પ્રયત્ન કરતા. આથી એમની દૃષ્ટિ અને ચિંતન વ્યાપક બનતા ગયા અને એમનો ધર્મ પ્રત્યેનો અભિગમ સમન્વયાત્મક બનતો ગયો. હવે તેઓ પોતાના ચિંતન અને વિચારોમાં સ્પષ્ટ બનતા ગયા અને ધર્મ અને વેદાંત - દર્શન વિષેના વિચારો વ્યવસ્થિત રૂપ લેવા માંડ્યા. આથી હવે એમણે ગ્રંથ - લેખનની પ્રવૃત્તિ શરૂ કરી. એમનો પ્રથમ ગ્રન્થ 'તત્ત્વાર્થદીપનિબંધ' આ અરસામાં જ રચાયો. એમની ભાષા સરળ અને સુબોધ હતી અને બિનજરૂરી વિસ્તાર ન કરતા એમની ભાષા સૂત્રાત્મક બની રહી. અત્યાર સુધી આચાર્યોએ પોતાના મતના પ્રતિપાદન માટે અને પ્રમાણ તરીકે પ્રસ્થાન ત્રયીનો આસરો લીધો હતો, જેમાં ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર અને ભગવદ્ગીતાનો સમાવેશ થાય છે. પરંતુ વલ્લભને એનાથી સંતોષ ન હતો. તેઓ માનતા કે મહાન ગ્રંથો સાથે પૌરાણિક ચિંતનને પણ મહત્ત્વપૂર્ણ સ્થાન આપવું જોઈએ અને તે સમયે શ્રીમદ્ ભાગવતપુરાણનું વૈષ્ણવોમાં સન્માનનીય સ્થાન હતું અને કેટલાકે એના પર ટીકાઓ પણ લખી હતી. શ્રી વલ્લભે શ્રીમદ્ ભાગવતને પણ ચોથા પ્રમાણ તરીકે સ્થાન આપ્યું. એમાં માત્ર વ્યાસની સમાધિ ભાષાને જ પ્રમાણભૂત ગણી છે. વળી એમણે શંકાઓના નિવારણ માટે પણ ભાગવતને જ સર્વોપરિ અને અન્તિમ નિર્ણાયક ગ્રન્થ માન્યો છે.[૮]

(૧) **वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव ही ।**
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥
તત્વાર્થદીપનિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ -

उत्तरं पूर्व सन्देहवारकं परकीर्तितम् ।
તત્ત્વાર્થદીપનિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ -

● ભારત પરિક્રમા :

હવે વલ્લભની ઈચ્છા હતી કે દેશાટન કરી અને તીર્થસ્થાનોમાં જઈ ભાગવત માર્ગના તત્ત્વો સમજાવી સામાન્ય લોકોમાં ભક્તિમાર્ગનો પ્રચાર કરવાનો હતો. શ્રી કૃષ્ણદાસ મેઘન અને દામોદરદાસ હરસાણી એ બે સેવકો સાથે એમણે માતાની આજ્ઞા લઈ યાત્રાનો આરંભ કર્યો. નૈષ્ઠિક બ્રહ્મચારી રૂપે પરિગ્રહમાં માત્ર શ્રીમદ્ ભાગવત, ભગવદ્દ્ગીતા અને લક્ષ્મણભટ્ટજીની વંશ પરંપરાનું શાલિગ્રામનું સ્વરૂપ તેમજ થોડો જરૂરી સામાન સાથે લઈ બે સેવકો સાથે તેઓ વિજયનગરથી નીકળી પડ્યા. તેઓએ ૧૫૪૮માં પ્રયાણ કર્યું.

પ્રથમ તેઓ પંઢરપુર આવ્યા. શ્રી વલ્લભે અહીં સૌપ્રથમ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું અને ત્યાર બાદ જુદા જુદા સ્થાનોમાં તીર્થાટન કર્યું. તેમને ક્યારેક તો મરુસ્થલ, પર્વતીય પ્રદેશ અને ગાઢ જંગલોમાં ઘણી મુશ્કેલીઓ પણ વેઠવી પડી. પણ જ્યાં પણ જતાં શ્રીમદ્ ભાગવતની અમૃતધારા વહાવીને જન માનસને જાગૃત કરતા હતા. માર્ગમાં એમને ઘણા પંડિતો અને વિદ્વાનો સાથે વાદવિવાદ પણ થતો અને દરેક વખતે એ પોતાના વિચારોને સ્પષ્ટ રીતે સામી વ્યક્તિને સમજાવવાનો પ્રયત્ન કરતા. મહાન ચિંતકો અને વિદ્વાનોને મળવા ઉપરાંત યાત્રા દરમિયાન એમણે હિંદુ સમાજનું ઝીણવટભર્યું નિરિક્ષણ કર્યું. એમણે જોયુ કે છેલ્લા ચાર સૈકાઓના મુસ્લિમ શાસન દરમિયાન હિંદુ સમાજ ઝડપથી છિન્નભિન્ન થઈ રહ્યો છે અને એની ભવ્ય સંસ્કૃતિ અને પરંપરાઓ વિનાશને માર્ગે હતી. 'દેશ અને કાળ'ની આવી અધોગતિએ તેઓ વ્યથિત થયા. તેઓ એમાં નવા જીવન અને નવી આશાનો સંચાર કરવા માગતા હતા. તેઓ સમાજની પ્રગતિમાં નડતરરૂપ વહેમ, અંધશ્રદ્ધા, અજ્ઞાન વગેરે દૂર કરવા કટિબદ્ધ થયા.

પોતાના ભારતના આ પ્રવાસ દરમિયાન જ એમણે બીજા બે સમર્થ ગ્રંથોની રચનાનો આરંભ કર્યો જણાય છે. (૧) જૈમિનના પૂર્વમીમાંસા - સૂત્રો ઉપરનું ભાષ્ય અને (૨) બાદરાયણના ઉત્તરમીમાંસા સૂત્રો - બ્રહ્મસૂત્રો ઉપરનું અણુભાષ્ય. ભાગવત માર્ગમાં પૂર્વમીમાંસા ઉપરનું કોઈ ભાષ્ય જાણીતું નહોતુ, એ પૂર્વમીમાંસા ઉપર ભાષ્ય લખવાનું મુખ્ય કારણ જણાય છે. તત્વાર્થદિપનિબંધના બીજા સર્વનિર્ણય પ્રકરણમાં પૂર્વમીમાંસાના મૂળતત્ત્વ દર્શાવી

ભાગવતમાર્ગમાં એની ઉપયોગિતા જણાવવાનો એમનો અલ્પ પ્રયત્ન હતો. શુદ્ધાદ્વૈત - વેદાંતની પણ લગભગ એવી જ સ્થિતિ હતી. વેદાંત - દર્શન વિશેના ચિંતનમાં અને વિચારોમાં શ્રી વલ્લભ સ્પષ્ટ હતા. તત્ત્વાર્થાદીપનિબંધના પહેલા શાસ્ત્રાર્થ પ્રકરણમાં એમણે સ્પષ્ટ રીતે આ સિદ્ધાંતના મૂળ તત્ત્વો એમણે આપ્યા છે. એનો વિસ્તાર કરવા માટે 'બ્રહ્મસૂત્ર' પર 'અણુભાષ્ય' દ્વારા એનો આરંભ કર્યો. ૧૫૫૪ માં આ પ્રવાસ પૂરો કરી તેઓ વિજયનગર પાછા આવ્યા. ત્યાં સુધીમાં (લગભગ છ વર્ષના ગાળામાં) એમનું લેખન કાર્ય સારું એવું પુરુ કર્યું. (૧) શ્રીમદ ભાગવત ઉપર સૂક્ષ્મ ટીકા (૨) પૂર્વ મીમાંસા ભાષ્ય અને (૩) અણુભાષ્યના લેખનની શરૂઆત.

બરાબર એક વર્ષનો સમય ગાળો માતા સાથે વિજયનગરમાં ગાળી ફરીથી માતાની આજ્ઞા લઈને પોતાના બન્ને પ્રિય શિષ્યોને સાથે લઈ ફરી પંઢરપુર આવી અને ત્યાંથી ગુજરાત - સૌરાષ્ટ્રના પવિત્ર તીર્થસ્થાનોમાં શ્રીમદ્‌ભાગવત - પારાયણ કરતા કરતા માળવામાં થઈ બુંદેલખંડમાં ઓડછાં નજીકના પ્રદેશમાં આવ્યા. આ સમયે ઓડછા એટલું પ્રસિદ્ધ નહોતું. એ વખતે ત્યાં મલખાનસિંહ નામનો રાજપૂત રાજા રાજ્ય કરતો હતો. એના દરબારમાં શ્રી શંકરાચાર્યના અનુયાયીઓ અને વૈષ્ણવો વચ્ચે વાદવિવાદ ચાલતો હતો. ઘટસરસ્વતી નામના એક સમર્થ વિદ્વાન શ્રી શંકરના કેવલાદ્વૈતનું પ્રબળ સમર્થન કરી રહ્યા હતા. તેની સામે વૈષ્ણવ પંડિતો ટકી શક્યા નહી. શ્રી વલ્લભના જાણવામાં આ વાત આવતા તેઓ જાતે જ રાજાના દરબારમાં આવ્યા. શ્રી વલ્લભ હવે વયમાં પુખ્ત - વર્ષના થયા હતા. શાસ્ત્રોનું જ્ઞાન તો હતું જ. આ વિવાદ દ્વારા પોતાનું મંતવ્ય વિદ્વાનો સમક્ષ રજૂ કરવાનો પ્રસંગ મળતા એમણે ઘટસરસ્વતી સાથે વિવાદમાં ઝંપલાવ્યું. એમણે પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસાનો સમન્વય કરી એમાંથી સ્પષ્ટ થતાં ભાગવત સિદ્ધાંતની પ્રામાણિકતા સિદ્ધ કરી ઘટસરસ્વતીને નિરુત્તર કર્યા. રાજાએ વૈષ્ણવ વિદ્વાનોની સંમતિથી શ્રી વલ્લભનો **કનકાભિષેક** સત્કાર કર્યો.

ઘટસરસ્વતી સાથેનો પ્રસંગ ઈતિહાસમાં નોંધાયેલો છે. એ રીતે જોતાં શ્રી વલ્લભે પોતાને અભિપ્રેત વેદાંત મત ચોક્કસ સ્વરૂપમાં સ્થાપી આપ્યો હતો. શ્રીવિષ્ણુ સ્વામીની અસરમાંથી મુક્ત થઈ તેમણે સ્વતંત્ર રીતે પોતાના વાદનું પ્રતિપાદન કરીને એને 'બ્રહ્મવાદ'ના સરળ નામે સ્વીકારી સ્વમત સ્થાપિત કર્યો.

ત્યાંથી પ્રવાસ આગળ વધારી શ્રી વલ્લભ પ્રયાગમાં થઈ, ત્રિવેણી - સ્નાન કરી કાશી આવ્યા. કાશીમાં આ સમયે શેઠ પુરુષોત્તમદાસ નામે એક ક્ષત્રિય રહેતા હતાં. ચૌડાના શ્રી લક્ષ્મણ ભટ્ટના પૂર્વપરિચિત કૃષ્ણદાસ ચોપડાના એ પુત્ર થતા હતા અને સારી મૂડી જમાવી કાશીના એક પ્રતિષ્ઠિત નાગરિક બની ચૂક્યા હતા. આ પૂર્વપરિચિત યુવાન વિદ્વાન બ્રહ્મચારીને જોઈ શેઠે શ્રી વલ્લભ પાસે આવી શિષ્ય થવાની વિનંતી કરી. શેઠની દીનતા અને ભગવાન તરફની રુચિ જોઈ વલ્લભે શેઠને દીક્ષા આપી અને શેઠની વિનંતીથી એમના ઘરે જ ચાતુર્માસ ગાળવાનું સ્વીકાર્યું. એ વખતે ચાતુર્માસ દરમિયાન ભાગવત પારાયણ કરતા બરાબર જન્માષ્ટમીને દિવસે જ શ્રીકૃષ્ણ જન્મનો પ્રસંગ આવેલો અને પ્રથમ વાર જ નવમીને દિવસે ભાગવત કથા ઉપરાંત ઉત્સવ તરીકે **સર્વ પ્રથમ નંદમહોત્સવ** શેઠને ત્યાં ઉજવાયો. પુરુષોત્તમદાસ શેઠની વૈષ્ણવતા જોઈ શ્રી વલ્લભે બીજા શરણાર્થી જીવોને ભાગવતી દીક્ષા આપવાની આજ્ઞા પણ આપી હતી. કૃષ્ણસેવામાં તત્પરતા, દંભરહિતતા, શ્રીમદ્ભાગવતના તત્ત્વનું સબળ જ્ઞાન એ ત્રણે ગુણ એમણે શેઠમાં જોયા હતા. શ્રી વલ્લભ માનતા હતા કે એવા પ્રકારના ગુણ ધરાવનાર હર કોઈ વૈષ્ણવ ગુરુ થઈ શકે. વલ્લભનો ચાતુર્માસ ભાગવત કથા ઉપરાંત ધર્મમૂલક ચર્ચાઓ અને શાસ્ત્રાર્થોથી વ્યસ્ત રહ્યો. વેદનું અધ્યયન, ધર્મમૂલક સ્વરૂપ અને વેદાંતમત, આ ત્રણ વિષયોમાં લખાયેલા 'પત્રાવલંબન' નામના ગ્રંથ ઉપરથી જાણી શકાય છે. પત્રાવલંબનમાં બ્રહ્મવાદ - શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો સિદ્ધાંત આપવાનો પ્રયત્ન શ્રી વલ્લભે કર્યો હશે પરંતુ ગ્રંથનો મહત્ત્વનો ભાગ વચ્ચેથી તૂટી ગયો છે, માત્ર અંત ભાગની છેલ્લી ૫ કારિકાઓ બચી છે. એના ઉપરથી આછો ખ્યાલ આવે છે. આ કારિકાઓમાં એક ઐતિહાસિક વિગત અત્યંત સ્પષ્ટ છે કે કોઈ શંકર પંડિત સાથે કાશીમાં જ શાસ્ત્રાર્થ થયો હોવો જોઈએ અને ત્યાંજ શ્રી કાશી વિશ્વેશ્વરના મંદિરના દરવાજે કે પ્રાંગણમાં 'પત્રાવલંબન'ના મુદ્દા શ્રી વલ્લભે રજૂ કર્યા છે. મહાદેવજી તરફનો પોતાનો સદ્ભાવ પણ આમાં સ્પષ્ટ થાય છે. પોતે કાશી વિશ્વેશ્વરની સમક્ષ પોતાનો વૈદિક સિદ્ધાંત સ્થાપિત કર્યો છે અને એનાથી મહાદેવજીના સંતોષનો પણ જાણે કે શ્રી વલ્લભ અનુભવ કરે છે.

કાશીમાં સાત મહિના જેટલો સમય વિતાવ્યા પછી પાછા તેઓ શ્રી જગન્નાથજીના દર્શન નિમિત્તે નીકળી પડ્યા. વચ્ચેના મહત્ત્વના તીર્થ કરતા કરતા તેઓ જગન્નાથપૂરીમાં પહોંચ્યા ત્યારે એ દિવસ એકાદશીનો હતો. મંદિરમાં કોઈ પંડાએ (પંડ્યા) વલ્લભના હાથમાં શ્રી જગન્નાથજીનો ભાતનો પ્રસાદ

પધરાવ્યો. શ્રી વલ્લભે પ્રસાદનો આદરપૂર્વક સ્વીકાર કર્યો પણ એકાદશીના વ્રતને લીધે મુખમાં મૂકી શકાય એમ નહોતું. મહાપ્રસાદનું મહાત્મ્ય સમજનારા આ વિદ્વાન અને ભાવિક વલ્લભે આખો દિવસ અને રાત ત્યાં ભગવત્ ભજનમાં ગાળી નાખ્યાને સવાર પડતા સ્નાન કે સંધ્યાના કોઈ પણ બાધ વિના જ પ્રેમપૂર્વક પ્રસાદ આરોગ્યો અને એકાદશીના વ્રતનું પાલન કર્યું અને શ્રી જગન્નાથજીના પ્રસાદનો પણ પૂરો આદર કર્યો.

● શ્રી વલ્લભનો ગૃહસ્થાશ્રમ પ્રવેશ :

શ્રી વલ્લભ જગન્નાથપુરીથી પાછા કાશી આવ્યા ત્યારે માતાજીને પણ વિજયનગરથી તેડાવી લીધા. માતાજીને શ્રી જગન્નાથજીના દર્શનનો લાભ આપી તેઓ કાશી આવ્યા. અત્યાર સુધીમાં વલ્લભનું વય પણ ૨૮-૩૦ ની આસપાસનું હતું. હવે માતાજીનો સતત આગ્રહ હતો કે શ્રી વલ્લભ વિવાહ કરી લે. પંઢરપુરમાં પણ જ્યારે શ્રી વલ્લભ બીજીવાર ગયા ત્યારે શ્રી વિઠ્ઠોબા તરફથી એમને ભગવત્ પ્રેરણા મળી ચૂકી હતી. એટલે કાશી પહોંચી એમણે સ્વજાતીય આગ્નેય ગોત્રીય દેવન ભટ્ટ નામના બ્રાહ્મણ પોતાની પુત્રી **મહાલક્ષ્મી** સાથે શ્રી વલ્લભનો વિવાહ કરવાનો પ્રસ્તાવ લઈને આવ્યા. ભાગવત્ પ્રેરણા માનીને તથા માતાજીની આજ્ઞા માની શ્રી વલ્લભે લગ્ન માટે સંમતિ આપી અને શિષ્યોની અને માતાની મનોકામના પૂરી થતા શ્રી વલ્લભના લગ્ન આનંદભેર સંપન્ન થયા.

● શ્રી વલ્લભની ત્રીજી યાત્રા :

તે સમયના રિવાજ પ્રમાણે મહાલક્ષ્મી - પત્ની પિયર સિધાવ્યા પછી ફરી બીજી વખત શ્વસુરગૃહે વળાવવા માટે લાંબો સમય રહેતો હતો. એટલે શ્રી વલ્લભ ફરી વિજયનગર તરફ જવા માટે નીકળી પડ્યા. હવે તો એમણે ભાગવત ધર્મની પ્રતિષ્ઠા કરી દીધી હતી એટલે માર્ગમાં ભાગવત પારાયણ કરતા અને વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરતા તેઓ ફરી વિજયનગર પહોંચી ગયા. હવે તો દક્ષિણમાં પણ એમની નામના પ્રસરી ચૂકી હતી.

(૪) બ્રહ્મવાદની વિજય પતાકા :

શાસ્ત્રાર્થથી એ વાત તો સિદ્ધ થઈ ગઈ કે શ્રી વલ્લભ મહાન વિદ્વાન છે, એમનું અધ્યયન ગહન છે અને એમની દૃષ્ટિ પણ વ્યાપક છે. એમનો નિર્ણય શુદ્ધ અદ્વૈતવાદ અને ઈચ્છાદ્વૈત એ બન્નેનો સમન્વય દર્શાવે છે. વિભિન્ન મતો

4

અને પ્રમાણ ચતુષ્ટયીના આધારે એમણે સુન્દર રીતે પોતાના મતની - બ્રહ્મવાદની સ્થાપના કરી. આ શાસ્ત્રાર્થ પછી તેઓ 'વાચસ્પતિ' અને 'દિગ્વિજયી'ની પદવીને પામ્યા. કનકાભિષેક નિમિત્તે મળેલું દ્રવ્ય તો એમણે પ્રતિવાદીઓને વહેંચી આપ્યું પણ 'તુલાદાન'માં રાજાએ ૧૬૦૦૦ સોનામહોર શ્રી વલ્લભને અર્પણ કરી', જેમાંથી ૮૦૦૦ મહોરોના આભૂષણ બનાવી વિજયનગરમાં આવેલા વિઠ્ઠલનાથજીના મંદિરમાં અર્પણ કર્યા. જ્યારે બાકીનામાંથી અડધી મહોર પિતાજીની પાછળ જે કાંઈ પણ ઋણ થયેલું તે ચૂકવી આપ્યું. બાકી રહેલી ૪૦૦૦ સોનામહોર ભવિષ્યમાં ગૃહસ્થાશ્રમ ધર્મમાં કામ લાગશે એમ માની રાજાને ત્યાં જમા કરાવી. આ ઉપરથી પહેલેથી જ શ્રી વલ્લભ કેટલા વીતરાગી હતા એ ખબર પડે છે.

શ્રી વલ્લભ અત્યાર સુધી એક વિદ્વાન બ્રહ્મચારી યાત્રિક તરીકે હિંદના તીર્થોની યાત્રા કરતા હતા. એને બદલે હવે **સ્વતંત્ર આચાર્ય** તરીકે એમણે ભ્રમણ શરૂ કર્યું. સાથે માતાજી અને પોતાના બન્ને પ્રિય શિષ્યો તો હતા જ. વિજયનગરથી નીકળી રામેશ્વર સુધીના દર્શન કરી આચાર્ય પંઢરપુર આવ્યા ત્યાંથી નાશિક વગેરે તીર્થોની મુલાકાત લઈ ગુજરાત અને સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ તીર્થોમાં શ્રીમદ્ ભાગવત પારાયણ કરતા અને અનેક શરણાર્થીઓને ભાગવતી દીક્ષા આપી. પછી ઝારખંડ તરફ આવ્યા. ત્યાં અંતઃસ્ફૂરણ થવાથી તેઓ વ્રજભૂમિ તરફ આવવા નીકળ્યા. શ્રી ગોવર્ધન ધારણના દર્શન કરવાની એમને ખૂબ જ તાલાવેલી હતી. એમને શ્રી ગોવર્ધનની સેવા પ્રણાલી સ્થાપવાની ભાગવદ્ પ્રેરણા થઈ. વ્રજમાં સર્વદમન (ગોવર્ધનધારણનું) નું પ્રાકટ્ય તો થઈ ચૂક્યું હતું. અને અન્યોર ગામના સદુપાંડે અને તેમની દિકરી નરો વગેરે દૂધની સેવા ધરાવતા જ હતા. અને શ્રી વલ્લભના વિદ્યાગુરુ માધવેન્દ્ર યતિ ગોવર્ધનનાથજીની સેવા કરતા હતા. તે સ્થળ જતીપુરા નામના ગામથી ઓળખાયું.

(૫) આત્મનિવેદન - બ્રહ્મસંબંધ દીક્ષા અને પુષ્ટિ સંપ્રદાયની શરૂઆત :

આચાર્ય શ્રી જ્યારે ગોવર્ધનનાથજી (દેવદમન)ના દર્શન માટે વ્રજમાં આવ્યા એ પ્રવાસ પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં ખૂબ જ મહત્ત્વનો અને ગૌરવપૂર્ણ અધ્યાય છે. વ્રજમાં શ્રી વલ્લભ ગોકુલમાં ગોવિંદઘાટ ઉપર આવ્યા. એ દિવસ વિ. સ. ૧૫૬૩ (ઈ.સ. ૧૫૦૬) ના શ્રાવણ સુદ ૧૧ ને ગુરુવાર હતો. આખા દિવસનો ઉપવાસ હતો અને પ્રભુના દર્શનની તીવ્ર ઝંખના હતી. શ્રી વલ્લભ ક્યારેય ચમત્કારમાં માનતા નહોતા પણ તે દિવસે જાણે એમણે

ભગવાનની આજ્ઞાનો સાક્ષાત્કાર અનુભવ્યો. પ્રભુને સર્વાત્મભાવપૂર્વક આત્મનિવેદન કરી પ્રભુને પવિત્રા પધરાવી આત્મનિવેદન દીક્ષાનો અનુભવ કર્યો. આ અનુભવનું એમણે પોતે જ પોતાના 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથમાં વર્ણન કર્યું છે.

> **"साक्षाद भगवता प्रोक्तं तदक्षरशः उच्यते ॥[१]**
> **ब्रह्मसंबन्धकरणात् सर्वेषां देहजीवयोः ।**
> **सर्वदोषनिवृत्तिः ..... ॥[२]"**

"શ્રાવણ માસની શુક્લપક્ષની અગિયારસની મધ્યરાત્રીએ ભગવાને સાક્ષાત્ જે કાંઈ કહ્યું તે અક્ષરશઃ અહીં બતાવવામાં આવે છે કે પરબ્રહ્મની સાથે સંબંધ બાંધવાથી બધાં પ્રાણીઓના દેહના અને જીવના બધા બધા દોષોનું નિવારણ થઈ જાય છે....."

બારસની સવારે સૌથી પહેલું પ્રભુના ચરણમાં પોતાના વહાલા સખા દામોદરદાસ હરસાનીને આત્મનિવેદન કરાવ્યું. આ દીક્ષા પુષ્ટિ સંપ્રદાયમાં 'બ્રહ્મસંબંધ' તરીકે જાણીતી છે. આચાર્યશ્રીના હૃદયમાં હવે શુદ્ધાદ્વૈત - બ્રહ્મવાદનો વેદાંત - સિદ્ધાંત ગૌણ બની ગયો અને નિર્ગુણ ભક્તિમાર્ગનો આવિષ્કાર મુખ્ય બન્યો, જે **પુષ્ટિ-માર્ગ** તરીકે ઓળખાયો.

પુષ્ટિમાર્ગમાં બે દીક્ષા હોય છે. પ્રારંભિક દીક્ષા નામનિવેદન અથવા શરણ દીક્ષા કહેવાય છે. જેમાં 'શ્રી કૃષ્ણશરણમ્ મમ:' એ નામ નિવેદન આચાર્ય દ્વારા કરવામાં આવે. બીજી દીક્ષા ઉચ્ચ કક્ષાની 'બ્રહ્મસંબંધ'ની દીક્ષા કહેવાય છે. આ મંત્રમાં ભગવાન શ્રીકૃષ્ણને સર્વસ્વ સમર્પિત કરવાની અને એના દાસ હોવાની ભાવના હોય છે. નવધા ભક્તિમાં આત્મનિવેદન હતું જ પણ શ્રી વલ્લભે આત્મનિવેદને જ મહત્ત્વ આપ્યું અને એમાં સર્વોપરી મહત્તા ભગવાનની કૃપા જ ગણવામાં આવે છે.

વ્રજવાસી ભક્તોની સાથે વલ્લભ શ્રી ગોવર્ધનધરના દર્શન માટે ગિરિરાજ પર ગયા. પુષ્ટિમાર્ગમાં તો વિશ્વાસ છે કે શ્રી ગોવર્ધન પ્રભુ પણ સામે ચાલીને શ્રી વલ્લભને ભેટ્યા. ગોપાલદાસજીએ એમના ભજનમાં ગાયું છે કે, "હરખે તે સામા આવિયાં શ્રી ગોવર્ધન ઉદ્ધરણ." શ્રી વલ્લભે દેવદમનના બદલે 'શ્રીનાથજી' નામ પ્રચલિત કર્યું અને શ્રીનાથજીની સેવાનું કાર્ય રામદાસ ચૌહાણને સોપ્યું. સદુપાંડે વગેરે ભક્તો તો સેવામાં હતા જ. શ્રી વલ્લભના એક અંતરંગ સખા કુંભનદાસને કીર્તનની સેવા સોંપવામાં આવી. આમ શ્રી વલ્લભે

શ્રીનાથજીની સેવા પ્રણાલીને વ્યવસ્થિત રૂપ આપ્યું. એક નાનકડી જગામાં જ સેવા શરૂ કરી. આચાર્યશ્રી ભાવમય સેવાને જ સર્વોપરિ માનતા હતા. બાદમાં આચાર્યએ પોતે શ્રીનાથજીને ગાય ભેટ આપી અને આમ શ્રીનાથજી માટે ગૌશાળાની વ્યવસ્થા થઈ. પાછળથી પૂરણમલ નામના એક ભાવિક ભક્ત અધિક ધન કમાવા બહાર ગયા અને પાછા આવ્યા પછી શ્રીનાથજીની ભવ્ય હવેલીનું નિર્માણ થયું.

આચાર્યશ્રીએ શ્રી ગોવર્ધનધરણ શ્રીનાથજીની સેવાનો પ્રકાર વગેરે નક્કી કરી પછી વ્રજના વનોની (વ્રજપરિક્રમા) પરિક્રમા કરવાનો વિચાર કર્યો. એ માટે સૌ પ્રથમ મથુરામાં શ્રીયમુનાજીના વિશ્રામઘાટ પર આવ્યા. મથુરામાં એ સમયે પોતાના કુટુંબનો તીર્થગોર ઉજાગર ચૌબે હતા. આચાર્યશ્રીની પ્રથમથી જ એવી રીત હતી કે જ્યાં જ્યાં તીર્થગોર હોય ત્યાં એને માન આપવું. એમણે પોતાના તીર્થગોરને વ્રજની પરિક્રમા કરવાની પોતાની ઈચ્છા જણાવી. પણ ચૌબેજીએ કહ્યું કે આ પ્રદેશમાં હિંદુઓ છૂટથી ફરી શકે તેમ નથી. એ સમયે આ પ્રદેશ દિલ્હી મુસલમાની સત્તાની નીચે હતો અને સ્થાનિક મુસ્લીમ હાકેમો તરફથી પ્રજાની કનડગત થતી. આ વિંઘ્ન ટાળવા એમણે પોતાના બે શિષ્યો વાસુદેવદાસ છકડા અને કૃષ્ણદાસને દિલ્હી મોકલ્યા. એ વખતે દિલ્હીમાં સિકંદર લોદી હતો. હિંદુઓના બે પ્રતિનિધિઓ આવેલા જાણી એણે ફરિયાદ સાંભળી અને દિલ્હીની સલ્તનતમાં હરકોઈ પ્રજા પોતાની પવિત્ર યાત્રાઓ વિના રોક-ટોક કરી શકે એવો હુકમ આપ્યો અને મથુરાના હાકેમને પણ આ જાતનો હુકમ કર્યો. આમ આચાર્યશ્રીએ હિન્દુઓને યાત્રા દરમિયાન પડતી તકલીફનું નિવારણ કર્યું. આ દરમિયાન એમણે વિશ્રામઘાટ પર શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. ઘણુ કરીને આ દરમિયાન જ આ સ્થળે સમર્થ કવિ અને ભગવદ્‌ભક્ત શ્રી સુરદાસજી એમને શરણે આવ્યા અને 'સૂરસાગર'ની રચનાનો આરંભ કર્યો. તેઓ આચાર્યશ્રીના અંતરંગ સખા બની રહ્યા. વ્રજની પરિક્રમા કરી તેઓ ભાઈબીજને દિવસે મથુરા પરત આવ્યા અને યમુનાજીમાં સ્નાન કર્યું. ત્યારથી યમુનાજીનું માહાત્મ્ય વૈષ્ણવ સંપ્રદાયમાં આજે પણ એટલું જ છે અને યમુનાજીની મહત્તા એમણે રચેલા 'યમુનાષ્ટક' જેવા રમણીય સ્તોત્રમાં દેખાય છે. આમ વ્રજ પરિક્રમા કરી ફરી ઝારખંડમાં આવી પહોંચ્યા અને ત્યાંથી ત્રીજી વાર તેઓ શ્રી જગન્નાથજીના દર્શને પહોંચ્યા અને ત્યાં શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરી ભાગવત ધર્મનો પ્રચાર કર્યો અને ત્યાંથી પાછા કાશી પધાર્યા.

(૬) ગૃહસ્થાશ્રમ :

લગ્ન - વિવાહ પછી તરત જ તેઓ વિજયનગર, ઝારખંડ, વ્રજ વગેરેની લાંબી યાત્રાએ નીકળ્યા હતા અને એમાં ઘણા વર્ષો નીકળી ગયા હતા (લગભગ ચાર - પાંચ વર્ષ) તેથી શ્વસુર પક્ષમાં આનંદ થઈ રહ્યો. કાશીમાં પુરુષોત્તમદાસ શેઠના વિશાળ મકાનના એક ભાગમાં શ્રી વલ્લભે સ્વતંત્ર પણે પોતાનો ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો. ગૃહસ્થ થયા એટલે અગ્નિહોત્ર ચાલું કર્યું. કાશીવાસ દરમિયાન જ માતાજી હરિશરણ થયા હતા. આમ કાશીમાં બે ત્રણ વર્ષ નીકળી ગયા અને ત્યાં એમણે ગ્રંથલેખનની પ્રવૃત્તિ પાછી ચાલુ કરી. એમને ભાગવત પર ખૂબ જ પ્રેમ હતો એટલે 'સુબોધિની'ની શરૂઆત કરી પણ આગળ આપણે જોયું તેમ કાશીના પંડિતો એમની ખૂબ જ ઈર્ષા કરતા હતા. વાદ- વિવાદના નામે એમના ગ્રંથ લેખનમાં ખૂબ જ અવરોધ થતો. થોડા વર્ષો પહેલા એમણે 'પત્રાવલંબન' માં પોતાના વાદને સ્પષ્ટ સમજાવ્યો હતો છતાં દ્વેષભાવવાળા પંડિતો વિરોધ કરતા રહ્યા અને એમને નીચા દેખાડવા પ્રસિદ્ધ સંન્યાસી ઉપેન્દ્રાચાર્યના આશ્રમમાં શાસ્ત્રાર્થ ગોઠવ્યો. શ્રી વલ્લભે શાંતચિત્તે બધાં પ્રશ્નોના શાસ્ત્ર સમર્થિત યોગ્ય ઉત્તર આપી બધાંને શાંત કર્યા. પણ આ પ્રસંગ પછી એમણે જોયું કે કાશીમાં રહેવાથી શાસ્ત્રલેખનનું કાર્ય સારી રીતે થઈ શકે નહીં. 'સુબોધિની' લખવા માટે પૂરતો સમય, શ્રમ, એકાગ્રતા અને આવશ્યક એકાંતની જરૂર છે એટલે એમણે કાશી નજીક આવેલા 'ચારણાટ'માં નિવાસ કર્યો પણ ચારણાટ કાશીની નજીક હોવાથી ફરીથી કાશીના પંડિતોનો ઉપદ્રવ શરૂ થયો એટલે છેવટે એમણે પ્રયાગ પાસે ગંગા નદીને કિનારે આવેલા એક નાના ગામ અડેલમાં નિવાસ કર્યો. અહીં પણ એમનું અગ્નિહોત્ર ચાલુ જ હતું. અહીં સુબોધિનીનું લેખન સારી રીતે અને નિર્વિઘ્ને ચાલવા લાગ્યું. શ્રીમદ્ ભાગવતને એમણે ક્યારેય આજીવિકાનું સાધન માન્યું નથી. અને પોતાના શિષ્યોને પણ એમણે એ જ ઉપદેશ આપ્યો હતો કે પ્રાણ જાય તો પણ શ્રીમદ્ ભાગવતને આજીવિકાનું સાધન નહીં બનાવવું જોઈએ.

● યુગના વિદ્વાન અને મહાપુરુષોનો સંપર્ક :

શ્રી વલ્લભને એમના સમકાલિન ધાર્મિક, દાર્શનિક મહાપુરુષો સાથે નિકટનો સંપર્ક હતો. માધ્વસંપ્રદાયના આચાર્ય વ્યાસતીર્થ, કેવલાદ્વૈત - શાંકરમતના વિદ્વાન અને પ્રતિષ્ઠિત આચાર્ય શ્રી મધુસુદન સરસ્વતી, નિમ્બાર્ક સંપ્રદાયના કેશવ ભટ્ટ કાશ્મીરી તથા શ્રી ચૈતન્ય મહાપ્રભુના તેઓ નિકટના

સંપર્કમાં હતા. કેશવ ભટ્ટ કાશ્મીરી એમને મળવા આવ્યા ત્યારે પોતાના પ્રિય શિષ્ય માધવ ભટ્ટ કાશ્મીરીને શ્રી વલ્લભને સોંપી ગયા હતા. શ્રી માધવ ભટ્ટ સારા લહિયા હતા અને શ્રી વલ્લભાચાર્યના ગ્રંથોને એમણે જ લિપિબદ્ધ કર્યા હતા. શ્રી મધુસુદન સરસ્વતીએ અડેલામાં આવીને શ્રી વલ્લભ સાથે રહી સંપૂર્ણ ભાગવતનું પારાયણ સાંભળ્યું હતું. વેદાન્તના કેવલાદ્વૈત મતના પ્રકાણ્ડ પંડિત હોવા છતાં મધુસુદન સરસ્વતી ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત હતા. શ્રી કે. કા. શાસ્ત્રીએ મધુસુદન સરસ્વતીના પ્રસિદ્ધ શ્લોકની પંક્તિ "कृष्णात् परं किमपि तत्त्वमहं न जाने - શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈ તત્ત્વ હોવાનું મારા ધ્યાનમાં નથી."૧૦ આ પંક્તિ આચાર્યશ્રીના "कृष्णात् परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितम्" એમના 'અંતઃકરણ પ્રબોધ' ગ્રંથમાં કહેલા વચન સાથે સરખાવવા જેવી છે. અડેલામાં 'સુબોધિની'નું લેખન કાર્ય ચાલું જ હતું.

● શ્રીગૌરાંગ મહાપ્રભુ સાથે સંયોગ :

તેઓશ્રી વ્રજમાં અવાર-નવાર શ્રીનાથજીના દર્શને જતા. આવા એકાદ યોગમાં એમને પ્રથમવાર શ્રીકૃષ્ણ ચૈતન્ય ગૌરાંગ મહાપ્રભુનો મેળાપ થયો હતો. ફરી વાર આચાર્ય શ્રીવૃંદાવન આવ્યા ત્યારે ચાર માસ રહ્યા હતા. તે સમયે એમણે સુબોધિનીજીના તૈયાર થયેલા બેએક સ્કંધોની વ્યાખ્યા શ્રી ગૌરાંગ મહાપ્રભુને કહી સંભળાવી હતી અને એમના શિષ્યો રૂપ સનાતન તથા જીવ ગોસ્વામી સાથે ભગવદ્ ચર્ચા પણ કરી હતી. ફરી એકવાર શ્રીકૃષ્ણ ચૈતન્ય બંગાળથી વૃંદાવન તરફ જતા હતા ત્યારે અડેલમાં પણ પધાર્યા હતા. આચાર્યશ્રીને આવા તન્મય ભગવદ્‌ભક્તો તરફ કેટલો પ્રેમ અને આદર હતો એનો એક સુંદર નાનકડો પ્રસંગ છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુ અડેલ પધાર્યા ત્યારે બરાબર મધ્યાહન થઈ ગયો હતો. આચાર્યને ત્યાં શ્રી ઠાકોરજીનો રાજભોગ થઈ ચૂક્યો હતો અને સર્વ પ્રસાદ લઈ નિવૃત્ત થઈ ગયા હતા. આચાર્યશ્રીએ પત્નીને નવી સામગ્રી તૈયાર કરવાની આજ્ઞા આપી અને પત્નીએ એમને કહ્યું કે આપ ઠાકોરજીને જગાડી ભોગ ધરો. ત્યારે આચાર્યશ્રીનો જવાબ સૂચક હતો. "શ્રીકૃષ્ણ ચૈતન્યના હૃદયમાં સતત બિરાજતા ભક્તાધીન ભગવાન સાક્ષાત આરોગી લેશે માટે આ સામગ્રી એમની સમક્ષ ધરી દો." આ પછી પણ આચાર્યશ્રી બેએક વાર શ્રી ચૈતન્યને મળ્યા હતા.

● આચાર્યશ્રીના એકમાત્ર ચિત્રનો ઉલ્લેખ :

આચાર્યની ગુરુ તરીકેની ખ્યાતિ હવે ચારે બાજુ પ્રસરી ચૂકી હતી. એમના પ્રયત્નથી જ મથુરા પ્રદેશના લોકોને યાત્રા કરવાની છૂટ મળી હતી.

આચાર્યશ્રીની ખ્યાતિ દિલ્હીના સુલ્તાન સિકંદર લોદી સુધી પહોંચી ગઈ હતી. હોનહાર નામના ચિત્રકારે કદંબના વૃક્ષ નીચે બેસીને યમુના કાંઠે આચાર્યશ્રી માધવ ભટ્ટ કાશ્મીરીને 'સુબોધિની' લખાવી રહ્યા છે, કૃષ્ણદાસ મેઘન હાથ જોડી ઉભા છે અને દામોદરદાસ હરસાણી દંડવત્ પ્રણામ કરી રહ્યા છે એવા પ્રકારનું ચિત્ર તૈયાર કર્યું. આની મૂળ નકલ કિસનગઢમાં સચવાયેલી છે અને તરતની બીજી નકલ કાંકરોલીના તિલકાયતશ્રી પાસે આવી, જે અત્યાર સુધી કાંકરોલીમાં સચવાયેલી છે.

● શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજીનું પ્રાકટ્ય :

અડેલમાં ઈ.સ. ૧૫૧૦ માં અશ્વિન કૃષ્ણ બારસે વલ્લભાચાર્યને ઘેર પ્રથમ પુત્ર શ્રી ગોપીનાથનો જન્મ થયો. ગોપીનાથજી થોડા મોટા થયા એટલે શ્રી વલ્લભ કાશી પાસેના ચારણાટમાં આવીને રહેવા લાગ્યા. જેથી બાળકને શિક્ષાનો સારી રીતે પ્રબંધ થઈ શકે. ચારણાટમાં જ ઈ.સ. ૧૫૧૫ ના પોષ કૃષ્ણ નવમીએ બીજા પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીનો જન્મ થયો.

હવે શ્રી વલ્લભની ખ્યાતિ દૂર - સુદૂર સુધી પહોંચી ગઈ હતી. એમણે ત્રણવાર ભારત પરિભ્રમણ અને ઘણીવાર વ્રજની યાત્રા કરી હતી. એમણે રામેશ્વરથી બદ્રિનાથ - કેદારનાથ - ઉત્તરાખંડ અને દ્વારકાથી જગન્નાથપૂરીની યાત્રા કરી હતી. હવે શ્રી વલ્લભાચાર્યને એમના હજારો શિષ્યો 'મહાપ્રભુ' કહીને પોતાની કૃતજ્ઞતા પ્રકટ કરતા હતા. ગિરિરાજ પર શ્રીનાથજીના વિશાળ ભવ્ય મંદિરનું નિર્માણ થઈ ચૂક્યું હતું. સંવત ૧૫૭૬ (ઈ.સ. ૧૫૧૯)માં મંદિર તૈયાર થઈ ગયું અને અક્ષય તૃતિયાના શુભ દિવસે નવા મંદિરમાં ગોવર્ધનધર શ્રીનાથજીને પધરાવવામાં આવ્યા. મહાપ્રભુજીએ મંદિર અને સેવા પ્રકારની બરાબર વ્યવસ્થા કરી. ચૈતન્ય મહાપ્રભુના બંગાળી બ્રાહ્મણોને સેવામાં નિયુક્ત કર્યા. મંદિરનો કારભાર કૃષ્ણદાસ અધિકારીને સોંપ્યો અને કીર્તનની સેવા શ્રી કુંભનદાસ, સૂરદાસ, પરમાનંદદાસ અને કૃષ્ણદાસ અધિકારી પણ સારા કવિ અને સંગીતજ્ઞ હતા એટલે એ સર્વને સોંપી. કીર્તનના માધ્યમથી સાહિત્ય, સંગીત અને ભક્તિની ત્રિવેણી મંદિરમાં નિત્ય વહેવા લાગી. શ્રીનાથજીની સેવા ઋતુ પ્રમાણે થતી હતી.

(૭) સ્વધામ પાછા ફરવાની પ્રેરણા અને વ્યોમોહ પ્રવેશ :

લગભગ સમગ્ર જીવન વિદ્યાભ્યાસ, ભગવદ્સેવા, ભાગવત માર્ગ અને પછી પુષ્ટિમાર્ગનો પ્રચાર અને પ્રસાર અને એક મહાન આચાર્યને શોભાવે

એવી વિપુલ ગ્રંથ - લેખન પ્રવૃત્તિ - આવા મહત્ત્વના કાર્યોમાં જીવન વ્યતીત થયું હતું. સંસાર પ્રત્યે જલકમલવત રહી જાતને ભાગવતકાર્યમાં સમર્પી દીધી હતી. એક વાર ગંગાસાગરમાં હતા ત્યારે ભારે માંદગી આવી ગઈ હતી. અને એમને તે વખતે જ લાગ્યું કે ભગવાન બોલાવી રહ્યા છે. બીજીવાર શ્રીનાથજીના મંદિરની યોગ્ય વ્યવસ્થા કરી મહાપ્રભુજી મધુવનમાં આવ્યા અને ત્યાં ફરી પાછી સબળ માંદગી આવી. એટલે એમને લાગ્યું કે ફરીવાર ભગવદ્ આજ્ઞા થઈ છે. એટલે આત્મબળથી સાજા થઈ જલ્દીથી અડેલ પાછા આવ્યા. આ સમય દરમિયાન સુબોધિનીના ત્રણ સ્કન્ધની ટીકા લગભગ પૂરી થઈ હતી. એમણે જાણ્યું કે પોતાની પાસે હવે સમય ઓછો છે એટલે દશમ સ્કન્ધની ટીકા લખવાની શરૂ કરી. દશમ સ્કન્ધમાં શ્રીકૃષ્ણની રસમય લીલાનું વર્ણન છે એટલે એ ટીકા પૂર્ણ કરી. એકાદશ સ્કન્ધની ટીકા શરૂ કરી અને એના ચાર અધ્યાય પૂર્ણ કર્યા પછી એમને લાગ્યું કે પ્રભુ હવે વિનાવિલંબે એમને બોલાવી રહ્યા છે તો પછી વિલંબ શા માટે ? સ્વયં મહાપ્રભુજી આનંદ સ્વરૂપ હતા. આનંદ તો બહુ અનુભવ્યો. હવે વિરહતાપનો પરમાનન્દ વધી રહ્યો હતો. હવે તેઓ કોઈપણ પ્રકારના લૌકિક વ્યવધાનમાં બંધાવા નહોતા માગતા. એમણે સર્વ કંઈ છોડી ભક્તિમાર્ગીય સંન્યાસ લેવાનું નક્કી કર્યું. આમ તો મહાપ્રભુજી સંન્યાસ માર્ગનો વિરોધ કરતા હતા પણ તેઓએ સંન્યાસ - નિર્ણય નામના ગ્રંથમાં લખ્યું છે 'विरहानुभवार्थे तु परित्याग प्रशस्यतो ।[૧૧]'

ભગવાનનો જે વિરહ થયો છે તે વિરહની - એ તાપ ક્લેશની સતત ભાવના રહે એ માટે જ ભક્તિમાર્ગીય સંન્યાસ યોગ્ય છે એવો અભિપ્રાય આપ્યો છે. જગતમાંના સકલ બંધનોનો નાશ આ પ્રકારના સંન્યાસથી જ થઈ શકે અને આવો પરિત્યાગ માત્ર ભગવદ્ પ્રેમથી જ સિદ્ધ થઈ શકે.

આવા પ્રકારનો ભક્તિમાર્ગીય ત્રિદંડ સન્યાસ જ હવે પોતાનું કર્તવ્ય છે એમ સમજી પત્ની - મહાલક્ષ્મીજીની આજ્ઞા મેળવી એમને અને બન્ને બાળકોને પોતાના પરમ પ્રિય દમલા - દામોદરદાસ હરસાણીને સોંપી તેઓ અડેલથી પ્રયાગ આવ્યા અને ત્યાં વિધિપૂર્વક ભાગવત્ સંન્યાસ લીધો અને પછી કાશીના હનુમાનઘાટ પર આવીને રહ્યા. જીવનભર ભાગવત ભક્તિનો અખંડ પ્રવાહ વહેવડાવનાર શ્રી મહાપ્રભુજીએ અખંડ મૌન ધારણ કરી લીધું. હવે અંતિમ યાત્રાનો સમય આવી પહોંચ્યો. દામોદરદાસ હરસાણી, બન્ને પુત્રો શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજીને લઈને હનુમાન ઘાટ પર આવી પહોંચ્યા. વૈષ્ણવોનો મોટો સમુદાય પણ ત્યાં ઉપસ્થિત હતો. બન્ને પુત્રોએ અંતિમ ઉપદેશ

આપવાની વિનંતી કરી. અખંડ મૌન હોવાથી શ્રી મહાપ્રભુજીએ ગંગાની રેતીમાં આંગળીથી સાડા ત્રણ શ્લોક લખ્યા. જેને 'શિક્ષાશ્લોક' અથવા મહાપ્રભુજીનું 'અંતિમ વસિયતનામું' પણ કહેવાય છે.

"यदा बहिर्मुखा यूयं भविष्यथ कथंचन । ...."

"અર્થાત જીવ હવે તુ ભગવાનથી બહિર્મુખ થશે ત્યારે કાળના પ્રવાહમાં રહેલા દેહ ચિત્ત વગેરે તારું ભક્ષણ કરી જશે ભગવાન કૃષ્ણને તમે સામાન્ય માનશો નહીં..... એ જ આપણું સર્વ કંઈ પાર પાડશે."

અંતિમ ઉપદેશ આપ્યા પછી મહાપ્રભુજી પૂરેપુરા અંતર્મુખ થઈ ગયા. સં. ૧૫૮૭ (ઈ.સ. ૧૫૩૦)ના અષાઢ સુદ ત્રીજને દિવસે પૂર્ણાનન્દ મહાપ્રભુજી ગંગાજીના પ્રવાહ તરફ શાન્ત ભાવે આગળ વધવા લાગ્યા. ધીરે ધીરે પાણી ઊંડુ થતું ગયુ અને લગભગ એમના ગળા સુધી આવી ગયું. ગંગાના ઘાટ ઉપર ઉભેલા લોકો સ્તબ્ધ જોઈ રહ્યા. આચાર્યશ્રીએ ગંગાના પવિત્ર જલમાં આકંઠ બેસી છેલ્લો શ્વાસ લીધો. મહાપ્રભુજીનો દિવ્ય દેહ દૃષ્ટિથી ઓઝલ થઈ ગયો અને એ સાથે એક દિવ્ય જ્યોત પરમજ્યોતિમાં એકરૂપ બની ગઈ.

(૮) મહાપ્રભુજીનું વ્યક્તિત્વ - (સર્વોત્તમ સ્તોત્રના આધારે) :

સાદગીપૂર્ણ જીવન :

શ્રી વલ્લભાચાર્યનું વ્યક્તિત્વ ખૂબ જ મોહક હતું અને એમના મુખ પર હંમેશા હાસ્ય રહેતું. એમની દિનચર્યા વ્યવસ્થિત અને નિયમિત હતી. અત્યન્ત સન્માનજનક આચાર્યની પદવીથી વિભૂષિત થયા હોવા છતાં અને બબ્બે વાર કનકાભિષેક થયા હોવા છતાં એ બિલકુલ નિરાભિમાની હતા અને જીવનભર સાદગીપૂર્ણ જીવન જીવ્યા. શરીર પર માત્ર સફેદ ધોતી અને ઉપરણુ ધારણ કરતા અને ચરણોમાં પાદુકા પણ પહેરતા નહીં અને ખુલ્લેપગે ત્રણ વાર ભારત યાત્રા કરી. ગરમી, વરસાદ કે ઠંડીની ઋતુમાં એમનો પહેરવેશ એક જ રહેતો. ભોજન સાદગીપૂર્ણ અને પવિત્રતાથી અને પોતાના ઠાકોરજીને ધરાવ્યા પછી જ ગ્રહણ કરતા. અસમર્પિત વસ્તુનો હંમેશા ત્યાગ કરવો એ એમનો પ્રમુખ સિદ્ધાંત હતો.[૧૨]

વિરક્ત ગૃહજીવન :

ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ વિરક્ત કઈ રીતે રહેવાય એનું એ જીવન્ત ઉદાહરણ હતા. એમના સાનિધ્યમાં આવનાર વ્યક્તિ દા.ત. કુંભનદાસ,

નારાયણદાસ, પદ્મનાભદાસ વગેરે વ્યક્તિઓએ પણ એમની વૈરાગ્યની ભાવના અને સાંસારિક વસ્તુઓ પ્રત્યેની ઉદાસીનતા જીવનમાં અપનાવ્યા હતા. તેઓ અપરિગ્રહી હતી. કનકાભિષેકમાં મળેલી સુવર્ણમુદ્રાઓ પણ દાનમાં અને વિઠ્ઠલનાથજીના ઘરેણા બનાવવામાં ધરી દીધી. એમની પાસે પોતાની કોઈ મિલ્કત નહોતી. ભગવદ્ સેવાને જ તેમણે જીવનમાં સર્વોપરિ સ્થાન આપ્યું હતું. ગીતામાં જેને 'સ્થિતપ્રજ્ઞ' કહ્યા છે. શ્રી વલ્લભ સાક્ષાત એનું મૂર્તિમંત સ્વરૂપ હતા.

ક્રાન્તદૃષ્ટા મનીષી :

બાળપણથી જ વલ્લભ મેઘાવી અને પ્રખર બુદ્ધિમત્તા ધરાવતા હતા. એમના ગુરુ અને પિતા પણ એમની બુદ્ધિમત્તા જોઈ આશ્ચર્યચકિત થઈ જતાં. નાનપણથી જ એમણે સર્વ શાસ્ત્રોનું અધ્યયન કર્યું હતું એટલું જ નહીં જૈન, બૌદ્ધ, ચાર્વાક, મિમાંસા વગેરે અને એમના પૂર્વે થઈ ગયેલા આચાર્યોનાં ભાષ્યો અને વેદાંત દર્શનનો અભ્યાસ કર્યો હતો. આથી તેઓ વિભિન્ન સંપ્રદાયોની ક્ષમતાઓ અને ન્યૂનતાઓથી સારી રીતે પરિચિત હતા. ભારત ભ્રમણથી એમણે એ સમયની સામાજીક, ધાર્મિક, અને રાજકીય પરિસ્થિતિઓનું પણ સુક્ષ્મ અવલોકન કર્યું હતું. આમ તેઓ ભૂત અને વર્તમાનથી તો પરિચિત હતા જ પણ એમની ક્રાન્ત દૃષ્ટિ ભારતના ભવિષ્ય - તેની પ્રજા અને ધર્મ પ્રત્યે પણ મંડાયેલી હતી અને એ દૃષ્ટિએ તેઓ આર્ષદ્રષ્ટા - મનીષી હતા. તેઓ ગંભીર ચિંતક અને વિષયનો ગહેરાઈથી અભ્યાસ કરવાની આદતવાળા તો હતા જ અને તેથી જ તેઓ એક વ્યવસ્થિત, વિચારણીય અને પ્રામાણિક ચિંતન પદ્ધતિને રજૂ કરી શક્યા.

સમન્વયવાદી દૃષ્ટિ :

આચાર્ય શ્રી વેદના તો પ્રત્યેક શબ્દને પ્રમાણજન્ય અને મહત્ત્વપૂર્ણ માને છે. તેઓ પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા, કર્મકાંડ અને જ્ઞાનકાંડમાં કોઈ વિરોધ જોતા નથી અને એટલે જ સરળ ભક્તિમાર્ગની પ્રતિષ્ઠા કરવા ભાગવતને પણ ચોથા પ્રમાણ તરીકે સ્વીકાર્યું. તેમણે વેદાંત દર્શનમાં તર્કને ક્યારેય પ્રાધાન્ય આપ્યું નથી. પણ ચતુષ્ટયી ઉપરાંત રામાયણ, મહાભારત, પાંચરાત્ર સંહિતા અને અન્ય શાસ્ત્રવચનોને એટલું જ પ્રાધાન્ય આપ્યું છે. આમ એમની દૃષ્ટિ હંમેશા સમન્વયાત્મક રહી છે. એમનો આગ્રહ હતો કે શાસ્ત્રોનો અર્થ પ્રભુ શ્રીકૃષ્ણના વાક્યો - વેદવાક્યો પ્રમાણે જ થવો જોઈએ અને તેઓ એને ભાગવત દૃષ્ટિના રૂપમાં સ્વીકારતા અને એ જ એમનો શુદ્ધ બ્રહ્મવાદનો પ્રયાસ હતો.

"સમગ્ર વેદ વાક્યોથી, રામાયણ, મહાભારત, પાંચરાત્ર, બીજા શાસ્ત્રોના વચનથી અને વ્યાસસૂત્રથી જે અર્થ નિશ્ચય થયેલો છે તે જ અર્થ હૃદયસહિત શ્રીહરિએ સદા સર્વદા નિર્ણય કરેલો છે."[૧૩]

વિવાદ નહીં સંવાદ :

શ્રી વલ્લભની દૃષ્ટિ હંમેશા સમન્વયાત્મક રહી હતી. એમનું સર્વ શાસ્ત્રોનું અધ્યયન ગહન હતું એટલે ભારત ભ્રમણ દરમિયાન એમણે ઘણા વિદ્વાનો અને અનેક સંપ્રદાયના ધર્મગુરુઓ જોડે શાસ્ત્રાર્થ કર્યો હતો પણ હંમેશા એમનો અભિગમ સામી વ્યક્તિને તોડી પાડવાનો નહીં પણ પોતાના વિચારો વ્યવસ્થિત રીતે રજૂ કરી પ્રતિસ્પર્ધી વ્યક્તિને પણ સંવાદ દ્વારા પોતાના સિદ્ધાંતો સમજાવતા હતા. એમણે શંકરના માયાવાદનું ખંડન જરૂર કર્યું પણ જ્યાં તેઓ શ્રી શંકરાચાર્ય સાથે સહમત હતા ત્યાં એમણે એનો સ્વીકાર પણ કર્યો છે. જ્યાં એ બીજા વિદ્વાનો સાથે સહમત હતા ત્યાં એનો એમણે સહજ સ્વીકાર કર્યો છે. શાસ્ત્રાર્થમાં પણ એમની દૃષ્ટિ વિવાદ કરતા સ્વસિદ્ધાન્તના પ્રતિપાદન માટે સંવાદની જ રહી છે. શાસ્ત્રોમાંથી પ્રમાણ ટાંકીને પોતાના મતને સિદ્ધ કરી તેઓ સામી વ્યક્તિને નિરુત્તર કરી શકતા અને એટલે જ અન્યમાર્ગીય વિદ્વાનો સાથે પણ એમના સંબંધો આત્મીયતા પૂર્ણ રહ્યા હતા. શાંકરમાર્ગના કેવલાદ્વૈતના પ્રખર આચાર્ય શ્રી મધુસૂદન સરસ્વતિ પણ એમના પ્રશંસક હતા, અને અડેલ આવી એમના ભાગવત્ પારાયણનું શ્રવણ કર્યું હતું. શૈવપંથી કાશ્મીરી ભટ્ટ પણ એમના મહેમાન થયા હતા એટલું જ નહીં એમના પરમ શિષ્ય વલ્લભ ભટ્ટ કાશ્મીરીને શ્રી વલ્લભના ગ્રંથલેખન માટે એમની પાસે મૂકી ગયા હતા. પ્રતિસ્પર્ધી માટે પણ એમના મનમાં ક્યારેય કડવાશ નહોતી. વિરુદ્ધ મતવાળી વ્યક્તિનો સંદેહ દૂર કરવામાં એમને હંમેશા પ્રસન્નતા મળતી હતી.[૧૪]

સમગ્ર, સંતુલિત જીવનદૃષ્ટિ :

શ્રી વલ્લભાચાર્યની સમગ્ર જીવનદૃષ્ટિ સંતુલિત હતી. તેઓ વસ્તુના એકાંગી સ્વરૂપને પકડીને નહી પણ વસ્તુને એના સમગ્ર પરિપ્રેક્ષ્યમાં જોવાવાળા હતા. એમણે એમના વિવેચનમાં આધિ દૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક ત્રણેને દૃષ્ટિ સમક્ષ રાખી ત્રણેની મહત્તા પ્રસ્થાપિત કરી. શાસ્ત્રનો અર્થ ગ્રહણ કરતી વખતે તેઓ એના સ્પષ્ટ રૂપને ઘોષિત કરવાવાળો અર્થ જ સ્વીકારતા હતા. એના મૂળ ઉપર પોતાની કલ્પનાનો રંગ ન ચઢાવતા જેટલો અર્થ સ્પષ્ટ થઈ શકે એટલાને જ સ્વીકારતા હતા અને પોતાના ચિંતનમાં એનો ઉપયોગ

જરૂર કરતા. જીવનમાં પણ તેઓ વ્યક્તિત્વના વિવિધ પાસાઓમાં સંતુલન કરતા હતા. તેઓ જીવનના ભૌતિક, બૌદ્ધિક, ભાવનાત્મક, આધ્યાત્મિક અને આધિદૈવિક પાસાઓમાં સંપૂર્ણ સંવાદિતા અને સંતુલન રાખતા હતા અને એટલે જ એમના વિચાર, ચિંતન અને નિર્ણય વ્યવહારિક ભૂમિકા ઉપર સર્વથા સ્વીકાર્ય થતા હતા. શ્રીનાથજીના મંદિરનો આકાર, એમનો કાશી છોડી અડેલ નિવાસ વગેરે એમની સંતુલિત દૃષ્ટિ અને વ્યવહારિકતાનો પરિચય કરાવે છે.

ભક્તિમાર્ગીય જીવન અને મૂર્તિમાન્ ધર્મસ્વરૂપ :

શ્રી વલ્લભાચાર્ય યુગદ્રષ્ટા અને યુગસ્રષ્ટા આચાર્ય હતા. એમણે પોતાના સમયની પરિસ્થિતિઓને જોઈ, સમજી અને એવા નિર્ણય પર આવ્યા હતા કે આવી વિષમ પરિસ્થિતિમાં ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ જ માનવના કલ્યાણનો એક માત્ર ઉપાય છે અને એટલે જ એમણે પ્રેમલક્ષણા ભક્તિને ઉચ્ચ સ્થાન આપ્યુ અને ભક્તિમાર્ગને સર્વશ્રેષ્ઠ જીવન પદ્ધતિના રૂપમાં સ્વીકાર્યો. એમાં જ એમને સુખી અને નિશ્ચિન્ત જીવન પ્રણાલીનો માર્ગ દેખાયો. “પ્રભુ સર્વસમર્થ છે એટલે નિશ્ચિંત રહી એને ભક્તિપૂર્વક સર્વ સમર્પિત કરી દો એમાં જ જીવનની કૃતાર્થતા છે, અને એજ સુખી થવાનો માર્ગ છે.”[૧૫]

એમનો ભક્તિમાર્ગ ભાવના પ્રધાન હતો. એમાં ભાવ જ સર્વોપરિ છે અને ભાવની ઉચ્ચતમ સ્થિતિમાં માનવની સર્વ મર્યાદાઓ વિલિન થઈ જાય છે, એનું ઉદાત્તિકરણ થઈ જાય છે. પણ વ્યાવહારિક જીવનમાં એમણે ધર્મના આચરણ પર બહુ ભાર મૂક્યો છે. સ્વયં એમનું પોતાનું જીવન જ ધર્માચરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. પોતે જાણે સાક્ષાત મૂર્તિમાન ધર્મ સ્વરૂપ હતા. તેઓ માત્ર ધર્માચાર્ય જ નહીં, ધર્મપરાયણ પણ હતા. ધર્મ એમને માટે ઉપદેશની વસ્તુ નહોતી પણ ધારણ કરવાની વાત હતી. એટલે એમને માટે ધર્મ એ બાહ્ય વિધિવિધાનનો વિષય ન હતો પણ ધર્મ એમને આત્મગત હતો.

નિરહંકારી અને પારસમણિ જેવું વ્યક્તિત્વ :

અહંકાર અથવા મદથી તો એ હંમેશા પર રહ્યા. બે વાર કનકાભિષેક થયો, જગદ્‌ગુરુ અને આચાર્યની પદવી પ્રાપ્ત કર્યા છતાં એ તો નિર્લેપ જ હતા. જગન્નાથપુરીમાં 'एकोवाक्यं ....' શ્લોક દ્વારા પોતાનો નિર્ણય (१) प्रभुः सर्वसमर्थो हि ततो निश्चिन्ततां व्रजते । ચતુઃ શ્લોક - ૨ सर्वं समर्पितं भक्त्या कृतर्थोऽसि सुखी भव । અંતઃકરણ પ્રબોધ - શ્લોક ૨ જણાવીને એ તો ત્યાંથી ચાલી નીકળ્યા. માન- અપમાન કે પ્રશંસાની પણ અપેક્ષા નહોતી. ત્યારે તો એમની

વય પણ કિશોરાવસ્થાની હતી. પોતે પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતો અને ‘બ્રહ્મવાદ’ને પણ એ તો માત્ર શાસ્ત્રનો અર્થ યોગ્ય રીતે પ્રસ્તુત કરવાનો પોતાનો પ્રયાસ છે એમ માનતા હતા. અને એટલે જ એમણે પુષ્ટિમાર્ગમાં અહંતાને દૂર કરવા ઉપર ખાસ ભાર મૂક્યો છે. જેટલી તમારામાં દીનતા, નમ્રતા એટલા તમે ભગવાનની નજીક જઈ શકો અને એટલે જ એ જીવની સર્વ કંઈ સિદ્ધિમાં પ્રભુની કૃપા - અનુગ્રહને જ જોતા હતા. આ દૈન્ય - દીનતા જ ભાગવદ્ કૃપાનું સાધન છે એમ તેઓ માનતા હતા.

એમનું વ્યક્તિત્વ એટલું પારદર્શક હતુ કે સામી વ્યક્તિ એમનાથી પ્રભાવિત થઈ જતી. પારસમણી જેમ લોહનું પારસમાં રૂપાંતર કરી દે એમ એમનું વ્યક્તિત્વ એમના શિષ્યો અને એમના પરીચયમાં આવનાર સર્વના જીવનને પ્રભુનિષ્ઠામાં પરિવર્તિત કરી દેતા. એમણે માત્ર ઉપદેશથી નહીં પણ પોતાના જીવન વ્યવહારથી એમના શિષ્યોના વ્યક્તિત્વનું નિર્માણ કર્યું. વિવેક, ધૈર્ય અને આશ્રયને એમના જીવનમાં કેટલું મહત્ત્વનું સ્થાન હતું એ એમના ‘વિવેક - ધૈર્ય - આશ્રય’ નામના પ્રકરણ ગ્રંથમાં જોવા મળે છે. ધૈર્યની સાથે ક્ષમાની પણ તેઓ સાક્ષાત મૂર્તિ હતા અને એટલે જ સુરદાસજીએ ગાયું છે કે “વિમુખ ભયે કરુણા યા મુખકી જબ દેઓ તબ તૈસે” શ્રી હરિરાયજીએ પણ એમને “શ્રી વલ્લભ મહાસિંધુ સમાન” કહ્યા છે અને શ્રી વિઠ્ઠલનાથજીએ ‘સર્વોત્તમ સ્ત્રોત’માં જે મહિમા ગાયો છે એ તો સર્વને પરિચિત છે.

સાહિત્ય - સંગીત - કલાના ઉપાસક :

શ્રી વલ્લભ મહાન દાર્શનિક અને ક્રાન્તિકારી ધર્માચાર્ય તો હતા જ પણ એ ઉચ્ચકોટિના કલામર્મજ્ઞ અને કલાના સંરક્ષક પણ હતા. પુષ્ટિમાર્ગીય સેવામાં શૃંગારનો કલાત્મક ઉપયોગ કરવાની શરૂઆત કરી. સાહિત્ય અને સંગીતના ક્ષેત્રમાં પણ એમનું મૂલ્યવાન યોગદાન છે. કુંભનદાસ, સુરદાસ, પરમાનંદદાસ જેવા એમના અંતરંગ સખાઓએ પુષ્ટિમાર્ગીય સંગીત અને સાહિત્યને એક ઉચ્ચ કોટિની પરંપરા આપ્યા. સુરદાસ, પરમાનંદદાસ જેવા કવિઓ ઉચ્ચ કક્ષાના કવિ અને સાથે જ સંગીતના પણ મર્મજ્ઞ હતા. સ્વયં શ્રી વલ્લભાચાર્યે પણ ‘મધુરાષ્ટકમ્’ અને ‘યમુનાષ્ટકમ્’ જેવા, સર્વાંગસુંદર મધુર સ્તોત્ર રચ્યા છે. તેઓ કલાના વિનિયોગ ભગવાનની સેવા માટે જ કરવાની પ્રેરણા આપતા હતા. એમણે વૈષ્ણવોમાં એવી ભાવના વિકસાવી કે ઉત્તમ વસ્તુઓના એક માત્ર ભોક્તા શ્રી હરિ જ છે. માટે તમારી પાસે જીવનમાં જે કંઈ શ્રેષ્ઠ હોય, કલાત્મક હોય એ સર્વ શ્રી પ્રભુને સમર્પિત કરી દો.

મહાપ્રભુજીનો પોતાના શિષ્યો સાથે પણ આત્મીય સંબંધ હતો. તેઓ પોતાની આગળ પાછળ શિષ્યોના ટોળા રાખવા નહોતા માગતા પણ તેઓ ખૂબ જ જાંચ - પરખ કરીને દૈવી જીવોને પોતાના શિષ્યો તરીકે સ્વીકારતા હતા નહીં તો દીક્ષા આપવાની ના પાડી દેતા. તેમનો નિયમ હતો કે તેઓ પોતાના શિષ્ય સિવાય કોઈને ઘરે જતા નહોતા કે કોઈ બીજા પાસેથી કોઈ વસ્તુનો સ્વીકાર કરતા નહોતા. એમના શિષ્યો વચ્ચે પણ કોઈ ભેદભાવ નહોતા કરતા. તે એટલે સુધી કે એમના અંતરંગ શિષ્યો જેવા કે દામોદરદાસ હરસાણી, કૃષ્ણદાસ મેઘન, સુરદાસ, કુંભનદાસ, પરમાનંદદાસ વગેરેનું સ્થાન એમના જીવનમાં 'સખા' તરીકેનું હતું. આમ તેઓ સાચા અર્થમાં ભક્ત પરાયણ હતા.

સમાજ સુધારક તરીકે શ્રી વલ્લભ :

મહાપ્રભુજી સમાજના દલિત, પતિત, ઉપેક્ષિત સમાજ પ્રત્યે પણ કરૂણામય હતા. એ જમાનામાં સ્ત્રીઓ અને શુદ્રોને શાસ્ત્રોના અભ્યાસની પરવાનગી નહોતી એટલે જ એમણે ભક્તિમાર્ગ દ્વારા સ્ત્રીઓ અને દલિતો માટે પ્રભુ પ્રાપ્તિનો માર્ગ મોકળો કર્યો. પુષ્ટિ માર્ગમાં દીક્ષા અંગીકાર કરવા માટે કોઈ પણ નાત-જાત-જાતી કે ધર્મના ભેદભાવ નથી. પ્રભુ પ્રત્યે નિસ્વાર્થ પ્રેમ ધરાવનાર કોઈ પણ વ્યક્તિ એમાં જોડાઈ શકે છે પછી ભલે તે સ્ત્રી હોય, શૂદ્ર હોય કે કોઈ પણ ધર્મ કે જાતીની હોય. એમના સંપ્રદાયમાં રસખાન, તાજબીબી જેવા ઉચ્ચ કક્ષાના મુસલમાન કવિઓ અને ભક્તો થઈ ગયા. સ્ત્રીઓમાં બાળક માટેનો વાત્સલ્યભાવ સહજ હોય છે એટલે એમણે સ્ત્રીઓને માતા યશોદાના ભાવથી વાત્સલ્યભક્તિથી 'ઠાકોરજી'ની સેવા કરવાનો સરળ માર્ગ બતાવ્યો. પુષ્ટિ સંપ્રદાયમાં તેઓને ધર્માચાર્ય જ ગણ્યા છે, સમાજ સુધારક નહીં. પણ આપણે કલ્પના કરી શકીએ કે આજથી સાડાપાંચસો વર્ષ પહેલા એમણે નાત-જાતના ભેદભાવ ગણકાર્યા નહોતા. એ ક્રાંતિ નહીં તો બીજુ શું કહેવાય ? વર્ણાશ્રમ ધર્મમાં રહીને ગૃહસ્થાશ્રમ ધર્મના કર્તવ્યો બજાવતા રહી પ્રભુભક્તિ કરવાનો એમનો સંદેશ અપ્રતિમ છે. એમને ત્યાગ, જ્ઞાન કે વૈરાગ્યની આવશ્યકતા એટલી નહોતી જણાઈ, જેટલી પ્રભુ - પ્રેમની મહત્તા જણાયેલી.

આમ શ્રી વલ્લભાચાર્યના વ્યક્તિત્વના મૂળની જડ ભવ્ય ભૂતકાળમાં હતી, તેઓ સાંપ્રત સમયની મર્યાદાઓથી પણ સારા એવા વાકેફ હતા અને આર્ષદષ્ટિ દ્વારા ભવિષ્ય પ્રત્યે પણ એમની નજર હતી. તેઓ એમના જમાના કરતાં ક્યાંય આગળ હતા. He was quite ahead of his time. એમણે જે ઉપદેશ આપ્યો છે તે દેશ અને કાળના બંધનોથી મુક્ત વૈશ્વિક સ્તરે વ્યાપેલો છે.

સંદર્ભસૂચિ

(૧) History and culture of Indian people, vol. VI - summery of page 617 to 623 "THE DELHI SULTANATE"

(૨) Brahma - Vada - Doctrine Shri Vallabhacharya By G. V. Tagore - Introduction page 2, 3

(૩) શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી - શ્રી કે. કા. શાસ્ત્રી, પ્રકરણ - ૩, હિંદુસ્તાનની સમકાલીન પરિસ્થિતિ પ્રકરણ સાર પાન નં. ૪૧-૪૬

(૪) શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી - શ્રી કે. કા. શાસ્ત્રી. પ્રકરણ - ૪ 'પૂર્વવંશ - પરિચય' પાન નં. ૪૯

(૫) શ્રી વલ્લભના જન્મ સમય વિશે વિદ્વાનોમાં મતભેદ છે. ચોક્કસ સમય ક્યાંય ઉપલબ્ધ નથી. અનેક વિદ્વાનોના મંતવ્ય પછી આ સમય નોંધ્યો છે.

(૬) શ્રી લક્ષ્મણ ગૃહ આઈ નવ નીધિ ।

પ્રગટે જાન પૂરન પુરુષોત્તમ દ્વાર બુહારત ફિરત અષ્ટ સિદ્ધિ ॥

બીજું પદ -

શ્રી લક્ષ્મણ ભટ દાન દેને કો ભૂસન મનિ માનિક કાઢે ।

સગુણદાસ આસ સબ પૂરી માનો બરસત મેઘ અસાઢે ॥

(૭) "श्रीविष्णुस्वामिमर्यादानुगामिन वल्लभेन अवन्तिकायां नरोत्तम शर्मा पौरोहित्येन सन्माननीयः सं १५४६ चैत्र शुद्ध प्रतिपदि।"

(૮) वेदाः श्रीकृष्ण वाक्यानि व्याससूत्राणि चैव ही ।

समाधि भाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥

તત્ત્વાર્થાદીપ નિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ - ૭

उत्तरं पूर्वसन्देहवारकं परकीर्तितम् ।

તત્ત્વાર્થાદીપ નિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ - ૮

(૯) શ્રી કે. કા. શાસ્ત્રીના મતે કૃષ્ણદેવ સેનાપતિ હતા. કનકાભિષેક ૧૫૦૫ માં થયો અને કૃષ્ણદેવરાય ઈ.સ. ૧૫૦૯ માં રાજા થયા.

(૧૦) શ્રી મધુસુદન સરસ્વતી ગીતાની ટીકા 'वंशीविभूषित' થી શરૂ થતા શ્લોકની છેલ્લી પંક્તિ.

(૧૧) સંન્યાસનિર્ણય - શ્લોક ૮ ની પ્રથમ પંક્તિ.

(૧૨) असमर्पितवस्तुनां तस्माद् वर्जनमयाचरेत । સિદ્ધાંત રહસ્ય - ૫

(૧૩) अर्थोऽयमेव निखिलैरपि ...... તત્ત્વાર્થાદીપ નિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ ૧૦૪

(૧૪) कस्यचित्त्वथ संदेह समां पच्छतु सर्वथा - પત્રાવલંબન.

(૧૫) प्रभु सर्वसमर्थो हि ततो निश्चिन्ततां व्रजेत । ચતુઃશ્લોકી - ૨

सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव । અંતઃકરણ પ્રબોધ શ્લોક - ૨

પ્રકરણ-૩ શ્રીમદ્‌વલ્લભાચાર્ય - ગ્રંથ પરિચય

શ્રી વલ્લભાચાર્ય એક મહાન આચાર્ય, દાર્શનિક અને સાથે સાથે ધર્મ પ્રવર્તક પણ હતા. એક મહાન આચાર્ય અને ધર્મગુરુને યોગ્ય એમણે વિપુલ ગ્રંથસર્જન પણ કર્યું હતું. શરૂઆતના વર્ષોમાં ભારત ભ્રમણ સાથે સાથે એમણે ધર્મ - ગ્રંથોની રચનાની પણ સમાંતરે શરૂઆત કરી હતી. એ સમય દરમિયાન એમણે પૂર્વમીમાંસાકારિકા, ભાગવત ઉપર સુક્ષ્મ ટીકા અને તત્ત્વાર્થદીપ નિબંધનું સર્જન કર્યું અને બ્રહ્મસૂત્ર ઉપર અણુભાષ્ય રચવાની શરૂઆત કરી હતી. અડેલમાં નિવાસ કર્યા પછી તો તેમની મુખ્ય પ્રવૃત્તિ પુષ્ટિ - ધર્મનો પ્રસાર - પ્રચાર અને ગ્રંથલેખનની જ રહી હતી. તે એટલે સુધી કે ગ્રંથ - લેખનમાં વિક્ષેપ થવાથી એમણે કાશી છોડી અડેલમાં નિવાસ કર્યો. એમણે ભાષ્ય, ટીકાઓ, સ્વતંત્રગ્રંથો, ષોડ્‌શ પ્રકરણ ગ્રંથો અને અનેક સ્તોત્રોની રચના કરી હતી. આમ એમનું ગ્રંથ સર્જન વિપુલ પ્રમાણમાં હતું. અત્યારે એ સર્વ ઉપલબ્ધ નથી. કેટલાંક ગ્રંથો તૂટક - તૂટક છે તો કેટલાકનો અમુક ભાગ ઉપલબ્ધ નથી. પણ જે કંઈ સાહિત્ય ઉપલબ્ધ છે એના આધારે શ્રી વલ્લભાચાર્ય એમના દર્શન અને ધર્મ વિશેના વિચારોમાં કેટલા સ્પષ્ટ હતા તે જાણી શકાય છે. એમના સર્વ ગ્રંથોનો આધાર પ્રસ્થાન ચતુષ્ટયી જ રહ્યો છે, વેદ - ઉપનિષદ્‌, બ્રહ્મસૂત્ર, ભગવદ્‌ગીતા અને શ્રીમદ્‌ ભાગવત પુરાણ. આપણે એમના ગ્રંથોનો વિગતે પરિચય કરીએ.

(૧) પૂર્વમીમાંસા કારિકા અને પૂર્વમીમાંસા ભાષ્ય :

શ્રી વલ્લભનું પૂર્વમીમાંસા ઉપર સારું એવું પ્રભુત્વ હતુ અને એટલે જ એમણે એના ઉપર કારિકા અને ભાષ્ય બન્નેની રચના કરી હતી.

વૈદિક તત્ત્વજ્ઞાનની સમગ્ર અને સમ્યક પરિચય માટે બે મીમાંસાની રચના થઈ છે. (૧) પૂર્વ મીમાંસા (૨) ઉત્તર મીમાંસા. પૂર્વમીમાંસાના આચાર્ય જૈમિની છે. એટલે એને ‘જૈમિની મીમાંસા’ પણ કહે છે.

પૂર્વમીમાંસામાં વેદ પ્રતિપાદિત કર્મકાંડનું વિસ્તારપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. હિન્દુઓના સર્વ ધર્મોનું મૂળ વેદ છે. વેદમાં ધર્મમીમાંસા પણ છે અને બ્રહ્મમીમાંસા પણ છે. પૂર્વ મીમાંસાનું પ્રથમ સૂત્ર છે ‘અથાતો ધર્મ -

जिज्ञासा' આમ એમાં ધર્મ અને કર્મકાંડનું વિવેચન કરવામાં આવ્યું છે. એમાં કર્મરૂપ આચરણ અથવા ધર્મના સર્વ અંગ-ઉપાંગોનું વર્ણન છે. જૈમિની, કર્મને પ્રધાન માનવાવાળા આચાર્ય હતા.

પૂર્વમીમાંસા કારિકા :

આ ગ્રંથમાં ૪૨ કારિકાઓ જ મળે છે. જેમાં પૂર્વમીમાંસાનો ઉદ્દેશ સમજાવવામાં આવ્યો છે. આ કારિકાઓમાં શ્રી વલ્લભનું મન્તવ્ય છે કે મનુષ્યની સામે બે માર્ગ છે, લૌકિક અને વૈદિક. આ બન્ને નિત્ય છે. લૌકિક માર્ગ પ્રવાહ રૂપથી નિત્ય છે અને વૈદિક માર્ગ સ્વરૂપથી નિત્ય છે. લૌકિકમાં અર્થની પ્રધાનતા છે જ્યારે વૈદિકમાં શબ્દની પ્રધાનતા છે. એટલે સર્વ વર્ગના લોકોએ પોતપોતાના અધિકાર પ્રમાણે પુરુષાર્થનું અનુષ્ઠાન કરવું જોઈએ. આચાર્ય શ્રીવલ્લભના મતે આચાર્ય જૈમિની 'સાકાર બ્રહ્મવાદ' માં માનતા હતા. ગો. શ્રી પુરુષોત્તમજીએ પૂર્વમીમાંસા કારિકા ઉપર 'પૂર્વમીમાંસા કારિકા વિવરણમ્' ની રચના કરી છે.

પૂર્વમીમાંસા ભાષ્ય :

શ્રી વલ્લભે જૈમિનીના ધર્મસૂત્રો પર પૂર્વમીમાંસા ભાષ્યની રચના પણ કરી હતી. પણ એનો પણ થોડો જ ભાગ ઉપલબ્ધ છે. એના ઉપર પણ ગો. શ્રીપુરુષોત્તમજીએ 'પૂર્વમીમાંસા ભાષ્ય વિવરણમ્' લખ્યું છે.

શ્રી વલ્લભાચાર્યનું પૂર્વમીમાંસા ઉપર પ્રભુત્વ હતું જ અને બાદરાયણના બ્રહ્મસૂત્રના આધારે તો એમણે 'બ્રહ્મવાદ'નું પ્રતિપાદન કર્યું. બ્રહ્મસૂત્રનું પ્રથમ સુત્ર છે, "अथातो ब्रह्म जिज्ञासा ।" શ્રી આચાર્યે ધર્મ (પૂર્વમીમાંસા) અને બાદરાયણ તત્ત્વજ્ઞાનનો બન્નેનો વિશદ્ અને ગહન અભ્યાસ કરેલો હતો. એટલે જ તેઓ શ્રી અનેક ધર્માચાર્યો અને વિદ્વાનો - પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરીને ધર્મ અને તત્ત્વજ્ઞાન - જ્ઞાન અને કર્મકાંડ બન્નેનો સમન્વય કરીને શાસ્ત્રાર્થમાં પ્રતિસ્પર્ધીને નિરુત્તર કરી શકતા હતા અને પોતાના મતનું પ્રતિપાદન કરતા હતા.

(૨) તત્ત્વાર્થદીપ નિબંધ - અને તેના ઉપર પ્રકાશ નામની ટીકા :

શ્રી વલ્લભાચાર્યે 'તત્ત્વાર્થદીપ નિબંધ' નામનો સ્વતંત્ર અને વિસ્તૃત ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથ કારિકાના રૂપમાં છે. સ્વયં આચાર્યે જ એમના આ સિદ્ધાન્ત પ્રતિપાદન ગ્રંથ ઉપર 'પ્રકાશ' નામની ટીકા લખી છે, એટલે એને સપ્રકાશતત્ત્વાર્થદીપ નિબંધ' પણ કહે છે.

આચાર્યે એમની યાત્રા દરમિયાન ગ્રંથ લેખનની શરૂઆત કરી ત્યારે એમણે પ્રથમ આ ગ્રંથથી જ શરૂઆત કરી હતી. આ એમનો સર્વ પ્રથમ સ્વતંત્ર ગ્રંથ છે. સાથે જ એમણે ભાગવત ઉપર સૂક્ષ્મ ટીકા લખવાનું પણ શરૂ કર્યું હતું. યુવાન વલ્લભે અત્યાર સુધીમાં શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરી લીધો હતો. સાથે જ બીજા આચાર્યો અને એમણે સ્થાપેલા વાદોનો પણ અભ્યાસ કરી લીધો હતો. એમના વિચારો પણ પુખ્ત થઈ ગયા હતા. હવે તેઓ એમના વિચારો અને દર્શનમાં સ્પષ્ટ હતા. આથી એમણે તત્ત્વાર્થદીપ નિબંધ દ્વારા એમના સિદ્ધાંતોને પ્રતિપાદન કરવાનું યોગ્ય લાગ્યું હશે.

તત્ત્વાર્થદીપ નિબંધના ત્રણ પ્રકરણ છે. (૧) શાસ્ત્રાર્થ પ્રકરણ (૨) સર્વનિર્ણય પ્રકરણ અને (૩) ભાગવતાર્થ પ્રકરણ. કેટલાંક આ ત્રણેને સ્વતંત્ર ગ્રંથ પણ માને છે.

(અ) શાસ્ત્રાર્થ પ્રકરણ :

શાસ્ત્રાર્થ પ્રકરણમાં ૧૦૫ કારિકાઓ છે. આ ગ્રંથમાં ભાગવદ્શાસ્ત્રોના સતત ગહન અધ્યયન અને મનનના આધારે સિદ્ધાન્તો પ્રસ્થાપિત કર્યા છે. શાસ્ત્રોમાં શ્રીમદ્ ભાગવત, ગીતા અને પંચરાત્ર માન્ય છે. એમાં ગીતા તો ભાગવદ્ વાક્ય જ છે. શાસ્ત્રાર્થ પ્રકરણમાં શાસ્ત્રોનો ગીતા - પરક અર્થ આપવામાં આવ્યો છે. ગીતાના આધારે જ સર્વ શાસ્ત્રોનો સમન્વયાત્મક અર્થ આપવામાં આવ્યો છે. સમગ્ર વેદ વાક્યો, રામાયણ, મહાભારત, પંચરાત્ર, બ્રહ્મસૂત્ર અને બીજા શાસ્ત્ર વચનોમાં શ્રી હરિની એકાર્થતાનો પરિચય થયો.

अर्थोऽयमेव निखिलैरपि वेदवाक्यैः रामायणैः सहितभारतपञ्चरात्रैः ।
अन्यैश्च शास्त्रवचनैः सह तत्त्वसूत्रैर्निणीयते सहृदयं हरीणा सदैवं ॥

ત. દી. નિ. (ઉપસંહાર)

આચાર્યશ્રીએ જ્ઞાનનિષ્ઠા, કર્મનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા એ ત્રણેનું અહીં વર્ણન કર્યું છે. જ્ઞાનનિષ્ઠાથી સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે. કર્મનિષ્ઠાથી ચિત્ત પ્રસન્ન થાય છે અને ચિત્તનું શુદ્ધિકરણ થાય છે અને ભક્તિનિષ્ઠા એટલે ભગવાન શ્રીકૃષ્ણની પ્રસન્નતા, નિષ્ઠારહિતને તો કોઈ ફળ મળતું નથી. પણ કળિયુગમાં કોઈ પણ નિષ્ઠાને અનુસરવું (જ્ઞાનનિષ્ઠા અને કર્મનિષ્ઠા) શક્ય નથી. આવી સ્થિતિમાં ભગવાન શ્રીકૃષ્ણના પ્રમેય બળથી જ ફળની પ્રાપ્તિ થાય છે. એટલે કેવળ ભક્તિ જ કળિયુગમાં ફલ-દાયિની છે.

આચાર્યશ્રીએ આ ગ્રંથમાં એમના દાર્શનિક સિદ્ધાંતોનો પણ પરિચય આપ્યો છે. "જગત બ્રહ્મનું કાર્ય છે અને જીવનો સંસાર ઉભો થાય છે. સંસારનો લય થાય છે તો પણ જગત (પ્રપંચ) રહે જ છે. બ્રહ્મ સત્, ચિત્, આનંદ રૂપ છે. બ્રહ્મે જડમાં પોતાના ચિદ્ અને આનંદ અંશને તિરોહિત કર્યો છે. જીવમાં આનંદ તિરોહીત છે પણ અંતર્યામી રૂપમાં તે સચ્ચિદાનંદ રૂપ છે."

આ ગ્રંથમાં બ્રહ્મ, જગત અને જીવના સ્વરૂપનું વિગતે વર્ણન કરવામાં આવ્યું છે અને માયાવાદનું પ્રતિપાદન કરવાવાળાને શ્રુતિ - સ્મૃતિ વિરોધી કહ્યા છે. વિદ્યા અને અવિદ્યા બન્ને ભગવાનની માયાશક્તિથી ઉત્પન્ન થાય છે. અવિદ્યાથી જીવ સંસારના બંધનમાં પડે છે અને દુઃખી થાય છે. વિદ્યાથી અવિદ્યાનો નાશ થાય છે અને જીવ મુક્ત થાય છે. આમ આ ગ્રંથ આચાર્યશ્રીના સિદ્ધાંતોનું સુંદર સંકલન છે. પાછળથી ઘણા ગોસ્વામી આચાર્યો અને વિદ્વાનોએ એના ઉપર ભાષ્ય અને ટીકા લખ્યા છે. ગો. શ્રી પુરુષોત્તમજી, ગો. શ્રી કલ્યાણરાયજી તેમજ શ્રી ગટુલાલજી, શ્રી બાળકૃષ્ણ ભટ્ટ વગેરે વિદ્વાનોએ પણ વિવેચન લખ્યા છે.

(ब) સર્વનિર્ણય પ્રકરણ :

આચાર્યશ્રીનો આ પ્રકરણ ગ્રંથ પણ કારિકાઓમાં લખાયેલ છે અને સ્વયં આચાર્યે એના ઉપર 'પ્રકાશ' નામની ટીકા લખી છે. આ ગ્રંથ ચાર ભાગોમાં વહેંચાયેલો છે. (૧) પ્રમાણ (૨) પ્રમેય (૩) ફલ અને (૪) સાધન.

૧ થી ૮૩ કારિકાઓ સુધી **પ્રમાણ** પ્રકરણ છે. શાસ્ત્રાર્થ પ્રકરણમાં જે સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે એમાં જો શંકા અથવા વિપરીત ભાવના હોય તો સર્વનિર્ણય પ્રકરણ દ્વારા એની નિવૃત્તિ થઈ જાય છે. આ પ્રકરણમાં પ્રમાણોના બલાબલ પર વિચાર કર્યો છે. સબળ પ્રમાણોનો સ્વીકાર કરવો અને નિર્બળ પ્રમાણોને છોડી દેવા. પ્રમાણોમાં પરસ્પર વિરોધી વિધાન હોય તો કયા પ્રમાણ ગ્રંથનો સ્વીકાર કરવો વગેરે વાત આ પ્રકરણમાં જણાવી છે. વેદ જ સર્વોપરિ પ્રમાણ છે અને એનું અનુસરણ કરવાવાળા ગ્રંથ જ સબળ પ્રમાણ છે અને એ જ સ્વીકાર્ય છે એવો શ્રી વલ્લભનો નિષ્કર્ષ છે.

પ્રમેય પ્રકરણમાં ૮૪ થી ૧૮૦ સુધીની કારિકાઓમાં જડ, જીવ, અંતર્યામી તથા બ્રહ્મના વિશિષ્ટ સ્વરૂપ પર વિચાર કરવામાં આવ્યો છે. **ફલ** પ્રકરણમાં કારિકા ૧૮૧ થી ૨૮૮ સુધી વેદોક્ત, કર્મ, જ્ઞાન, ભક્તિ વગેરે સાધનોનો ઉલ્લેખ કરી ભક્તિની મહત્તા પ્રતિપાદિત કરી છે. **સાધન** પ્રકરણમાં કારિકા

૨૮૯ થી ૩૨૩ સુધી મર્યાદિત સાધનો દ્વારા ભક્તિની વિશિષ્ટતા પ્રકટ કરી છે. આમ આ ગ્રંથમાં 'સર્વ તત્ત્વોનો વિચાર કરવામાં આવ્યો છે એટલે એ સર્વનિર્ણય પ્રકરણ ગણાય છે.'

(क) ભાગવતાર્થ પ્રકરણ નિબંધ :

શ્રીમદ્‌ભાગવત પુષ્ટિમાર્ગનું સર્વસ્વ છે અને શ્રી વલ્લભાચાર્યે એનો પ્રમાણ ગ્રંથ તરીકે સ્વીકાર કર્યો છે. તેઓ એને વેદ સમાન માને છે પણ 'વેદવત્' કહે છે. કારણ કે વેદમાં તો માત્ર બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો જ અધિકાર છે પરંતુ ભાગવતનો ભક્તિમાર્ગ તો દ્વિજ - શુદ્ર, સ્ત્રી, પુરુષ, ધર્મ અને નાત - જાતના ભેદભાવ વગર સર્વને માટે છે.

ભાગવતના ત્રણ રૂપ છે. (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક અને (૩) આધિદૈવિક. આધિભૌતિક રૂપમાં એ એક વાંચવા જેવો માનનીય, પૂજવાલાયક અને કલ્યાણપ્રદ ગ્રંથ છે. આધ્યાત્મિક રૂપમાં ગાયત્રી બીજથી ઉત્પન્ન વેદરૂપી કલ્પવૃક્ષનું એ અમૃતફળ છે. એમાં આનંદસ્વરૂપ ભગવાનની દશવિધ લીલાઓનું સુંદર વર્ણન છે. આધિદૈવિક દૃષ્ટિથી એ ભગવાનનું રૂપ છે. ભગવાનના ઐશ્વર્યાદિ છ ગુણોનું એમાં વર્ણન હોવાથી એ ધર્મરૂપ પણ છે.

દ્વાદશસ્કંધ રૂપ ભાગવત અને શ્રીગોવર્ધન ધારણની એકાકારતા તથા પ્રભુની દશવિધલીલાઓ ભાગવતાર્થ નિબંધમાં બતાવવામાં આવી છે.

ભાગવતમાં ત્રણ પ્રકારની ભાષા છે. (૧) લૌકિક ભાષા (૨) પરમત ભાષા અને (૩) સમાધિ ભાષા. સમાધિ ભાષામાં વ્યાસજીએ પરતત્ત્વ અને લીલાનો અનુભવ પ્રકટ કર્યો છે અને શ્રુતિના સારભૂત સિદ્ધાન્તોનો પરિચય આપ્યો છે. માટે શ્રી વલ્લભ આ સમાધિ ભાષાને જ પ્રમાણ માને છે.

ભાગવતાર્થ પ્રકરણ નિબન્ધની રચના ભાગવતના સમ્યક જ્ઞાનને માટે જ થઈ છે. ભાગવતના સાત પ્રકારના અવિરોધી અર્થ શ્રી વલ્લભાચાર્યે કર્યા છે. (૧) શાસ્ત્રાર્થ (સમગ્ર ભાગવતનો અર્થ) (૨) સ્કન્ધાર્થ (૩) અધ્યાયાર્થ (૪) પ્રકરણાર્થ (૫) શ્લોકાર્થ (૬) પદાર્થ અને (૭) અક્ષરાર્થ. એમાંના શરૂઆતના ચાર પ્રકારના અર્થ ભાગવતાર્થ નિબંધમાં આપવામાં આવ્યા છે અને બાકીના ત્રણ અર્થ સુબોધિનીમાં આપવામાં આવ્યા છે અને આ સાતે પ્રકારના અર્થ એક જ ભાવની પુષ્ટિ કરે છે.

ભાગવતાર્થ પ્રકરણ પર સ્વયં શ્રી વલ્લભાચાર્યે 'પ્રકાશ' નામની ટીકા

લખી છે. આ ટીકા ચતુર્થ સ્કન્ધની ૩૩ મી કારિકા સુધી જ લખેલી છે. એની આગળની ટીકા શ્રી વિઠ્ઠલનાથજીએ લખેલી છે.

ત્યારબાદ ભાગવત પ્રકરણ ઉપર શ્રી પુરુષોત્તમજી, શ્રી કલ્યાણરાયજી, શ્રી બાલકૃષ્ણ ભટ્ટ અને ગુજરાતીમાં શ્રી કે. કા. શાસ્ત્રીએ 'ભાગવતાર્થ નિબંધ' નામની ટીકા લખી છે.

- **ભાગવત સૂક્ષ્મ ટીકા :**

શ્રી વલ્લભે ભાગવતાર્થ નિબંધ પ્રકરણની રચના પહેલાં અને 'સુબોધિની' પહેલા ભાગવત ઉપર સૂક્ષ્મ ટીકા લખેલી હતી. આ ગ્રંથના થોડા જ અંશો ઉપલબ્ધ છે. શ્રી વ્રજરાયજીના 'અંતઃકરણ પ્રબોધ'ના છઠ્ઠા શ્લોકના વિવરણ ઉપરથી ખબર પડે છે કે શ્રી વલ્લભે સૂક્ષ્મ ટીકા સંપૂર્ણ ભાગવત ઉપર લખી હતી. "भगवता श्री भागवतार्थ प्रकटनाय पूर्वमाज्ञसम्। तत्सूक्ष्मटीकाकरणेन कृतम् ततः सुबोधिन्यां उपचयो ग्रंथ-बाहल्यात्मा आरब्धः ।"

(૩) અણુભાષ્ય :

અણુભાષ્ય સંજ્ઞા :

શ્રી વલ્લભાચાર્ય રચિત વેદાંત સૂત્રો ઉપરના ભાષ્યને 'અણુભાષ્ય' કહેવાય છે. જોકે આચાર્યે પોતાના ભાષ્ય માટે 'અણુભાષ્ય' સંજ્ઞાનો ક્યાંય પણ ઉલ્લેખ કર્યો નથી. સર્વોત્તમ સ્તોત્રમાં પણ 'સૂત્રભાષ્ય પ્રદર્શક' એમ જ કહ્યું છે. શ્રી વિઠ્ઠલનાથજી કે ગોપેશ્વરજી વગેરેએ પણ પોતાની ટીકાઓમાં માત્ર 'ભાષ્ય' શબ્દનો જ પ્રયોગ કર્યો છે. જો કે પુરુષોત્તમજીએ પ્રકાશ ટીકાના અંતે આપેલા ઉપસંહારના એક શ્લોકમાં કહ્યું છે -

'प्रकाशमणुभाष्यस्य वितत्त्वन्पुरुषोत्तमः ।'

શ્રી તેલીવાલા અને પ્રો. મગનલાલ શાસ્ત્રીના મતે શ્રી વલ્લભે બે ભાષ્ય રચ્યા હશે. (૧) બૃહદ્ભાષ્ય અને (૨) અણુભાષ્ય. એમણે એનું સમર્થન કરતા પુરાવા પણ આપ્યા છે, પણ શ્રી વલ્લભે બૃહદ્ભાષ્ય રચ્યું હશે એ દલીલોમાં વિદ્વાનોને બહુ તથ્ય હોય એમ લાગતું નથી. અણુભાષ્ય, સુબોધિની, ષોડ્શ ગ્રંથો વગેરેની ભાષા એક સમાન છે જ્યારે કહેવાતા બૃહદ્ભાષ્યની ભાષા એનાથી ભિન્ન છે એટલે બૃહદ્ ભાષ્ય અને અણુભાષ્ય એમ બે ગ્રંથ હોવાની વાતમાં ખાસ વજૂદ નથી.

સામાન્યતયા લેખકો પોતાની કૃતિને એમાં પ્રતિપાદિત વિષયથી ઓળખાવે છે. વલ્લભાચાર્યના ભાષ્યને 'અણુભાષ્ય' સંજ્ઞા આપવામાં આવી છે તેનું કારણ જીવ વિભુ નહીં પણ અણુ છે અને એનો વિચાર એમના ભાષ્યમાં કરવામાં આવ્યો છે. શંકરાચાર્યના કેવલાદ્વૈત સિદ્ધાંતના વિરોધમાં જ વલ્લભાચાર્યે પોતાના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' નામ આપ્યું છે. કેમ કે બ્રહ્મ માયાવાળું છે, જ્યારે પોતાનું બ્રહ્મ માયારહિત હોવાથી શુદ્ધ છે. શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનનું સૂક્ષ્મ સૂચન પણ અણુભાષ્ય સંજ્ઞામાં રહેલું જણાય છે. અહીં અણુ શબ્દનો અર્થ **'જીવાણુત્વ પ્રતિપાદક'** એમ સમજીએ તો આ 'મધ્યમપદલોપી સમાસ' સંજ્ઞા આપવાનું રહસ્ય સમજાય છે. બ્રહ્મસૂત્રકાર પણ બ્ર. સૂ. ૨-૩-૨૧ થી ૨-૩-૩૨ સુધીના સૂત્રોમાં જીવને અણુ જ કહે છે. વેદ, ઉપનિષદો અને ગીતામાં પરમાત્માના અંશ તરીકે તેનો નિર્દેશ કરીને જીવને અણુ કહ્યો છે. માત્ર મુક્તિની અવસ્થામાં જ તેનામાં વિભુત્વના ધર્મો આવે છે. આથી જ તેમનું ભાષ્ય 'અણુભાષ્ય' કહેવાય છે.

અણુભાષ્યનું કર્તૃત્વ :

પ્રત્યેક લેખકની પોતાની આગવી ભાષા અને શૈલી હોય છે, જે એના લખાણમાં નજરે પડે છે. એ દૃષ્ટિએ જોઈએ તો અણુભાષ્યમાં પણ પૂર્વભાગ અને ઉત્તરભાગ વચ્ચે ભાષા અને શૈલીનો ભેદ સ્પષ્ટ જોઈ શકાય છે. શ્રી વલ્લભે પોતાના જીવન દરમિયાન જે કૃતિઓની રચના કરી હતી તેમાંની કેટલીક કૃતિઓ અપૂર્ણ રહી ગઈ હતી. આથી એમના વૈકુંઠવાસ પછી સુપુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ એમના અપૂર્ણ ગ્રંથોને પૂર્ણ કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. અણુભાષ્યના આરંભના ત્રીજા અધ્યાયના બીજા પાદના તેત્રીસમાં સૂત્ર (બ્ર. સૂ. અ. ભા. ૩-૨-૩) સુધી આચાર્યશ્રીએ રચ્યું છે. કારણ કે તેની ભાષા શૈલી વગેરે એમના તત્ત્વાર્થદીપ નિબંધ, સુબોધિની, ષોડશગ્રંથ વગેરે અન્ય ગ્રંથો જેવી છે. પણ બ્ર. સૂ. અ. ભા. ૩-૨-૩૩ પછી એમાં ભિન્નતા દેખાય છે, જેના કર્તા શ્રી વિઠ્ઠલનાથજીના અન્ય ગ્રંથો સાથે મળતી આવે છે. શ્રી વલ્લભની ભાષા સૂત્રાત્મક અને થોડા શબ્દોમાં ઘણું કહી દેવાની લાઘવપૂર્ણ શૈલી છે. જ્યારે ઉત્તરભાગની ભાષા પ્રાસાદિક, અલંકાર પ્રચૂર અને કવિત્વયુક્ત છે. શ્રી વિઠ્ઠલનાથજી પોતે કવિ હતા અને તેઓ વિસ્તારપૂર્વક સમજાવે છે. આમ બન્નેની વિવેચન પદ્ધતિમાં ફરક છે. વળી શ્રી વલ્લભે ઉપનિષદો, સ્મૃતિમાં શ્રીમદ્ ભાગવદ્ ગીતા અને ભાગવતમાંથી અવતરણો આપ્યા છે. જ્યારે શ્રી વિઠ્ઠલનાથજી એ માર્કંડેયપુરાણ અને ક્યારેક મહાભારતમાંથી પણ અવતરણો

આપ્યા છે. જે પદ્ધતિ એમના વિદ્વન્મંડન અને અન્ય ગ્રંથોમાં જોવા મળે છે. વળી શ્રી વિઠ્ઠલનાથજીએ પોતે જ પોતાના નામનો એમાં ઉલ્લેખ કર્યો જોવા મળે છે. જેમ કે विद्वन्माडेने श्रीविठ्ठलेन च । (બ્ર. સુ. અ. ભા. ૩-૨-૪૧)

બ્રહ્મસૂત્રના ચાર અધ્યાય છે. પ્રત્યેક અધ્યાયનું અધિકરણમાં વિભાજન કર્યું છે અને દરેક અધિકરણમાં પાદ અને દરેક પાદનું સૂત્રોમાં વિભાજન છે. સૂત્રોનું ચાર અધ્યાય, ૧૬ પાદ, ૧૮૯ અધિકરણ અને ૫૫૪ સૂત્રોમાં વિભાજન કર્યું છે. પ્રથમ અધ્યાય સમન્વય, બીજો અવિરોધ, ત્રીજો સાધન અને ચોથો ફલ અધ્યાય એમ નામ આપ્યાં છે.

શ્રી વલ્લભાચાર્યે પોતાના ભાષ્યમાં સૂત્રકારના મતને સ્પષ્ટ કરીને તથા જુદા જુદા અવતરણો દ્વારા એની પુષ્ટિ કરીને પોતાના 'બ્રહ્મવાદ'ના સિદ્ધાન્તની સ્થાપના કરી છે. શ્રી વલ્લભે પોતાના ભાષ્યમાં શબ્દ પ્રમાણનો જ સ્વીકાર કર્યો છે. એમણે સૂત્રકારનું અનુસરણ કરતા સ્પષ્ટ જણાવ્યું છે કે તત્ત્વજ્ઞાન ઉત્પ્રેક્ષામૂલક તર્કથી સિદ્ધ ન થઈ શકે. એ વિષયમાં શ્રુતિ જ એક માત્ર પ્રમાણ છે, શ્રુતિની સાથે સ્મૃતિ તથા અન્ય શ્રુતિનો વિરોધ ન કરતા હોય એવા શાસ્ત્રોને પણ પ્રમાણ તરીકે સ્વીકાર્યા છે.

શ્રુતિઓમાં બ્રહ્મ સપ્રપંચ અને નિષ્પ્રપંચ, સધર્મક અને અધર્મક એમ બન્ને રૂપે દૃષ્ટિગોચર થાય છે. શ્રી વલ્લભાચાર્યે બ્રહ્મના વિરુદ્ધ ધર્માશ્રય તત્ત્વનું પ્રતિપાદન કર્યું અને સૂત્રોને આધારે જ અવિકૃત પરિણામવાદને પણ પ્રસ્થાપિત કર્યો.

તેમણે પ્રતિપક્ષીના તર્કનો ઉંડાણથી અભ્યાસ કરીને એનું ખંડન કરતી વખતે પણ શાલીનતા અને સંયમનો પરીચય કરાવ્યો છે. એમનું વલણ આક્રમક નહીં પણ શાસ્ત્રીય અને વૈદિક મતને સ્પષ્ટ કરવાનું છે.

શ્રી વલ્લભે જુદા જુદા સૂત્રોનું ભાષ્ય કરતી વખતે પણ પોતાના વિવેચનને સંતુલિત કર્યું છે. કોઈ સૂત્રને વધારે મહત્ત્વ આપી એના પર વધારે વિસ્તાર પૂર્વક લખવું કે કોઈને ઓછું મહત્ત્વ આપવું એવું ક્યારેય કર્યું નથી. એમના લખાણમાં સર્વદા ગાંભીર્ય રહ્યું છે.

શ્રી વલ્લભ બાદ અણુભાષ્ય ઉપર પણ ઘણી ટીકાઓ અને વિવેચન લખાયા છે. શ્રી પુરુષોત્તમજીએ અણુભાષ્ય પ્રકાશ, શ્રી ગોપેશ્વરજીનું ભાષ્ય પ્રકાશ રશ્મિ તે ઉપરાંત ઘણા વિવેચન ગ્રંથો લખાયેલા છે. ગુજરાતીમાં પ્રો.

જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ, પ્રો. ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ તેમજ ડૉ. એ. ડી. શાસ્ત્રીના અનુવાદ ઉલ્લેખનીય છે.

● પત્રાવલમ્બન :

શ્રી વલ્લભાચાર્યે 'બ્રહ્મવાદ'નું પ્રતિપાદન કરી એનો વ્યાપક પ્રચાર - પ્રસાર કર્યો હતો. પણ એનાથી તે સમયના કેટલાક દ્વેષ ભાવવાળા પંડિતો અને વિદ્વાનો શ્રી વલ્લભ સાથે શાસ્ત્રાર્થ કરવાની અને એમને નીચા પાડવાની એક પણ તક છોડતા ન હતા. જ્યારે શ્રી વલ્લભ કાશીમાં ચાતુર્માસ કરવા રોકાયા હતા, ત્યારે પંડિતો એમના અભ્યાસ, ચિંતન અને લેખનમાં વારંવાર ખલેલ પહોંચાડતા હતા. આમ તો શ્રી વલ્લભ શાસ્ત્રાર્થ માટે હંમેશા તૈયાર હતા અને અનેકવાર અભિમાની પંડિતો અને વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી એ લોકોને નિરુત્તર કર્યા હતા. પણ જે પ્રશ્નોના અનેક વાર ઉત્તર આપી ચૂક્યા હતા એ જ પ્રશ્નો ફરી ફરી પૂછાતા કંટાળીને એમણે 'પત્રાવલંબન' નામે નાનો ગ્રંથ લખી એ સઘળા પંડિતોની શંકાઓનું સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો. પોતાના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતો એક નાનો ગ્રંથ 'પત્રાવલંબન' લખી એમને કાશી - વિશ્વેશ્વરના મંદિરના દ્વાર પર પ્રાંગણમાં ચીટકાવી દીધો. એમાં કુલ ૩૯ કારિકાઓ છે અને ગ્રંથ ગદ્યપદ્યાત્મક છે. કદાચ એનું નામકરણ પણ આચાર્યે નહીં પણ પાછળથી થયું હશે. પણ એ પત્રરૂપે લખવામાં આવ્યો હોવાથી 'પત્રાવલંબન' કહેવાયો. એનાથી લાભ એ થયો કે વિદ્વાનો પહેલા આ સિદ્ધાંતો વાંચીને જ સમાધાન મેળવી લેતા અને જેની પાસે બીજી કોઈ વધારે દલીલો કે વિચાર હોય ત્યારે આચાર્ય પાસે પહોંચતા હતા. આચાર્યશ્રી વિદ્વાનોનું હંમેશા સન્માન કરતા અને પત્રાવલંબનના ઉપસંહારમાં પણ એમણે સ્પષ્ટ કહ્યું છે કે શાસ્ત્રોની ચર્ચા કરવી એ તો બ્રાહ્મણોનું કાર્ય છે. જો આ પત્રમાં લખેલી વિગતમાં કોઈને સંદેહ હોય તો જરૂર ચર્ચા કરવા આવે.

પત્રાવલંબન સંપૂર્ણ ગ્રંથ ઉપલબ્ધ નથી પણ થોડી કારિકાઓ સચવાયેલી છે. વચ્ચેનો ભાગ તૂટી ગયો છે પણ બચેલી કારિકાઓ દ્વારા પણ વલ્લભના સિદ્ધાંતો જણાઈ આવે છે. એમાં વેદના પૂર્વકાંડ અને ઉત્તરકાંડનો સુંદર સમન્વય છે. વર્ણ વ્યવસ્થા અને આશ્રમ વ્યવસ્થાનો સ્વીકાર કરતાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થને ક્ષુદ્ર લૌકિક દૃષ્ટિએ ન લેતા એને પરમાત્માલક્ષી આધ્યાત્મિક વિચારથી એનું સમર્થન કર્યું છે. સાધ્ય - સાધન સંબંધમાં વેદ - વેદાન્તના અર્થ દ્વારા સામંજસ્ય અને અવિરોધ બતાવીને એના એકાર્થતા અને

વાક્યતા સિદ્ધ કરી છે. આ ગ્રંથમાં એમણે ઘોષણા કરી છે કે "વેદ અને વેદાન્તના અર્થનો 'બ્રહ્મવાદ' માં સમાવેશ થાય છે."

પત્રાવલંબનમાં એ વાત પણ નોંધવા જેવી છે કે એમાં કાશીપતિ મહાદેવનું સ્મરણ શ્રદ્ધાપૂર્વક કરવામાં આવ્યું છે અને એને કાશીવિશ્વેશ્વરના પ્રાંગણમાં ચોંટાડી મહાદેવ પ્રત્યે આદરભાવ બતાવ્યો છે. અને એ જ શ્રી વલ્લભની વ્યાપક દૃષ્ટિનો પરિચય કરાવે છે.

આ ગ્રંથ પર શ્રી પુરુષોત્તમજીએ તથા ગો. શ્રી હરિરાયજીએ વિવેચાત્મક ટીકાઓ લખી છે.

(૪) શ્રી સુબોધિની :

શ્રી વલ્લભાચાર્યે લખેલા ગ્રંથોમાં સુબોધિની ટીકાનું સ્થાન સર્વોપરિ છે. મહાપ્રભુજીએ એમાં એમનું હાર્દ રેડી દીધું છે અને એમાં પોતાના સિદ્ધાંતોના સાર આપ્યો છે. પુષ્ટિ સંપ્રદાયની સ્થાપના પછી શ્રી વલ્લભનું એક માત્ર ધ્યેય ભક્તિમાર્ગ - પુષ્ટિમાર્ગનો પ્રચાર કરવાનું હતું અને તે શ્રીમદ્ ભાગવત્ દ્વારા. ત્યાર પછી એમને માટે બ્રહ્મવાદ - વેદાંતનું વિવેચન પણ ગૌણ બની ગયા. અણુભાષ્ય પણ કદાચ એટલે જ અધુરુ છોડ્યું હશે. હવે એમનું એક માત્ર ધ્યાન સુબોધિની ઉપર જ કેન્દ્રિત હતું. એમાં વિઘ્ન ન આવે એ માટે તો તેઓ શ્રી કાશી છોડી અડેલ પધાર્યા. શ્રી માધવ ભટ્ટ કાશ્મીરી અને શ્રી વલ્લભ બન્નેનું કાર્ય સુપેરે ચાલતું હતું.

સુબોધિની લખતા પહેલા એમણે ભાગવત ઉપર સૂક્ષ્મ ટીકા તો લખેલી જ તે ઉપરાંત તત્ત્વાર્થદીપ નિબંધના 'ભાગવતાર્થ પ્રકરણ'માં એમણે શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયયાર્થ એ ચાર પ્રકારના અર્થોનું વિવેચન તો કરી જ ચૂક્યા હતા એટલે સુબોધિનીમાં વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થનું વિવેચન કર્યું છે.

સુબોધિનીની વિશેષતા એ છે કે આચાર્યશ્રીએ એમાં એનો અભિધાર્થ જ સ્વીકાર્યો છે. તેમણે લક્ષણના અર્થને ન કહેવાનું નક્કી કર્યું હતું પણ વ્યંજન શક્તિથી પણ તેઓ ગૂઢ અર્થ પ્રકટ કરે છે એટલે સુબોધિનીની ભાષા સરળ અને શૈલી સુંદર અને અર્થની દૃષ્ટિએ ગહન છે.

આચાર્યશ્રી આ મહાન ગ્રંથની ટીકા પૂરી ન કરી શક્યા. એમણે પ્રથમ અને દ્વિતિય સ્કંધની વિસ્તૃત ટીકા કરી છે. ત્યાર પછી ત્રીજા સ્કંધની તો એથી

પણ વધારે વિસ્તૃત ટીકા કરી છે પણ ત્યાર પછી એ ગંગાસાગરમાં માંદગીમાં પટકાયા ત્યારે એમને અહેસાસ થયો કે એમની પાસે હવે સમય બહુ થોડો રહ્યો છે એટલે અડેલ પાછા આવીને એમણે ભગવાન શ્રીકૃષ્ણની નિરોધ લીલાના દશમ સ્કંધની ટીકા પૂર્ણ કરી. એકાદશ સ્કંધની શરૂઆત કરી. આ મુક્તિ લીલાનો સ્કંધ છે. ચાર અધ્યાય પૂર્ણ કર્યા પછી જ્યારે એમને મધુવનમાં ફરી માંદગી આવી ત્યારે એમને લાગ્યું કે હવે તો ભગવાનની આજ્ઞા થઈ જ ગઈ છે. માધવ ભટ્ટ કાશ્મીરી પણ હવે રહ્યા નહોતા, એટલે એમણે કલમ થંભાવી દીધી અને ભક્તિમાર્ગીય સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો.

સુબોધિની ઉપર વિપુલ સાહિત્ય - વિવેચન લખાયું છે. શ્રી પુરુષોત્તમજીની 'સુબોધિની - પ્રકાશ' વગેરે મહત્ત્વપૂર્ણ છે. ગો. શ્રી વિઠ્ઠલનાથજી દ્વારા રચિત 'ટિપ્પણી'માં સુબોધિનીના રહસ્યને પ્રદર્શિત કર્યું છે અને અઘરા લખાણનું સ્પષ્ટીકરણ અને વિવેચન કર્યું છે. દશમ સ્કન્ધ ઉપર તો સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી ભાષામાં વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે.

● પુરુષોત્તમ સહસ્રનામ :

શ્રી વલ્લભાચાર્ય દ્વારા રચાયેલ પુરુષોત્તમ સહસ્રનામ પૂર્ણપુરુષ પુરુષોત્તમ ભગવાન વિષ્ણુના એક હજાર પંચોતેર નામનું સંકલન છે. કહેવાય છે કે શ્રી વલ્લભના મોટા પુત્ર શ્રી ગોપીનાથજીનો નિયમ હતો કે શ્રીમદ્‌ભાગવતનો સંપૂર્ણ પાઠ ન કરે ત્યાં સુધી ભોજન લેવું નહીં. તેથી ભોજનમાં વિલંબ થતો હતો. શ્રી ગોપીનાથજીને તો ક્યાંય વાંધો ન હતો પણ એમના માતુશ્રીએ શ્રી વલ્લભને વિનંતી કરી. એ પછી એમણે વિષ્ણુસહસ્ર નામનું સંકલન કર્યું. આ ગ્રંથમાં ભગવાનના નામ ભાગવતના જુદા જુદા સ્કંધોની લીલાઓને આધારે સ્કંધોના ક્રમ પ્રમાણે લેવામાં આવ્યા છે અને આખું સ્તોત્ર શાસ્ત્રીય પદ્ધતિથી રચાયેલું છે. એમાં હજાર નામ ભાગવતમાંથી અને પંચોતેર નામ બીજા પુરાણોમાંથી લેવામાં આવ્યા છે અને ગ્રંથમાં કુલ ૨૫૬ શ્લોક છે.

(૫) ષોડશ - ગ્રંથ :

શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિ માર્ગના પાયાના સિદ્ધાંતો પોતાના અનુયાયીઓને સમજાવવાના ઉદ્દેશથી જુદા જુદા પ્રસંગોએ નાના નાના સોળ ગ્રંથોની રચના કરી હતી. આ ગ્રંથો 'ષોડશ્-ગ્રંથ'ના નામે જાણીતા છે. આ ગ્રંથોમાં વેદ, ગીતા અને ભાગવત સંમત સિદ્ધાંતો તથા પુષ્ટિ માર્ગની આધારભૂત માન્યતાઓનો પરિચય આપ્યો છે. આ ગ્રંથો સરળ સંસ્કૃત ભાષામાં લખાયેલા

છે. 'ષોડશ-ગ્રંથો'નું સ્થાન પુષ્ટિ સંપ્રદાયમાં વિશિષ્ટ છે એટલે એને આ માર્ગની 'ગીતા' પણ કહી છે અને તેને 'વલ્લભ ગીતા' પણ કહેવામાં આવે છે. તેને પુષ્ટિમાર્ગના ઉપનિષદો પણ કહી શકાય કારણ કે તેમાં પુષ્ટિ માર્ગના સર્વ સિદ્ધાંતોનો નિચોડ છે. એ સૂત્રાત્મક શૈલીમાં એટલે કે ખૂબ ઓછા શબ્દોમાં રચાયેલા છે પણ તેમાં ભારોભાર અર્થ રહેલા છે.

આમાંનો દરેક ગ્રંથ આમ તો જુદા જુદા પ્રસંગોએ સ્વતંત્ર રીતે લખાયેલા છે. પરંતુ તેમાં દરેક ગ્રંથનું એક બીજા સાથે અનુસંધાન પણ જોઈ શકાય છે.

● યમુનાષ્ટકમ્ :

આમાંનો સૌપ્રથમ ગ્રંથ 'યમુનાષ્ટક' છે. પ્રભુપ્રાપ્તિ માટે સાંસારિક વિષયોમાં આસક્ત જીવનો સ્વભાવ શ્રી યમુનાજીની કૃપાથી બદલાય છે. શ્રી આચાર્યજી પરિક્રમા કરતાં કરતાં જ્યારે મથુરા પધાર્યા અને વિશ્રામઘાટ ઉપર મુકામ કર્યો, ત્યારે પૃથ્વી છંદમાં રચેલ શ્રી યમુનાષ્ટકમ્ સ્તોત્ર દ્વારા શ્રી યમુનાથજીના દિવ્ય સ્વરૂપની સ્તુતિ કરી. એના આઠ શ્લોકમાં શ્રી યમુનાજીના આઠ ઐશ્વર્યોનું, તેમના અલૌકિક અદ્‌ભૂત સ્વરૂપનું અને તેમના દિવ્ય ધર્મોનું વર્ણન કર્યું છે. આચાર્યશ્રીએ જ્યારે ગંગોત્રી - યમુનોત્રીની યાત્રા કરી હતી ત્યારે તેમના મન ઉપર યમુનાજીના અલૌકિક કુદરતી સૌંદર્યની ઘેરી અસર થયેલી. વળી શ્રી યમુનાજીની ગોદમાં ખેલીને તો શ્રીકૃષ્ણનું બાળપણ વિત્યું અને અદ્‌ભૂત લીલાઓ પણ ત્યાંજ કરેલી એટલે શ્રી વલ્લભને યમુનાજી પ્રત્યે પક્ષપાત હોય એ સ્વાભાવિક છે. ગોકુલમાં યમુનાજી ઘાટ ઉપર જ એમને દિવ્ય અનૂભુતિ થયેલી અને સિદ્ધાંત - રહસ્યમાં જણાવ્યા પ્રમાણે એમને પ્રભુ દ્વારા બ્રહ્મસંબંધની આજ્ઞા થયેલી.

આધિદૈવિક સૂર્યના પુત્રી અને યમના ભગિનિ શ્રી યમુનાજી ભક્તો ઉપર કૃપા કરવા પધાર્યા છે. એમનું આધિભૌતિક જળ સ્વરૂપ અને કુદરતી સૌંદર્ય પણ અદ્‌ભુત અને અત્યંત શોભાયમાન છે. શ્રી યમુનાજી પોતાના ભક્તોને અષ્ટસિદ્ધિ અને અષ્ટ ઐશ્વર્યનું દાન કરે છે. આમ પુષ્ટિ સંપ્રદાયમાં 'યમુનાષ્ટકમ્' ના પાઠ કરવાનું અને 'યમુના પાન' કરવાનું ખૂબ જ મહાત્મ્ય છે. સંપ્રદાયમાં 'યમુનાષ્ટક' પર તો વિપુલ સાહિત્ય રચાયેલું છે.

● બાલબોધ :

અંબાલામાં નારાયણદાસ કાયસ્થ થઈ ગયા. તેઓ શ્રી મહાપ્રભુજીને

શરણે આવ્યા. થોડા દિવસ રહ્યા પછી એમણે ઘરે જવાની આજ્ઞા માગી અને કહ્યું કે "આચાર્યશ્રી, આટલા દિવસ આપની પાસે રહ્યા, પણ મારા અંતઃકરણમાં કંઈ બોધ ન થયો." ત્યારે શ્રી મહાપ્રભુજીએ એમને 'બાલબોધ' ગ્રંથ સમજાવી જ્ઞાન આપ્યું.

આ ગ્રંથમાં આચાર્યશ્રીએ પુરુષાર્થો પર વિચાર કર્યો છે. ધર્મશાસ્ત્રો જાણવા ઈચ્છનારાઓને ખૂબ જ સંક્ષેપમાં તેના સર્વે સિદ્ધાંતોનો સાર કહ્યો છે, અને ચાર પુરુષાર્થો વિશે વિગતે નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ચાર પુરુષાર્થોને બે પ્રકારના ગણાવ્યા છે. (૧) ઈશ્વર વિચારિત (૨) જીવ વિચારીત. ઈશ્વર વિચારીત અલૌકિક પુરુષાર્થોનું વર્ણન વેદોમાં છે અને જીવ વિચારીત પુરુષાર્થોનું વર્ણન સ્મૃતિઓ, નીતિશાસ્ત્રો, કામશાસ્ત્ર વગેરેમાં છે. પુષ્ટિમાર્ગમાં આ પુરુષાર્થોનું જીવનમાં કોઈ લક્ષ્ય નથી માનવામાં આવ્યું. શ્રી વલ્લભાચાર્યના મત પ્રમાણે તો પ્રભુ - સેવા જ ધર્મ છે, શ્રી હરિ જ અર્થ છે, શ્રી હરિના દર્શનની ઈચ્છ જ એકમાત્ર મોક્ષ છે. બાલબોધમાં ૧૯$\frac{૧}{૨}$ શ્લોક છે. તેમાં એક શ્લોક પ્રાસ્તાવિક છે અને અંતિમ ઉપસંહાર રૂપે છે. બાકીના ૧૮ શ્લોકમાં ધર્મશાસ્ત્રોનું નિરૂપણ છે.

● સિદ્ધાંત - મુક્તાવલી :

અચ્યુતદાસ નામના એક વૈષ્ણવ મથુરાના વતની હતા. તેઓ શ્રી મહાપ્રભુના સેવક થયા. શ્રી મહાપ્રભુજીએ 'સિદ્ધાંત - મુક્તાવલી' ગ્રંથ રચીને તેને ઉપદેશ આપ્યો. આ ગ્રંથ પુષ્ટિ માર્ગનો એક ઉત્કૃષ્ટ અને મનનીય ગ્રંથ છે. સ્વયં શ્રી મહાપ્રભુજીએ કહ્યું છે કે આ ગ્રંથમાં સર્વ શાસ્ત્રોના ગુપ્ત તત્ત્વનું નિરૂપણ કર્યું છે, જે જાણીને વ્યક્તિ સર્વ સંશયોથી મુક્ત થઈ જાય છે. એમાં ભગવાન શ્રીકૃષ્ણને પરબ્રહ્મ માનવામાં આવ્યા છે અને કૃષ્ણ સેવાને પુષ્ટિમાર્ગનું પરમ કર્તવ્ય માનવામાં આવ્યું છે. સેવાની પરિભાષા એટલે 'પ્રભુમાં ચિત્તને પરોવી દેવું.'

આ ગ્રંથમાં પુષ્ટિ માર્ગના સેવાના સિદ્ધાંતો રૂપી મોતી ગૂંથી સુંદર માળા બનાવી છે, તેથી તેને 'સિદ્ધાંત - મુક્તાવલી' નામ આપ્યું છે. સેવાના બે પ્રકાર છે. (૧) તનુ-વિત્તજા અને માનસી. માનસી સેવાને ઉત્કૃષ્ટ અને ફલરૂપા બતાવીને તનુજા - વિત્તજાને એની સિદ્ધિ માટે ઉપયોગી માનવામાં આવી છે. એ જ રીતે પરબ્રહ્મ શ્રીકૃષ્ણના ત્રણ સ્વરૂપ બતાવ્યા છે. (૧) આધિદૈવિક સ્વરૂપ - પરબ્રહ્મ - ભગવાન પોતે (૨) આધ્યાત્મિક સ્વરૂપ - અક્ષરબ્રહ્મ (૩) આધિભૌતિક સ્વરૂપ - સર્વે જગત રૂપ.

આમાં ભક્તોની પણ પાંચ કક્ષા બતાવી છે. (૧) ઉત્તમકક્ષા - જે અનન્ય મનથી કૃષ્ણને ભજે છે. (૨) અક્ષરબ્રહ્મ - પ્રભુને જ્ઞાન દ્વારા મેળવવા પ્રયત્ન કરે તે મધ્યમ કક્ષા. (૩) અહંતા - મમતા ન છૂટવાથી દુઃખ થાય છતાં પ્રભુ ચિંતન કરે તે હીન કક્ષા. (૪) લૌકિક ઈચ્છા રહેવાથી જ્ઞાન ન હોય છતાં ભગવદ્ સ્થાનમાં રહી સેવા - સ્મરણ કરવું એ ચોથી કક્ષા (૫) પ્રભુ સમીપ રહેવા છતાં સેવાની ઈચ્છા ન થાય તે પાંચમી કક્ષા.

ટૂંકમાં ભગવદ્ ભક્તિની શ્રેષ્ઠતા બતાવી છે.

● પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા ભેદ :

આ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યે પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એમ ત્રણ જુદા જુદા માર્ગ બતાવ્યા છે. પુષ્ટિમાર્ગ એ ભક્તિમાર્ગ છે, વેદ માર્ગ એ મર્યાદા માર્ગ છે અને જન્મ - મરણનું અતૂટ દુષ્ચક્ર એ પ્રવાહ માર્ગ છે. પુષ્ટિ માર્ગમાં પ્રભુનો અનુગ્રહ એ જ સાધન છે, મર્યાદા માર્ગ એ વેદોક્ત સાધન છે. પ્રવાહમાં કામ્ય અને અસત્ કર્મ સાધન છે. પુષ્ટિમાર્ગનું ફળ શ્રી હરિ છે, મર્યાદામાર્ગનું ફળ મોક્ષ છે અને પ્રવાહ માર્ગનું પરિણામ જન્મ - મરણના ચક્રમા ભટકતા રહેવું કે જેનો કોઈ અંત નથી. પુષ્ટિમાર્ગીય જીવ મર્યાદા માર્ગીય અને પ્રવાહી જીવોથી ચોક્કસ રૂપે જુદા છે. એમનું તો જીવન જ ભગવદ્ સેવા માટે છે.

પુષ્ટિ માર્ગીય જીવ બે પ્રકારના છે. શુદ્ધ પુષ્ટિ અને મિશ્ર પુષ્ટિ જીવ. શુદ્ધ પુષ્ટિ જીવ અત્યંત દુર્લભ છે. મિશ્ર પુષ્ટિ જીવના પણ આચાર્યશ્રીએ સુક્ષ્મ ભેદ બતાવ્યા છે. આ બધાં જીવોની ઉત્પત્તિ, તેમનું સ્વરૂપ, તેમના લક્ષણો, તેમના કાર્ય અને તેમને પ્રાપ્ત થતું ફળ વગેરે આ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ વિગતે સમજાવ્યું છે.

આ ગ્રંથ અપૂર્ણ ઉપલબ્ધ છે એટલે મર્યાદામાર્ગીય જીવો અને પ્રવાહી જીવોનું પૂરતું વિવેચન મળતું નથી.

● સિદ્ધાંત રહસ્ય :

પુષ્ટિ માર્ગ આત્મનિવેદનનો માર્ગ છે. 'સિદ્ધાંત - રહસ્ય' ગ્રંથ પુષ્ટિ માર્ગી નિવેદન - દીક્ષા પ્રકારના અવતરણ સંબંધી ભગવદ્ આદેશના સુવર્ણ કોષ સમાન છે. ભગવાનની આજ્ઞાથી 'બ્રહ્મસંબંધ' દીક્ષાની શુભ શરૂઆત થઈ. બ્રહ્મસંબંધથી દેહ અને જીવના સર્વ દોષોની નિવૃત્તિ થઈ જાય છે. પછી દોષ, દોષ નથી રહેતા જેણે બ્રહ્મસંબંધના રૂપમાં આત્મનિવેદન કર્યું હોય છે

તેને માટે અસમર્પિત વસ્તુ સર્વથા ત્યાજ્ય છે અને એ જ પુષ્ટિમાર્ગની આચારસંહિતાનો મૂળ આધાર છે.

આ ગ્રંથ વેદતુલ્ય છે, કારણ કે આ વાણી સાક્ષાત્ શ્રી ઠાકોરજીની જ છે કારણ કે પહેલા જ શ્લોકમાં આચાર્યશ્રી કહે છે કે "સાક્ષાત્ પ્રભુએ જે કંઈ કહ્યું છે તે અક્ષરશઃ કહું છું."

"श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद भगवता प्रोक्तं तदक्षरशः उच्यते ॥ १ ॥"

"ચોરાસી વૈષ્ણવની વાર્તા" માં પ્રસંગનું વર્ણન છે. મહાપ્રભુજી એ દિવસોમાં ચિંતામગ્ન રહેતા હતા કે સામાન્ય જીવોને માટે ભગવદ્ કૃપાનો શું માર્ગ હોઈ શકે. જીવ તો દોષયુક્ત છે અને પ્રભુ તો દોષરહિત દિવ્ય છે. તો જીવના દોષોની નિવૃત્તિ થાય અને એ ભગવદ્ સેવા માટે યોગ્યતા પ્રાપ્ત કેવી રીતે કરી શકે. તે સમયે જ મહાપ્રભુજીને શ્રાવણ માસના શુક્લ પક્ષની એકાદશીએ મધ્યરાત્રીએ ગોકુલના ગોવિન્દ ઘાટ પર આ 'બ્રહ્મસંબંધની' દીક્ષાની ભગવદ્ પ્રેરણા થઈ. ત્યાર પછી પાસે સૂતેલા દામોદર દાસને આચાર્યશ્રીએ પૂછ્યું, "દમલા, તે કંઈ સાંભળ્યું ?" ત્યારે દામોદર દાસ હરસાનીએ કહ્યું કે "સાંભળ્યું તો ખરું પણ સમજણ ન પડી." ત્યારે આચાર્યશ્રીએ બારસની સવારે દામોદરદાસને પ્રથમ બ્રહ્મ સંબંધની દીક્ષા આપી. ત્યાર પછી ગોપાલદાસ ક્ષત્રીને પણ 'સિદ્ધાંત - રહસ્ય' ગ્રંથ દ્વારા માર્ગના સિદ્ધાંતો સમજાવ્યા.

● નવરત્નમ્ :

ઉત્તર ગુજરાતમાં આવેલા ખેરાળું ગામના રહેવાસી ગોવિંદ દવે (દુબે) . તેઓ શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યા અને ઠાકોરજી પધરાવી સેવા કરે પણ સેવામાં મન લાગે નહીં. મનમાં ખૂબ વ્યગ્રતા રહે. તેથી તેમણે શ્રી મહાપ્રભુજીને આ બાબતનો પત્ર લખ્યો. ગોવિંદ દવેના મનની વ્યગ્રતા દૂર કરવા આચાર્યશ્રીએ આ ગ્રંથ રચી એને મોકલ્યો અને 'નવરત્નનો' પાઠ કરવાથી એમના મનની વ્યગ્રતા, ચિંતા વગેરે દૂર થયા.

આ ગ્રંથમાં ચિંતાની શાંતિ માટે નવ રત્ન રૂપી નવ શ્લોકો શ્રી મહાપ્રભુજીએ રચેલા છે.

બ્રહ્મસંબંધી જીવે દૃઢ વિશ્વાસ રાખવો અને પ્રભુ તેની લૌકિક ગતિ કદાપી નહીં કરે એવી શ્રદ્ધા રાખવી. શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભક્તે સ્વાર્થ

પૂર્તિ માટે કે ભગવત સેવાર્થે કોઈ ચિન્તા કરવી નહીં. આત્મ નિવેદન કરવાવાળી વ્યક્તિઓ જરૂરી છે કે જીવનમાં સુખ-દુઃખ જે પણ આવે તેને ભગવદ્ ઈચ્છા માની એનો સ્વીકાર કરે અને કોઈ જાતની ચિન્તા ન કરે. તેણે વિચારવું જોઈએ કે પ્રભુ પોતાની ઈચ્છાથી સર્વ કાર્ય કરશે. આત્મનિવેદનનો પ્રભુ અંગિકાર કરે જ છે, માટે તેની ચિન્તા કરવી નહી. પ્રભુ સર્વસમર્થ છે અને બધાંનાં સર્વ દુઃખ અને પાપની નિવૃત્તિ કરે છે. કોઈ લૌકિક કે વૈદિક કાર્યમાં વિઘ્ન આવે તો તેની ચિન્તા ન કરતાં તેને ભગવદ્કૃપા માનવી સેવા ગુરુની આજ્ઞા પ્રમાણે થાય કે વિશેષ ભગવદ્ આજ્ઞા થાય તો તેમ કરવું પણ ચિત્ત સદા ભગવદ્ સેવામાં રાખવું. સેવામાં ચિત્તને ઉદ્વેગ થાય તો પણ પ્રભુની લીલા માનવી ચિંતાને દૂર કરવાનો સૌથી સરળ મંત્ર છે. અષ્ટાક્ષર મંત્ર 'શ્રી કૃષ્ણ શરણમ્ મમ' નું સતત રટણ કરવું.

જીવનના ચઢાવ - ઊતાર અને કઠિનમાં કઠિન પરિક્ષાની ક્ષણોમાં વૈષ્ણવોને માટે આ ગ્રંથ માર્ગદર્શક અને શાંતિ - સુખદાયી છે. આ ગ્રંથ ઉપર પણ વિપુલ સાહિત્ય રચાયેલું છે.

● અંતઃકરણ પ્રબોધ :

'અંતકરણ પ્રબોધ' ગ્રંથમાં આત્મનિવેદન કરવાવાળા સેવકનું કર્તવ્ય પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એમ બતાવ્યું છે. ભગવાન પૂર્ણતઃ દોષ રહિત અને સત્યસંકલ્પ છે. તેઓ લૌકિક સ્વામીના જેવા નથી એટલે ભક્તિપૂર્વક સર્વ સમર્પણ કરવાથી ભક્ત કૃતાર્થ, નિશ્ચિન્ત અને સુખી રહે છે. સેવક પોતાના ધર્મનું પાલન કરે, તો પ્રભુ તો પોતે ભક્તનું કલ્યાણ કરે જ છે. ભગવદ્ આજ્ઞા પાળવા માટે સદા તત્પર રહેવું જોઈએ. એમાં કોઈ પ્રકારનો મોહ ન હોવો જોઈએ. પ્રભુ અંગીકૃત જીવને ક્યારેય તરછોડતા નથી. આત્મનિવેદન દ્વારા જીવના દોષોની નિવૃત્તિ થઈ એને ઉત્તમતા અને સન્માન પ્રાપ્ત થાય છે.

આ ગ્રંથની રચના મહાપ્રભુજીએ 'સુબોધિની' લખ્યા પછી કરી છે. એમાં દેશ - દેહ - ત્યાગ વિષયક ત્રણ ભગવદ્ આજ્ઞાઓનો ઉલ્લેખ છે. પહેલા ગંગા - સાગરમાં અને પછી મધુવનમાં એમ બે વાર ભગવદ્ આજ્ઞા થઈ હતી પણ એનું પાલન ન થઈ શક્યું. હવે ત્રીજી વાર દેશ - દેહ - ત્યાગની ભગવદ્આજ્ઞા થઈ છે. એનું પાલન તો કરવું જ પડશે. એટલે આ આજ્ઞાપાલનમાં કૃતાર્થતાનો અનુભવ કરવો જોઈએ. એટલે એવું જણાય છે કે ત્રીજી વાર ભગવદ્ આજ્ઞા થઈ ત્યારે એ સમયની અલૌકિક મનઃસ્થિતિનું વર્ણન આ

ગ્રંથમાં દેખાય છે. બે આજ્ઞા ન માનનાર, ત્રીજી આજ્ઞા વખતે પોતાના અંતઃકરણને બોધ આપવા માટે આચાર્યશ્રીએ આ ગ્રંથની રચના કરી હોય એવું લાગે છે. પરંતુ આ ગ્રંથ દ્વારા વાસ્તવમાં તો આપણાં અર્થાત્ ભક્તોના અંતઃકરણે જ બોધ લેવાનો છે.

● વિવેક - ધૈર્યાશ્રય :

આ ગ્રંથ ક્યારે અને કયા પ્રસંગે લખાયો એની કોઈ માહિતી નથી. વિવેક, ધૈર્ય અને આશ્રય વિના સેવા - ભક્તિ સિદ્ધ થતી નથી. સેવા માટે એ ત્રણે જરૂરી છે.

વિવેક :

વિવેક એટલે 'हरिः सर्व निजेच्छातो करिष्यति ।' પ્રભુ નિજ ઈચ્છાથી જ સર્વ કરે છે એવી ભાવના હોવી. 'ભગવાન સર્વસમર્થ, સર્વાત્મા તથા અંતર્યામી છે' એવા ભગવદ્ ભાવ 'વિવેક' કહેવાય છે. હું ભગવાનનો અંશ છું, દાસ છું આવી 'વિવેક'ની ભાવના આવવાથી ચાર પ્રકારના અવિવેકની વૃત્તિઓ ઘર કરી જાય છે.

(૧) **પ્રાર્થનાની વૃત્તિ** - એટલે કે નાની નાની વાતોમાં પ્રભુ પાસે યાચના કરવી. થોડું દુઃખ પડતાં જ કે પછી આપણી ક્ષુદ્ર મનોકામનાની પૂર્તિ માટે આપણે વારંવાર ભગવાન પાસે પ્રાર્થના કરવા લાગીએ છીએ. ભગવાન તો સર્વજ્ઞ, છે પછી આવી તુચ્છ માગણીઓ શા માટે ? આમ કષ્ટ નિવૃત્તિ અથવા કામના પૂર્તિ માટે માગણી ન કરવી એ વિવેકનું પ્રથમ લક્ષણ છે.

(૨) **અભિમાનની વૃત્તિ** - પ્રાર્થના ત્યાગની જેમ જ અભિમાનનો ત્યાગ પણ આવશ્યક છે. આપણા પુરુષાર્થ પર અથવા નાનીશી સફળતા ઉપર અહંકાર કરવો એ પણ અવિવેક જ કહેવાય. આપણા દ્વારા જે કંઈ કાર્ય થાય છે એમાં આપણે તો માત્ર નિમિત્ત છે એ ભાવના 'વિવેક' કહેવાય છે.

(૩) **હઠાગ્રહની વૃત્તિ** - અભિમાનની જેમ આપણે અકર્મણ્ય બનીને હઠાગ્રહી બની જઈએ એ પણ યોગ્ય નથી. ભગવાને કરવું હશે તો કરશે એમ માનીને હઠાગ્રહથી અકર્મણ્ય બનીને પુરુષાર્થ કરવો છોડી દેવો એ પણ 'અવિવેક' જ ગણાય.

(૪) **આગ્રહની વૃત્તિ** - ક્યારેક ભક્ત ખોટો આગ્રહ લઈને બેસી જાય છે એ વૃત્તિ પણ ખોટી છે - અવિવેક છે. પ્રભુની આજ્ઞાનું પાલન કરવા કોઈ પણ સંજોગોમાં તત્પર રહેવું એ જ વિવેકશીલ વ્યક્તિનું કર્તવ્ય છે. (ગ્રંથ પરિચય - ગો. સ્વામી શ્યામ મનોહરજી)

ધૈર્ય :

જન્મથી મૃત્યુ સુધી દરેક પ્રકારના દુઃખોને ધીરજપૂર્વક સહન કરવા એ ધૈર્ય છે. 'દુઃખોને સહન કરવા' મતલબ કે દુઃખોનો સ્વીકાર કરવો, એનો પ્રતિકાર ન કરવો એ ધૈર્ય છે. આધિભૌતિક, (સાંસારિક) આધ્યાત્મિક (ઈન્દ્રિયો અને માનસિક દુઃખ) આધિદૈવિક (ક્યારેક ભાગવદ્ સેવા સંબંધમાં પણ દુઃખ પહોંચે) એ ત્રણે પ્રકારના દુઃખોને સહન કરવા એનું નામ ધૈર્ય. ક્યારેક હરિ ઈચ્છાએ પ્રતિકાર થઈ જાય તો ઠીક છે, તો દુઃખ સહન કરવાનો ખોટો આગ્રહ પણ ન કરવો અને એ પ્રભુના અનુગ્રહથી જ શક્ય છે.

આશ્રય :

ઐહિક - પારલૌકિક સર્વ બાબતમાં એક માત્ર હરિનો જ સહારો લેવો એ આશ્રય છે. આશ્રયની દઢતાના પણ ચાર ઉપાય છે. (૧) મન અને વાણીથી નિરંતર શરણભાવના (૨) કાયિક, વાચિક અને માનસિક રૂપે અન્યાશ્રયનો ત્યાગ કરવો. (૩) પ્રભુ ઉપર હંમેશા દઢ વિશ્વાસ રાખવો કે એ સર્વદા મારું કલ્યાણ જ કરશે. ક્યારેય પણ પ્રભુ પર શંકા કે અવિશ્વાસ ન કરવો. (૪) સુખ-દુઃખ જે મળે તેનો સ્વીકાર કરવો. કલિયુગમાં એક માત્ર શરણમાર્ગ જ સુલભ છે. "ભગવાનનું **શરણ યા ચરણ** પોતે જ માર્ગ પણ છે અને ગન્તવ્ય સ્થાન (ફળ) પણ છે." "एवमाश्रयणं प्रोक्तं सर्वेषां सर्वदा हितम् ...."

આ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યે સર્વાંગીણ વૈષ્ણવ જીવન પદ્ધતિની રજુઆત કરી છે. વિવેક બુદ્ધિનો ધર્મ છે, ધૈર્ય શરીરનો ધર્મ છે અને આશ્રય એ અંતઃકરણનો ધર્મ છે.

શ્રી કૃષ્ણાશ્રય :

શ્રી મહાપ્રભુજીએ 'કૃષ્ણાશ્રય' ગ્રંથમાં તેમના સમયની દેશ - કાલ સ્થિતિનું યથાર્થ ચિત્રણ આપ્યું છે. તત્કાલીન પરિસ્થિતિઓ તથા સંપૂર્ણ કલિકાળમાં જીવોના ઉદ્ધારનો એક એક માત્ર ઉપાય છે દીનતાપૂર્વક પ્રભુની પ્રાર્થના કરીને એના આશ્રયમાં જવું. આ જ વિનંતી 'કૃષ્ણાશ્રય'માં છે.

ભાગવતાર્થ નિબન્ધના દ્વાદશ સ્કન્ધાર્થ પ્રકરણમાં મહાપ્રભુજીએ કહ્યું છે, "कृष्ण एवाश्रयो मतः ।" આજ વાક્યને 'કૃષ્ણાશ્રય' સ્તોત્રમાં 'कृष्ण एव गतिर्ममः' ના રૂપમાં રાખ્યું છે.

અન્યાશ્રય - રહિત કેવળ કૃષ્ણાશ્રય જ ઉચિત છે, એ બતાવવાને માટે અન્યોના આશ્રયની વિફલતા બતાવવી જરૂરી છે. તે માટે આ સ્તોત્રમાં પ્રથમ ત્રણ શ્લોકમાં લોકાશ્રય (દેશ - કાલ)ની વિફળતાનું નિરૂપણ કર્યું છે. બીજા ત્રણ શ્લોકમાં ધર્માશ્રયની નિષ્ફળતાનું નિરૂપણ કર્યું છે. તે પછીના ત્રણ શ્લોકમાં કૃષ્ણાશ્રયની મહત્તાનું નિરુપણ અનુક્રમે કર્મ માર્ગીય, જ્ઞાનમાર્ગીય તથા ભક્તિ માર્ગીય દૃષ્ટિકોણથી કરવામાં આવ્યું છે. છેલ્લા બે શ્લોકમાં પ્રપત્તિમાર્ગના ઉપદેશ દ્વારા સંપૂર્ણ નિર્ભયતાનું વરદાન આપ્યું છે.

બીજી રીતે જોઈએ તો શરૂઆતના ૬ શ્લોકમાં દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર, તથા કર્મ કે જે ધર્મના છ આવશ્યક અંગ છે તેની નિષ્ફળતા બતાવી કૃષ્ણાશ્રય, જગદાશ્રય, વેદાશ્રય, ભક્તિ આશ્રય તથા ભાગવતાશ્રય - એમ પાંચ શ્લોકોમાં ભગવદ્ આશ્રયની મહત્તાનું નિરુપણ કર્યું છે.

ત્રીજી રીતે જોઈએ તો શરૂઆતના નવ શ્લોકોમાં નવવિધ લીલાર્થ ગૃહિત વિભૂતિરૂપોનો અન્યાશ્રય છોડાવવા માટે નવ શ્લોકમાં કૃષ્ણ એવ ગતિર્મમ કહીને અન્યાશ્રયનો વિરોધ કરી દશમાં શ્લોકમાં કૃષ્ણાશ્રયને સુદૃઢ કર્યો છે અને ૧૧ માં શ્લોકમાં ફળશ્રુતી કહી છે. (ગ્રંથ પરિચય - ગોસ્વામી શ્યામ મનોહરજી)

આમ એક જ સ્તોત્રમાં મહાપ્રભુજીએ અનેક અર્થ છાયાવાળા કૃષ્ણાશ્રયનું નિરુપણ બુલા મિશ્રાને સમજાવ્યું છે. બુલા મિશ્રા મહાપ્રભુજીને શરણે આવ્યા અને મહાપ્રભુજીએ તેમને 'કૃષ્ણાશ્રય' ગ્રંથ રચીને સમજાવ્યો. ત્યાર બાદ તેમને બધાં શાસ્ત્ર - પુરાણ વગેરેના આશયનું જ્ઞાન થયું. ઉપરાંત 'કૃષ્ણાશ્રય'માં મહાપ્રભુજીએ પોતાના યુગનું યથાર્થ ચિત્રણ આપ્યું છે અને તત્કાલીન પરિસ્થિતિયોમાં અને સંપૂર્ણ કળિકાળમાં જીવના ઉદ્ધાર માટે 'કૃષ્ણાશ્રય' એક જ આશ્રય અને માર્ગ છે એ દર્શાવ્યું છે.

● ચતુ:શ્લોકી :

ગોધરાના રાણા વ્યાસને પોતાની વિદ્વતાનું ખૂબ અભિમાન પણ કાશીમાં વાદ કરવા ગયા, ત્યાં વાદ-વિવાદમાં હાર્યા. તેથી ગંગાજીમાં ડૂબી આપઘાત

કરવા ગયા ત્યારે ત્યાં તેમને શ્રી મહાપ્રભુજીનો મેળાપ થયો અને એમને શરણે ગયા. બીજે દિવસે મહાપ્રભુજીએ તેમને 'ચતુઃશ્લોકી' ગ્રંથ શીખવ્યો. આ ઉપરાંત તેઓશ્રીએ ભીતરિયા ભગવાનદાસ સાંચોરાને પણ આ ગ્રંથ દ્વારા ઉપદેશ આપ્યો હતો.

શ્રી મહાપ્રભુજીએ 'બોલબોધ'માં મર્યાદા માર્ગીય ચાર પુરુષાર્થો સમજાવ્યા હતા. આ ગ્રંથમાં તેઓશ્રી ચાર પુષ્ટિમાર્ગીય પુરુષાર્થો સમજાવે છે. આ ગ્રંથના ચાર શ્લોકમાં શ્રી મહાપ્રભુજીએ અલૌકિક ભક્તિમાર્ગના ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ કયા તેનું નિરૂપણ કર્યું છે. (૧) ભગવાન અંશ છે અને જીવ અંશી છે, તેથી અંશે અંશીની સેવા કરવી. પ્રભુની સેવા કરવી એ જ તેનો ધર્મ છે. (૨) બધું છોડી પ્રભુની સેવા કરનાર ભક્ત માટે પ્રભુ પોતે જ અર્થરૂપ છે. પ્રભુ સર્વ સમર્થ છે, માટે ધનની ચિંતા કરવી નહીં. (૩) જો સર્વાત્મભાવથી પ્રભુને હૃદયમાં ધારણ કરી લેવામાં આવે, તો તેઓ પોતે આપણી સર્વ ઈચ્છાઓ-મનોકામનાઓ પૂરી કરે છે. આમ તેઓ જ કામ - સ્વરૂપ છે. (૪) નિત્ય સેવા - સ્મરણ કરવાથી પ્રભુ ભક્તના હૃદયમાં પધારી તેને પોતાના સ્વરૂપાનંદનું દાન કરે છે તે જ પુષ્ટિમાર્ગીય મોક્ષ છે.

આમ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ માટે તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - એ ચારે પુરુષાર્થ પ્રભુ પોતે જ છે. (ષોડશ ગ્રંથ, સંપાદક પ્રા. રમેશભાઈ પરીખ)

આ નાનકડો ગ્રંથ રમણીય, મનનીય અને આચરણીય છે. એમાં પુષ્ટિમાર્ગીય જીવન સાધનાનું પરમલક્ષ વર્ણવ્યું છે.

● ભક્તિવર્ધિની :

ગુજરાતના રહેવાસી પુરુષોત્તમદાસ જોષી નામના સાંચોરા બ્રાહ્મણ હતા. એકવાર તેઓ ગામના તળાવ કાંઠે મધ્યાહ્ન સંધ્યા કરતા હતા. ત્યાં શ્રી મહાપ્રભુજી પધાર્યા ત્યારે શ્રી પુરુષોત્તમદાસે પૂછ્યું કે, "મહારાજ, કર્મમાર્ગ મોટો કે જ્ઞાનમાર્ગ ?" ત્યારે આચાર્યશ્રીએ ઉત્તર આપ્યો કે "જેને જેમાં વિશ્વાસ હોય તે મોટો પરન્તુ ખરેખર મોટો તો ભક્તિમાર્ગ છે." તે સમયે આચાર્યશ્રીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથ રચી પુરુષોત્તમદાસ જોષીને ભક્તિનો મર્મ સમજાવ્યો. આથી તેમના મનમાં ભક્તિ દૃઢ થઈ.

આ ગ્રંથમાં પુષ્ટિમાર્ગીય ભક્તિની વૃદ્ધિના ઉપાય અને ભક્તિની ત્રણ અવસ્થાઓ (પ્રેમ, આસક્તિ અને વ્યસન) નું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ

અત્યંત મહત્ત્વનો ગ્રંથ છે અને સ્વયં મહાપ્રભુજીએ તેને 'ગૂઢ તત્ત્વ'નું નિરૂપણ કરવાવાળું ભાગવત્ - શાસ્ત્ર કહ્યું છે.

દરેક દૈવી જીવમાં પ્રભુ સ્નેહનું બીજ ભાવ તો રોપેલું જ હોય છે જે કાલ, કર્મથી નષ્ટ નથી થતું પણ તિરોહિત તો થઈ જાય છે. એને પુનઃ પ્રકટ કરીને દઢ કરવાના અને વધારવાના ઉપાયઓ 'ભક્તિ - વર્ધિની' ગ્રંથમાં બતાવ્યા છે. એમાં કહેવામાં આવ્યું છે કે બીજ ભાવ દઢ હશે તો ત્યાગ અને શ્રવણ - કીર્તનથી એ બીજ ભાવ, ભક્તિમાં વૃદ્ધિ થાય છે. ભક્તિ વૃદ્ધિની ત્રણ અવસ્થા છે, પ્રેમ, આસક્તિ અને વ્યસન. ભગવાન પ્રત્યેનો પ્રેમ - બીજભાવ દઢ હશે તો આગળ જતાં પ્રભુ સ્નેહમાં જગત - સંસાર પ્રત્યેની રુચી આપોઆપ ઓછી થશે અને ભગવાન પ્રત્યે આસક્તિ વધતી જશે. ભગવાન પ્રત્યે આસક્તિ વધવાથી ઘર-પરિવારમાં રુચી ઓછી થશે અને અંતે એ જીવ પ્રભુ પ્રેમમાં એટલો વિહ્‌વળ બની જાય છે કે એ વ્યસન દશાને પ્રાપ્ત કરે છે અને એ જ તો ભક્તિની પરાકાષ્ઠા - ચરમસીમા છે. મહાપ્રભુજીનો દઢ વિશ્વાસ છે કે જેની ભગવદ્‌ સેવામાં દઢ આસક્તિ છે એની ભક્તિની સુરક્ષા તો ભગવાન સ્વયં કરે છે. આ ગ્રંથમાં ૧૧ શ્લોક છે એમાં શ્રીકલ્યાણરાયજીના મતે નવ પ્રકારની સગુણ અને દસમી નિર્ગુણ ભક્તિનો સ્વમાર્ગ બતાવ્યો છે અને ૧૧ માં શ્લોકમાં ઉપસંહાર છે.

● જલભેદ :

જલભેદ ગ્રંથના સંબંધમાં ગો. શ્રી રણછોડાચાર્ય 'પ્રથમેશજી' લખે છે કે "શ્રી વલ્લભાચાર્યે જલભેદ ગ્રંથમાં માનવના મનોભાવોનું વિશ્લેષણ કર્યું છે અને જીવનમાં આવશ્યક વસ્તુ જળના ભેદ બતાવીને માનવની પ્રકૃતિનું જીવનને ઉપયોગી વિવેચન છે. જળને આપણે જીવન પણ કહીએ છીએ એટલે જલભેદ ગ્રંથનું તાત્પર્ય જીવનના ભેદો અને જુદા જુદા મનોભાવોનું વિશ્લેષણ કરવાનું છે. આચાર્યશ્રીએ જળને પ્રતિક માનીને એ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે માનવના મનોભાવો પણ જળની જેમ બન્ને શક્તિ ધરાવે છે. જેનું સુફળ અને દુષ્ફળ એના ઉપયોગ પર આધાર રાખે છે."

જેવી રીતે જળ મૂળ તો સ્વભાવે શીતલ, મીઠું, સ્વચ્છ અને ગુણવાળું છે પણ એનો આધાર એ જ્યાં રહે છે (નદી, તળાવ, સમુદ્ર, ખાબોચિયું, ઝરણું વગેરે) તેવા સ્વભાવવાળું બને છે. તેવી રીતે ભગવાનના ગુણો પણ આનંદરૂપ જ છે પણ જે વક્તાઓમાં જે પ્રકારે પોતાના ગુણદોષ હોય, તેના આધારે તેઓ

ભગવદ્ ગુણોનું વર્ણન કરે છે. તેથી ભગવાનના ગુણો પણ વિવિધતાવાળા જણાય છે. જેમ જળના ૨૦ ભેદ છે, તેમ આ વક્તાઓના પણ ૨૦ ભેદ છે.

સારા અને યોગ્ય વક્તા પસંદ કરવામાં સરળતા થાય, એ હેતુથી જ આચાર્યશ્રીએ આ ગ્રંથમાં ૨૦ પ્રકારના જુદા જુદા વક્તાઓના લક્ષણોને અને તેમના ભાવને ૨૦ પ્રકારના જળ સાથે સરખાવ્યા છે. પુષ્ટિમાર્ગીય જીવે વક્તાની પસંદગીમાં ખૂબ ધ્યાન રાખવું જોઈએ.

● પંચપદ્યાનિ :

શ્રી મહાપ્રભુજીએ 'જલભેદ'માં વક્તાઓના પ્રકાર તથા લક્ષણો બતાવ્યા છે, તેમ આ ગ્રંથમાં શ્રોતાઓના પ્રકાર તથા લક્ષણો બતાવ્યા છે. તેઓ બધાં ભક્ત - શ્રોતાઓને બે મુખ્ય વિભાગમાં વહેંચે છે. (૧) પુષ્ટિ - શ્રોતા (૨) મર્યાદા શ્રોતા. પુષ્ટિ શ્રોતા ઉત્તમ છે. મર્યાદા માર્ગીય શ્રોતાના ત્રણ પેટા પ્રકાર છે. ઉત્તમ, મધ્યમ અને હીન. જે સદૈવ ભગવદ્ કથા સાંભળવા ઉત્સુક હોય છે તેઓ ઉત્તમ શ્રોતા છે. તે ન મળે તો મર્યાદા માર્ગીય ઉત્તમ શ્રોતાનો સંગ કરવો, તેવી એમની આજ્ઞા છે.

● સંન્યાસ નિર્ણય :

ચોર્યાસી વૈષ્ણવની વાર્તા પ્રમાણે નરહરિ સંન્યાસી શ્રી મહાપ્રભુજીના સેવક હતા. તેમણે જણાવ્યું કે પહેલા હું સંન્યાસી હતો પણ આપની કૃપાથી ભક્તિમાર્ગમાં આવ્યો છું ત્યારે તેઓશ્રીએ નરહરિ સંન્યાસીને 'સંન્યાસ નિર્ણય' ગ્રંથ દ્વારા 'ભક્તિ માર્ગીય સંન્યાસ' નો પ્રકાર સમજાવ્યો. એમ પણ કહેવાય છે કે શ્રી મહાપ્રભુજીએ વિચાર્યું કે ભવિષ્યમાં પોતે સંન્યાસ ગ્રહણ કરશે ત્યારે પોતાના સેવકો તેનું અનુકરણ ન કરે, એ હેતુથી આ ગ્રંથ દ્વારા કર્મમાર્ગીય સંન્યાસ કરતા ભક્તિમાર્ગીય સંન્યાસની ઉત્તમતા સિદ્ધ કરી છે.

જ્ઞાન માર્ગમાં સંન્યાસ બે પ્રકારના છે. (૧) વિવિદિષા સંન્યાસ, જે જ્ઞાન પ્રાપ્તિ માટે લેવામાં આવે છે. (૨) વિદ્વત સંન્યાસ, જે જ્ઞાન મેળવ્યા પછી સંન્યાસ સ્વીકારવામાં આવે છે. શ્રી વલ્લભના મતે જ્ઞાનપ્રાપ્તિને માટે સંન્યાસ લેવો ઉચિત નથી.

ભક્તિમાર્ગીય સંન્યાસના પણ બે પ્રકાર છે. (૧) સાધનને માટે શ્રવણાદિ ભક્તિ સારી રીતે થઈ શકે એ માટે (૨) ફળને માટે - ભગવાનના વિરહનો

અનુભવ કરવા માટે. એમાં સાધનને માટે સંન્યાસ લેવો ઉચિત નથી. ભગવદ્ વિરહનો અનુભવ કરવા માટે ભક્તિમાર્ગીય સંન્યાસ લેવો એજ ઉચિત છે.

● નિરોધ - લક્ષણમ્ :

પાટણની પાસે આવેલા મણુંદ નામના એક નાના ગામમાં બે સાંચોરા બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતાં. મોટાભાઈનું નામ રાજા દવે અને નાનો ભાઈ માધવ દવે. બન્ને ભાઈઓ દ્વારકામાં મહાપ્રભુજીને શરણે આવ્યા. તેમને મહાપ્રભુજીએ બધી જગાએથી મન છોડીને, નિરોધ કરી ભગવદ્ સેવા કરવાની આજ્ઞા કરી ત્યારે તેમણે આચાર્યશ્રીને નિરોધના સ્વરૂપને સમજાવવાની વિનંતી કરી ત્યારે આચાર્યશ્રીએ શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ, જે નિરોધ લીલા કહેવાય છે તેના સાર રૂપ 'નિરોધ - લક્ષણમ્' ગ્રંથ રચી બન્ને ભાઈઓને નિરોધનું સ્વરૂપ સમજાવ્યું.

જેને ભગવાન છોડી દે છે તે ભવસાગરમાં ડૂબે છે પણ જેનો ભગવાનમાં 'નિરોધ' થઈ જાય છે તે રાત દિવસ આનંદમાં મગ્ન રહે છે. ઈન્દ્રિયો, મન અને સંસારમાં મગ્ન રહેવું એ વિનાશ કરે છે. એટલે ઈન્દ્રિયો, મન વગેરેને પરમાત્મામાં સંપૂર્ણ પણે પરોવી દેવા - ભગવાન સાથે પૂરેપૂરા જોડી દેવા. આમ સંપૂર્ણ સમર્પણથી મનુષ્ય પણ શ્રીહરિની જેમ આનંદમગ્ન રહેવા લાગે છે. ભગવાનમાં ચિત્ત પરોવી એમની સાથે એકાત્મતાથી થતા સુખદુઃખ અને તેના ઉત્સવની ભાવનામાં મગ્ન રહેવું એને 'નિરોધ' કહે છે.

આ ગ્રંથમાં નિરોધની પ્રથમ, મધ્યમ અને ઉત્તમ દશા, તેના સાધન તથા ફળનું નિરુપણ કર્યું છે.

પ્રથમ દશા - પ્રભુના વિયોગથી હૃદયમાં થતા તાપથી દુઃખ થાય તેવી ઈચ્છા કરવી. તેનું સાધન ભગવદ્ ગુણગાન અને તેનું ફળ સંસારની વિસ્મૃતિ અને પ્રભુમાં સ્નેહની વૃદ્ધિ.

મધ્યમ દશા - અંતઃકરણના દોષો અને સંસારની આસક્તિ નષ્ટ પામે. પ્રભુદર્શનના સુખની ઈચ્છા થાય. તેનું સાધન - ભગવદ્ ગુણગાન અને તેનું ફળ હૃદયમાં બિરાજતા પ્રભુ કૃપા કરી બહાર પ્રગટ થાય.

ઉત્તમ દશા - ફળ રૂપ વિરહ દશા પ્રાપ્ત થાય. તેનું સાધન કેવળ પ્રભુકૃપા અને ભગવદ્ ગુણગાન તેનું ફળ રસાનંદનું દાન.

આ નિરોધ જ શ્રેષ્ઠ છે. તેની બરાબરી કરી શકે તેવું વ્રત, તપ, જપ કે મંત્ર એવું બીજું કોઈ સાધન નથી.

● સેવા ફલમ્ :

શ્રી મહાપ્રભુજીના એક સેવક વિષ્ણુદાસ છીપા આગ્રા નજીકના એક ગામમાં રહે. તેઓશ્રી મહાપ્રભુજીને શરણે આવ્યા અને કહ્યું કે મહારાજ, હું મૂર્ખ છું, તેથી મારા પર કૃપા કરી મને જ્ઞાન આપો. ત્યારે શ્રી મહાપ્રભુજીએ 'સેવાફલ' ગ્રંથ રચી વિષ્ણુદાસને સંભળાવ્યો પણ વિષ્ણુદાસે કહ્યું કે મને એનો અર્થ બરાબર સમજાયો નહીં. ત્યારે સ્વયં આચાર્યશ્રીએ એના ઉપર ટીકા રચી (સેવા - ફલ - વિવરણમ્) વિષ્ણુદાસને જ્ઞાન આપ્યું. આ ગ્રંથ મહત્ત્વપૂર્ણ હોવાથી શ્રીમહાપ્રભુજીએ સ્વયં એના ઉપર સેવા - ફલ - વિવરણમ્ નામની ટીકા રચી.

આ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ ત્રણ પ્રકારના જીવો, પુષ્ટિ - પુષ્ટિ, પુષ્ટિ - મર્યાદા અને પુષ્ટિ - પ્રવાહીના અધિકાર ભેદના કારણે ત્રણ પ્રકારની સેવા અને તેના ત્રણ પ્રકારના પ્રતિબંધ તથા ત્રણ પ્રકારના ફળનું નિરુપણ કર્યું છે.

પુષ્ટિ - પુષ્ટિ સેવાનું ફળ અલૌકિક સામર્થ્ય છે. પુષ્ટિ - મર્યાદા સેવાનું ફળ શ્રી પુરુષોત્તમમાં સાયુજ્ય (મોક્ષ) છે. પુષ્ટિ - પ્રવાહી સેવાનું ફળ ગોલોકધામમાં પ્રાપ્તિ અથવા સેવોપયોગી દેહની પ્રાપ્તિ છે.

આ ફળ મળવામાં ત્રણ પ્રતિબંધ (વિઘ્ન) આવે છે. ઉદ્વેગ (ચિંતા), જીવકૃત અને ભગવદ્ કૃત પ્રતિબંધ અને લૌકિક ભોગ.

આ પ્રતિબંધ દૂર કરવાના ઉપાય ચિંતા ઉદ્વેગ ભગવદ્ - ચિંતનથી દૂર થાય છે. જીવકૃત પ્રતિબંધ બુદ્ધિ વડે દૂર થાય છે. ભગવદ્ - કૃત પ્રતિબંધનો કોઈ ઉપાય નથી. લૌકિક ભોગ મન વડે દૂર થાય અથવા ઘર - કુટુંબ વગેરેનો ભગવદ્ સેવામાં **વિનિયોગ** કરવાથી દૂર થાય.

ષોડશ્ - ગ્રંથ ઉપરાંત આચાર્યશ્રીએ શિક્ષા શ્લોકઃ, મધુરાષ્ટકમ્, ગાયત્રી ભાષ્ય વગેરે લઘુ ગ્રંથો પણ રચ્યા છે.

શ્રી વલ્લભાચાર્ય રચિત શિક્ષા શ્લોકઃ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. જ્યારે મહાપ્રભુજી ભૂતલનો પરિત્યાગ કરવા જઈ રહ્યા હતા ત્યારે એમના બન્ને પુત્રો - ગોપીનાથજી અને વિઠ્ઠલનાથજીને અંતિમ ઉપદેશ રૂપે એમને મૌન વ્રત હોવાશી ગંગાજીની રેતીમાં આંગળી વડે સાડા ત્રણ શ્લોક લખ્યા. તે શિક્ષા

શ્લોક તરીકે ઓળખાય છે. આ દ્વારા એમણે પોતાના પુત્રો ઉપરાંત સમસ્ત અનુયાયીઓને શિક્ષા આપી છે કે કદાચ તમે કોઈ પ્રકારે ભગવાનથી વિમુખ થઈ જાઓ ત્યારે મારો દૃઢ મત છે કે તમે વિશ્વાસ રાખજો કે સર્વ કંઈ ભગવાન જ છે અને તે જ તમારે માટે સર્વ કંઈ કરશે. એટલે કે ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણમાં તમારો વિશ્વાસ હશે તો તમે કૃતાર્થ થઈ જશો. આ શિક્ષા - શ્લોકને સંપ્રદાયમાં શ્રી વલ્લભનું 'આખરી વસિયતનામું' પણ ગણવામાં આવે છે.

મધુરાષ્ટકમ્ એ કૃષ્ણમય બનેલા શ્રી વલ્લભને આ સૃષ્ટિમાં સર્વ કંઈ મધુર લાગે છે તેનું સુંદર વર્ણન છે. સર્વાંગ સુંદર ભાવવાહી સ્તોત્ર છે.

અહીં ઉલ્લેખ કર્યા સિવાયના કેટલાક ગ્રંથો શ્રી વલ્લભાચાર્યે રચેલા હશે પણ એ ઉપલબ્ધ નથી એટલે એનો અહીં ઉલ્લેખ કર્યો નથી.

સંદર્ભસૂચી

૧. कस्यचित्वथ स्सन्देह स्स मां पृच्छतु, स्सर्वत्था,

न भयं तेन कर्तव्यं ब्राह्मणानामियं गतिः । (પત્રાવલંબન કારિકા ૩૮)

૨. ગ્રંથ પરિચય વિવેક ધૈયાશ્રય ગ્રંથ - ગો. સ્વામી શ્યામ મનોહરજી પ્રકાશક - ગોસ્વામી ૧૦૦૮ શ્રી ગોવિન્દલાલ મહારાજ, પંચમ પીઠ, કામા, ભરતપુર

૩. ષોડ્શ ગ્રંથ (સાર્થ) - સંપાદક પ્રા. રમેશભાઈ વિ. પરિખ.

ચતુઃશ્લોકી પાના નં. ૧૫ પ્રકાશક - હરસાનીજી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ - મહેસાણા ૩૮૪૦૦૨ ગુજરાત.

પ્રકરણ - ૪ પરબ્રહ્મ

ભારતીય તત્વજ્ઞાનનો મૂળભૂત વિષય છે, આ બ્રહ્માંડનો રચયિતા કોણ ? હું કોણ ? આ બ્રહ્માંડના રચયિતા જો કોઈ હોય તો એ (બ્રહ્મ) અને આ જગત સાથે મારો (આત્માનો) શું સંબંધ ? પ્રાચીન ઋષિમુનિઓમાં આ જાણવાની જિજ્ઞાસા બળવત્તર થતી ગઈ. આ બધાં ગૂઢ વિષયો પર એમણે ઘણું ચિંતન-મનન કર્યું.

સૌ પ્રથમ તો એમણે જાણવાનો પ્રયત્ન કર્યો કે આ બ્રહ્માંડની ઉત્પત્તિ સ્વયં થઈ કે એનો કોઈ રચયિતા છે ? અંતે કેટલાંક ચિંતકોએ સ્વીકાર્યું કે એવું કોઈ કલ્પનાતીત-અવર્ણનીય પરમ-તત્ત્વ છે અને 'એ' છે 'He is.' અને એને પરબ્રહ્મ-બ્રહ્મનું નામ આપ્યું. કેટલાંકે માન્યું કે બ્રહ્માંડની ઉત્પત્તિ સ્વયં છે એ શાશ્વત છે એટલે 'એ' નથી (He is not). 'બ્રહ્મ' કોઈ પરાતત્ત્વ છે તેઓ આસ્તિક ગણાયા અને જેઓ 'બ્રહ્મ' કે પરાતત્ત્વનું અસ્તિત્વ નથી ગણતા તેઓ નાસ્તિક ગણાયા. એવું એક વ્યાપક તત્ત્વ કે જે ભૌતિક અને અભૌતિક બંને રીતે રૂપ અને વ્યવહારોનો આધાર બની શકે. આ વ્યાપક તત્ત્વને ઉપનિષદ 'બ્રહ્મ' કહે છે. બ્રહ્મ એટલે વ્યાપક. કેટલાંક ચિંતકો વેદોનો સ્વીકાર કરે છે પણ બ્રહ્મનું અસ્તિત્વ નથી સ્વીકારતા, તેમાં સાંખ્ય, નૈયાયિક, પૂર્વમીમાંસકોને ગણી શકાય. અને કેટલાક વેદોમાં પણ ન માનનાર જૈન, બૌદ્ધ વગેરે ચિંતકોનો સમાવેશ થાય છે.

આ પરાતત્ત્વ છે, તો તેનું સ્વરૂપ કેવું હોઈ શકે ? આ તત્ત્વનો આ જગત અને જીવ (આત્મા) સાથે શું સંબંધ હોઈ શકે ? સદીઓ સુધી આ અને એવા બીજા પ્રશ્નો પર મનન-ચિંતન અને ચર્ચા વિચારણા થતા રહ્યા.

બ્રહ્મના વર્ણન માટે ઉપનિષદ્‌માં અનેક શ્રુતિઓ છે. બ્રહ્મને સત્-ચિત્-આનંદ સ્વરૂપ કહ્યું છે. ચિંતકોએ એને નિરપેક્ષ, અતિન્દ્રિય, અનિર્વચનીય, અવિકૃત, સ્વતંત્ર, સર્વવ્યાપક, નિર્ગુણ, નિરાકાર ગણાવ્યું છે. ઉપનિષદોમાં એને સર્વાતીત અને સર્વ કારણ, સર્વ શક્તિમાન અને અસીમ કરૂણામય રૂપથી પણ ઓળખાવ્યું છે.

શ્રુતિઓમાં વર્ણવ્યા પ્રમાણે બ્રહ્મ અજન્મા છે, એનો આદિ કે અંત નથી.

એમાં કોઈ વિકાર નથી. એ અણુથી પણ સૂક્ષ્મ છે અને આખા બ્રહ્માંડમાં બાહ્યોત્તર વ્યાપક છે. મુંડક ઉપનિષદ્‌માં જણાવ્યા પ્રમાણે એ શાશ્વત, સર્વવ્યાપ્ત સર્વજ્ઞ, સૂક્ષ્મ અવિનાશી છે.

(૧) પ્રમાણ અને પ્રમેય :

ભારતના દરેક દાર્શનિક આચાર્યો સત્યનો સાક્ષાત્કાર કરવા માટે પ્રયત્નશીલ રહ્યા છે. તેઓ પ્રમાણો દ્વારા પ્રમેયને સમજવાનો પ્રયત્ન કરે છે. પ્રમાનો અર્થ છે સત્ય-જ્ઞાન. અને જે સાધન દ્વારા સત્યજ્ઞાનની ઉપલબ્ધિ થાય તેને પ્રમાણ કહે છે, જ્યારે સર્વે પ્રમાણો દ્વારા જાણવા યોગ્ય પરમ તત્ત્વને તથા અન્ય તત્ત્વોને પ્રમેય કહે છે. આ 'સત્' ને પામવાનું પરમ સાધન છે 'જ્ઞાન'. જ્ઞાનના માધ્યમથી જ સંપૂર્ણ જગતનો બોધ થાય છે. આ પ્રમાણે દાર્શનિક દૃષ્ટિથી જો આપણે જગતને સમજવું હોય તો પહેલાં 'જ્ઞાન'ને સમજવું જોઈએ. 'જ્ઞાન'નો સામાન્ય અર્થ છે જાણવું. પ્રમાણો દ્વારા જાણવાની પ્રક્રિયામાં જીવાત્માં જ્યારે મન દ્વારા (અંતઃકરણ દ્વારા) ઈન્દ્રિયો મારફત કોઈ પણ પદાર્થને ગ્રહણ કરે છે (જાણે છે), ત્યારે તેને જ્ઞાન કહેવાય છે.

પરંપરાગત ભારતીય દર્શનોમાં જ્ઞાનને વ્યાપક અને સીમિત એમ બે અર્થમાં લેવામાં આવ્યું છે. વ્યાપક અર્થમાં એ ચેતનાનો પ્રકાશ છે જ્યારે સીમિત અર્થમાં એ કોઈપણ વિષયનું જ્ઞાન છે. 'જ્ઞાન' માં ક્રમબદ્ધતા, સાર્વજનિકતા, વિષયગતતા અને સ્થાયિત્વનું હોવું જરૂરી છે. આ પ્રકારે કોઈ વિશ્વાસ કે માન્યતામાં તથ્યાત્મકતા અથવા વિષયગતતા આવવાથી એને 'જ્ઞાન' ની શ્રેણીમાં મૂકી શકાય, પણ એ સર્વ જ્ઞાનના પ્રારંભિક બિન્દુ છે.

દાર્શનિક તત્ત્વ વિવેચન કરતાં પહેલાં દરેક દર્શનમાં દાર્શનિકે સ્વમત પ્રમાણે પોતાના સિદ્ધાંતની પ્રામાણિકતા માટે પ્રમાણોની પણ ચર્ચા કરી છે. પ્રમાણ જ એમના પ્રતિપાદિત સિદ્ધાંતોનો પાયો છે.

પ્રમાણ : means the sources or means of acquiring valid knowledge.

પ્રમેય : refers to the reality or realities (objects of) to be known as valid.

પ્રમા : is the valid knowledge of the reality (પ્રમેય) obtained through the right means (પ્રમાણ) of knowledge.

આમ પ્રમાણનો અર્થ છે કોઈ પણ વસ્તુને પામવાનો આધાર દંડ જેને આધારે પ્રતિપાદ્ય વસ્તુની વિશ્વસનીયતા અથવા યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. આ પ્રમાણોની સંખ્યા માટે પણ તત્ત્વચિંતકો એક મત નથી. સામાન્ય રીતે સાત પ્રકારના પ્રમાણ સ્વીકાર્ય છે.

(૧) પ્રત્યક્ષ પ્રમાણ (Pereception)

(૨) અનુમાન પ્રમાણ (Inference based on observation)

(૩) ઉપમાન પ્રમાણ (Comparisons)

(૪) શબ્દ પ્રમાણ (Verbal testimony વેદ-ઉપનિષદ્-શ્રુતિ વગેરે)

(૫) અનુપલબ્ધિ પ્રમાણ (Non-apprehension-or absence)

(૬) અર્થાપત્તિ પ્રમાણ (Presumption or Postulation)

(૭) સંભવ પ્રમાણ (Possibility or implication)

(૮) ઐતિહ્ય પ્રમાણ (Tradition)

- **પ્રત્યક્ષ પ્રમાણ (Perception) :**

પ્રત્યક્ષ પ્રમાણ ઈન્દ્રિય દ્વારા થતા તત્કાલિન પ્રત્યક્ષ જ્ઞાનની પ્રક્રિયા સૂચવે છે. પ્રત્યક્ષ જ્ઞાન બે પ્રકારના હોય છે, બાહ્ય અને આંતરિક પ્રક્રિયાથી થતું જ્ઞાન. બાહ્ય પ્રત્યક્ષ જ્ઞાન આપણી ઈન્દ્રિયો, નાક, કાન, આંખ, જીભ, ત્વચા દ્વારા થતાં સ્પર્શ, અવાજ, આકાર, સ્વાદ-રસ અને ગંધનું જ્ઞાન થાય છે. આંતરિક પ્રત્યક્ષ અનુભવ એટલે સુખદુઃખ, પ્રેમ, ક્રોધ, જ્ઞાન-અજ્ઞાન જેવી પ્રક્રિયા કે જેનો અનુભવ આપણા મનમાં અનુભવાય છે. શ્રી વલ્લભાચાર્ય વિસ્તૃત રીતે સમજાવે છે કે પ્રત્યક્ષ પ્રમાણ એટલે ઈન્દ્રિયો દ્વારા જે અનુભવ થાય છે તેની પ્રક્રિયા મનમાં તરત જ શરૂ થાય છે અને વ્યક્તિ એ વસ્તુ (Object) કે પરિસ્થિતિને સારી રીતે જાણે છે. આ આખી પ્રક્રિયા મન અને ઈન્દ્રિયો દ્વારા એક સાથે ખૂબ જ ઝડપથી થાય છે. પ્રત્યક્ષ પ્રમાણમાં જ્ઞાન એકદમ સ્પષ્ટ હોય છે પણ એનો વ્યાપ ખૂબ સીમિત હોય છે. આપણે પ્રત્યક્ષ જે જોઈએ છીએ એ વિશાળ વર્ણપટ (Spectrum) નો એક અલ્પ ભાગ હોય છે, અને એટલે જ એ ક્યારેક સત્યથી વેગળો હોઈ શકે. એમાં ક્યારેક ગફલત કે ભૂલ થઈ શકે છે. દા.ત. સાપ અને દોરડું. પ્રત્યક્ષ જ્ઞાનથી આપણી આંખને સાપ અને દોરડાનઃ આકારની સરખામણી શું છે તે ખબર છે પણ ક્યારેક

ઝાંખા પ્રકાશમાં દોરડાને સાપ કે સાપને દોરડું માની લેવાની ભૂલ થઈ શકે છે. પ્રત્યક્ષ પ્રમાણનો ચોક્કસ અનુભવ કર્યા વિના એને સ્વીકારી પણ ન શકાય, કે નકારી પણ ન શકાય. એટલે પ્રત્યક્ષ પ્રમાણની અગત્યતા તો છે જ.

● અનુમાન પ્રમાણ (Inference) :

ઈન્દ્રિયો દ્વારા જે પ્રત્યક્ષ જ્ઞાન આગળ ઉપર મેળવેલું હોય છે એને આધારે અનુમાન કરવામાં આવે છે. અનુમાન એટલે અગાઉના અનુભવ દ્વારા તાર્કિક રીતે જ્ઞાન મેળવવાની પ્રક્રિયા ગણી શકાય. અનુમાનના પાયામાં પ્રત્યક્ષ જ્ઞાન રહેલું છે. દા.ત. આપણે આંખ દ્વારા ટેકરી ઉપર ધુમાડો જોઈએ છીએ. આપણા અગાઉના પ્રત્યક્ષ અનુભવથી આપણે જાણીએ છીએ કે જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય છે. એ પરથી આપણે તારણ કાઢીએ છીએ કે ટેકરી પર જ્યાં ધુમાડો દેખાય છે ત્યાં અગ્નિ પણ છે. પણ ક્યારેક આપણો દૃષ્ટિ ભ્રમ પણ હોઈ શકે. ટેકરી ઉપર ધુમાડો ન હોય પણ ધુમ્મસ પણ હોઈ શકે છે એટલે ત્યાં અગ્નિ ન હોય. આમ અનુમાન ભૂલ ભરેલું પણ હોઈ શકે એટલે અનુમાન પ્રમાણને એટલું પ્રાધાન્ય નથી આપવામાં આવ્યું. અનુમાન પ્રમાણ તર્ક અને નિરીક્ષણ ઉપર આધાર રાખે છે.

● ઉપમાન પ્રમાણ (Comparison) :

જ્યારે બે સરખા ગુણો ધરાવતી વ્યક્તિ કે વસ્તુની સરખામણી કરવાની હોય ત્યારે ઉપમાન વપરાય છે. અનુમાન કરતાં ઉપમાન પદ્ધતિ તદ્દન અલગ પ્રકારની છે અને જ્ઞાન મેળવવાની યોગ્ય પદ્ધતિ તરીકે માન્ય છે. ઉપમાન એ જ્ઞાન મેળવવાની અલગ જ રીત છે એટલે એને અનુમાન સાથે જોડી ન શકાય. આ જાતનું જ્ઞાન બે સરખી વસ્તુના નિરીક્ષણ વગર શક્ય નથી. અદ્વૈત મીમાંસકો બ્રહ્મની સરખામણી અને સામ્યતા બીજી વસ્તુઓ સાથે તાર્કિક રીતે કરીને બ્રહ્મના સ્વરૂપને સમજાવવાનો પ્રયત્ન કરે છે. દા.ત. સૂર્યની સ્વયં પ્રકાશિત શક્તિને બ્રહ્મની શક્તિ સાથે સરખાવવામાં આવે છે.

● શબ્દ પ્રમાણ (Verbal Testimony) :

શબ્દ પ્રમાણને 'આપ્તવાક્ય' (Statement of a trust-worthy Person) અને 'પ્રમાણભૂત' (Authentic word) માનવામાં આવે છે. બોલાયેલું કે લખાયેલું વાક્ય જ જ્ઞાનને મેળવવાનું શક્તિશાળી માધ્યમ છે. આપણે મોટા ભાગનું જ્ઞાન શબ્દો દ્વારા જ મેળવીએ છીએ. પ્રમાણભૂત અને વિશેષજ્ઞ દ્વારા

લખાયેલ શબ્દને જ ખાતરીપૂર્ણ-ચોક્કસ માનવામાં આવે છે. એને પછી ચકાસણી કે પ્રમાણભૂતતાની જરૂર નથી. મીમાંસકોએ શબ્દ અને વાક્યની વ્યુત્પત્તિ વિશે ઘણું સંશોધન કર્યું છે. આકાંક્ષા (expectancy) યોગ્યતા-એકરૂપતા (Consistency) સંલગ્નતા-સામીપ્ય (Continuity) તાત્પર્ય-જ્ઞાન એ ચાર બાબતો સ્પષ્ટ રૂપે હોય તેને જ અર્થપૂર્ણ વાક્ય ગણવામાં આવે છે. એટલે જ શબ્દ પ્રમાણને પ્રત્યક્ષ કે બીજા પ્રમાણો કરતા આધારભૂત માનવામાં આવે છે. અને એ શબ્દ પ્રમાણ છે વેદો, ઉપનિષદો, શ્રીમદ્ ભગવદ્ગીતા, બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ભાગવતપુરાણ વગેરે.

- **અનુપલબ્ધિ પ્રમાણ (Non-apprehension) :**

નકાર અથવા અભાવમાંથી જે જ્ઞાન મળે તેને અનુપલબ્ધિ કહે છે. દા.ત. 'અ' વ્યક્તિ આજે કોલેજમાં આવી નથી એટલે એ ક્યાં તો બહાર હશે અથવા બીજી કોઈ જગ્યાએ હશે. બ્રહ્મ સર્વવ્યાપક છે એટલે બ્રહ્મ વિનાનું કોઈ ખાલી સ્થાન નથી.

- **અર્થાપત્તિ પ્રમાણ (Implication) :**

અર્થાપત્તિ પ્રમાણ બે જાતના છે. ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત વસ્તુનું જ્ઞાન અને શ્રુતિ એટલે કે સાંભળેલું જ્ઞાન. આ જાતનું પ્રમાણ પ્રત્યક્ષ અને અનુમાનના મિશ્રણવાળું હોય છે અને બ્રહ્મ એ પ્રત્યક્ષ કે અનુમાનનો વિષય નથી.

- **ઐતિહ્ય (Tradition) :**

પ્રમાણ એટલે 'યથાર્થતા'. પછી એ જ્ઞાનની યથાર્થતા પૂરવાર કરવાની જરૂર પડતી નથી. પ્રમાણ દ્વારા જ યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

જ્ઞાનના સંદર્ભમાં પ્રમાણ શબ્દ કરણ કે સાધનના અર્થમાં પ્રયોજાય છે. જેના વડે પ્રમા ઉત્પન્ન થાય તે પ્રમાણ, એ કરણ કે સાધન છે, તેમજ જ્ઞાન કે પ્રમિતિ તેનું ફળ છે. આમ જ્ઞાનનું નિર્ણાયક કારણ પ્રમાણ છે. प्रमाकरणं प्रमाणम् (અથવા प्रमीयते अनेन इति प्रमाणम्।)

આ સર્વમાં શબ્દ પ્રમાણને સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે. આપ્તપુરુષના વાક્યો એ જ શબ્દ પ્રમાણ છે. "आप्तोपदेशः शब्दः।" આપ્ત એટલે યથાર્થવાહી, જે સત્ય બોલે છે, જેના શબ્દો વિશ્વાસપાત્ર પ્રમાણ હોય છે. એવી સત્યનિષ્ઠ, સત્યવક્તા વ્યક્તિ એટલે આપ્તપુરુષ. જેમાં શ્રુતિકાર, ઋષિમુનિઓ, ધર્મપ્રવર્તકોનો સમાવેશ થાય છે.

● શ્રીવલ્લભાચાર્યનું મંતવ્ય :

શ્રી વલ્લભાચાર્ય વ્યવહારમાં શ્રુતિ (શબ્દ), પ્રત્યક્ષ, ઐતિહ્ય અને અનુમાન પ્રમાણને સ્વીકારે છે પણ પરમાર્થ નિર્ણયમાં ભલે એ ધર્મ સંબંધી હોય કે તત્ત્વસંબંધી, તેઓ એક માત્ર શબ્દને જ પ્રમાણ માને છે. તેમના મત પ્રમાણે બ્રહ્મ એ શબ્દગમ્ય (ફક્ત શબ્દો દ્વારા જ સમજી શકાય તેવું) છે. તેથી લૌકિક અનુભવોને આધારે તર્કનો આશરો લઈ એને સમજાવી કે સમજી ન શકાય. તેમના મતે શબ્દમાં પણ કેવળ અલૌકિક અર્થવાળા જ્ઞાપક શબ્દ જ પ્રમાણ છે અને એ વેદ છે કે જેની પ્રામાણિકતા સ્વયંસિદ્ધ, નિરપેક્ષ અને નિત્ય છે. એમના મતે કર્મકાંડ અને જ્ઞાનકાંડ બન્નેના સર્વે વાક્યો એટલે કે વેદનો પ્રત્યેક અક્ષર પ્રમાણ છે. બ્રહ્મસૂત્રકાર પણ કહે છે કે श्रुतेस्तु शब्दमूलत्वात् (બ્રહ્મસૂત્ર ૧-૧-૨૭) એટલે કે શ્રુતિનો શબ્દ જ આખરી પ્રમાણ છે. આ સૂત્ર પર ભાષ્ય લખતાં મહાપ્રભુજી મત્સ્યપુરાણમાંથી ટાંકે છે કે अचिन्त्याः खलु ये भावाः न तांस्तर्केण योजयेत । (મત્સ્યપુરાણ ૧૧૩-૭) એટલે કે બ્રહ્મ જેવા અલૌકિક, અનુભવોથી પર, ગૂઢ અને ગહન વિષયમાં તર્કનો આધાર લઈ ન શકાય. બ્રહ્મ એ અકળ, તર્કથી સમજી ન શકાય એવો વિષય છે. બ્રહ્મસૂત્ર પરના અણુભાષ્યમાં પણ તેઓ જણાવે છે કે अनवगाह्य माहात्मये श्रुतिरेव शरणं नान्या वाचोयुक्तिरिति । (અણુભાષ્ય સૂત્ર ૧-૧-૩૧) એટલે કે જેનું મહાત્મ્ય અનવગાહ્ય છે તેની બાબતમાં શ્રુતિ જ શરણું છે, બીજી વાણીની યુક્તિ નથી.

આચાર્યશ્રી એમના તત્વાર્થ દીપ નિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણમાં પણ સ્પષ્ટ રીતે જણાવે છે કે એમના મતે "વેદ, શ્રીકૃષ્ણની ભગવદ્‌ગીતા, બાદરાયણના બ્રહ્મસૂત્ર અને વ્યાસની સમાધિભાષા (શ્રીમદ્‌ભાગવત) એ ચાર જ મુખ્ય શબ્દ પ્રમાણ છે. આ ચારમાં પણ જો તમને એકમાં સંદેહ ઉપજે તો અનુક્રમે પછીના પ્રમાણ દ્વારા એ સંદેહને દૂર કરી શકે છે એટલે કે વેદમાં સંદેહ હોય તો એનું નિરાકરણ ભગવદ્-ગીતામાં મળે છે અને ગીતાની શંકાનું નિવારણ બ્રહ્મસૂત્રમાં છે અને તે પણ દૂર ન થાય તો ભાગવતમાં એનું નિરાકરણ મળી રહે છે.

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तञ्चतुष्टयम् ॥
उत्तरं पूर्वसंदेहवारकं परिकीर्तितम् । (તત્ત્વાર્થદીપનિબંધ-શાસ્ત્રાર્થ પ્રકરણકારિકા ૭, ૮, ૯)

ભાગવતમાં ત્રણ પ્રકારની ભાષા છે. લૌકિક ભાષા, પરમત ભાષા અને

સમાધિભાષા. જ્યાં લોકરીતિ વગેરેનું વર્ણન કર્યું છે તે લૌકિકભાષા, જ્યાં બીજાનો મત પ્રસ્તુત કર્યો છે તે પરમત ભાષા અને જ્યાં વ્યાસજીએ સ્વયં સમાધિમાં જે અનુભવ કરીને લખ્યું છે તે સમાધિભાષા.

અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે કે શ્રી વલ્લભાચાર્યે આ પ્રમાણ વિવેચન સાધનાવસ્થા અથવા જિજ્ઞાસુ સ્થિતિના સંદર્ભમાં કર્યું છે. તત્ત્વજ્ઞાન થઈ ગયા પછીની સ્થિતિમાં તો દરેક શાસ્ત્રના દરેક શબ્દની પ્રમાણતા તેઓ સ્વીકારે છે. પરંપરાગત રીતે પ્રસ્થાનત્રયીને (ઉપનિષદ્, ગીતા, બ્રહ્મસૂત્ર) જ પ્રમાણ તરીકે ગણવામાં આવતું હતું પણ શ્રી વલ્લભ ભાગવતને પણ ચતુર્થ પ્રમાણ તરીકે ગણે છે, એટલું જ નહીં, શ્રીમદ્ભાગવતને સર્વોચ્ચ સ્થાન આપ્યું છે. પ્રસ્થાન ચતુષ્ટયી ઉપરાંત આચાર્ય નારદ પાંચરાત્ર, રામાયણ, મહાભારત વગેરેને પણ એમના તત્ત્વાર્થદીપનિબંધમાં પ્રમાણ તરીકે સ્વીકારે છે. જો એ પ્રમાણ ચતુષ્ટયીને અનુરૂપ હોય તો જ્ઞાન, મોક્ષ અને ઈશ્વર તરફ આ પ્રમાણો લઈ જતાં હોવાથી એને પ્રસ્થાનો કહ્યા છે.

શ્રી શંકરાચાર્ય 'પ્રસ્થાનત્રયી' નો સ્વીકાર કરે છે. એ શ્રીમદ્ભાગવતને પ્રમાણ તરીકે સ્વીકારતા નથી. તેઓ ક્યારેક તર્ક (Reasoning) ને એમના કૈવલાદ્વૈત વાદમાં પ્રમાણ તરીકે સ્વીકારે છે. પણ બાદરાયણના બ્રહ્મસૂત્રો શ્રુતેસ્તુ શબ્દમૂલત્વાત્ (બ્ર.સૂ. ૨-૧-૨૭) અને તર્કાપ્રતિષ્ઠાનાદપિ (બ્ર.સુ. ૨-૧-૧૧) માં સ્પષ્ટ જણાવ્યું છે કે માત્ર તર્કથી આત્મનું કે બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.

શ્રીરામાનુજાચાર્યે વિષ્ણુપુરાણને ચોથા પ્રમાણ તરીકે સ્વીકાર્યું છે. શ્રીવલ્લભ પ્રત્યક્ષ અને અનુમાનનો સ્વીકાર કરે છે, છતાં તેનો ખાસ ઉપયોગ કરતા નથી. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ પ્રમાણોમાંથી ઉપમાન, અર્થાપતિ અને અનુપલબ્ધિનો અનુમાનમાં અન્તર્ભાવ થતો હોવાથી, અને અનુમાન પ્રત્યક્ષ ઉપર આધારિત હોવાથી તથા પ્રત્યક્ષ ક્યારેક ભ્રમમૂલક હોવાથી અને અનુમાન ક્યારેક મર્યાદાવાળું હોવાથી સર્વથા વિશ્વસનીય નથી. આથી આપ્તવાક્ય તરીકે મનાતું શબ્દનું પ્રમાણ જ સ્વીકાર્ય છે. તેઓ શાસ્ત્રના વચનોને અનુસરનારા પ્રત્યક્ષ, અનુમાનાદિનો ઉપયોગ કરવાનું સૂચવે છે. આ શબ્દને જ વેદ કે શ્રુતિ કહેવાય છે અને વેદ ઈશ્વરના નિઃશ્વાસ રૂપ હોવાથી અપૌરુષેય છે એટલે સત્ય છે. વળી વેદો અલૌકિક વ્યવહારના સાધક હોવાથી વેદનું સ્વતઃ પ્રામાણ્ય આચાર્યશ્રી સ્વીકારે છે.

તર્ક અને શ્રુતિવાક્યો એ બેમાંથી આચાર્યશ્રી શ્રુતિવાક્યોનેં જ સર્વશ્રેષ્ઠ પ્રમાણ માને છે. એમણે પોતાના સિદ્ધાંતો અને વિચારોને પ્રમાણભૂત ઠેરવવા બ્રહ્મસૂત્ર અને શ્રુતિઓનો જ આશ્રય લીધો છે નહીં કે તર્કનો. શ્રુતિવાક્યો સાથે થોડી પણ છૂટને એ ચલાવી લેતા નથી.

અહીં એક વાત નોંધવી જોઈએ કે શાંકરમતના અનુયાયી શ્રી મધુસુદન સરસ્વતીએ પણ ભાગવતની અગત્યતા સ્વીકારી છે અને એમણે પણ શ્રીકૃષ્ણને પરબ્રહ્મ પરમાત્મા તરીકે સ્વીકાર્યા છે. (Impersonal Brahman Incarnate).

(૨) બ્રહ્મવાદ :

ધર્મના બે પાસાં હોય છે, સિદ્ધાંત અને આચરણ. શ્રી વલ્લભાચાર્યના સિદ્ધાંતને 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' કહેવાય છે તો આચરણને 'પુષ્ટિ-માર્ગ' કહે છે.

'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' માં બ્રહ્મના ત્રણ પાસાંઓ જડ (જગત), જીવ અને અંતર્યામીને બ્રહ્મ સાથે અદ્વૈત કઈ રીતે છે એના ઉપર ચર્ચા કરવામાં આવી છે.

શ્રી વલ્લભાચાર્યે પોતે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને 'બ્રહ્મવાદ' કે 'અખંડ બ્રહ્મવાદ' ની જ સંજ્ઞા આપી છે. શ્રી વલ્લભાચાર્યે પોતાના લખાણમાં 'શુદ્ધાદ્વૈત' શબ્દનો ઉપયોગ વારંવાર કર્યો નથી. એમણે માત્ર શ્રીમદ્ભાગવત પુરાણ ઉપર લખેલ વિવેચન ગ્રંથ 'સુબોધિની' માં માત્ર એક જ વખત તેનો ઉપયોગ કર્યો છે અને તે પણ આત્મજ્ઞાન અને બ્રહ્મજ્ઞાનમાં શું ફરક છે એ સમજાવવા માટે કર્યો છે. આત્મજ્ઞાન અવિદ્યા-અજ્ઞાનને દૂર કરવામાં મદદરૂપ છે જ્યારે બ્રહ્મજ્ઞાન આપણને આત્મા અને પરબ્રહ્મ એક જ છે, અદ્વૈત છે, બેમાં કોઈ ભેદ નથી એ સમજાવે છે. આત્મજ્ઞાન સાથે પરબ્રહ્મનું જ્ઞાન ભળે તો આપણને શુદ્ધાદ્વૈત, Pure nondualism દર્શનની પ્રતિતિ થાય છે. 'પત્રાવલંબન' ગ્રંથના અંત ભાગમાં શ્રીવલ્લભે પોતાના મતનું નામ 'બ્રહ્મવાદ' આપ્યું છે. અને સાથે કાશીપતિવિશ્વેશ્વર મહાદેવનું પણ મહાત્મ્ય કર્યું છે.

स्थापितो ब्रह्मवादो हि सर्ववेदान्तगोचरः ॥३६॥[१]
काशीपतिस्त्रिलोकेशो महादेवस्तु तुष्यतु ।

શ્રી વલ્લભાચાર્યની શુદ્ધાદ્વૈત દર્શનની વિભાવનામાં એમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ 'શુદ્ધ' શબ્દનો પ્રયોગ વધારે કર્યો છે. શ્રી પુરુષોત્તમજીએ પણ 'તત્ત્વદીપ નિબંધ' ગ્રંથની ટીકામાં 'શુદ્ધ અદ્વૈત' શબ્દનો ઉપયોગ કર્યો છે. પણ 'શુદ્ધાદ્વૈત' (શુદ્ધ + અદ્વૈત) એવી સંજ્ઞા પ્રચલિત થઈને તો કાશીવાળા શ્રીગિરધરજી કૃત 'શુદ્ધાદ્વૈતમાર્તણ્ડ' ગ્રંથ દ્વારા થઈ.

શ્રી ગિરિધરજીના મત પ્રમાણે શુદ્ધાદ્વૈત શબ્દનો વિગ્રહ બે રીતે (૧) ષષ્ઠી તત્પુરુષ સમાસ અને (૨) કર્મધારય સમાસથી કરવામાં આવે છે.

शुद्धाद्वैतपदे ज्ञेयः समासः कर्मधारय ।
अद्वैतं शुद्धयोः प्राहुः षष्ठीतत्पुरुषं बुधाः ॥[2]

ષષ્ઠી તત્પુરુષ સમાસ - **शुद्धयोः अद्वैतम् इति शुद्धाद्वैतम्** । શુદ્ધ જગત અને શુદ્ધ જીવનું, શુદ્ધ બ્રહ્મ સાથે અદ્વૈત એટલે શુદ્ધાદ્વૈત, કારણકે તે બન્ને બ્રહ્મથી અભિન્ન છે. ટૂંકમાં કારણરૂપ બ્રહ્મ (પરબ્રહ્મ) અને કાર્યરૂપ બ્રહ્મ (જીવ અને જગત) બન્ને શુદ્ધ છે, અમાયિક છે. તે માયા કે માયામય નથી.

कार्यकारणरूपं हि शुद्धं ब्रह्म न मायिकम् ॥[3]

કર્મધારય સમાસ - **शुद्धं च तद् अद्वैतम् इति शुद्धाद्वैतम्** । શુદ્ધ બ્રહ્મ જ અદ્વૈત તત્ત્વ છે. અહીં શુદ્ધ એટલે માયાના સંબંધથી રહિત.

मायासम्बन्धरहितं शुद्धमित्युच्यते बुधैः ।

અહીં 'માયા' શબ્દથી વલ્લભાચાર્ય શાંકર અદ્વૈતની સંકલ્પના પ્રમાણેની 'માયા' (મિથ્યા-માયા) થી ભિન્ન છે એમ કહેવાનો આશય છે.

આમ 'શુદ્ધાદ્વૈત' નો અર્થ છે દરેક વસ્તુ શુદ્ધ અને અદ્વૈત છે. આ જગત અને આત્મા-જીવ પરબ્રહ્મથી જુદા નથી, પરબ્રહ્મની જ લીલા છે અને બ્રહ્મ જેટલા જ સત્ય છે. જીવ સત્ય છે અને આ જગત પણ સત્ય છે. એ સમજાવે છે કે ચેતન અને અચેતન, નામ અને જુદા જુદા રૂપે, કાર્ય અને કારણ એ સર્વ બ્રહ્મનું જ શુદ્ધ સ્વરૂપ છે.

શ્રીમદ્ ભાગવત પુરાણમાં જણાવ્યા પ્રમાણે 'માયા' એ શ્રી કૃષ્ણની (બ્રહ્મની) શક્તિ છે. માયાની શક્તિથી ભગવાન લીલા કરે છે. માયાની આ દિવ્ય લીલાથી જ આ જગતનું નિર્માણ થયું છે. માયાના ત્રણ ગુણો સત્વ, રજસ અને તમસથી આ જગતનું નિર્માણ થયું છે.

(૩) પરબ્રહ્મનું સ્વરૂપ વર્ણન :

શુદ્ધાદ્વૈત દર્શનનો મુખ્ય આશય પરબ્રહ્મ પરમાત્મા વિશે જ્ઞાન મેળવવાનો છે. પરબ્રહ્મ-પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે પ્રથમ તો બ્રહ્મને ઓળખવાની જરૂર છે. શ્રી વલ્લભાચાર્ય એમના 'તત્વાર્થ દીપ નિબંધ' શાસ્ત્રાર્થ પ્રકરણમાં પરબ્રહ્મનું સુંદર અને વિસ્તારપૂર્વક વર્ણન આપે છે.

"પરબ્રહ્મ એ સત્-ચિત્-આનંદ રૂપ, વ્યાપક, નાશરહિત, સર્વશક્તિમાન, સ્વતંત્ર, સર્વજ્ઞ, પ્રાકૃત (ભૌતિક) ગુણરહિત છે. (૬૫) તે બ્રહ્મ સજાતીય, વિજાતીય, સ્વગત, ભેદરહિત છે અને નિત્ય સ્વાભાવિક સત્યાદિ હજારો ગુણોથી યુક્ત છે. (૬૬) સર્વના આધારભૂત, માયાને વશ રાખનાર, આનન્દકર, ઉત્તમ અને પ્રાપંચિક પદાર્થોના ગુણ થકી વિલક્ષણ છે. (૬૭) તે જ બ્રહ્મ જગતનું સમવાયી કારણ છે અને તે જ નિમિત્ત કારણ છે એ બ્રહ્મ કોઈ વખત પોતાના સ્વરૂપમાં રમે છે અને કોઈ વખત સુખથી પ્રપંચમાં રમે છે. (૬૮)"

આ પ્રકારે બ્રહ્મના ધર્મને કહીને તેનું કાર્ય કહે છે. સર્વકાર્યરૂપ જગતનું બ્રહ્મ જ સમવાયીકરણ છે, અને સર્વનું નિમિત્તકારણ પણ એ બ્રહ્મ જ કહેલું છે. તેમ જ કર્તા પણ બ્રહ્મ છે. પ્રપંચના નિર્માણનું એ કારણ છે. જે વખતે પ્રપંચમાં રમણની ઈચ્છા થાય તે વખતે બ્રહ્મ પ્રપંચનો વિસ્તાર કરે છે અને પોતાને વિશે રમણની ઈચ્છા થાય ત્યારે પોતાને વિષે લીન કરે છે.

શ્રી વલ્લભ તે ઉપરાંત આગળ વધીને કહે છે કે "જે વડે, જેને વિષે, જેના થકી, જે સમ્બન્ધી, જેને અર્થે અને જે જે પ્રકારે જ્યારે થાય છે, ત્યારે તે સર્વ પ્રધાન પુરુષના નિયંતા સાક્ષાત ભગવાન છે. (૬૯) પ્રકૃતિ, પુરુષ અને કાળ પણ તે જ છે. જે બ્રહ્મ સર્વને વિષે અંદર સ્થિતિ કરતા છતાં પણ સર્વ કાર્યને પોતાના મધ્યમાં સ્થાપન કરે છે, તો પણ તે કાર્યને પોતે સ્પર્શ કરતા નથી. બ્રહ્મ સર્વને પોતાના શરીર રૂપ માની તેમાં પ્રવેશ કરીને પ્રકાશે છે, પણ શરીર એ પ્રકારે તેને જાણતું નથી. તે બ્રહ્મ કોઈપણ વાદનો વિષય નથી અને તે સર્વવાદને અનુસરે છે. તે બ્રહ્મ અનન્તમૂર્તિ છે, કૂટસ્થ અને ચલ છે, તે સર્વ વિરૂદ્ધ ધર્મનો આશ્રય છે અને યુક્તિનો અવિષય છે." (૭૦-૭૧)[૪]

બ્રહ્મ સર્વ પદાર્થમાં પોતે સ્થિતિ કરે છે, અને તેને પોતાના મધ્યમાં સ્થાપન કરે છે. તે પ્રમાણે આધાર અને આધેયભાવ પોતે થાય છે, તો પણ કોઈ પદાર્થને સ્પર્શ કરતું નથી. બ્રહ્મ સર્વ પદાર્થને પોતાના શરીરત્વે માને છે, તે સર્વે તેને જ્ઞાપક થાય છે, તો પણ બ્રહ્મ એ સર્વથી અલિપ્ત અને અસ્પર્શ્ય છે. ભગવાન આનન્દનિધિ હોવાથી જે બ્રહ્મ શરીરમાં પ્રવેશ કરીને પ્રકાશે છે તેને શરીર જાણતું નથી. બ્રહ્મને વિષે વિરુદ્ધ ધર્મો છે, તે જણાવવાને માટે કહે છે કે બ્રહ્મ અનન્તમૂર્તિ છે. વ્યાપકત્વ એકત્વ બતાવે છે અને અનન્તમૂર્તિ બહુત્વ બતાવે છે. આ પ્રકારે પરસ્પર વિરુદ્ધ ગુણ કહીને વિરુદ્ધ ક્રિયા કહે છે. બ્રહ્મ કૂટસ્થ (સ્થિર) છે, અને ચલાયમાન (ગતિવાળુ) પણ છે. આમ બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મોનો આધાર છે. પૃથ્વીમાં જે વિરુદ્ધ ધર્મોનો આધાર જણાય છે તે

બ્રહ્મનો જ છે. લૌકિક યુક્તિનો વિષય બ્રહ્મ નથી કેમ કે તે લૌકિક યુક્તિથી જણાતું નથી.

● બ્રહ્મનું વિરુદ્ધધર્માશ્રયત્વ :

આગળ જોયું તે પ્રમાણે શ્રી વલ્લભાચાર્ય બ્રહ્મને વિરુદ્ધ ધર્મોનો આશ્રય માને છે. આથી તે લૌકિકયુક્તિઓથી અગમ્ય છે. તે એક હોવા છતાં અનન્તમૂર્તિ છે, સ્થિર હોવા છતાં ચલ છે. જગતનો કર્તા હોવા છતાં સગુણ નથી, સાકાર હોવા છતાં પ્રાકૃત દેહવાળો નથી. નિધર્મક હોવા છતાં સધર્મક છે.

બ્રહ્મસૂત્રના ૩-૨-૨૭ સૂત્રમાં પણ કહ્યું છે કે उभयव्यपदेशात्त्वहि कुण्डलवत् ।

એટલે કે સવિશેષ અને નિર્વિશેષ એમ બન્ને રૂપે તેનું વર્ણન હોવાથી સર્પ ઈચ્છા પ્રમાણે જેમ સીધો, લાંબો, ગોળ કે કોઈ પણ આકારનો બને છે તેમ બ્રહ્મ પણ નિર્વિશેષ છતાં સવિશેષ છે. સર્પનું વિસ્તારિત સીધું સ્વરૂપ અને સર્પનું ગુંચળું વાળીને રહેવા રૂપ સંકુચિત કુંડલ સ્વરૂપ બન્ને એક જ છે તેવી જ રીતે સોનાની લગડી અને તેમાંથી બનેલ કુંડલ, માલા, બંગડી વગેરે અભિન્ન છે. કારણકે બન્ને એ જ સોનું છે.

આજ સૂત્ર ઉપરના ભાષ્યમાં શ્રી વલ્લભાચાર્ય કહે છે કે "વેદથી જ બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન થાય છે તો પછી કેવી રીતે સ્વરૂપની શક્તિથી નિર્ણય થાય ? બ્રહ્મ તો ઉભય રૂપવાળું છે કારણકે બન્નેનો નિર્દેશ છે. બન્ને રૂપથી-નિર્ગુણ તરીકે તેમ જ અનન્ત ગુણરૂપ તરીકે સર્વ વિરુદ્ધ ધર્મોથી યુક્તિ રૂપે વ્યપદેશ હોવાથી તો પછી એક વસ્તુ અનેક રૂપે શી રીતે ભાસે છે ? ત્યાં (ઉત્તર) કહે છે કે, સર્પના કુંડાળાની જેમ જે રીતે સર્પ સીધો, અનેક આકારવાળો અને કુંડાળાવાળો (ગોળાકાર) હોય છે તે રીતે ભક્તની ઈચ્છાથી બ્રહ્મનું સ્વરૂપ બધાં પ્રકારે સ્ફુરે છે એટલે સર્વ વિરુદ્ધ ધર્મોનો આશ્રય ભગવાન છે. પ્રમાણથી જેનું શ્રવણ છે તથા દર્શન છે. તેમાં કોઈ પણ અનુપપત્તિ નથી."[૫]

આ ઉપરાંત તત્વાર્થદીપનિબંધ-શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા ૨૫-૨૬ માં પણ શ્રી વલ્લભ જણાવે છે કે "બ્રહ્મ આકાશની પેઠે વ્યાપક છે અને માયાંશથી વેષ્ટિત છે. સર્વત્ર કરચરણાદિમાન્ અને નેત્ર, શિર, અને મુખવાળું, સર્વત્ર કર્ણવાળું છે. આ જગતમાં તે સર્વને વ્યાપીને રહે છે. તે અનન્ત મૂર્તિ છે, અવિભક્ત છે, અને વિભાગવાળું પણ છે."[૬]

અહીં વિરુદ્ધ ધર્માશ્રય હોવાનું તાત્પર્ય એ છે કે બ્રહ્મ શું કેવું છે એ બાબતમાં આપણે કોઈ પ્રકારની ઉત્પ્રેક્ષા ન કરીએ. પણ શ્રુતિમાં બ્રહ્મના જે સ્વરૂપનું વર્ણન કર્યું છે એનો સ્વીકાર કરીએ. જો શ્રુતિના એક જ વાક્યમાં અથવા બે જુદા જુદા વાક્યોમાં પરસ્પર વિરોધી ધર્મોનું નિરૂપણ થયેલું લાગે તો આપણે એ પ્રમાણે જ એનો સ્વીકાર કરવો જોઈએ. કારણકે શાસ્ત્રથી ઉપર કોઈ પ્રમાણ સ્વીકાર્ય નથી. આમ સંભવ છે કે પરસ્પર વિરોધી લાગતા ગુણો બ્રહ્મમાં રહેલા છે એમ માનવાથી વિરોધનું નિરસન થઈ જાય છે.

આમ બ્રહ્મ કે જે સર્વ ધર્મોને (Attributes) ધારણ કરે છે એવા બ્રહ્મનું વર્ણન સ્વાભાવિક રીતે જ શ્રી વલ્લભ 'વિરુદ્ધ ધર્માશ્રય' તરીકે કરે છે. માત્ર અનુભવ પર આધાર રાખનાર નિરીક્ષણ જ્ઞાન બ્રહ્મના વિરુદ્ધ ધર્મોને સમજવામાં મદદરૂપ નથી. પણ શાસ્ત્રો, પ્રસ્થાન-ચતુષ્ટયીને આધારે જ એને સમજી શકાય. નીચેની શ્રુતિઓ બ્રહ્મના વિરુદ્ધ ધર્માશ્રયને સ્પષ્ટ કરે છે.

(૧) બ્રહ્મ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ અને મહાનથી પણ મહાન છે.

(૨) હાથ અને પગ વગર એ ચાલે છે અને ગ્રહણ કરે છે. આંખ વગર જોઈ શકે છે અને કાન વગર સાંભળે છે.

(૩) એ સૂક્ષ્મજંતુ અને હાથીની બરાબર છે.

(૪) આસનસ્થ હોવા છતાં એ દૂર જઈ શકે છે, અને સ્થિર હોવા છતાં ચલ છે.

(૫) એ આંતર-બાહ્યથી પર છે.

(૬) બ્રહ્મ કે જે નિષ્કલમ્-નિરવયવમ્ છે તે જ આ સૃષ્ટિનો રચયિતા છે.

ભગવદ્‌ગીતા પણ કહે છે કે,

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।[7]
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥

"એ સર્વ ઈન્દ્રિયોના વિષયનો જાણનારો છે, છતાં વાસ્તવમાં સઘળી ઈન્દ્રિયો વિનાનો છે. તથા આસક્તિ વિનાનો હોવા છતાં પણ સર્વનું ધારણ-પોષણ કરનારો અને નિર્ગુણ હોવા છતાં પણ ગુણોને ભોગવનારો છે."

બ્રહ્મસૂત્રકારે પણ સ્વીકાર્યું છે કે બ્રહ્મ 'વિરુદ્ધધર્માશ્રય' છે. દા.ત. એ કહે છે કે બ્રહ્મ નિરઅવયવ છે અને એ જ બ્રહ્મ સૃષ્ટિનો રચયિતા છે. (બ્ર.સૂ. ૨-

૧-૨૬) બીજી જગ્યાએ સૂત્રકાર કહે છે કે આત્મા અથવા બ્રહ્મમાં સર્વ પ્રકારની વિચિત્ર શક્તિઓ છે. (બ્ર.સૂ. ૨-૧-૨૮). સૂત્રકાર બ્રહ્મના ઉભયરૂપનું વર્ણન કુંડાળાવાળો સર્પ અને સીધો રહેલો સર્પ એ બન્ને એક જ છે એ દાખલો આપીને બ્રહ્મના સવિશેષ અને નિર્વિશેષ રૂપનું વર્ણન કર્યું છે. (બ્ર.સૂ. ૩-૨-૨૭) અને સૂત્રકાર એમ પણ કહે છે કે 'બ્રહ્મ અવ્યક્ત છે' પણ સેવાથી ભગવાનને સંતુષ્ટ કરવામાં આવે તો તેનું પ્રાગટ્ય થાય છે અને તેમની જે કામનાઓ હોય તે પ્રમાણે પ્રકટ થાય છે. (બ્ર.સૂ. ૩-૨-૨૩, ૨૪) ભાગવતપુરાણમાં તો એના અનેક દૃષ્ટાંત છે અને બ્રહ્મના આ 'વિરુદ્ધ ધર્માશ્રય'ને શ્રી વલ્લભ 'બ્રહ્મનું ભૂષણ' માને છે. (અણુભાષ્ય ૧-૧-૩)

ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી એમના 'સાકાર બ્રહ્મવાદ' નામના ગ્રંથમાં શ્રી વલ્લભના 'વિરુદ્ધ ધર્માશ્રયતા' ને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકતાં જણાવે છે કે, "જગતની સર્વ દાર્શનિક માન્યતાઓ આ એ 'બ્રહ્મ' ના જ અનેક પાસાંઓનું વર્ણન કરે છે. કોઈ એને પ્રકૃતિ કહે છે, કોઈ પરમાણુ, કોઈ માયા, કોઈ અદૃષ્ટકર્મ, કોઈ વાસના, કોઈ કાળ, કોઈ સ્વભાવ, કોઈ શૂન્ય, કોઈ શિવ, કોઈ શક્તિ, કોઈ વિષ્ણુ, કોઈ યહોબા (યહોવાદ), કોઈ અલ્લાહ કહે છે. મહાપ્રભુજી કહે છે, 'तदेव एतत्प्रकरेण भवति इति श्रुतेः मतम् ।' તે જ સર્વ રૂપોને ક્યારેક વિચારકોની બુદ્ધિમાં ધારણ કરે છે તો ક્યારેક બહાર પણ. એકાંગી દૃષ્ટિકોણથી જોઈએ તો આમાંથી એક પણ દાર્શનિક માન્યતા સમગ્ર બ્રહ્મનું પ્રતિપાદન કરી શકતી નથી એટલે આપસમાં ટકરાવાથી તૂટી જાય છે. જો યથાયોગ્ય રીતે એને જોડીને જોવા જઈએ તો માલૂમ પડશે કે આ સર્વ માન્યતાઓ બ્રહ્મના એક એક ભાગનું ચિત્રણ કરી રહી છે અને એટલે જ મહાપ્રભુ सर्ववादानवसरं...... (ત.દી.નિ.કારિકા ૭૦-૭૧) ની વ્યાખ્યામાં કહે છે કે "વિભિન્ન દાર્શનિક મતો જુદા જુદા દાર્શનિકોની મનની કલ્પનાઓ અનુસાર ચાહે પ્રકૃતિને મૂળ તત્ત્વ માને યા પરમાણુઓને, માયાને અથવા શૂન્યને, કાળને અથવા સ્વભાવને, આ પ્રકૃતિ પરમાણુ, માયા વગેરેના ચિત્ર એમની કલ્પનાઓમાં ઉપસે છે, બ્રહ્મના એક-એક ભાગના ચિત્રના રૂપોમાં સમગ્ર બ્રહ્મ દેખાતું ન હોવાને કારણે છેવટે આ આંશિક ચિત્રોની મદદથી જ મૂળ તત્ત્વને જાણવાનો પ્રયત્ન કરે છે અને કેટલેક અંશે સફળ પણ થાય છે. એ સાચું છે કે પ્રકૃતિ પરમાણુ નથી બની શકતી, પરમાણુ માયા નથી થઈ શકતો, સત્ અને અસત્ અને સદસદ્‌થી વિલક્ષણ માયા ચતુષ્કોટી વિનિર્મુક્ત શૂન્ય નથી થઈ શકતી, નિષ્ક્રિય શૂન્ય સક્રિય કાળ નથી બની શકતું, અને આમ

આ પરસ્પર વિરુદ્ધ મત સત્ય ના હોઈ શકે. પરંતુ બ્રહ્મ સર્વ કંઈ થઈ શકે છે, પ્રકૃતિ, પરમાણુ, માયા, શૂન્ય, કાળ, કર્મ, સ્વભાવ, પુરુષ વગેરે વગેરે."

"આમ કોઈ પણ દાર્શનિક મત અપ્રમાણિક નથી પણ અપૂર્ણ છે. માન્યતા તો મનના દુરાગ્રહો અને પૂર્વગ્રહોથી ઘેરાયેલી હોય છે, એટલે મિથ્યા થઈ શકે છે. પણ વાણી તો અનન્તમૂર્તિ બ્રહ્મની એક એક મૂર્તિઓનું વર્ણન કરી રહી છે. એટલે કે વાત સર્વની યોગ્ય છે. પણ માન્યતામાં ગડબડ થઈ જાય છે. શ્રી વલ્લભ કહે છે કે માન્યતા પૂર્વગ્રહોથી જકડાયેલી હોય છે પણ વાણીથી (શબ્દ) એને વ્યક્ત કરો તો સત્યના કોઈ ને કોઈ પાસાને તો એ ઉજાગર કરે જ છે. વાગ્દેવતા ક્યારેય મિથ્યા ન હોઈ શકે,એટલે જ સર્વ વાદ વિવાદોથી ઉપર ઉઠવાથી જ બ્રહ્મ સર્વ વાદોના સ્તર પર આવી શકે છે. આમ શ્રી વલ્લભાચાર્યે 'વિરુદ્ધ ધર્માશ્રયત્વ' દ્વારા સર્વ વાદોનો સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો છે."[૮]

(૪) બ્રહ્મ સમવાયી કારણ :

બ્રહ્મસૂત્ર ૧-૧-૩ ની ચર્ચા કરતા અણુભાષ્યમાં શ્રી વલ્લભ કહે છે "તે બ્રહ્મ જ સમવાયી કારણ છે, કારણકે સમન્વયથી સંપૂર્ણ રીતે સર્વત્ર રહેલું છે. અસ્તિ, ભાતિ, પ્રિયત્વથી તથા સત્, ચિત્ તેમજ આનંદરૂપ તો બ્રહ્મનો અન્વય છે, કારણકે નામ અને રૂપ કાર્યરૂપ છે. પ્રકૃતિ પણ (જડ અંશ) તેમના સિદ્ધાંતમાં બ્રહ્મના અંશરૂપ છે. પરિચ્છેદ (limitation) અને અપ્રિયત્વ (unlikeable) અજ્ઞાનને લીધે છે, કેમ કે જ્ઞાનથી તેનો બાધ દેખાય છે. (જગતમાં દેખાતું) વૈચિત્ર્ય (વૈવિધ્ય) બ્રહ્મની ઈચ્છાની લીધે જ છે, કારણકે જડ, જીવ તેમજ અંતર્યામીમાં બ્રહ્મના એક એક અંશનું પ્રાકટ્ય થાય છે. જે પ્રમાણે સત્ રૂપમાં ઘટ (દ્રવ્ય) રૂપ ગુણ અને ક્રિયાઓના તારતમ્યથી પ્રકટે છે તે પ્રમાણે જડ પદાર્થમાં પણ પ્રાકટ્યની પ્રતીતિ થતી હોવાથી તારતમ્યથી આવિર્ભાવનો અંગીકાર કરવો જોઈએ. કેમ કે ભગવાનની ઈચ્છા નિયામક છે."[૯]

આ પરિચ્છેદ (પેરેગ્રાફ) સ્પષ્ટ કરે છે કે બ્રહ્મના ત્રણ આવિર્ભાવો જડ, જીવ અને અંતર્યામીમાં અદ્વૈત છે. વલ્લભના મતે જડ અને જીવ (animate and inanimate world) સૃષ્ટિ બ્રહ્મથી જુદા નથી પણ શુદ્ધ બ્રહ્મ જ છે. બ્રહ્મના આનંદ તત્ત્વનો જીવમાં તિરોભાવ છે જગતમાં આનંદ અને ચેતન-ચિત્ (Intelligence) નો તિરોભાવ છે. બ્રહ્મના અસ્તિ, ભાતિ અને પ્રિય જ સર્વત્ર ફેલાયેલા છે.

બ્રહ્મના ત્રણ સ્વરૂપો સત્, ચિત્ અને આનંદ છે અને જે સ્વરૂપમાં આ ત્રણમાંથી જેનું પ્રાબલ્ય હોય તે પ્રમાણે એના ત્રણ સ્વરૂપ છે. જગત કે જેમાં

સત્ અંશનું પ્રાબલ્ય છે તેને બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ કહે છે, અક્ષર કે જેમાં ચિત્ અંશનું પ્રાબલ્ય છે તે બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ છે અને જેમાં સંપૂર્ણ આનંદ વિશેષ રૂપે છે તે પુરુષોત્તમ અથવા બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ ગણાય છે. આ ત્રણે સ્વરૂપ બ્રહ્મથી અભિન્ન અને અદ્વૈત છે.

ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ અધ્યાત્મ, આધિદૈવ અને અધિભૂતને આ પ્રમાણે સમજાવે છે.

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसञ्ज्ञितः ॥
अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥

“પરમ અક્ષર ‘બ્રહ્મ’ છે, પોતાનું સ્વરૂપ અથવા જીવાત્મા ‘અધ્યાત્મ’ નામે કહેવાય છે તથા પ્રત્યેક ઉત્પત્તિ-વિનાશશીલ પદાર્થ ‘અધિભૂત’ છે અને પૂર્ણ પુરુષોત્તમ અંતર્યામી સ્વરૂપે ‘આધિદૈવ’ (અધિયજ્ઞ) સ્વરૂપ છે.”[૧૦]

આગળ ૧૫ માં અધ્યાય શ્લોક ૧૮ માં પણ શ્રી કૃષ્ણ કહે છે.

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

“હું નાશવંત જડસમુદાય ક્ષેત્રથી સર્વ રીતે અતીત છું અને અવિનાશી જીવાત્માથી પણ ઉત્તમ છું, માટે લોકમાં તેમજ વેદોમાં પુરુષોત્તમ નામે પ્રસિદ્ધ છું.”[૧૧]

“तद आत्मानं स्वयम् अकुरुत । (તૈ.ઉપ. ૨/૭)
“एकोऽहं बहुस्याम् प्रजायेत । (તૈ.ઉપ. ૨/૬)

વગેરે શ્રુતિઓના આધારે શ્રી વલ્લભ બ્રહ્મને આ નામ રૂપાત્મક જગતનું સમવાયી તથા નિમિત્ત કારણ માને છે. તેઓ માને છે કે એ બન્ને છે (સમવાયી તથા નિમિત્ત કારણ) કારણકે જો એ બેમાંથી એક જ હોય તો બ્રહ્મમાં સ્વતંત્ર કર્તૃત્વ સંભવી ન શકે.

તેઓ અણુભાષ્યમાં સૂત્ર (૧-૧-૨) માં પણ કહે છે કે तस्मात् सर्वज्ञत्वं सर्वशक्तिमत्वञ्च सिद्धं निरंकुश जगत् कर्तृत्वेन । બ્રહ્મ સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે એ હકીકત ત્યારે જ સિદ્ધ થાય જો એ જગતના નિરંકુશ સ્વતંત્ર કર્તા હોય.

તત્ત્વાર્થદીપ નિબંધ શાસ્ત્રાર્થ પ્રકરણ (કારિકા-૬૮) માં પણ શ્રી વલ્લભ કહે છે કે "તે જ બ્રહ્મ જગતનું સમવાયી કારણ છે અને તે જ નિમિત્તકારણ છે. એ બ્રહ્મ કોઈ વખત પોતાના સ્વરૂપમાં રમે છે અને કોઈ વખત સુખથી પ્રપંચમાં (જગતમાં) રમે છે.

માટી અને ઘડાના ઉદાહરણથી આ વાત વધારે સ્પષ્ટતાથી સમજાશે. આપણે જાણીએ છીએ કે માટીમાંથી ઘડો બને છે અને ઘડો ફૂટી જાય તો પાછી માટી રૂપ જ થઈ જાય છે. આમ ઘડો બનાવવામાં માટી એ ઘડાનું ઉપાદાન કારણ (સમવાયીકારણ) છે પણ એમાં કુંભાર નિમિત્ત કારણ બને છે. અને લાકડી, ચક્ર, પાણી વગેરે સહકારી કારણો છે. પણ બ્રહ્મ તો સર્વકર્તા, સ્વતંત્ર કર્તા છે એટલે જગતના નિર્માણમાં બ્રહ્મ જ સમવાયી કારણ છે અને નિમિત્ત કારણ પણ છે. જો એ બેમાંથી એક જ હોય તો બ્રહ્મમાં સ્વતંત્ર કર્તૃત્વ સંભવી ન શકે. શ્રી વલ્લભનો આ સિદ્ધાંત વલ્લભવેદાંતમાં અભિન્ન નિમિત્તોપાદાન કારણવાદ તરીકે જાણીતો છે.

● બ્રહ્મ અને શ્રીકૃષ્ણની એકરૂપતા :

શ્રી વલ્લભાચાર્યે શ્રુતિ અને સ્મૃતિમાંથી ઉદાહરણ આપીને પ્રતિપાદન કર્યું છે કે ભગવાન શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ પુરુષોત્તમ છે અને તે શ્રીકૃષ્ણ અક્ષર બ્રહ્મ કરતાં પણ ઉત્કૃષ્ટ છે. કારણકે શ્રીકૃષ્ણમાં આનંદ અથવા આનંદમય માત્રા અક્ષર બ્રહ્મ કરતાં પણ શ્રેષ્ઠ છે, વધારે અને પરિપૂર્ણ છે. એમનું સંપૂર્ણ સ્વરૂપ 'આનંદમય' છે એટલે આચાર્યશ્રી તેને 'અગણિતાનંદ' કહે છે. તત્ત્વાર્થદીપનિબંધમાં (કારિક ૭૩) પણ શ્રી વલ્લભાચાર્ય કહે છે કે "આનંદરૂપ બ્રહ્મમાં શુદ્ધ સત્ત્વનું પ્રતિફલન (પ્રભા પડવી) થાય છે. ત્યારે આવિર્ભાવમાં (અવતારદશામાં) એ જ બ્રહ્મ મરકત મણિ જેવા શ્યામ વર્ણના દેખાય છે."

આ રીતે બ્રહ્મ અને ભગવાન શ્રીકૃષ્ણની એકરૂપતાનું પ્રતિપાદન આચાર્યશ્રીએ કર્યું છે. વલ્લભના મતે શ્રીકૃષ્ણ જ પર-બ્રહ્મ છે અને તત્ત્વાર્થદીપનિબંધના ભાગવતાર્થ પ્રકરણ-૧ માં તેઓ શ્રી કહે છે કે, "એના પ્રત્યેક અંગ આનંદદાયક છે તે સર્વ અપ્રાકૃત, અલૌકિક ધર્મનો આધાર છે એની સર્વ લીલા નિત્ય છે. ભગવાન શ્રીકૃષ્ણ શુદ્ધ પુરુષોત્તમ છે અને મૂળરૂપ છે, પરમાનંદ સ્વરૂપ, રસ રૂપ છે. તેઓ સદા આત્માનંદના સાગરમાં રમમાણ હોય છે."

(૫) અક્ષરબ્રહ્મ :

રસ સ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું એક બીજું રૂપ છે. જે સર્વ કારણોનું કારણ છે. તે અક્ષરબ્રહ્મ કહેવાય છે. એ ભક્તોને પ્રત્યક્ષ થવાવાળા આ અક્ષર રૂપમાં ભગવાનના કેટલાક ગુણ પ્રકટ થાય છે અને કેટલાક તિરોહિત રહે છે. અહીં તિરોહિત થવાનો અર્થ છે 'સત્ પદાર્થના પોતાના કાર્યને ઉત્પન્ન ન કરવું. જ્ઞાનીઓને અક્ષરબ્રહ્મ સદ્ચિદાનંદ, દેશ-કાલ અપરિચ્છિન્ન, સ્વયં પ્રકાશ અને ગુણાતીત રૂપમાં પ્રકટ થાય છે. આ અક્ષર બ્રહ્મમાં બધા ધર્મોનો તિરોભાવ થાય છે. અને ફક્ત તિરોધાન શક્તિ જ પ્રગટ રહે છે. એથી આ અક્ષરબ્રહ્મ નિર્ધર્મક કહેવાય છે. આ ધર્મના સર્વ વ્યવહારાતીત રૂપ છે. જેથી બધી શક્તિઓ તિરોહિત છે. બ્રહ્મસૂત્રના આનંદમય અધિકરણ (સૂત્ર ૧-૧-૧૧ થી ૧૮) માં શ્રીવલ્લભે જણાવ્યું છે કે તે આનંદમય બ્રહ્મ કરતાં પણ શ્રેષ્ઠ છે, કારણકે ઉપનિષદમાં જણાવેલી આનંદની માત્રા અક્ષર કરતાં શ્રીકૃષ્ણમાં વધારે છે. એટલે શ્રીવલ્લભ એમને અગણિતાનંદ કહે છે.

પુરુષોત્તમ શ્રી કૃષ્ણ અને અક્ષર બ્રહ્મમાં રહેલા ફરકનું ઉપનિષદો અને ભગવદ્ગીતા બાદ ઐતિહાસિક અને વિવેચનાત્મક દૃષ્ટિએ આજના વર્ષોમાં (Recent years) ડૉ. એસ.એન. દાસગુપ્તા, શ્રી અરવિંદ ઘોષ, ડૉ.પી.એન. મોદી વગેરે દ્વારા પ્રતિપાદન થયેલ છે.

વલ્લભ વેદાંતમાં પરબ્રહ્મ જુદા જુદા સ્વરૂપે ઓળખાય છે. 'વેદ અને બ્રાહ્મણો' એને 'યજ્ઞ' કહે છે. ભગવદ્ગીતામાં 'પુરુષોત્તમ' કહ્યા છે અને શ્રીમદ્ભાગવત પુરાણમાં 'કૃષ્ણ' અને 'ભગવાન' કહ્યા છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ પૂર્ણાનંદ છે, એના આનંદની કોઈ સીમા, મર્યાદા નથી. તે 'અગણિતાનંદ' છે. એનો આનંદ મર્યાદિત છે. આમ તો અક્ષરબ્રહ્મ પણ અસીમિત આનંદમય છે. ઉપનિષદમાં અક્ષરબ્રહ્મના આનંદ વિશે મીમાંસા વિચાર છે. (દેવ-ગંધર્વ વગેરેના આનંદ સાથે તુલના). માનવીય આનંદની દૃષ્ટિથી તો આ અક્ષરબ્રહ્મનો આનંદ અગાધ અને અસીમ છે. પણ પૂર્ણાનન્દ પુરુષોત્તમના અગણિતાનંદની સામે આ આનંદ કંઈક કમ, મર્યાદિત, સીમિત જેવો લાગે છે. અક્ષરબ્રહ્મમાં આનંદનો કંઈક અંશ તિરોહિત અવશ્ય લાગે છે પણ તે જીવથી ભિન્ન-અલગ છે. અક્ષરબ્રહ્મ, પુરુષોત્તમ સાથે ઘનિષ્ઠ છે. અક્ષરબ્રહ્મ શુદ્ધાદ્વૈત જ્ઞાનીનું પરમ લક્ષ્ય છે. શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભક્તિમાર્ગીયનું રૂપ છે અને અક્ષરબ્રહ્મ જ્ઞાનમાર્ગીય રૂપ. અક્ષરબ્રહ્મને શ્રીવલ્લભે પ્રભુના

ચરણ સ્થાનરૂપ અર્થાત ધામ કહ્યું છે, 'ચરણાત્મક' કહ્યા છે. ભગવાન જ્યારે જ્ઞાનથી મોક્ષ આપવાની ઈચ્છા કરે છે ત્યારે પુરુષોત્તમના આધાર ભાગ અર્થાત ચરણ સ્થાનીય અક્ષરરૂપનો અનુભવ કરાવે છે. વૈકુંઠ લોક અક્ષરનું રૂપ છે. અક્ષરબ્રહ્મને બ્રહ્મ, કુટસ્થ, નિર્વિકાર, અવ્યક્ત વગેરે રીતે પણ ઓળખાય છે. ઉપનિષદમાં આનંદમય બ્રહ્મના વર્ણનમાં બ્રહ્મને હંસનું પૂછ-'હંસપૂચ્છ પ્રતિષ્ઠા' કહેવાયું છે એટલે કે આ અક્ષરબ્રહ્મ આનંદમય, રસમય પુરુષોત્તમનો પૂચ્છભાગ અથવા આધાર રૂપ છે.[૧૨]

કાળ : પણ અક્ષર બ્રહ્મનું જ એક રૂપ છે. કાળમાં ચિદ્ અંશ પણ નથી અને આનંદાંશ પણ નથી, સદ્ અંશ સ્વલ્પ (થોડુંક) છે. સચ્ચિદાનંદ ભગવાન કાળરૂપમાં જ્ઞાનીઓને દર્શન આપે છે. જગતની ઉત્પત્તિમાં આ ચેષ્ટારૂપ કાળ નિમિત્તકારણ છે. કાળ નિત્ય ચાલતો જ રહે છે એથી જગત પણ સંસરણશીલ-પરિવર્તનશીલ રહે છે. કાળ ક્રિયાશક્તિ રૂપ છે. ક્રિયાશક્તિ સદંશની હોવાથી તેમાં ચિત્, આનંદનો તિરોભાવ હોય છે. કાળ નિત્ય ગતિશીલ હોવાથી સર્વનો આશ્રય અને સર્વનો ઉદ્ભવ હેતુ છે. કાળનું આધિભૌતિક રૂપ સૂર્ય છે અને આધ્યાત્મિક રૂપ સતયુગ છે.

કર્મ : પણ અક્ષર બ્રહ્મનું સ્વરૂપ છે. એમાં ચિદ્ અંશ અને આનંદ તિરોહિત છે. કર્મ એને પોતાને આધીન રાખે છે. જે કાળના વશમાં છે. વિધિનિષેધ પ્રકારની, વિવિધ પ્રકારની લૌકિક ક્રિયાઓથી વ્યક્ત થતી ક્રિયા તે કર્મ. કાળ અને કર્મ વચ્ચેનો ભેદ એ છે કે કાળ સ્વતઃ પ્રકટ થાય છે તો કર્મ પ્રાણીઓની ક્રિયા દ્વારા અભિવ્યક્ત થાય છે. વળી કાળ નિત્ય છે તો કર્મ માત્ર ફલોપભોગ (ફલ + ઉપભોગ) સુધી જ વ્યક્ત થાય છે. કર્મ વિવિધ રૂપે અભિવ્યક્ત થતું હોવાથી એક સાથે એ જુદાં જુદાં પ્રાણીઓને સુખ કે દુઃખ આપી શકે છે.

સ્વભાવ : પણ અક્ષરબ્રહ્મ રૂપ છે. પદાર્થોમાં સતત પરિવર્તન આણવાની શક્તિને સ્વભાવ કહેવાય છે. એમાં સત્, ચિત્ અને આનંદ તિરોહિત છે.

સ્વભાવ ભગવાનની ઈચ્છાશક્તિ છે. તે જડ, જીવ વગેરેમાં સદૈવ રહેલી છે. દૂધમાંથી દહીં બનવું એ સ્વભાવ છે અથવા ચમેલી ફૂલ સફેદ હોવું એ એનો સ્વભાવ છે. એ કોઈના પરિણામના કારણે નથી પણ એ તો વસ્તુનો મૂળભૂત સ્વભાવ છે અને એ સ્વભાવ ભગવદ્ ઈચ્છા રૂપ છે.

લોક વ્યવહારની દૃષ્ટિએ કાળને ચેતન કે અચેતન કોઈ સાથે સંબંધ નથી.

કર્મને માત્ર ચેતન સાથે તો સ્વભાવને બન્ને સાથે સંબંધ છે. સ્વભાવ બધી જ વસ્તુઓમાં આશ્રિત છે.

શ્રી શ્યામમનોહરજી એમના 'સાકાર બ્રહ્મવાદ' નામના ગ્રંથમાં આ વિષય વિશે વિગતવાર ચર્ચા કરે છે.

"દેશ-કાળ-દ્રવ્ય બ્રહ્મની સત્તાના જ ત્રણ પાસા છે, એનાથી સ્વતંત્ર નથી. દ્રવ્ય (Matter) બ્રહ્મથી ભિન્ન નથી પણ બ્રહ્મની સત્તાનું જ અન્યતમ રૂપ છે. કાળ (Time) પણ બ્રહ્મથી અલગ નથી, પણ બ્રહ્મ ક્રિયાશીલ હોવાની પ્રતીતિ છે. દેશનો (Space) મહાપ્રભુ 'દ્રવ્ય'ની અંદર જ સમાવેશ કરે છે, એને સ્વતંત્ર નથી ગણતા. જેમ આ 'દ્રવ્ય' અને 'કાળ' સદંશ છે. તેવી જ રીતે કર્મ (Kinetic energy) અને સ્વભાવ (Potential energy) પણ બ્રહ્મની જ અદશ્ય સત્તા છે. આજ કર્મ અને સ્વભાવના કારણે કાળમાં દ્રવ્ય, ગતિશીલતા અથવા સ્થિતિશીલતા રહે છે. આમ બ્રહ્મની સત્તાના ચાર પાસાંઓ છે. (૧) દ્રવ્ય (૨) કાળ (૩) કર્મ અને (૪) સ્વભાવ."

"આ ચારેયનું તંત્ર જડયંત્રની માફક સ્વયંસંચાલિત નથી પણ સત્-ચિત્-આનંદ બ્રહ્મના ચિદ્ અંશ રૂપ ચેતના દ્વારા ચાલે છે. એ ચેતના સદંશમાં છૂપાયેલી રહે છે એટલે બહારથી જોતાં એવું લાગે છે કે દ્રવ્ય-કાળકર્મ-સ્વભાવ સ્વયંસંચાલિત છે. પણ પરમાત્મા એને બહારથી નહીં પણ અંદરથી ચલાયમાન કરે છે. એથી જ ઉપનિષદમાં કહ્યું છે. (यः सर्व भूतेषु.....) કે જે સર્વ ભૌતિક પદાર્થોમાં રહેલું છે, જે સર્વ પદાર્થોની અંદર છે, જેને કોઈ ભૌતિક પદાર્થ જાણી શકતું નથી, સર્વ ભૌતિક પદાર્થ એના શરીરની જેમ છે, જે સર્વ ભૌતિક પદાર્થોનું નિયમન એની અંદર રહીને કરે છે અને તે જ આત્મા તમારો પણ 'અંતર્યામી' છે. જે બ્રહ્મની ચેતના ભૌતિક પદાર્થોને સ્વયંસંચાલિત હોવાનું ભાન કરાવે છે તે જ બ્રહ્મચેતના આપણી અંદર પણ આંશિક રૂપે રહેલી છે. અચેતન પદાર્થોમાં એ ચેતના છૂપાયેલી હોય છે એટલે તે પોતાની કે તેની સત્તાને જાણી શકતા નથી. આધિભૌતિક પદાર્થોમાં બ્રહ્મની સત્તા જ કેવળ પ્રગટ થયેલી છે, ચેતના તિરોહિત છે. જ્યારે આપણા સ્વરૂપમાં સત્તા અને ચેતના બન્ને અંશતઃ પ્રગટ છે, તેથી આપણને આપણા અસ્તિત્વનું ભાન હોય છે. આ જ અંતર છે ભૌતિક પદાર્થ અને જીવાત્મામાં. સર્વને તે જ અંશી ચેતના ચલાવી રહી છે, ક્યાંક પ્રકટ થઈને અને ક્યાંક અપ્રકટપણે. જ્યાં 'ચેતના' પોતાને તિરોહિત નથી કરતી (છુપાવતી નથી) એ સત્તાના રૂપને 'પુરુષ'

અથવા 'જીવાત્મા' કહેવાય છે. આ રીતે દ્રવ્યનું બીજું નામ પ્રકૃતિ છે. જ્યાં ચેતના જડની પાછળ છૂપાયેલી છે."[૧૩]

ગીતામાં પણ શ્રી કૃષ્ણ 'પુરુષ' અને 'પ્રકૃતિ' ની વ્યાખ્યા આપતાં કહે છે કે -

"प्रकृतिं पुरुषं चैव विद्धयनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्ध प्रकृतिसम्भवान् ॥
कार्यकरणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥
पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥

"એનો અર્થ એ છે કે મૂળ પ્રકૃતિ અને પુરુષ-એ બેયને તુ અનાદિ જાણ અને રાગ-દ્વેષ આદિ વિકારોને તથા ત્રિગુણાત્મક બધાય પદાર્થોને પણ પ્રકૃતિથી ઉદ્ભવેલા જાણ. કાર્યો અને કારણોને ઉત્પન્ન કરવામાં પ્રકૃતિ કારણ કહેવાય છે અને સુખ-દુઃખોનો અનુભવ થવામાં જીવાત્મા કારણ કહેવાય છે. પ્રકૃતિમાં રહીને જ પુરુષ પ્રકૃતિમાંથી જન્મેલા ત્રિગુણાત્મક પદાર્થોને અનુભવે છે અને આ ગુણોનો સંગ જ આ જીવાત્માના સારી-નરસી યોનિઓમાં જન્મ થવામાં કારણ બને છે."[૧૪]

આગળ ગીતાના ૭ માં અધ્યાયમાં શ્લોક-૪-૫ માં પણ શ્રીકૃષ્ણ એમની પરા અને અપરા પ્રકૃતિ વિશે જણાવતા કહે છે કે "પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર - આ પ્રમાણે આઠ પ્રકારે વિભાગ પામેલી મારી પ્રકૃતિ છે. આ આઠ પ્રકારના ભેદની તો અપરા એટલે કે મારી જડ પ્રકૃતિ છે અને આના સિવાયની છે - જેનાથી આ આખું જગત ધારણ કરાય છે એને મારી જીવરૂપા એટલે કે ચેતન પ્રકૃતિ ઓળખ."[૧૫]

આમ શ્રી શ્યામ મનોહરજીના જણાવ્યા પ્રમાણે "આ કાળ-કર્મ-સ્વભાવ-પ્રકૃતિ-પુરુષનું તંત્ર પરમાત્માની ચેતના દ્વારા જ ચલાયમાન છે, સ્વયં પોતાના આનંદની પ્રાપ્તિની દિશા તરફ. એટલે જ ઉપનિષદ કહે છે કે 'આ સર્વ જડ-ચેતન રૂપ એ આનંદમાંથી જ પ્રકટ થયા છે, આનંદમાં સ્થિત છે અને ફરીથી આનંદમાં લીન થઈ જશે. એ આનંદને ઓળખો. એ આનંદ બ્રહ્મ છે. ચેતના જ્યારે આ ક્ષર અને પુરુષોત્તમના રૂપોમાં સચેત થાય છે એ 'અક્ષરબ્રહ્મ' અથવા 'અક્ષરપુરુષ' કહેવાય છે. આપણી જીવચેતના પણ આ અક્ષરપુરુષની

આંશિક અભિવ્યક્તિ હોવાથી 'પુરુષ' કહેવાય છે. ચેતના ઘનીભૂત નથી હોતી એટલે અક્ષરબ્રહ્મ અને એના અંશરૂપ જીવાત્મા નિરાકાર મનાય છે. આપણું પંચભૌતિક શરીર સત્ છે અને એ દેહની અંદર રહેલી આપણી આત્મચેતના સત્ચિત છે અને એની અંદર છૂપાયેલો પરમાત્મા સચ્ચિદાનંદ અન્તર્યામી છે."

આમ પૂર્ણ પુરુષોત્તમનું એક રૂપ અંતર્યામી છે. તે આ લોક, પરલોક અને સમસ્ત ભૂતોનું નિયમન કરે છે. તે આનંદપ્રધાન હોય છે. પ્રત્યેક જીવધારીમાં 'અંતર્યામી' હોય છે. જે તેનો નિયામક હોય છે અને તે નિયમન નિર્ધારિત હોય છે.

આમ 'પરબ્રહ્મ શ્રીકૃષ્ણ' એ બ્રહ્મનું 'આધિદૈવિક' સ્વરૂપ છે, 'અક્ષરબ્રહ્મ' 'આધ્યાત્મિક' સ્વરૂપ અને 'અંતર્યામી' એ બ્રહ્મનું 'આધિભૌતિક' સ્વરૂપ ગણાય છે.

શ્રીકૃષ્ણ પણ ભગવદ્ગીતામાં કહે છે,

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसञ्ज्ञितः ॥
अधिभूतं क्षरोभावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥

"પરમ અક્ષર 'બ્રહ્મ' છે. પોતાનું સ્વરૂપ અર્થાત જીવાત્મા 'અધ્યાત્મ' નામે કહેવાય છે. ઉત્પત્તિ-વિનાશશીલ પ્રત્યેક પદાર્થ 'અધિભૂત' છે. હિરણ્યમય પુરુષ 'અધિદૈવ' છે. અને આ શરીરમાં હું વાસુદેવ જ અન્તર્યામી સ્વરૂપ 'અધિયજ્ઞ' છું."[૧૬]

આધિદૈવિક પરબ્રહ્મ શ્રી કૃષ્ણ ભક્તિલભ્ય અને સ્વાનુગ્રહ પ્રાપ્ય છે. તે અક્ષરબ્રહ્મ કરતાં પર અને ઉત્તમ છે. આધ્યાત્મિક અક્ષરબ્રહ્મ જ્ઞાન-લભ્ય છે.

આમ શ્રી વલ્લભના મતે બ્રહ્મના આ ત્રણે પાસાંઓ (પરબ્રહ્મ-આધિદૈવિક, અક્ષરબ્રહ્મ-આધ્યાત્મિક, અંતર્યામી, આધિભૌતિક) બ્રહ્મમાં રહેલા 'આનંદ' તત્ત્વના તારતમ્યથી જુદા પડે છે. શ્રીપુરુષોત્તમ (શ્રીકૃષ્ણ) સંપૂર્ણ આનંદમય રસઘન સાક્ષાતમૂર્તિ છે. रसौ वै सः । અને તે શ્રીકૃષ્ણભક્તિથી અને સ્વાનુગ્રહથી પ્રાપ્ય છે. અક્ષરબ્રહ્મમાં 'આનંદ' તત્ત્વને થોડા ઘણા અંશે ગ્રહણ લાગેલું છે, તેથી તેને મર્યાદિત આનંદવાળું કહેવાય છે. અને 'અંતર્યામી' (જીવાત્મા)માં

'આનંદ' તત્ત્વનું નિજ ઈચ્છાથી સંપૂર્ણ તિરોધાન થયેલું છે. અને પરબ્રહ્મની ઈચ્છાથી અનેકરૂપે થયેલ છે.

પરબ્રહ્મ કરતાં અક્ષરબ્રહ્મ સહેજ ઉતરતી કક્ષાનું છે એવા શ્રીવલ્લભના મતને અનુમોદન આપતી શાસ્ત્રમાં અનેક શ્રુતિઓ છે. તૈત્તિરિય ઉપનિષદમાં કહ્યું છે કે "બ્રહ્મને જાણનાર મોક્ષને પ્રાપ્ત કરે છે." શ્રીવલ્લભ મુંડકોપનિષદની શ્રુતિનો ઉલ્લેખ કરે છે કે,

"પરબ્રહ્મ એ શ્વાસરહિત, મનરહિત, તેજસ્વી (without breath, without mind, brilliant) અને ઉચ્ચત્તમ અક્ષરબ્રહ્મથી ઉચ્ચ છે." (મુંડકોપનિષદ ૨-૧-૨) ભગવદ્દગીતામાં પણ કહ્યું છે કે,

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

"હું નાશવંત જડસમુદાય ક્ષેત્રથી સર્વ રીતે અતીત છું અને અવિનાશી જીવાત્માથી પણ ઉત્તમ છું, માટે લોકમાં તેમ જ વેદોમાં પુરુષોત્તમ નામે પ્રસિદ્ધ છું." [૧૭]

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥

"એ અવિનાશી પરબ્રહ્મનું, અમૃતનું શાશ્વત ધર્મનું તેમજ અખંડ એક રસ આનંદનું રહેઠાણ હું છું.[૧૮]

શ્રી વલ્લભ જણાવે છે કે બ્રહ્મસૂત્રના કેટલાંક સૂત્રો પણ સીધી રીતે 'અક્ષરનો ઉલ્લેખ કરે છે. સૂત્ર अक्षरधियां त्ववरोधः.... અક્ષરની ઉપાસનાની ગણના સામાન્ય ભાવ તથા ભગવદ્દભાવથી થાય છે. શ્રી વલ્લભ વેદાંત પ્રમાણે 'અક્ષર' ની ઉપાસના (Meditation) જ મોક્ષને પામવાનું મુખ્ય સાધન છે કારણકે કેટલાક સાધકો અક્ષરની ઉપાસના દ્વારા તેની સાથે તાદાત્મ્ય અનુભવે છે. એ અક્ષર સાથે એક રૂપ થાય છે અને તે તદ્દભાવ દ્વારા બ્રહ્મને પ્રાપ્ત કરે છે.

સૂત્ર ૩-૩-૩૪ इयदामनात् । માં અક્ષરબ્રહ્મની ઈયતા-મર્યાદા કહેલી છે. તેથી પુરુષોત્તમ તેના કરતા અધિક છે.[૧૯]

સૂત્ર ૧-૨-૨૧ ઉપરના ભાષ્યમાં તેઓ કહે છે કે, "અક્ષરમાંથી વિશ્વ ઉત્પન્ન થાય છે. (મુ. ૧-૧-૭) અહીં બ્રહ્મ વગર અન્યથી જગતની ઉત્પત્તિ

થતી નથી. પુરુષના બ્રહ્મ હોવાપણામાં કોઈ સંશય નથી. અલ્પ આનંદનો તિરોભાવ થતાં બ્રહ્મને 'અક્ષર' કહેવાય છે. પ્રકટ આનન્દવાળો પુરુષ છે."

શ્રીવલ્લભનો પ્રતિપાદિત 'અક્ષર' શ્રીશંકરાચાર્યના ઈશ્વર અથવા અપરબ્રહ્મ અથવા પ્રજાપતિથી જુદો છે.

જે રીતે વલ્લભ પરબ્રહ્મ-પુરુષોત્તમના અનેક નામ આપે છે તેમ અક્ષરબ્રહ્મને પણ અનેક નામે ઓળખાવે છે.

(૧) એ પુરુષોત્તમનો આધાર (Support) છે.

(૨) એ પુરુષોત્તમનો પાદ (Foot) છે.

(૩) એ અવ્યક્ત છે.

(૪) વ્યોમન્ અથવા આકાશ (the ether) છે.

(૫) મુખ્ય જીવ (Soul - Parexcellence)

(૬) બ્રહ્મ-પરબ્રહ્મથી અલગ છે.

(૭) કૂટસ્થ (Immutable) સ્થિર/ધ્રુવ/અપરિવર્તનશીલ છે.

(૮) નિર્વિકાર છે.

(૯) પરમ-ધામ છે. (Highest Abode)

(૧૦) હંસ પૂચ્છ છે. - વગેરે વગેરે

શ્રી વલ્લભચાર્ય સ્પષ્ટ કરે છે કે જ્યારે જ્ઞાની એની સાધના-સમાધિ દ્વારા સદ્યોમુક્તિ પ્રાપ્ત કરે છે તે આ 'અક્ષરબ્રહ્મ' જ છે, કે જે તેના હૃદયમાં પ્રકટ થાય છે અને આગળ જતાં બ્રહ્મમાં એકત્વ પામે છે, (બ્રહ્મમાં એકરૂપ બની જાય છે) અને બ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે. ભગવદ્ગીતાના આ બન્ને શ્લોક એનું સમર્થન કરે છે.

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥५४॥
भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥५५॥

"પછી એ સચ્ચિદાનંદ ઘન બ્રહ્મમાં એકાત્વભાવે સ્થિત, પ્રસન્ન મન

યોગી ન તો કોઈના માટે શોક કરે છે કે ન કશાયની આકાંક્ષા કરે છે, એવો બધાય પ્રાણીઓમાં સમભાવ રાખનાર યોગી મારી પરાભક્તિને પામે છે.

એ પરાભક્તિ દ્વારા એ યોગી મુજને-પરમાત્માને, હું જે છું અને જેવા પ્રભાવનો છું, બરાબર એવોને એવો તત્ત્વથી જાણી લે છે તથા એ ભક્તિના પ્રભાવે મને તત્ત્વથી જાણીને તત્કાળ મારામાં પ્રવેશે છે.[૨૦]

(આ મુદ્દાની વિગતવાર ચર્ચા ભક્તિ અને પુષ્ટિભક્તિના પ્રકરણમાં અનુક્રમે કરવામાં આવશે).

આમ વલ્લભ વેદાંતમાં 'અક્ષરબ્રહ્મ' ના તત્ત્વની જે રીતે ઉપનિષદ અને ગીતામાં ચર્ચા કરવામાં આવી છે. તેને જ સાચી અને યોગ્ય રીતે ઉજાગર કરવામાં આવી છે. દા.ત. ભગવદ્ગીતા અધ્યાય ૧૪ ના શ્લોક ૨-૬-૨૭ માં પણ શ્રીકૃષ્ણ જણાવે છે કે "જે પુરુષ અવ્યભિચારી ભક્તિયોગથી મને નિરંતર ભજે છે, એ સચ્ચિદાનંદ બ્રહ્મને પામવા યોગ્ય બની જાય છે. અને એ અવિનાશી પરબ્રહ્મનો, અમૃતનો શાશ્વત ધર્મનો આધાર હું છું."

શ્રી શંકરાચાર્યે એમના ભગવદ્ગીતાના ભાષ્યમાં સમગ્રતયા 'બ્રહ્મ' શબ્દને નિરાકાર, નિર્ગુણ અને શ્રીકૃષ્ણને સાકાર, સગુણ ગણાવ્યા છે. નિરાકાર પરબ્રહ્મને મુખ્ય અને શ્રીકૃષ્ણને સાકાર બ્રહ્મ ગૌણ (Secondary) ગણાવ્યા છે. પણ એ જ શ્રીકૃષ્ણ ઉપરના શ્લોકમાં કહે છે તેમ ભક્તિયોગથી સચ્ચિદાનંદ બ્રહ્મને પામવા યોગ્ય બને છે.

પ્રોફેસર જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ એમના Vallabhacharya - His Philosophy and religion પુસ્તકમાં અક્ષર અને પુરુષોત્તમ વચ્ચેનો ભેદ નીચે પ્રમાણે જણાવે છે. (Page - 83, 84)

અક્ષર	પુરુષોત્તમ
૧. એ દૃશ્ય છે, એ વ્યક્તિ નિરપેક્ષ છે.	એ સ્વેચ્છાએ કોઈ પણ સ્વરૂપે પ્રકટ થાય છે. એ વ્યક્તિગત છે.
૨. એ સર્વત્ર વ્યાપક છે.	એ માત્ર એના ભક્તોને જ પ્રાપ્ય છે.
૩. તે જ્ઞાનથી પ્રાપ્ય છે.	તે ભક્તિથી પ્રાપ્ય છે.
૪. તે વિચારોથી પર છે, (unthinkable) અજ્ઞેય છે.	ભક્તો દ્વારા તે વિચારશીલ છે - જ્ઞેય છે.

૫. તે અવિચલ (સ્થિર) છે.	તે ચલ છે.
૬. એ પુરુષોત્તમનું ધામ છે.	તે અક્ષરથી પણ મહાન શ્રેષ્ઠ છે.
૭. પ્રકૃતિ અને પુરુષનું મૂળ ઉદ્‌ભવસ્થાન (Origin) છે.	તે અક્ષરનું મૂળ ઉદ્‌ભવ સ્થાન (Origin) છે.
૮. મોક્ષ એ એનું ફળ છે.	ભગવાન સાથેનું સાયુજ્ય અને એની લીલામાં પ્રવેશ એ જ મોક્ષ છે.

ડૉ. એ.ડી. શાસ્ત્રી એમના અણુભાષ્યના અનુવાદના ઉપોદ્‌ઘાતમાં અક્ષર બ્રહ્મ વિશે જણાવે છે કે "અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે મહત્વનો તફાવત એ છે કે ભગવાન માત્ર લીલા કરે છે, એમાં મગ્ન થતા નથી. તો 'અક્ષર' એ લીલામાં મગ્ન થાય છે. અક્ષરમાં આનંદનો અંશ ઓછો છે, સીમિત છે તેથી તેને મુખ્ય જીવ પણ કહેવાય છે. પુરુષોત્તમ તેનાથી પર અને તેના નિયામક છે. પુરુષ અવતાર છે તો અક્ષર અવતારી છે. ખરેખર તો અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે કોઈ તાત્વિક ભેદ નથી, માત્ર અવસ્થા ભેદ છે. અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે આધારધેય ભાવ હોવા છતાં વિરુદ્ધધર્માશ્રયત્વને લીધે એ બન્ને એક માનવામાં કોઈ બાધ નથી. બ્રહ્મના ત્રણ સ્વરૂપો છે, અધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક. આધિદૈવિક સ્વરૂપ તે ભગવાન સ્વયં અને માત્ર અનુગ્રહના બળે જ ભક્તિથી પ્રાપ્ત થઈ શકે છે. આધિભૌતિક સ્વરૂપ તે જગત. આધ્યાત્મિક સ્વરૂપ તે અક્ષર, જે જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. ભક્તિ વિનાનો જ્ઞાનમાર્ગી હોય તેનો અક્ષરમાં પ્રવેશ થાય છે. આમ અક્ષર એ જ્ઞાનમાર્ગીયનું ફલ છે પણ એથી આગળ પણ પ્રગતિ થઈ શકે છે. અજ્ઞાન દૂર થતાં જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે ભગવદ્ ઈચ્છાથી આનંદાંશ અભિવ્યક્ત થતાં ભક્ત ભગવાનને પ્રાપ્ત કરે છે. જ્ઞાનનું મહત્વ દર્શાવતા વેદ વાક્યોનો સંબંધ અક્ષર સાથે જ છે. આપણે એમ કહી શકીએ કે જ્ઞાનમાર્ગીય મોક્ષ માટે ભગવાન અક્ષર રૂપ ધારણ કરે છે. સમુદ્રમાં જેમ નદીઓ નામ રૂપનો ત્યાગ કરીને મળી જાય છે તેમ જ્ઞાનીઓ અક્ષરમાં લય પામે છે. તેથી અક્ષર નિર્વિકાર અને કૂટસ્થ છે.

શ્રીવલ્લભાચાર્યે અક્ષરને પુરુષોત્તમનું નિમ્ન સ્વરૂપ ગણીને એની પુનઃ પ્રતિષ્ઠા કરી છે. અક્ષર શબ્દ આમ તો કૂટસ્થ, અવિકારી એવો અર્થ આપે છે. અક્ષર વિશેની વલ્લભવેદાંતની માન્યતામાં બે મુદ્દાઓ ખાસ ધ્યાન ખેંચે એવા છે. એમાં વિવિધ પ્રકારની સૃષ્ટિનું બીજ છે કે એ મુખ્ય જીવ છે એમ કહેવાથી

એ હિરણ્યગર્ભના ખ્યાલથી ઘણું નજીક આવે છે. બીજું અક્ષર જ્ઞાનમાર્ગીનું ફળ છે એમ કહીને શુદ્ધાદ્વૈતમાં ભક્તિની સર્વોપરિતા સિદ્ધ થાય છે. કેવલાદ્વૈતમાં જેમ વ્યવહાર અવસ્થાના ઈશ્વર અને પરમાર્થદશાના બ્રહ્મ વચ્ચે ભેદ છે તેવું જ કંઈક તેનાથી વિપરીત સ્વરૂપે અહીં દેખાય છે. પ્રાચીન ગ્રંથોમાં અક્ષર શબ્દનો ગમે તે અર્થ થતો હોય પણ શ્રીવલ્લભાચાર્યે એમના વેદાન્તમાં એને વિશિષ્ટ સ્થાન આપ્યું છે."[૨૧]

● પ્રમેયની ત્રણ કોટિ - કાર્ય, કારણ અને સ્વરૂપ :

પ્રમેય અર્થાત જ્ઞેય તો એક માત્ર પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ છે. તેઓ એક અને અદ્વિતીય છે. એમના અતિરિક્ત (સિવાય) કંઈ પણ નથી. જે કંઈ છે તે એમનું જ રૂપાંતર છે. પણ બુદ્ધિથી સમજવા માટે તેનું ત્રણ રૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે. આ ત્રણ રૂપ છે કાર્ય, કારણ અને સ્વરૂપ. ૨૮ તત્ત્વો જ કારણ રૂપ પ્રમેય છે. તત્ત્વનો અર્થ છે જે ભગવદ્‌રૂપ છે તે તત્ત્વો છે. ૨૮ તત્ત્વો ભગવદ્‌ ભાવવાળા છે. આ તત્ત્વો સદ્‌અંશનો જ ભેદ છે. કારણકે ચિદ્‌ અને આનંદમાં કારણતા હોતી નથી. કારણ રૂપ આ ૨૮ તત્ત્વો છે. સત્ત્વ, રજ, તમ, પ્રકૃતિ, પરુષ, મહતત્ત્વ, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, નેત્ર, જિહ્‌વા, નાસિકા, ત્વચા, કર્ણ, મન, વાણી, હસ્ત, ચરણ, ઉપસ્થ, ગુદા, પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ. આ તત્ત્વો સદ્‌ રૂપ છે. જ્યાં સુધી એની સાથે ચિદ્‌ (જીવ) અને આનંદનું (અંતર્યામી) મિલન થતું નથી ત્યાં સુધી એ કંઈ કરી શકતા નથી એટલે એને 'જડ' કહે છે. અક્ષરબ્રહ્મની ગણના પણ કારણમાં જ થાય છે. સકલ બ્રહ્માંડ અક્ષર સ્વરૂપ છે. અક્ષર પાંચ રૂપોમાં પ્રકટ થઈને સૃષ્ટિ આદિ કાર્ય કરે છે. એ પાંચ રૂપ છે કાલ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ અને પુરુષ. (એનો ઉલ્લેખ આગળ 'અક્ષરબ્રહ્મ' વિભાગમાં કર્યો છે.)

કાર્ય-રૂપ જગત છે. જગતમાં ઘટ-પટ આદિ અનન્ત રૂપ છે. એને સરળતાથી સમજવા માટે બે ભાગમાં વહેંચવામાં આવ્યા છે, સમષ્ટિ રૂપ અને વ્યષ્ટિ રૂપ જેમાં બધાનું ઐક્ય છે તે સમષ્ટિ રૂપ છે. જેમ કે બ્રહ્માંડ જેમાં બધાની જ એકતા છે. જે પૃથક-પૃથક જુદા જુદા દેખાય છે, તે વ્યષ્ટિ રૂપ છે. જેમ કે મનુષ્ય વગેરેના શરીર જુદા જુદા દેખાય છે એટલે એ વ્યષ્ટિ રૂપ છે.

જગતમાં જીવ અને જડ પદાર્થોનો સમાવેશ છે. જીવ વાસ્તવમાં કાર્યરૂપ નથી તો પણ એની ગણતરી કાર્યમાં એટલા માટે કરવામાં આવી છે કે દેહાધ્યાસને કારણે જીવ દેહાભિમાની બની ગયો છે. તેથી સુખદુ:ખનો કર્તા અને ભોક્તા

બન્યો છે. અંતર્યામી પણ દેહમાં જ છે પણ દેહાભ્યાસનો અભાવ હોવાથી દેહાભિમાની નથી બન્યો. એટલે અંતર્યામીની ગણતરી કાર્યમાં થતી નથી.

ડૉ. એ.ડી.શાસ્રી જણાવે છે એ પ્રમાણે શ્રુતિ, મહાભારત, ગીતા, ભાગવત વગેરે ગ્રંથોમાં જે બધાં તત્ત્વોની જુદે જુદે સ્થળે ચર્ચા આવે છે તે બધાંનો સમાવેશ કરીને પોતાની વ્યવસ્થામાં ગોઠવવાનો આચાર્યશ્રીએ પ્રયત્ન કર્યો છે. એમાં અક્ષર,કાલ, કર્મ, સ્વભાવને સ્વરૂપકોટિમાં તો સાંખ્ય પ્રસિદ્ધ તત્ત્વો (વત્તા ગુણોને) કારણ કોટિમાં સમાવ્યા છે. અન્તર્યામીને કારણ કોટિમાં ગણવા છતાં એની ચર્ચા સ્વરૂપ કોટિમાં કરી છે, અને કારણ કોટિની ચર્ચામાં તો એનો ઉલ્લેખ પણ નથી. વળી તેમણે કેટલાંક તત્ત્વોના આધિદૈવિક દૃષ્ટિબિંદુઓ પણ કહ્યા છે.

● સૃષ્ટિ રચનાનું પ્રયોજન :

બ્રહ્મની બધી ક્રિયાઓ માત્ર જ્ઞાન સ્વરૂપ હોવાથી બ્રહ્મના સ્વરૂપથી જ સિદ્ધ થાય છે. બધાં જ કાર્યોમાં બ્રહ્મ અવસ્થિત છે. અર્થાત્ વ્યાપ્ત છે તો પણ બ્રહ્મને તેનો સ્પર્શ થતો નથી, તે અલિપ્ત છે. બ્રહ્મ આધાર પણ છે અને આધેય પણ. છતાં તે અવિકૃત અને નિર્લેપ છે. તો પછી સવાલ થાય કે બ્રહ્મે આ સૃષ્ટિને ઉત્પન્ન કેમ કરી, જો એનું કોઈ પ્રયોજન ન હોય તો ? આ સવાલનો જવાબ આપણને બ્રહ્મસૂત્રના 'लोकवत्तु लीला कैवल्यम् । (બ્ર.સૂ. ૨-૧-૩૩) સૂત્રમાંથી મળે છે. ભગવાનની મૂલેચ્છા (Fundamental will) જ આ સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ છે. બ્રહ્મે આ સૃષ્ટિનું નિર્માણ કોઈ પ્રયોજન વિના માત્ર લીલા માટે જ કર્યું છે. જેમ લોકમાં લીલા (ક્રીડા) હોય છે, તેમાં કોઈ પ્રયોજન હોતું નથી, કેમ કે લીલા પોતે જ પ્રયોજન છે. તે જ પ્રમાણે જગત ઉત્પન્ન કરવામાં બ્રહ્મની કેવળ લીલા (Sport) જ છે. છતાં મનુષ્યો એ લીલાનું કિર્તન કરે તો મોક્ષ મેળવે છે. બ્રહ્મ ઈશ્વર છે એટલે એની લીલા વિશે પ્રશ્ન કરી શકાય નહીં. આ લીલા જ કૈવલ્ય કે મોક્ષ છે. એ લીલા પોતાના સ્વરૂપથી જુદી નથી પણ બ્રહ્મરૂપ છે. બ્રહ્મ જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે તે પ્રાંપચિક જગતના ધર્મો સ્વીકારે છે, તો પણ તે અચલાયમાન, નિર્લિપ્ત અને અચ્યુત જ રહે છે. બ્રહ્મે કરેલી જગતની ઉત્પત્તિ અલૌકિક છે. બ્રહ્મ પોતે જ જગત રૂપે પરિણામ પામે છે, છતાં પણ પોતે અવિકારી રહે છે.

શ્રી શ્યામ મનોહરજી એમના 'સાકાર બ્રહ્મવાદ' ગ્રંથમાં જણાવે છે કે, "મહાપ્રભુજીના કહેવા પ્રમાણે સૃષ્ટિની ઉત્પત્તિની બાબતમાં એની પ્રયોજનતા

કે નિષ્પ્રયોજનતાનો વિચાર જ અપ્રાસંગિક છે. સૃષ્ટિ બ્રહ્મની લીલા છે લીલા ન તો કોઈ પ્રયોજનથી કરવામાં આવે છે કે ન તો કોઈ નિષ્પ્રયોજનથી. જેમ તાદાત્મ્યના સંબંધમાં સુવર્ણ - કુંડળમાં ના તો સંપૂર્ણ પણે ભેદ માની શકાય કે ન તો અભેદ. જો પૂર્ણ અભેદ માનીએ તો સંબંધ ખલાસ થઈ જાય કારણકે સંબંધ કોઈ બે વચ્ચે હોય છે. જો પૂર્ણપણે ભેદ માનીએ તો તાદાત્મ્ય ક્યાંથી ? એટલે કે તાદાત્મ્ય હોવું એ એના ચૈતન્યમંડળમાં ઉત્પન્ન થતી અનુભૂતિઓ છે. એના કેન્દ્રમાં તો દરેક ચેતનાનો એક અવ્યક્ત આનંદ છૂપાયેલો રહે છે."[૨૨]

ક્રીડા જાતે જ પ્રયોજન હોય છે અને આપણે ક્રીડાનું પ્રયોજન પૂછી શકતા નથી.

(૬) બ્રહ્મના ધર્મો (Attributes of Brahman) :

આપણે આગળ જોયું કે "તે બ્રહ્મ સજાતીય, વિજાતીય સ્વગત ભેદ રહિત છે, અને નિત્ય, સ્વાભાવિક, સત્યાદિ હજારો ગુણોથી યુક્ત છે." (તત્ત્વાર્થદીપ નિબંધ શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા ૬૬) એટલે કે દેશ, કાળ અને વસ્તુથી અપરિચ્છિન, સજાતીય જીવ અને વિજાતીય જડ અને સ્વગત અન્તર્યામી એ ત્રણે પોતે જ થાય છે, તેથી તે વડે તેના ભેદથી રહિત છે. આમ બ્રહ્મ અદ્વૈત અને કેવળ છે. વધારામાં બ્રહ્મના ધર્મોનો સ્વીકાર કરવા છતાં બ્રહ્મ દ્વૈત નથી. ઉત્પત્તિ એટલે બ્રહ્મનો જીવ અને જગતમાં આવિર્ભાવ બ્રહ્મના આનંદ અંશનો જીવમાં તિરોભાવ અને ચેતન (Intelligence) અને આનંદ (Bliss) નો જગતમાં તિરોભાવ અને બ્રહ્મના આ આવિર્ભાવથી બ્રહ્મમાં કોઈ પણ જાતનો 'વિકાર' થતો નથી. આના સંદર્ભમાં બ્રહ્મસૂત્ર ૩-૨-૨૮ ના અણુભાષ્યમાં શ્રી વલ્લભાચાર્ય પોતે શું માને છે તે જોઈએ.

"શંકા કરવામાં આવે કે બ્રહ્મના ધર્મો કેવા છે ? બ્રહ્મથી ભિન્ન, તેના (બ્રહ્મના) કાર્યરૂપ છે કે બ્રહ્મ જ છે ? ત્યાં લોકમાં પટરૂપ જે કાર્ય છે, તે જ તેનો ધર્મ છે. તેમ જ સમવાય સંબંધથી જોડાયેલા હોવાથી તેને નિત્ય ગણવામાં પ્રમાણનો અભાવ છે. સ્વાભાવિકતા માત્રથી તેની નિત્યતાની કલ્પના કરવામાં ગૌરવની આપત્તિ (દોષ) થાય છે. તેમ જ 'એક જ અદ્વિતીય एकमेवाद्वितीयम् (છાંદ. ૬-૨-૧) એ શ્રુતિનો વિરોધ છે એટલે પ્રપંચની જેમ ધર્મો પણ કાર્ય છે તે પ્રમાણે હોવાથી બ્રહ્મ સર્વ કલ્પનાઓથી રહિત જ છે એમ સિદ્ધ થશે."

"આના ઉત્તરમાં સૂત્રકાર જવાબ આપે છે કે, જે રીતે પ્રકાશના આશ્રય સૂર્ય આદિ પ્રકાશથી ભિન્ન નથી કારણકે (બન્ને) ભિન્ન રહેતા નથી. તેમજ સમવાયી સંબંધથી યુક્ત છે. એટલે કે મૂળથી વિભક્ત થયા વિના તેના આધારે રહેલ છે તેમ તે સૂર્ય જ છે એમ પણ નથી. કારણકે તેની જુદી રીતે પ્રતીતિ થાય છે. જે રીતે સૂર્ય તથા પ્રકાશની કલ્પના છે એ રીતે બ્રહ્મ તથા ધર્મની પણ છે."

તે પછીના સૂત્ર (૩-૨-૨૯) ઉપરના ભાષ્યમાં શ્રી વલ્લભ નોંધે છે કે પૂર્વવદ્વા....

"આ સૂત્રની પ્રવૃત્તિ વેદની સ્થાપના માટે જ છે. ત્યાં અક્ષરમાત્રનો પણ બાધ ન થાય તેમ કહેવું જોઈએ. જે માટે બ્રહ્મના બન્ને રૂપોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. (સવિશેષ તથા નિર્વિશેષ સૂત્ર ૩-૨-૨૭) તેમાં ધર્મોના સ્વરૂપનો નિર્વાહ કરવા માટે અવશ્ય સ્વીકાર કરવો જોઈએ. તે પ્રમાણે હોય તો 'એક જ, અદ્વિતીય' એ શ્રુતિનો બાધ થાય. તથા ઉત્પત્તિની દૃષ્ટિએ વિચારતા પૂર્વે બ્રહ્મ નિર્ધર્મક જ છે એમ માનવું પડે. ઉપપત્તિની દૃષ્ટિએ પણ પૂર્વને અનુસરીને જ વિચાર કરવો જોઈએ. તેમાં ધર્મો પણ બ્રહ્મરૂપ હોવામાં એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનની ઉપપત્તિ થાય છે, બીજી રીતે થતું નથી. એટલે બ્રહ્મ પ્રથમ સર્વધર્મ રૂપે જ હોય છે તે પછી ક્રિયાદિરૂપે તેમ જ પ્રપંચ રૂપે થાય છે. તેટલાથી જ બધાં વેદોના અર્થની સિદ્ધિ થાય છે. ત્યાં લૌકિક યુક્તિની અપેક્ષા કરવામાં આવતી નથી. જેથી તેવા પ્રકારના બ્રહ્મનો કેવી રીતે સર્વભાવ થાય એવો પ્રતિ પ્રશ્ન થાય. ઉત્પત્તિ તથા ઉપપત્તિ એમ બે દૃષ્ટિએ બે વિચાર છે. ઉપપત્તિથી આગળના સૂત્રમાં કહ્યો છે એ સ્વસિદ્ધાન્ત છે. એકદેશીનો તેનાથી વિપરીત છે. સૂત્રકારને પણ આ બન્ને સ્વીકાર્ય છે."[૨૩]

ઉપર આપેલા વિવેચનથી સમજાય છે કે બ્રહ્મના બધાં ધર્મો સત્ય છે અને આ ધર્મોને ધારણ કરનાર બ્રહ્મ પણ સત્ય છે. એ રીતે બ્રહ્મ બધાં ધર્મોનું આશ્રયસ્થાન (ધામ) છે. શ્રુતિઓમાં પણ કહેલું છે કે "બ્રહ્મ સર્વજ્ઞ (Omniscient) સર્વ શક્તિમાન (Omnipotent) સર્વ-વ્યાપી અને સર્વકર્તા છે."

બ્રહ્મસૂત્ર ૨-૧-૩૦ सर्वोपतो च तद्दर्शनात् । સૂત્રમાં પણ કહ્યું છે કે બ્રહ્મ સર્વ શક્તિઓથી યુક્ત છે, કારણકે શ્રુતિઓમાં તેનું વર્ણન (દર્શન) છે. જે સર્વજ્ઞ, સર્વ શક્તિવાળો, સર્વ કર્તા, સર્વકામ છે. (છા. ૩-૧૪-૨) બ્રહ્મસૂત્ર ૨-૧-૩૭ सर्वधर्मोपपतेश्च । સૂત્રમાં પણ કહ્યું છે કે "વેદે કહેલા સર્વધર્મો બ્રહ્મમાં છે કારણકે તે સર્વ સમર્થ છે."

બીજા શબ્દોમાં કહીએ તો બ્રહ્મ અમર્યાદ ધર્મોનું આશ્રયસ્થાન છે કે જે નિત્ય, સ્વાભાવિક અને સહજ છે. આમ બ્રહ્મ કે જે સર્વ ધર્મોને (Attributes) ધારણ કરે છે, એવા બ્રહ્મને સ્વાભાવિક રીતે જ શ્રી વલ્લભ 'વિરુદ્ધ ધર્માશ્રય' તરીકે કહે છે.

એ યાદ રાખવાનું છે કે 'પરબ્રહ્મ' પોતે જ 'સગુણ' અને 'સાકાર' છે અને બ્રહ્મના આ ગુણો સ્વાભાવિક છે એનું સ્વરૂપ આનંદમય રસમય છે. એનું ઉદાહરણ 'સાકરની પૂતળી' દ્વારા જ આપી શકાય. સાકરની પૂતળીનો સ્વાદ તો અનુભવે જ સમજાય. 'બ્રહ્મવાદ' માં ઈશ્વરને 'આનંદઘન' સ્વરૂપ માન્યા છે. आनंदो ब्रह्मवादे आकार समर्पकः । (ત.દિ.નિ. શાસ્ત્રાર્થ પ્રકરણ-૪૪) શ્રીવલ્લભના મતે શ્રીકૃષ્ણ 'સર્વરસ' રૂપ છે. (One having all Sentiments)

મહાપ્રભુજી કહે છે કે બ્રહ્મ સર્વ કંઈ થવા સમર્થ છે, (સર્વભવન સમર્થ છે. 'सर्वभाव समर्थत्वात् । (અણુભાષ્ય ૧-૧-૨) એટલે કે એ જ પ્રમાણ (means of knowledge), સાધન (The means of achieving) અને ફલ (the goal achieved) છે. મહાપ્રભુજી એમના તત્વાર્થદીપ નિબંધમાં કહે છે કે,

"यत्र येन यतो यस्य यस्मै यद्यद्यथा यदः ।
स्यादिदं भगवान् साक्षात् प्रधानपुरुषेश्वरः ॥

"એટલે કે જેને વિષે, જે વડે, જેના થકી, જે સમ્બન્ધી, જેને અર્થે અને જે જે પ્રકારે જ્યારે થાય છે, ત્યારે તે સર્વ પ્રધાન પુરુષના નિયન્તા સાક્ષાત ભગવાન છે."[૨૪]

તત્વાર્થદીપ નિબંધમાં એમણે સિદ્ધ કર્યું છે કે ભગવાન પ્રમાણ છે, ભગવાન જ પ્રમેય છે અને એ બન્ને સગુણ અને નિર્ગુણ છે. અને બીજી જગ્યાએ એમણે નિબંધમાં જ જણાવ્યું છે કે ભગવાન જ સાધન અને ફળ છે.

સર્વ આચાર્યોમાં વલ્લભાચાર્યે ખાસ કરીને પરબ્રહ્મની મહત્તા-મહાત્મ્ય ઉપર ખાસ ભારપૂર્વક જણાવ્યું છે. અણુભાષ્યમાં અનેક સ્થળે તેઓ જણાવે છે કે પરબ્રહ્મનું મહાત્મ્ય અનવગ્રાહ્ય-અપર (unfathomable) છે.

આમ શ્રીવલ્લભ શ્રુતિઓ, ગીતા, બ્રહ્મસૂત્ર વગેરેમાંથી પોતાના સિદ્ધાંતના પ્રતિપાદન માટે ઉદાહરણો આપી બ્રહ્મની મહત્તા અને બ્રહ્મના ધર્મોનું પ્રતિપાદન કરે છે.

(૧) બ્રહ્મ 'વિરૂદ્ધધર્માશ્રય'વાળું છે.

(૨) બ્રહ્મ અવિકારી (અવિકૃત પરિણામવાદ) છે.

(૩) બ્રહ્મ પોતે જ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ છે.

(૪) બ્રહ્મ જ આ બ્રહ્માંડનું નિમિત્ત અને સમવાયી કારણ છે.

(૫) એ હકીકત છે કે માત્ર શબ્દના પ્રમાણ દ્વારા જ બ્રહ્મની મહત્તા સમજી કે સમજાવી શકાય.

(૬) શ્રીવલ્લભના મતે સૃષ્ટિની ઉત્પત્તિનું પ્રયોજન બ્રહ્મની 'લીલા' જ છે. લીલા કે ક્રીડાનું કોઈ પ્રયોજન હોતું નથી. એ બસ બ્રહ્મની લીલા જ છે અને એટલે બ્રહ્મ પોતાના ભક્તોને એની લીલામાં પ્રવેશ આપીને પોતાની લીલાનો અનુભવ કરાવે છે જેને 'નિત્યલીલા' કહે છે. (અણુભાષ્ય સૂત્ર ૩-૩-૧૦)

(૭) શ્રીવલ્લભ ભારપૂર્વક જણાવે છે કે પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મની સરખામણીમાં મહત્તર છે, પરબ્રહ્મ સાક્ષાત આનંદ-ધન, આનંદની મૂર્તિ છે. (અગણિતાનંદ) એટલે વલ્લભ વેદાંતમાં હંમેશા અક્ષરબ્રહ્મ કરતાં પરબ્રહ્મનું મહાત્મ્ય અતિશય વધુ રહેલું છે.

(૮) બ્રહ્મના ચેતન અને આનંદ તત્ત્વના તિરોભાવથી અનુક્રમે જડ અને જીવની ઉત્પત્તિ થયેલી છે. શ્રીવલ્લભ એમના તત્ત્વદીપ નિબંધ (૩૬ થી ૩૯) માં જણાવે છે કે "ભગવાન અનેક રીતે જગતની ઉત્પત્તિ કરે છે. ક્યારેક એ શ્રુતિઓમાં જણાવ્યા પ્રમાણે પોતાનામાંથી સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે તો ક્યારેક પુરાણોમાં વર્ણવ્યા પ્રમાણે પુરુષ દ્વારા ઉત્પત્તિ કરાવે છે, ફરીથી કોઈક વેળા પોતે પણ ઉત્પત્તિ કરે છે, કોઈ સમયે ભગવાન જનાર્દનને દરેક વસ્તુઓ આત્મવત થાય છે."[૨૫]

"વેદમાં સર્વત્ર કોઈ પણ રીતે પ્રભુનું મહાત્મ્ય વર્ણવાય છે. ભજનની સિદ્ધિને માટે भजनस्यैव सिद्ध्यर्थं तत्त्वम् स्यादि વાક્યો પણ છે. (ત.દી.નિ. ૪૧)

ટૂંકમાં શ્રી વલ્લભાચાર્યના મતે "મહાત્મ્ય જ્ઞાન પૂર્વક સુદઢ અને સર્વથી અધિક (सर्वताधिकः) જે સ્નેહ તે ભક્તિ કહેવાય છે અને તે જ મુક્તિ છે. બીજી રીતે મુક્તિ નથી. (ત.દી.નિ.શાસ્ત્રાર્થ પ્રકરણ-૪૨)

બ્રહ્મસૂત્રના બીજા સૂત્ર (૧-૧-૨) ઉપર લખેલ અણુભાષ્યમાં શ્રીવલ્લભાચાર્યે વર્ણવેલ પરબ્રહ્મ-બ્રહ્મવાદ ઉપર સર્વોત્કૃષ્ઠ લખાણ જોવા મળે છે. એ આખાયે પરિચ્છેદ (પેરેગ્રાફ) માં એમણે બ્રહ્મના કર્તૃત્વ વિશે ટૂંકમાં પણ ભારપૂર્વક જણાવ્યું છે.

- **સત્કારણવાદ :**

બ્રહ્મ જે એકમેવ અને અદ્વિતીય સત્ છે અને એ જ જગતનું સમવાયી નિમિત્તોપાદન કારણ છે તો જગતનું આવિર્ભાવ સત્કારણથી જ માનવું પડે. કારણકે સત્કારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે, અસત્કારણથી નહીં. અસદ્ વસ્તુ કારણતા-ધર્મની નિર્વાહક નથી બની શકતી.

- **સત્કાર્યવાદ :**

શ્રીવલ્લભ "सदैव सौम्य इदमग्र आसीद ।" (છા.ઉપ. ૬-૨-૧) વગેરે શ્રુતિના આધાર પર સત્કાર્યવાદને સિદ્ધ કરે છે. એમને મતે કાર્ય પોતાના કારણમાં ઉત્પત્તિ પહેલા જ વિદ્યમાન હોયછે. જેથી કાર્યરૂપ જગતની સત્તા ઉપાદાન કારણાત્મક બ્રહ્મથી સિદ્ધ થાય છે.

- **આવિર્ભાવ-તિરોભાવવાદ :**

વલ્લભના મતે બ્રહ્મ અને જગત સત્ય અને નિત્ય માનવામાં આવ્યા છે અને જે તત્ત્વ સત્ય અને નિત્ય હોય તેની ઉત્પત્તિ કે નાશ સંભવી ન શકે. જેથી શ્રીવલ્લભના મત પ્રમાણે નામરૂપાત્મક જગત બ્રહ્મની આવિર્ભાવ દશા છે અને બ્રહ્મની કારણતા તેની તિરોભાવ દશા. અનુભવના વિષય હોવાની યોગ્યતા આવિર્ભાવ છે અને વિષય હોવાની અયોગ્યતા તિરોભાવ છે.[૨૬]

શ્રી વલ્લભના મતે બ્રહ્મ કે જે આ સૃષ્ટિના કર્તા છે તે ગુણાતીત બ્રહ્મ ગુણોથી પર જ છે. એના બે કારણ છે એક તો એ કે સગુણ બ્રહ્મ આ સૃષ્ટિનો સ્વતંત્ર કર્તા ન બની શકે અને બીજું કે કર્તૃત્વ પ્રાથમિક દૃષ્ટિએ પ્રકૃતિ કે પુરુષને આધીન નથી. તેથી ગુણાતીત બ્રહ્મ જ કર્તા છે એ સિદ્ધ થાય છે.

"स्वातन्त्र्याभावेतसगुणस्य......"[૨૭]

શ્રી શંકરાચાર્ય અને શ્રી વલ્લભ બન્નેના મતે કર્તૃત્વ બે સ્વરૂપે છે નામ અને રૂપ. મોટાભાગના આચાર્યોએ રૂપ (Form) ના કર્તૃત્વની જ ચર્ચા કરી છે. માત્ર વલ્લભાચાર્યે જ નામ (Name by the Lord) ના કર્તૃત્વ પર ભાર

મૂક્યો છે. એમના અણુભાષ્યમાં એમણે ઘણી જગ્યાએ સમજાવ્યું છે કે લીલાર્થે જુદા જુદા રૂપોના કર્તૃત્વ સાથે તેઓ નામલીલાના પણ કર્તા છે.

"જો કે નામ લીલા પણ પ્રપંચ (જગત)ની અંદર સમાયેલી હોવાથી તેનું પૃથક નિરૂપણ કર્યું નથી."

नाम लीलाया अपि न पृथक् निरूपणप्रपंचमध्यापातात्.......

(અણુભાષ્ય ૧-૧-૨)

બ્રહ્મ - કર્તા અને ભોક્તા :

છેલ્લે શ્રી વલ્લભ કહે છે કે નિર્ગુણ બ્રહ્મ કે જે આ સૃષ્ટિનો કર્તા છે તે જ નિર્ગુણ બ્રહ્મ 'ભોક્તા' પણ છે. एवं भोक्तृत्वमपि। (બ્ર.સૂ. ૧-૧-૨) સૂત્રકારના મત પ્રમાણે પણ બ્રહ્મ 'ભોક્તા' છે. બ્રહ્મ પોતે કારણ હોવાથી ભોક્તા પણ છે અને ભોગ્ય પણ છે. બ્રહ્મ પોતાની ઈચ્છાથી જ જગતરૂપ થાય છે. ક્રીડા કરવાને જુદા જુદા પદાર્થોનું પોતે સર્જન કર્યું છે. આથી એ પદાર્થો સર્જીને તેમને ભોગવે છે. બ્રહ્મ પોતે ભોક્તા છે છતાં ભોગ્ય બને છે. લૌકિક દૃષ્ટાન્તના સુવર્ણ અને કુંડળમાં (અહીં કુંડલવત્) જે પ્રકારના વિભાગ છે એ રીતના વિભાગ ભોક્તા અને ભોગ્ય બ્રહ્મના છે.

સૂત્રકાર (બ્ર.સૂ. ૨-૧-૧૪) માં સમજાવે છે કે બ્રહ્મ અને એમણે સર્જેલ સૃષ્ટિ બન્ને અભેદ છે, (non different) અનન્ય છે. શ્રી વલ્લભાચાર્ય પણ કાર્ય અને કારણની અભેદતા 'અનન્યત્વ' દ્વારા સમજાવે છે. બ્રહ્મથી જગત અનન્ય હોવાથી જગત સત્ય છે એના માટે "जन्मादस्य यतः शास्त्र यानित्त्वात्। (બ્ર.સૂ. ૧-૧-૨) એ સૂત્રનો આધાર લે છે.

શ્રી વલ્લભના મતે સૂત્રકાર પ્રથમ સૂત્રમાં બ્રહ્મની જિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી (अथातो ब्रह्म जिज्ञासा) બીજા સૂત્રમાં બ્રહ્મનું લક્ષણ કહે છે (जन्माद्यस्य यतः। शास्त्र यानित्त्वात्।) અને એનું સમર્થન 'यतो वा इमानी भूतानि जायन्ते।' એ શ્રુતિ દ્વારા કર્યું છે, અર્થાત્ "જેમાંથી આ જગતના ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તે બ્રહ્મ." એ લક્ષણથી મુખ્ય કર્તા બ્રહ્મ જ છે. 'तत्तु समन्वयात्।' એ સૂત્ર દ્વારા બ્રહ્મ જ જગતનું સમવાયી કારણ છે એમ ઉપદેશ કર્યો છે. સત્ અને ચિત્ રૂપ બ્રહ્મ જગતનું કારણ છે, એમ इक्षति અધિકરણમાં કહીને, આનંદરૂપ બ્રહ્મ પણ જગતનું કારણ છે એમ आनन्दमयाधिकरण માં પ્રતિપાદન કરે છે.

● અવિકૃત પરિણામ વાદ :

એક, અદ્વિતીય, નિર્ગુણ અને અવ્યય બ્રહ્મ જગતનું સમવાયી કારણ તેમ જ નિમિત્તકારણ પણ છે. બ્રહ્મરૂપી કારણ એ ધર્મી છે, અને જગત રૂપ કાર્ય એ ધર્મ છે. બ્રહ્મરૂપ ધર્મી જગતરૂપ ધર્મ (ગુણ) સ્વરૂપે પરિણામ પામે છે, અર્થાત્ બ્રહ્મ કાર્યના સ્વરૂપે એટલે પોતાના જગત્‌રૂપી ધર્મ સ્વરૂપે પરિણામપામે છે. આથી ત્રણે અવસ્થામાં કાર્ય એ કારણ સ્વરૂપ જ છે, કાર્ય એ કારણથી અભિન્ન અને અનન્ય છે. મૂળ કારણ બ્રહ્મ જ્યારે અનેક પ્રકારના કાર્યો રૂપે પરિણામ પામે છે ત્યારે કારણરૂપ બ્રહ્મમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થતો નથી, અને બધી જ અવસ્થામાં કાર્ય એ કારણ રૂપે જ રહે છે અને તેને જ 'અવિકૃત પરિણામવાદ' કહે છે. આ માટે અણુભાષ્યમાં અનેક ઉદાહરણો આપ્યા છે, જેમ કે કરોળિયો, સોનું, અહિકુંડલ, કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણી વગેરે આ સિદ્ધાંત પ્રમાણે બ્રહ્મને જ જગતનું સમવાયી અને નિમિત્તકારણ માન્યું છે. માટે એ સિદ્ધાંત 'બ્રહ્મવાદ' કહેવાય છે. કાર્યકારણ, નામરૂપ, જીવઈશ્વર એ સર્વના શુદ્ધ માયારહિત અદ્વૈતનો સ્વીકાર કરવામાં આવેલો હોવાથી શ્રી વલ્લભાચાર્યનો મત 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ' તરીકે ઓળખાય છે, જે એમનો તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત છે.

પ્રસ્થાનત્રયીને આધારે શ્રીવલ્લભે સત્કાર્યવાદનો સિદ્ધાંત સ્વીકાર્યો છે. પ્રભુની ઈચ્છાથી જગતનો આવિર્ભાવ થાય છે. છતાં બ્રહ્મ વિકારી બનતું નથી. વ્યવહારિક કે પારમાર્થિક કોઈ પણ દૃષ્ટિએ જગતના અસ્તિત્વને નકારી શકાય એમ નથી. શ્રી વલ્લભના મતે બ્રહ્મસૂત્રમાંના એક પણ સૂત્રથી જગત માયિક છે અથવા આભાસ માત્ર છે કે એનું અસ્તિત્વ નથી એમ સિદ્ધ કરી શકાય એવું નથી.

● બ્રહ્મમાં વૈષમ્ય (Partiality) અને નૈર્ઘૃણ્ય (Cruelty) ના દોષો નથી :

જો જગત જ બ્રહ્મનું સમવાયી અને નિમિત્તકારણ છે તો પછી આપણે જોઈએ છીએ કે આ જગતમાં કેટલાંક લોકો (જીવો) સુખી હોય છે અને કેટલાંક દુઃખી હોય છે. જગતમાં કેટલીય વાર કુદરતી આપત્તિરૂપ સર્વનાશ કે 'સુનામી' જેવા પ્રલય થાય છે, અને એકી સાથે હજારો લાખો લોકોનો સર્વનાશ થાય છે. તો એનું કારણ શું ? શું બ્રહ્મને આ જાતની નૈર્ઘૃણ્યતા કે પક્ષપાતનો દોષ દઈ શકાય ? તો એના જવાબમાં પ્રથમથી સૂત્રકાર કહે છે કે બ્રહ્મને

સર્વકૃત તરીકે સ્વીકારો તો પણ એને વિષમતા કે ક્રૂરતાનો દોષ લાગુ પડતો નથી. પોતાના સમર્થનમાં "वैषम्यनैर्घृण्य न सापेक्षत्वात् तथा ही दर्शयती । (સૂત્રકાર ૨-૧-૩૪ वैषम्य.....) અને "कृत प्रयत्नापेक्षास्तु विहित प्रतिषिद्धैः । वैयर्थ्यादिभ्यः । (સૂત્ર ૨-૩-૪૨) સૂત્રોનો આધાર લે છે સૂત્રકાર અને અણુભાષ્યકાર બન્ને કહે છે કે બ્રહ્મ કર્મની અપેક્ષાવાળો છે તેથી આ સુખદુઃખવાળું જગત ઉત્પન્ન કરતાં બ્રહ્મને વિષમતા (પક્ષપાત) અને નિર્દયતા (ક્રૂરતા) પ્રાપ્ત થતાં નથી. બ્રહ્મ અનાદિકાળથી કર્મ કરાવનાર છે. તેથી એનામાં પક્ષપાત અને ક્રૂરતા એ બે દોષો પ્રાપ્ત થશે એમ ન માનવું, કારણકે જીવે કરેલા પ્રયત્ન પ્રમાણે પરમાત્મા એની પાસે કર્મ કરાવે છે. જો આ પ્રમાણે ન માનીએ તો શાસ્ત્રોમાં જણાવેલા વિહિત અને પ્રતિષિદ્ધ કર્મો અને પ્રમાણનો વ્યાપાર વ્યર્થ થઈ જાય. પરમાત્માને જીવના કર્મની અપેક્ષા છે. જીવ પાસે કર્મ કરાવવામાં એ જીવના પ્રયત્નની અપેક્ષા રહે છે. પ્રયત્નમાં એની ઈચ્છાની અપેક્ષા છે. આ પ્રમાણે જીવના પ્રયત્નને અનુસરીને પરમાત્મા ફળ આપે એમાં પરમાત્માનું ઈશ્વરત્વ જતું રહેતું નથી, કારણકે મર્યાદામાર્ગનું એ જ પ્રમાણે નિર્માણ કરવામાં આવેલું છે. શ્રુતિનું પણ સમર્થન છે કે "જેને આ લોકમાંથી ઊંચે લઈ જવા ઈચ્છે છે તેની પાસે સાધુ કર્મ કરાવે છે, અને જેને નીચે લઈ જવા ઈચ્છે છે તેની પાસે અસાધુ કર્મ કરાવે છે. (કૌ.બ્રા. ૩-૯)" અને "पुण्यो वै पुण्येन कर्मणा भवति पापः पापेन कर्मणा (બ્ર.ઉ. ૩-૨-૧૩)" એટલે કે પુણ્યશાલી પુણ્ય કર્મથી થાય છે, પાપી પાપ કર્મથી. કર્મની અપેક્ષા રાખે છે છતાં પણ બ્રહ્મ છે એ જ એની મહત્તા છે. શંકરાચાર્ય પર્જન્યનું દૃષ્ટાંત પામે છે. વરસાદ બધે સરખો જ પડે છે, પણ જેવા બીજ રોપ્યાં હોય તેવો પાક થાય (શાંકરભાષ્ય ૨૨-૧-૩૪) "सापेक्षामपि कुर्वन्नीश्वर इति महात्म्यम्" બ્રહ્મને કર્મ સાપેક્ષ ન માનીએ તો વિહિત (સારા કર્મો) અને નિષિદ્ધ (નહીં કરવાના) કર્મ એ પ્રમાણે શાસ્ત્રોમાં વિધાન અને નિષેધ કરવામાં આવ્યા છે તે નિરર્થક થઈ જાય. બીજ અને અંકુરની જેમ સૃષ્ટિ અનાદિ છે, તેથી અન્યોન્યાશ્રય દોષ લાગુ પડતો નથી. શ્રીવલ્લભાચાર્ય કહે છે કે શ્રુતિવાક્યો આત્મસૃષ્ટિનું પ્રતિપાદન કરે છે તે મુજબ બ્રહ્મ પોતાના સ્વરૂપમાંથી જ જગત ઉત્પન્ન કરે છે "आत्मकृतेः परिणामात्" એ સૂત્રકારનું વચન પણ આ જ કહે છે. 'આત્મસૃષ્ટિ' હેતુથી વલ્લભાચાર્ય વૈષમ્ય-નૈર્ઘૃણ્ય દોષોનું નિવારણ કરે છે. ભિન્નભિન્ન પ્રકારની સૃષ્ટિ રચે છે છતાં બ્રહ્મ વિષમ નથી. પ્રલય વગેરે સંહાર કર્મ કરે છે તો પણ નિર્દય નથી, કારણકે બ્રહ્મ વિરુદ્ધ ધર્મવાળું છે. પોતાનું મહાત્મ્ય દર્શાવવા માટે જ બ્રહ્મ દ્વારા આ આત્મસૃષ્ટિ કરવામાં આવે છે. જીવ, કર્મ, ફળ એ બધું જ

આત્મસૃષ્ટિ બ્રહ્મનું જ રૂપ છે, અને બ્રહ્મથી અભિન્ન છે. પરમાત્મા જુદા જુદા રસો સિદ્ધ કરવા માટે ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રગટ થાય છે. આમ શુદ્ધાદ્વૈત મતમાં વૈષમ્ય-નૈર્ઘૃણ્ય દોષ લાગુ પડતો નથી.

સૂત્રકારે તો "वैषम्य-नैर्घृण्य...." સૂત્ર દ્વારા પોતાનો મત જણાવી દીધો કે બ્રહ્મને વિષમતા કે ક્રૂરતાનો કોઈ દોષ લાગતો નથી કેમ કે સુખ અને દુઃખ એ તો જીવાત્માને એના પોતાના સત્કર્મ કે દુષ્કર્મના ફળ રૂપે ભગવાન તરફથી મળે છે. જીવને પોતાના કર્મોનું જ ફળ મળે છે. પણ આ શબ્દોથી વલ્લભાચાર્યના મનનું સમાધાન થતું નથી. તેઓ આગળ વધીને કહે છે કે સુખ દુઃખ જો જીવોના કર્મફળને આધારે જ મળતું હોય તો પછી એ પરબ્રહ્મનું મહાત્મ્ય ક્યાં ? શ્રીવલ્લભના મતે ભગવાને પોતે જ સત્કર્મ કે નિષિદ્ધકર્મ કોને કહેવાય, સુખદુઃખ શું વગેરે નિયમો બનાવ્યા છે અને જીવાત્મા ભગવાનની ઈચ્છાથી જ એ કરવા પ્રેરાય છે. એમના મતે જીવાત્મા, આ સૃષ્ટિના નિયમો, કર્મ અને તેનું ફળ વગેરે સર્વ ઈશ્વરે જ બનાવ્યા છે અને એ સર્વ બ્રહ્મ રૂપ જ છે. આ સમસ્ત સૃષ્ટિ બ્રહ્મની પોતાની જ છે આત્મસૃષ્ટિ છે. શ્રી વલ્લભ બીજા એક સૂત્ર 'फलमत् उपपत्ते' (સૂત્ર ૩-૨-૩૮) નો ઉલ્લેખ કરીને કહે છે કે જીવ પોતાને જે ગમે તે કર્મ કરે પણ તેનું ફળ તો ભગવાનની ઈચ્છા પ્રમાણે જ મળે છે, કારણકે તે જ શક્ય છે. માત્ર કાર્ય પોતે એનું ફળ પામવા માટે શક્તિમાન નથી.

શ્રી વિઠ્ઠલનાથજી તો એમના 'વિદ્વન્મંડન' માં એથી આગળ વધીને એમ કહે છે કે કર્મ-ફળનો સિદ્ધાંત એ માત્ર બ્રહ્મની આત્મસૃષ્ટિ નથી પણ એનો સાચો જવાબ એ છે કે આ સર્વ 'ઈશ્વરની લીલા' જ છે. એટલે કે ઈશ્વરે માત્ર પોતાની લીલામાં વૈવિધ્ય લાવવા માટે જ જુદી જુદી જાતના જીવોનું સર્જન કર્યું છે અને એ સર્વ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે એના અનુગ્રહથી જ થાય છે.

આમ આ મુદ્દે આપણને ત્રણ મત જોવા મળે છે. સૂત્રકારે પોતાના સૂત્ર ૨-૧-૩૪ દ્વારા સામાન્ય માણસને સમજાય એ પ્રમાણે કર્મ અને તેના ફળનો સિદ્ધાન્ત સમજાવ્યો. પણ શ્રીવલ્લભનો પોતાનો અભિપ્રાય સૂત્ર ૧-૪-૨૬ "आत्मकृतेः परिणामात्" અને સૂત્ર ૩-૨-૩૮ "फलमते उपपत्ते" ઉપર આધાર રાખે છે, કે કર્મ અને ફળ એ સર્વ ઈશ્વરે બનાવ્યા છે, આખી સૃષ્ટિ એણે ઉત્પન્ન કરી છે. જ્યારે ત્રીજો મત કે આ સર્વ બ્રહ્મની લીલા માટે જ છે અને તે સર્વ ઈશ્વરના અનુગ્રહથી જ થાય છે એવો શ્રીવિઠ્ઠલનાથજીનો મત છે.

આમ વર્ગીકરણ કરીએ તો સૂત્રકારના મતને આધિભૌતિક, શ્રીવલ્લભના મતને આધ્યાત્મિક અને શ્રીવિઠ્ઠલનાથજીના અભિપ્રાયને આધિદૈવિક ગણી શકાય.

ટૂંકમાં સરળ ભાષામાં સમજવું હોય તો એમ કહી શકાય કે જીવાત્માને એના ખરાબ (નિષિધ) અને સતકર્મ પ્રમાણે એનું ફળ મળે છે. જે જીવાત્માને ભગવાન ઉંચે લાવવા માંગે એની પાસે સારા કર્મ કરાવે છે. અને અધમ કક્ષાના જીવ પાસે ખરાબ કર્મ કરાવે છે. બ્રહ્મને એમાં કોઈ દોષ લાગતો નથી. ઈશ્વરે જીવને વિવેક બુદ્ધિ આપી છે અને એ પ્રમાણે જીવાત્મા સારા કે ખરાબ કર્મ કરે છે, પણ શ્રીવલ્લભના મતે એની પ્રેરણા આપનાર તો ઈશ્વર જ છે. વિષમતા કે ક્રૂરતાનો મુદ્દો જે છે એ બ્રહ્મની કક્ષાએ નથી પણ જીવાત્મા માટે જ છે. બ્રહ્મે તો સર્વ જીવોનું સર્જન કર્યું છે અને એ સર્વ બ્રહ્મના જ અંશ છે. ઈશ્વરની કૃપા તો સર્વ ઉપર સમાન હોય છે પણ જીવની પાત્રતા એને ઝીલવાની કેટલી છે એના ઉપર આધાર રાખે છે. દા.ત. વરસાદ તો સર્વ જગ્યાએ વરસે છે પણ જુદી જુદી જગ્યાએ એની અસર જુદી જુદી હોય છે. ફળદ્રૂપ જમીન એને સારી રીતે સંગ્રહે છે તો પથરાળ કે રેતાળ જમીન ઉપર એ જ વરસાદનું જુદું પરિણામ હોય છે. એટલે કે જીવની જેવી પાત્રતા એ પ્રમાણે એ કર્મ કરે છે અને એનું ફળ ભોગવે છે. ઈશ્વરનો વિષમતા કે ક્રૂરતા માટે કોઈ દોષ નથી.

(૭) પરબ્રહ્મના અવતારો :

સર્વ વૈષ્ણવ આચાર્યોએ પરબ્રહ્મને લીલા વિશિષ્ટ સ્વીકાર્યા છે એટલે સર્વના મતે કોઈને કોઈ 'અવતાર' ની ધારણા પણ સ્વીકારેલી છે. શ્રીવલ્લભે ઘણી જગ્યાએ અવતાર અને અવતરણ પ્રક્રિયા પર ચર્ચા કરી છે. ખાસ કરીને એમના તત્વાર્થદીપ નિબંધના શ્રી ભાગવતાર્થ પ્રકરણની એમની 'પ્રકાશ' નામની ટીકામાં (ભાગવતાર્થ પ્રકરણ ૧-૪૯, ૫૦) ચર્ચા કરી છે. શ્રીવલ્લભના મતે બ્રહ્મના અવતારો પણ સત્ય (real) છે. તેઓ બે જાતના અવતારો માને છે. (૧) અંશાવતાર (૨) પૂર્ણાવતાર, અને એ માટે એમણે ભાગવતમાંથી પૂરતા પ્રમાણો આપ્યા છે.

આચાર્યશ્રીના મતે ભગવાનના વિષયમાં લૌકિક યુક્તિઓને માટે કોઈ અવકાશ નથી. ભગવાનના અવતાર પણ ભગવાનથી અભિન્ન હોવાથી લૌકિક યુક્તિનો વિષય નથી. ભગવાન જ આવિર્ભાવ-તિરોભાવ દ્વારા જુદા જુદા રૂપે પ્રગટ થાય છે. 'અવતાર' નો અર્થ જ 'અવતરણ'. ભગવાનનું આ જગતમાં

કોઈને કોઈ રૂપે આગમન જ 'અવતાર' કહેવાય છે. "अवतरणमवतारः व्यापिवैकुण्ठात् भगवतः प्रपंचसमागमनम् ।"[૨૮] આ પ્રાકટ્ય ભક્તિ નિમિત્તે હોય છે અને ભક્તિ અનેક પ્રકારની હોવાથી પ્રાકટ્ય પણ અનેકરૂપ હોય છે. કેટલાક અવતાર ક્રિયાશક્તિ પ્રધાન હોય છે અને કેટલાંક જ્ઞાનશક્તિ પ્રધાન.

સમાન સત્ત્વવાળા શરીરોમાં ભગવાનના આવિર્ભાવ અને અવતારો શુદ્ધ અને અશુદ્ધ ભેદથી થાય છે. અશુદ્ધ એટલે બીજા (રજસ્ વગેરે) ગુણો સાથે ભળેલા સત્ત્વવાળા, જેમના દેહમાં કોઈ સમયે જ્યારે સત્ત્વ ગુણ જ હોય ત્યારે ભગવાનનો આવિર્ભાવ થાય છે તેઓ આવેશવાળા કહેવાય છે અને સદા શુદ્ધ સત્ત્વવાળા જેમના દેહમાં ભગવાનનો આવિર્ભાવ થયેલ હોય તેઓ અવતાર કહેવાય છે. દા.ત. જેમ મહારાજા પોતાના દેશમાં ફરતા ફરતા પોતાના માટે રચેલાં મકાનોમાં રહે છે અને કોઈ સમયે પોતાના મહેલમાં પણ રહે છે, અને આ બન્ને પ્રકારના ઘરો જ્યાં સુધી તેમાં મહારાજા રહે ત્યાં સુધી મહારાજાના ઘરો જ કહેવાય છે. એ પ્રમાણે જ્યારે આવેશવાળાઓમાં આવેશ હોય ત્યારે અવતારમાં અને તેમનામાં કોઈ ભેદ ન હોવાથી તેમની અવતાર સમાન ગણના થાય છે. આવેશવાળા નારદ વગેરે અવતારો (સતત્ત્વગુણવાળા દેહમાં રહેતા હોવાથી) ગુણવાળા છે. માત્ર શ્રીકૃષ્ણ જ નિર્ગુણ અથવા ગુણોથી પર છે. જ્યારે કાર્ય કરવું હોય ત્યારે તે કાર્ય કરવા ભગવાન જેના દેહમાં પ્રવેશ કરે તે ભગવાનના આવેશવાળા કહેવાય છે જેમ કે લક્ષ્મી, બ્રહ્મા, શંકર, શેષ, ગરુડ, ઈન્દ્ર, કામ, અનિરુદ્ધ, સૂર્ય, ચંદ્ર, ધર્મ, દક્ષ, નારદ, ઋષિઓ, દેવતાઓ, ચક્રવર્તી રાજાઓ વગેરે વગેરે. ભાગવતમાં નહીં જણાવેલા પણ પંચરાત્ર વગેરે શાસ્ત્રમાં જણાવેલ આવેશવાળાઓનો પણ આમાં સમાવેશ કરેલો છે.[૨૯]

તત્વાર્થ દીપ નિબંધ (૩-૧-૫૦) માં જણાવ્યા પ્રમાણે બહારનું અને અંદરનું એવા બે પ્રકારના દુઃખ હોવાથી ભગવાન બે પ્રકારના અવતારો ધારણ કરે છે. બહારનું દુઃખ દૂર કરવા ક્રિયાશક્તિવાળા અવતાર ધારણ કરે છે. દા.ત. વરાહ, કૂર્મ, નૃસિંહ વગેરે ક્રિયાશક્તિવાળા અવતારો છે અને તે અવતારો લઈ ભગવાન બળનું કાર્ય કરે છે. અંદરનું દુઃખ દૂર કરવા જ્ઞાનશક્તિવાળા અવતાર ધારણ કરે છે. દા.ત. દત્તાત્રેય, વ્યાસ, કપિલ વગેરે જ્ઞાનશક્તિવાળા અવતારો છે. (ત.દી.નિ. ૩-૧-૫૩ થી ૫૬) જેમ અક્ષય જળમાંથી ઘણી નહેરો નીકળે છે તેમ ભગવાનના આવા અસંખ્ય અવતારો થાય છે.

શ્રીકૃષ્ણને સામાન્ય રીતે અવતાર તરીકે ગણાવેલ છે, પરંતુ તેઓ શ્રીપૂર્ણપુરુષોત્તમ છે. શ્રીપૂર્ણપુરુષોત્તમ શુદ્ધ સત્ત્વથી (પોતાની ઈચ્છાથી) અવતાર

ધારણ કરે છે, પરંતુ તેઓ શ્રી પોતે જ સંપૂર્ણ જ્ઞાનશક્તિ અને સંપૂર્ણ ક્રિયાશક્તિવાળા ભગવાન જ છે. જ્યારે ભગવાનનું પ્રાકટ્ય ગુણોના આધારે થાય છે ત્યારે અંશાવતાર કહેવાય છે. પણ જ્યારે પરાત્પર બ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સત્ત્વાદિને આધાર ન બનાવતા સ્વયં પોતાના સચ્ચિદાનંદ રૂપથી આવિર્ભૂત થાય છે ત્યારે તે બ્રહ્મનો પૂર્ણાવતાર કહેવાય છે અને એવું પ્રાકટ્ય ફક્ત શ્રીકૃષ્ણનું જ છે. આચાર્યશ્રી કહે છે કે આવેશાવતાર અને બીજા અવતારો જેને તેઓ 'આવિર્ભાવ' કહે છે તે બન્નેની ગણના સમાન રીતે થાય છે, કારણકે એ બન્નેમાં કોઈ ભેદ નથી." "विशेषाभानादावेशावतारयो तुल्ययागणना। (તત્વાર્થદીપ નિ. પ્રકરણ ૩-૧-૪૯)

શ્રીકૃષ્ણ ગીતાના 'વિભૂતિયોગ' નામના દશમાં અધ્યાય શ્લો. ૪૧ માં કહે છે કે,

यद्यद्विभूतिमत्सत्तवं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसम्भवम् ॥

"એટલે કે જે જે પણ વિભૂતિયુક્ત એટલે કે ઐશ્વર્ય સંપન્ન, શોભાયુક્ત અને શક્તિયુક્ત પદાર્થ, એને-એને તું મારા તેજના અંશની જ અભિવ્યક્તિ સમજ.

એ જ અધ્યાયના ૪૨ માં શ્લોકમાં આગળ કહે છે કે

अथवा बहुनैतेन किं ज्ञात्तेनतवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥

"સારરૂપે સમજી લે કે હું આ આખાય બ્રહ્માંડને પોતાની યોગ-શક્તિના એક અંશમાત્રથી ધારણ કરીને સ્થિત છું."

આમ શ્રીકૃષ્ણએ ૪૧ માં શ્લોકમાં અંશાવતારો પોતાના જ અવતારો છે અને પૂર્ણ અવતાર પુરુષોત્તમ પણ પોતાનું જ સ્વરૂપ છે એ ૪૨ માં શ્લોકમાં જણાવ્યું છે.

બ્રહ્મના અવતારો અને અવતાર પ્રક્રિયા પરની ચર્ચાને અંતે આપણે એટલું જ કહીશું કે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું છે કે,

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥

"એટલે કે સાધુપુરુષોનો ઉદ્ધાર કરવા માટે, પાપકર્મ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સમ્યક્ રીતે સ્થાપના કરવા માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું."

આ પ્રકરણમાં શ્રી વલ્લભની પરબ્રહ્મની પરિભાષાને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે જે મુખ્યત્વે શ્રી વલ્લભના શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન નો મુખ્ય વિષય છે અને શુદ્ધાદ્વૈત દર્શન બીજા વેદાંત દર્શનથી કઈ રીતે જુદું પડે છે એ પણ સમજાય છે. શ્રી વલ્લભે એમના દર્શનમાં તત્ત્વજ્ઞાન અને ધર્મ એ બન્નેનો સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો છે અને એ પણ પરબ્રહ્મની પરિભાષા સમજાવીને.

સંદર્ભ-સૂચિ

૧. શ્રી વલ્લભાચાર્ય કૃત પત્રાવલંબન - કારિકા ૩૬-૩૭

૨. શ્રી ગિરિધરજીકૃત શુદ્ધાદ્વૈતમાર્તણ્ડ - કારિકા ૨૭

૩. શ્રી ગિરિધરજીકૃત શુદ્ધાદ્વૈતમાર્તણ્ડ - કારિકા ૨૮

૪. શ્રી વલ્લભાચાર્ય કૃત તત્વાર્થદીપ નિબંધ - પ્રથમ શાસ્ત્રાર્થ પ્રકરણ - કારિકા ૬૫ થી ૭૧

૫. શ્રી વલ્લભાચાર્ય રચિત બ્રહ્મસૂત્રાણુભાષ્ય (અણુભાષ્ય) સૂત્ર ૩-૨-૨૭

૬. તત્વાર્થદીપ નિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા ૨૫-૨૬ आकाशवद् व्यापकं हि ब्रह्ममायांशवेष्टितम्.......

૭. ભગવદ્ગીતા - અધ્યાય ૧૩ શ્લોક ૧૪

૮. ગોસ્વામી શ્રી.શ્યામમનોહરજી - સાકાર બ્રહ્મવાદ પાન નં. ૨૫-૨૬

૯. શ્રી વલ્લભાચાર્ય રચિત બ્રહ્મસૂત્રાણુભાષ્ય (અણુભાષ્ય) સૂત્ર ૧-૧-૩

૧૦. શ્રીમદ્ ભગવદ્ગીતા - અધ્યાય ૮ શ્લોક ૩-૪

૧૧. શ્રીમદ્ ભગવદ્ગીતા - અધ્યાય ૧૫ શ્લોક ૧૮

૧૨. બ્રહ્મસૂત્રાણુભાષ્ય - ૩-૩-૫૪ નો સારાંશ

૧૩. ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી - સાકાર બ્રહ્મવાદ પાન નં. ૨૮-૨૯-૩૦

૧૪. ભગવદ્ગીતા અધ્યાય ૧૩ શ્લોક ૧૯-૨૦-૨૧

૧૫. ભગવદ્ગીતા અધ્યાય ૭ શ્લોક ૪-૫

૧૬. ભગવદ્ગીતા અધ્યાય ૮ શ્લોક ૩-૪

૧૭. ભગવદ્ગીતા અધ્યાય ૧૫ શ્લોક ૧૮

૧૮. ભગવદ્ગીતા અધ્યાય ૧૪ શ્લોક ૨૭

૧૯. બ્રહ્મસૂત્ર ૩-૩-૩૩, ૩૪

૨૦. ભગવદ્ગીતા અધ્યાય ૧૮ શ્લોક ૫૪-૫૫

૨૧. શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્ - અનુવાદ ડૉ. એ.ડી.શાસ્ત્રી, પ્રકાશક પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ ઉપોદ્ઘાત પાન નં. ૪૪-૪૬

૨૨. સાકાર બ્રહ્મવાદ - ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી પાન નં. ૩૧-૩૨

૨૩. બ્રહ્મસૂત્ર - અણુભાષ્યસૂત્ર ૩-૨-૨૮, ૨૯

૨૪. તત્વાર્થદીપ નિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ - ૬૯

૨૫. તત્વાર્થદીપ નિબંધ કારિકા ૩૬-૩૯ ઉપર આચાર્યશ્રી એ જ લખેલ પ્રકાશ ટીકા

૨૬. વલ્લભ વેદાંત (પ્રસ્થાન રત્નાકર પર આધારિત) ડૉ. ધીરજ પ્રકાશ શર્મા

૨૭. બ્રહ્મસૂત્ર અણુભાષ્ય ૧-૧-૫

૨૮. શ્રીમદ્ ભાગવત ૨-૩-૧ પર સુબોધિની ટીકા.

૨૯. તત્વાર્થ દીપ નિબંધ પ્રકરણ ૩-૧-૬૦ થી ૬૪

પ્રકરણ - ૫ : જીવાત્મા - Soul

બ્રહ્મની ઈચ્છા એકમાંથી અનેક થવાની થઈ. સૃષ્ટિના પ્રારંભમાં જ સંકલ્પ માત્રથી એ બ્રહ્મમાંથી જ બ્રહ્માત્મક ચેતન અને નિજાનંદ સ્વરૂપ અસંખ્ય જીવ જેમ અગ્નિમાંથી નાના નાના સ્ફુલીંગ (તણખા-ચિનગારિઓ) નીકળે છે એમ વ્યુચ્ચરણ થયા.

અણુભાષ્યમાં શ્રી વલ્લભાચાર્ય કહે છે કે "અગ્નિમાંથી તણખા (વિસ્ફુલીંગો)ની જેમ જડ તથા જીવો (કે જેઓ) સર્વત્ર હાથપગવાળા, બધી દિશાઓમાં આંખ, શિર અને મુખવાળા ઈન્દ્રિયો રહિત છે. બ્રહ્મની મૂળભૂત ઈચ્છા પ્રમાણે અન્ય ધર્મોના (આનંદાંશ) તિરોભાવથી જડ પદાર્થો તથા ચિત્ત અંશમાંથી બીજા જીવો બહાર આવ્યા અને એ નિશ્ચિત છે."[1]

શ્રીમદ્ભગવદ્ગીતાના તેરમા અધ્યાયના શ્લોક ૧૩, ૧૪, ૧૬ માં પણ શ્રીકૃષ્ણ કહે છે કે,

सर्वतः पाणिपादान्तं सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥१३॥

"એ સર્વ તરફ હાથ-પગ ધરાવનાર, સર્વ તરફ આંખ, મસ્તક અને મુખ ધરાવનાર અને સર્વ તરફ કાન ધરાવનાર છે કેમ કે એ સંસારમાં સૌને વ્યાપીને સ્થિત છે."

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभाक्तृ च ॥ १४ ॥

"એ સઘળી ઈન્દ્રિયોના વિષયને જાણનારો છે, છતાં વાસ્તવમાં સઘળી ઈન્દ્રિયો વિનાનો છે. તથા આસક્તિ વિનાનો હોવા છતાં પણ સર્વનું ધારણ-પોષણ કરનારો અને નિર્ગુણ હોવા છતાં પણ ગુણોને ભોગવનારો છે."

अविभक्तं च भूतेषु विभुक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥ १६ ॥

"એ પરમાત્મા, અવિભાજિત એકરૂપે રહેલા આકાશની જેમ, પરિપૂર્ણ

હોવા છતાં પણ ચરાચર બધાં ભૂતોમાં જાણે વિભાજિત હોય એમ સ્થિત જણાય છે તથા પરમાત્મા વિષ્ણુરૂપે ભૂતોનું ધારણ-પોષણ કરનારો, રુદ્રરૂપે સંહાર કરનારો તેમજ બ્રહ્મ રૂપે સર્વને ઉત્પન્ન કરનારો છે."

શ્રી વલ્લભના મતે બ્રહ્મની મૂળભૂત લીલાર્થે ઈચ્છાથી જેમ અગ્નિમાંથી તણખા વ્યુચ્ચરણ પામે છે તેમ ચિત્ અંશમાંથી જીવો બહાર આવ્યા. સામાન્ય અર્થમાં, આપણે કહીએ છીએ કે 'દેવદત્ત જન્મ્યો', 'વિષ્ણુમિત્ર જન્મ્યો', એમાં ખરેખર તો દેહની જ ઉત્પત્તિ છે, નહીં કે જીવની. (બ્રહ્મસૂત્ર અણુભાષ્ય-સૂત્ર ૨-૩-૧૭)

શ્રી વલ્લભ કઠોપનિષદ્ શ્રુતિનો આધાર ટાંકીને પણ કહે છે કે, "આત્મા જન્મતો નથી કે મરતો નથી કે એની ઉત્પત્તિ નથી. એ જન્મતો નથી, મરતો નથી એ શાશ્વત છે અને શરીરના મૃત્યુ સાથે એ મરતો નથી." (કઠોપનિષદ્ ૧-૨-૧૮)

શ્રી વલ્લભ એ જ સૂત્રના આગળના ભાષ્યમાં જણાવે છે કે તણખાની જેમ વ્યુચ્ચરણ એ ઉત્પત્તિ નથી, કારણકે નામરૂપના સંબંધનો અભાવ છે. "विस्फुलिङ्गवदुच्चरणं नोत्पत्तिः । नामरुपसंबन्धाभावात् ।" (બ્ર.સૂ. અણુભાષ્ય ૨-૩-૧૭)

જીવતત્ત્વનું વર્ણના કરતાં શ્રી વલ્લભાચાર્ય એમના તત્વાર્થદીપ નિબંધમાં પણ કહે છે કે "बहुस्यां प्रजायेयेति....." પ્રભુની ઈચ્છાથી જ બ્રહ્મભૂત અંશો ચેતનરૂપે સૃષ્ટિની પહેલાં નિરાકાર થયા. અગ્નિમાંથી જેમ તણખા નીકળે તેમ પ્રભુના સત્ અંશ વડે જડ પદાર્થો પણ પ્રકટ થયા અને આનંદાશ સ્વરૂપે સર્વના અન્તર્યામી પણ ઉત્પન્ન થયા.

ઈચ્છા માત્રે પ્રભુમાંથી જ બ્રહ્મરૂપે જીવ પ્રકટ થયાં, નહીં કે યોગબલથી. એ જીવો સાકાર એટલે સૂક્ષ્મ પરિચ્છેદવાળા અને ચેતન ચિત્તપ્રધાન છે. સર્વ જીવો એટલે અસંખ્યાત જીવો. પ્રભુમાંથી જડ, જીવ અને અન્તર્યામી શી રીતે પ્રગટ થયા તે દૃષ્ટાંતથી કહે છે. જેમ અગ્નિમાંથી તણખા ઉત્પન્ન થાય તેમ ચિદ્અંશમાંથી જીવ ઉત્પન્ન થયાં. "यथाग्ने क्षुद्रा विस्फुलिङ्गः स्वेच्छया चरन्ति ।" જે રીતે સદંશમાંથી જડનો ઉદ્ગમ થયો, કારણકે જડમાં સત્નું પ્રાધાન્ય દેખાય છે. આનંદાશ અન્તર્યામીનો ઉદ્ગમ છે જેમ જીવ અનેક છે તેમ અન્તર્યામી પણ અનેક છે. એક એક હૃદયમાં જીવ અને અન્તર્યામી હંસરૂપે પ્રવેશે છે. જો કે ભેદ તો જીવનો પણ નથી તો અન્તર્યામીમાં ક્યાંથી હોય ? અંશાંશી ભાવે

જ ભેદ છે. તેથી અનેક જીવ અને અનેક અન્તર્યામી માનતા કોઈ પણ પ્રકારનો દોષ આવતો નથી. સત્, ચિત્ અને આનંદ એ જ જડ, જીવ અને અન્તર્યામી ત્રણ પ્રકારનો વ્યવહાર છે.[૨]

એમની પ્રકાશ ટીકામાં પણ શ્રી વલ્લભ કહે છે કે જડમાં ચિત્ અને આનંદનો તિરોભાવ છે જ્યારે જીવમાં આનંદાશનો તિરોભાવ છે એટલે સર્વ બ્રહ્મનો જ વ્યવહાર છે. પણ આપણે તો તે અંશના તિરોભાવને લીધે જડ-જીવ એ રીતે જાણીએ છીએ.

આમ શુદ્ધાદ્વૈત મતમાં જીવ એ બ્રહ્મનો અંશ છે તથા તેની સાથે અભેદવાળો છે તેમજ તે અણુ છે તથા નિત્ય છે. તેનું સ્વરૂપ ચૈતન્ય છે છતાં તે જ્ઞાતા છે.

(૧) જીવનો બ્રહ્મ સાથે અંશ-અંશી ભાવ તથા બ્રહ્મ સાથેની અભેદતા :

જીવ બ્રહ્મનો અંશ છે અને છતાં બ્રહ્મની સાથે તેનો અભેદ છે એવો શુદ્ધાદ્વૈતનો મત છે. જીવ અવિદ્યાત્મક નથી પણ સત્ય છે, અને બ્રહ્મનો અંશ છે. આ સંબંધ સ્વીકારવાથી જીવ અને બ્રહ્મ વચ્ચે અભેદતા સિદ્ધ થાય છે. આ સિદ્ધાંત સ્વીકારવામાં એક શંકા ઉદ્ભવે કે જો જીવને અંશ માનવામાં આવે તો બ્રહ્મ અવયવી બનશે. અને શ્રુતિમાં બ્રહ્મને અવયવ રહિત કહેલ છે. આનું સમાધાન એ રીતે જ શક્ય છે કે બ્રહ્મ સ્વરૂપ કે જીવ સ્વરૂપ શ્રુતિ ગમ્ય છે કે લૌકિક પ્રમાણથી ગમ્ય છે ? લૌકિક પ્રમાણથી તે ગમ્ય હોઈ શકે જ નહીં. તે ઈન્દ્રિયગમ્ય પણ નથી. કારણકે તે નિરવયવ છે અર્થાત્ અનુમાનનો વિષય પણ નથી. એ શબ્દગમ્ય પણ નથી. આમ લૌકિક પ્રમાણથી આત્માનું સ્વરૂપ સમજાતું જ નથી. ફક્ત અલૌકિક પ્રમાણથી તે સમજાય છે અને અલૌકિક પ્રમાણ એટલે વેદ. "સર્વ વેદથી હું જ વેદ્ય છું" વગેરે વચનોથી આત્મા અલૌકિક પ્રમાણ-શ્રુતિથી જ ગમ્ય છે. આથી જીવ અને બ્રહ્મનો સંબંધ કેવો છે તે સમજવાનો આપણે વેદના વચનોનો જ આધાર રાખવો પડશે.

બ્રહ્મસૂત્ર ૨-૩-૪૩ માં 'अंशो नानाव्यपदेशादन्यथा..... જીવને અંશ તરીકે જણાવેલ છે અને તેનું કારણ ત્યાં નાના વ્યપદેશને લીધે છે એમ કહ્યું છે. અહીં 'નાનાવ્યપદેશ' પદનો બે રીતે અર્થ કરવામાં આવે છે. એક અર્થ એ છે કે જીવનું ભિન્ન ભિન્ન પ્રકારે વર્ણન કેવી રીતે ? એના જવાબમાં જણાવવાનું કે ઉપનિષદમાં જીવનું એક રીતે વર્ણન કર્યું નથી, પણ અનેક રીતે કર્યું છે. ક્યારેક બ્રહ્મ તરીકે, કવચિત્ ઉત્પન્ન તરીકે, ઈશ તત્ત્વ તરીકે, અણુ તરીકે અને વ્યાપક

તરીકે આમ જુદી જુદી રીતે વર્ણન કર્યું છે. આ વર્ણનમાં જીવને વિરૂદ્ધ ધર્મનું આશ્રય જણાવેલ છે. બ્રહ્મ સિવાય બીજું કોઈ 'વિરૂદ્ધ ધર્માશ્રયી' નહીં હોવાથી જીવ બ્રહ્મનો અંશ છે. બીજી રીતે 'નાના વ્યપદેશ'નો અર્થ ભેદનો વ્યપદેશ થાય છે. અર્થાત્ જીવ બ્રહ્મનો અંશ છે એવું વર્ણન શ્રુતિઓમાં આવે છે. ત્યાં કપુયચરણ તથા રમણીયચરણ એવા સર્વ આત્માઓ વ્યુચ્ચરણ પામે છે - સ્ફુરે છે એમ કહ્યું છે. આ શ્રુતિમાં 'આત્માઓ' એમ બહુવચનનો પ્રયોગ છે તેથી જીવાત્માઓ પરસ્પર ભિન્ન સમજાય છે. અને ત્યાં એમ પણ કહેલું છે કે જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગો વ્યુચ્ચરણ પામે છે તેમ તે પરમાત્માથી વ્યુચ્ચરણ પામે છે. આથી જીવાત્માઓ પરમાત્માંથી વિભક્ત થયા માટે તે પરમાત્માના અંશ છે. આમ છતાં પરમાત્મા અવયવરહિત જ છે કારણકે તે તેનો સ્વભાવ છે. આમ શ્રુતિ અને સ્મૃતિના વચનો તપાસતાં જીવ એ બ્રહ્મનો અંશ છે એ જણાય છે. અને સાથે સાથે જીવ અને બ્રહ્મ વચ્ચે તાદાત્મ્ય સંબંધની પ્રતીતિ થાય છે.

(૨) જીવની નિત્યતા :

જીવ અને બ્રહ્મનો સંબંધ બતાવવા માટે જ અગ્નિ અને સ્ફુલિંગનું દષ્ટાંત આપ્યું છે તેથી કેટલાક એમ શંકા કરે કે જો વિસ્ફુલિંગની માફક જીવનું વ્યુચ્ચરણ થતું હોય તો પછી એ વ્યુચ્ચરણ એક જાતની ઉત્પત્તિ નથી ? અને જો આપણે તેને ઉત્પત્તિ માનીએ તો પછી જીવને નિત્ય કેમ કહી શકાય ? જીવ એ નિત્ય છે એવો શુદ્ધાદ્વૈત વાદીઓનો મત છે. જો વ્યુચ્ચરણને ઉત્પત્તિ માનીએ તો જીવની ઉત્પત્તિ નથી એવું છે, બ્રહ્મસૂત્ર ૨-૩-૧૭ 'नात्माश्रुतेर्नित्यत्वाच्च ताभ्यः ।' તેનો વિરોધ આવે કારણકે ત્યાં સ્પષ્ટ કહે છે કે આત્માની ઉત્પત્તિ નથી. શ્રી વલ્લભને શ્રુતિનો વિરોધ તો કોઈ કાળે સ્વીકાર્ય નથી. ખરી રીતે વ્યુચ્ચરણનો અર્થ ઉત્પત્તિ થતો જ નથી. ખરી રીતે વ્યુચ્ચરણ ઉત્પત્તિના અર્થમાં હોય તો પછી જીવોના વ્યુચ્ચરણ વખતે પરિચ્છિન્ન શરીર હોવા જોઈએ તેમ નથી. તેવા શરીરમાં જીવનું આગમન હોતું નથી. આથી ત્યાં ઉત્પત્તિના સ્વરૂપનો પણ અભાવ છે. સામાન્ય ભાષામાં ઉત્પત્તિ, સમાગમ અને પ્રાકટ્ય એક સરખા સમજાય છે. પણ વસ્તુતઃ તેમ નથી. જે અનિત્ય હોય તેમના વિશે જ ઉત્પત્તિ કહી શકાય.

વ્યુચ્ચરણ શ્રુતિનો ભાવાર્થ માત્ર એટલું જ કહેવાનો છે કે જીવો બ્રહ્મમાંથી વ્યુચ્ચરે છે અને બ્રહ્મના અંશ છે. આ શ્રુતિને બરાબર વિચારતાં તેમાંથી

વિસ્ફુલિંગોનું અંશત્વ, અંશી-અગ્નિમાંથી તેનું વિભાગત્વ, અણુત્વ, અંશીનું અંશથી મહત્વ, અંશની પુનઃ અગ્નિમાં પ્રવેશ યોગ્યતા, પ્રવેશ પછી અભેદ પ્રતીતિ વિષયતા અને પુનઃ નિર્ગમન યોગ્યતા આટલી બાબતો આપણી દૃષ્ટિ આગળ તરીકે આવે છે. જેમ અગ્નિ અને સ્ફુલિંગનો સંબંધ વિચારતા આટલા ધર્મો આપણને મનોગોચર થાય છે તેમ બ્રહ્મ અને જીવના સંબંધમાં પણ થાય છે. જેમ અગ્નિ અંશી છે અને સ્ફુલિંગ અંશ છે તેમ બ્રહ્મ અંશી છે અને જીવ અંશ છે અર્થાત્ જીવ એ બ્રહ્મનો અંશ છે. અંશી બ્રહ્મમાંથી અંશ જીવનો વિભાગ વ્યુચ્ચરણથી થાય છે. જીવ અણુ છે. અંશી બ્રહ્મ અંશ જીવ કરતાં મહત્ છે. અંશી બ્રહ્મમાં અંશ જીવ પુનઃ પ્રવેશ કરવા યોગ્ય છે. જીવનો બ્રહ્મમાં પ્રવેશ થયા પછી જીવ અને બ્રહ્મના અભેદની પ્રતીતિ થાય છે.

શ્રી વલ્લભ વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને ભાગવત વગેરે પ્રમાણોના આધારે જીવને બ્રહ્મનો અંશ માને છે. જીવ બ્રહ્મથી અભિન્ન છે. ખરેખર તો વ્યુચ્ચરણના ઉપાદાન ભૂત બ્રહ્મથી વ્યુચ્ચરિત થવાવાળા બ્રહ્મભૂત અંશનું બ્રહ્મભૂત પ્રદેશમાં બ્રહ્મભૂત વ્યુચ્ચરણ થાય છે. 'આ સર્વ બ્રહ્મ છે', 'सर्वं खल्विदं ब्रह्म અથવા 'सर्वं खलु इदं ब्रह्म ।' એ શ્રુતિ પ્રમાણે જીવ અને બ્રહ્મમાં અભેદતા છે. જે પ્રમાણે સોનામાંથી સોનાના ઘરેણાં, માટીમાંથી ઘડો વગેરે અલગ નથી, એ જ રીતે બ્રહ્મનો ચિદ્ અંશ જીવ બ્રહ્મથી ભિન્ન નથી.

શંકરાચાર્ય જીવને બ્રહ્મનો અંશ માનતા નથી પણ અંશ જેવો માને છે. આથી સૂત્રમાં જ્યાં 'અંશ' શબ્દ છે તેને બદલે 'અંશ જેવો - अंश इव' એમ વાંચે છે. ભાસ્કરના મતે અંશ એટલે ઉપાધિવિચ્છિન્ન અનન્યભૂત છે. આ અંશ બ્રહ્મથી ભિન્ન છે અને અભિન્ન છે. અભિન્નત્વ એ સ્વાભાવિક છે અને ભિન્નત્વ ઔપાધિક છે. (ભેદાભેદવાદ) રામાનુજ વિશિષ્ટ **વસ્ત્વેકદેશના** અર્થમાં લે છે. શ્રી કણ્ઠ પણ તેમને અનુસરે છે. આથી તેમના મતે બ્રહ્મ અને જીવનો સંબંધ વિશેષ્ય અને વિશેષણનો છે. 'નિમ્બાર્ક' 'અંશ' એટલે શક્તિ કહે છે. મધ્વના મતે પુત્રોની માફક અંશો બ્રહ્મથી ભિન્ન છે અથવા હાથ-પગની માફક અભિન્ન છે એમ કહે છે. રામાનુજ, શ્રીકંઠ, નિમ્બાર્ક, મધ્વ, વિજ્ઞાનભિક્ષુ જીવ અને બ્રહ્મ વચ્ચેનો ભેદ સ્વાભાવિક છે તેમ કહે છે, શ્રી વલ્લભ તેને ઐચ્છિક કહે છે.

(૩) જીવનું અણુત્વ :

શુદ્ધાદ્વૈત મતમાં જીવને અણુ કહેલો છે. શંકરાચાર્ય તેને વિભુ માને છે. બ્રહ્મસૂત્રમાં સૂત્ર ૨-૩-૧૯ થી ૨-૩-૨૮ સુધી સૂત્રકારે જીવનું અણુત્વ સિદ્ધ

કર્યું છે. સૂત્રકારે કરેલી દલીલોનું શ્રી વલ્લભાચાર્યે એમના અણુભાષ્યમાં કઈ રીતે વિવેચન કર્યું છે એનો નિષ્કર્ષ નીચે પ્રમાણે છે.

"કૌ.ઉપ (૩-૩) માં જણાવ્યા પ્રમાણે જીવની ઉત્ક્રાન્તિ, ગતિ તથા આગતિ (આગમન) છે માટે તેના પરિમાણનો અંગીકાર કરવો જોઈએ."

એનો અર્થ એ કે જ્યારે જીવ આ શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે ત્યારે આ બધાની સાથે જ તે ઉત્ક્રમણ પામે છે જે કોઈ આ લોકમાંથી પ્રયાણ પામે છે તે સઘળા ચન્દ્ર તરફ જ જાય છે." (કૌ.ઉપ. ૩-૩)

શ્રુતિમાં કહેલી ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિના શ્રવણથી યથાયોગ્ય એવા તેના પરિમાણનો સ્વીકાર કરવો જોઈએ. જો કે "અન્ય આરાગ્ર માત્ર દેખાયો છે." (શ્વે. ૫-૮) એવી શ્રુતિથી જ પરિમાણ કહ્યું છે. બ્રહ્મની વિલક્ષણતા (ભેદ) જણાવવા માટે ઉત્ક્રાન્તિ પહેલાં કહી છે.

જીવરૂપથી તથા ઈન્દ્રિયોથી ગતિ અને આગતિનો સંબંધી જીવ છે માટે તે અણુ છે.

ગતિ તેમજ આગતિનો સંબંધ કેવળ આત્મસ્વરૂપે જ (स्वात्मन केवलस्वरुपेण) હોય છે. "કરોળિયો જે પ્રમાણે જાળાનું સર્જન કરે છે તેમ જ પાછા ખેંચી લે છે તેવી રીતે જાગ્રત અને સ્વપ્નમાં જીવનું ગમન અને આગમન પણ છે એમ બ્રહ્મોપનિષદમાં કહ્યું છે." "આ જીવથી આત્મા દ્વારા અનુપ્રવેશ કરીને બ્રહ્મને પહોંચે છે." અથવા "સ્વેચ્છાએ રૂપ ધારણ કરીને અનુસંચરતો" (તૈ.ઉ. ૩-૧૦) એવું વચન છે. ઉત્ક્રાન્તિ, ગતિ તથા આગતિનો જીવ સાથેનો સંબંધ જણાવ્યો છે, અણુત્વનો નહીં. પછીના બે (ગતિ-આગતિ)નો સ્વસ્વરૂપ સાથે "એમાં અણુત્વ છે એમ કહ્યું છે."

બ્રહ્મસૂત્ર (૪-૪-૨૨) માં આત્માને મહાન કહ્યો છે તેથી જીવને વિભુ કહો તે બરાબર નથી. કારણકે અહીં આત્મા શબ્દ બ્રહ્મના અર્થમાં છે, જીવના અર્થમાં નથી.[૩]

બ્રહ્મસૂત્ર (૪-૩-૯) માં 'સ્વ' શબ્દ છે તે પણ જીવના અણુત્વનો બોધ કરે છે. इति स्वशब्दोणुपरिमाणम् जीवं बोधयति।" "વાળના અગ્રભાગના સોમા ભાગના પણ સોમો કલ્પાયેલો ભાગ જીવ છે તેને જાણવો જોઈએ. આરાના અગ્રભાગ જેટલો અન્ય પણ દેખાયો છે, એવું પરિમાણ છે." (શ્વે-૫-૮)

"અણુ હોવા છતાં ચંદનની માફક સર્વ શરીરોમાં તેનું ચૈતન્ય વ્યાપે છે. જે રીતે એક સ્થાનમાં રહેલું હોય છતાં ચંદન સંપૂર્ણ શરીરને સુખ આપે છે. અગર ખૂબ તપાવેલા તેલમાં રહેલું ચંદન તાપની નિવૃત્તિ કરે છે."

"જેમ ચંદન શરીરના એક ભાગમાં સ્થિત છે તેમ જીવ પણ હૃદયમાં સ્થિત છે.

"જેમ મણિની કાન્તિ (પ્રકાશ) ઘણા પ્રદેશ સુધી વ્યાપે છે તેમ જીવ પણ પોતાના ચૈતન્ય ગુણથી આખા શરીરમાં વ્યાપે છે."

"ચંપક વગેરેની ગંધની માફક ચૈતન્યનો પણ સ્વભાવ છે કે પોતાના સ્થાનથી અધિક સ્થાનમાં વ્યાપવું. તેથી જીવનો ચૈતન્ય ધર્મ હૃદય સ્થાનમાં હોવા છતાં સમસ્ત શરીરમાં વ્યાપે છે.

"આત્માનું સ્થાન હૃદયમાં છે અને તેનું પરિમાણ અણુ છે એમ જણાવીને "વાળ સુધી, નખના અગ્રભાગ સુધી" એમ ચૈતન્ય ગુણથી સમસ્ત શરીરને વ્યાપે છે એમ શ્રુતિ દર્શાવે છે."

"કૌ.ઉપ. ૩-૬ માં 'प्रज्ञया शरीरं समारुह्य' એવી શ્રુતિ છે. અહીં પ્રજ્ઞયા એ તૃતિયા વિભક્તિમાં હોવાથી તથા તેનો પૃથક નિર્દેશ હોવાથી, પ્રજ્ઞા અર્થાત્ ચૈતન્ય એ જીવનો ધર્મ છે એમ સમજાય છે."[૪]

આમ શ્રી વલ્લભે એમના અણુભાષ્ય સૂત્ર-૨-૩-૧૯ થી સૂત્ર ૨-૩-૨૮ સુધીના વિવેચન દ્વારા જીવનું અણુત્વ સિદ્ધ કર્યું છે.

જીવ પ્રકાશક ચૈતન્ય રૂપ છે અથવા એનો ચૈતન્ય ગુણ પ્રકાશક છે તેથી તે તેજોમય દેખાય છે, અને એટલે જ જીવ માટે 'જ્યોત' 'આત્મજ્યોત' વગેરે શબ્દનો પ્રયોગ થાય છે. જીવને સ્વરૂપવાન નથી માનવામાં આવતો. એ ઈન્દ્રિયગ્રાહ્ય પણ નથી. એ કોઈ બીજા તત્ત્વ દ્વારા પણ પ્રકાશિત નથી થતો. 'અણુ' યા 'જ્યોત' કહેવાથી જીવને 'રૂપવાન' સમજવાની ભૂલ ના કરવી જોઈએ.

(૪) જીવનું કર્તૃત્વ :

જીવ અણુ છે એમ નક્કી કર્યા પછી સૂત્રકાર જીવને કર્તા પણ કહે છે. શ્રી વલ્લભના મતે જીવ એ ફક્ત કર્તા નથી પણ સાથે સાથે ભોક્તા પણ છે.

કર્તૃત્વ અને ભોક્તૃત્વ શ્રી વલ્લભાચાર્યને મતે ભિન્ન નથી. કર્તૃત્વ બ્રહ્મમાં જ રહેલું છે. જીવમાં કર્તૃત્વ તેના સંબંધથી જ તેનો અંશ હોવાથી ઐશ્વર્ય વગેરે ગુણધર્મોની જેમ બ્રહ્મ પાસેથી જ આવે છે. કર્તૃત્વ જડમાં રહેલું નથી. परात्तु तच्छ्रुतेः । (સૂત્ર ૨-૩-૪૧). આમ સૂત્રકાર જીવના કર્તૃત્વને સબળ પુરવાર કરવા સૂત્ર ૨-૩-૩૩ થી ૨-૩-૩૯ રચે છે. સૂત્ર ૨-૩-૩૩ कर्ता शास्त्रार्थवत्त्वात् । "શાસ્ત્રના અર્થની સાર્થકતાને લીધે જીવ કર્તા છે" એમ કહે છે. સૂત્ર ૨-૩-૩૪ विहारोपदेशात । "વિહારનો ઉપદેશ છે તેથી" એટલે કે "સાધુ કર્મ કરનાર સાધુ થાય છે." એમ કર્તૃત્વ તથા ભોક્તૃત્વ બન્નેનું સામાનાધિકરણ્ય શ્રુતિમાં કહ્યું છે તેથી જીવ જ કર્તા છે. સૂત્ર ૨-૩-૩૫ માં કહે છે उपादानात् । ઉપાદાન છે તેથી આ સૂત્રના ભાષ્યમાં શ્રી વલ્લભ કહે છે. "જીવ સર્વના વિજ્ઞાનનું ઉપાદાન (ગ્રહણ) કરે છે એટલે ઈન્દ્રિયો અહીં કારણ જ છે, સ્વતંત્રતાથી આ જીવ જ કર્તા છે. જે બુદ્ધિના સંબંધથી જીવનું કર્તૃત્વ માને છે તેને પૂછવું જોઈએ કે શું બુદ્ધિનું કર્તૃત્વ જીવમાં આવે છે ? અથવા જીવનું જ કર્તૃત્વ બુદ્ધિનો સંબંધ થતા ઉદ્‌ગમ પામે છે ? અથવા સસલાના શીંગડા જેવું કર્તૃત્વ બુદ્ધિનો સંબંધ થતા આવે છે ? પ્રથમ વિકલ્પ યોગ્ય નથી કારણકે બુદ્ધિ જડ હોવાથી તેનો અસ્વીકાર કર્યો છે અને સૂત્રકાર એનો સ્વીકાર કરતા નથી. બીજો વિકલ્પ આપણને સ્વીકાર્ય છે પણ જીવનું કર્તૃત્વ અને આધિન બુદ્ધિ કે ઈન્દ્રિયોને લીધે છે એ સામે વિરોધ છે. ત્રીજા વિકલ્પમાં તો શાસ્ત્રનો જ વિરોધ છે કારણકે કર્તૃત્વ બ્રહ્મમાં જ સિદ્ધ છે."[૫]

જો જીવ કર્તા ન હોય તો શાસ્ત્રોમાં જણાવેલ સર્વ વૈદિક ક્રિયા-કાંડ, કર્મ, ધ્યાન, ભક્તિ, ઈશ્વરને પામવાના જીવના સર્વ પ્રયત્ન નિરર્થક બની રહે. અકર્તા જીવ આ સર્વ કર્મ કેવી રીતે કરી શકે ? શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પણ સ્પષ્ટ રીતે જીવના કર્તૃત્વ વિશે કહ્યું છે.

ब्रह्मण्याधाय कर्माणि सङ्ग त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥

"જે વ્યક્તિ બધાં કર્મો પરમાત્માને અર્પણ કરીને તેમજ આસક્તિ છોડીને કર્મ કરે છે, એ માણસ જેમ જળથી કમળના પાંદડા લેપાતા નથી તેમ પાપથી લેપાતો નથી." પછીના શ્લોકમાં પણ જણાવ્યું છે કે

कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि ।
योगिनः कर्म कुर्वन्ति सङ्ग त्यक्त्वात्मशुद्धये ॥

"કર્મયોગીઓ મમત્વભાવ રાખ્યા વિના કેવળ ઈન્દ્રિય, મન, બુદ્ધિ તેમ જ શરીર દ્વારા થનારા સઘળા કર્મોમાં આસક્તિ ત્યજીને અન્તઃકરણની શુદ્ધિ માટે કર્મ કરે છે."[૬]

આથી સ્પષ્ટ થાય છે કે જીવનું કર્તૃત્વ જીવને અનિર્મોક્ષત્વ (કોઈ પણ સમયે અમુક્તિ) તરફ લઈ જતું નથી. બ્રહ્મ જાતે જ સર્વકર્તા, સર્વ ભોક્તા અને સર્વ નિયંતા છે અને જીવનું કર્તૃત્વ બ્રહ્મના સંબંધથી જ છે.

તો હવે કર્તા ભોક્તા પણ બની શકે ખરો ? સૂત્રકાર કહે છે કે એમાં કોઈ વાંધો નથી. દા.ત. રસોઈ બનાવનાર રસોઈ બનાવે તો બીજા એનો સ્વાદ માણે છે, તો પોતે પણ માણી શકે છે. સૂત્રકાર દાખલો આપે છે કે "સુથાર પોતે રથ બનાવે છે અને પછી એમાં સવારીનો આનંદ પણ માણી શકે છે. (સૂત્ર ૨-૩-૪૦) બ્રહ્મ જેમ સર્વકર્તા છે તેમ સર્વભોક્તા પણ છે. तस्माद् ब्रह्मगतमेव कर्तृत्वम् । एवं भोक्तृत्वमपि । બ્રહ્મની ઈચ્છાથી જ જીવસાધ્ય ભોગ જીવને ભોક્તા બનાવે છે.[૭]

જીવાત્મા કર્તા છે છતાં તેનું કર્તૃત્વ બ્રહ્મસૂત્ર ૨-૩-૪૧, ૪૨ પ્રમાણે બ્રહ્મમાંથી મેળવેલું છે. શ્રી શંકરાચાર્ય આ કર્તૃત્વ ઉપાધિથી છે એમ લે છે. જો જીવનું કર્તૃત્વ બ્રહ્મમાંથી છે એમ આપણે માનીએ તો બ્રહ્મ ઉપર વૈષમ્ય અને નૈર્ઘૃણ્યનો દોષ આવે. આનું સમાધાન સૂત્ર ૨-૩-૪૨ માં આપ્યું છે. તેનું સમાધાન બે રીતે કરે છે. એક સમાધાનમાં જણાવે છે કે બ્રહ્મ અચિન્ત્ય ઐશ્વર્યવાળું છે અને વેદમાં એમ કહે છે કે બ્રહ્મ સઘળા કર્મોના ફળને આપનાર છે. આ ફળદાન કર્માનુસાર અથવા તે સિવાય સ્વતંત્ર ફળ પણ આપે છે. કર્માનુસાર ફળ આપવા છતાં પણ બ્રહ્મ સ્વતંત્ર છે. બીજું સમાધાન એ છે કે બ્રહ્મને જીવોક્ત પ્રયત્નની અપેક્ષા છે. તેથી વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય નથી. આખી સૃષ્ટિ એ બ્રહ્મ પ્રયત્ન બને છે. आत्मसृष्टेः परिणामात् । સૂત્ર ૧-૪-૨૬ માં આત્મસૃષ્ટિ તથા આત્મકૃતિ કહી છે. સૂત્ર ૨-૧-૩૩ માં આ આત્મસૃષ્ટિ-આત્મકૃતિને પણ કૈવલ્ય કહે છે. સૂત્ર ૨-૩-૪૩ માં જીવને બ્રહ્મનો અંશ કહ્યો છે અને પછી કહ્યું છે કે ભગવાનની ઈચ્છાથી તે જીવમાં ભગવાનના ધર્મોનું તિરોધાન થયું છે. આથી સિદ્ધ થાય છે કે બ્રહ્મ પોતાની ઈચ્છાથી ક્રીડા કરવાને માટે જ પોતે જડ

તથા જીવરૂપ બને છે. આ સર્વ ક્રીડા બ્રહ્મની જ છે. આથી જીવનું કર્તૃત્વ બ્રહ્મની ઈચ્છાને આધીન છે એમ સમજવું જોઈએ. જેમ બાળક નહીં કરવા જેવી વસ્તુ કરવાને તૈયાર થતો હોય તે વખતે તેનો પિતા એ વસ્તુ નહીં કરવાને તેના દોષનું નિરૂપણ કરીને સમજાવે છતાં તે બાળક જીદથી તે કામ કરે તેમાં પિતાનો દોષ નથી પણ તે બાળકના સ્વભાવનો જ દોષ છે. તે જ પ્રમાણે જીવના સુકૃત અને દુષ્કૃત કર્માનુસાર બ્રહ્મ ફળદાન કરે છે. આથી બ્રહ્મને વૈષમ્ય તથા નૈર્ઘૃણ્યનો દોષ લાગતો નથી. આ વિષયની ચર્ચા આગળ 'પરબ્રહ્મ'ના પ્રકરણમાં પણ વિગતે કરવામાં આવી છે.

(૫) જીવ-આભાસ-પ્રતિબિંબ :

શંકરાચાર્ય જીવને બ્રહ્મનો 'અંશ' નહીં પણ 'અંશ જેવો (अंश इव)' માને છે. માયાવાદીઓ માને છે કે જીવ એ બ્રહ્મનું પ્રતિબિંબ કે આભાસ છે. પણ એ બેમાંથી એક પણ શક્ય નથી. પ્રથમ તો બ્રહ્મ અરૂપ-નિરાકાર હોવાથી એનું પ્રતિબિંબ હોઈ શકે નહીં. કારણકે રૂપવાન વસ્તુઓનું જ પ્રતિબિંબ હોઈ શકે. બીજું પ્રતિબિંબ પડવા માટે કોઈ વ્યવધાન (Intermediary) જરૂરી છે. જ્યારે માયાવાદમાં એવું કોઈ વ્યવધાન નથી. વળી માયા પોતે આ જાતનું વ્યવધાન થઈ શકે એમ નથી. કારણકે વાસ્તવમાં માયા પણ અસ્તિત્ત્વ રહિત (non-existent) છે. ત્રીજું જો બ્રહ્મ માયાથી આવરણ પામેલુંહોય તો એનું પ્રતિબિંબ ના હોઈ શકે કારણકે બીજી વસ્તુથી આવૃત વસ્તુનું પ્રતિબિંબ ના હોઈ શકે. ચોથું બ્રહ્મ વ્યાપક છે અને વ્યાપક વસ્તુનો પડછાયો અશક્ય છે. અને આમ પણ બ્રહ્મનું પ્રતિબિંબ હોઈ શકે નહીં એટલે એ જ આધાર પર જીવ પણ પ્રતિબિંબ કે આભાસ હોઈ શકે નહીં. બ્રહ્મવાદમાં આવી કોઈ તકલીફ નથી. કારણકે વલ્લભવેદાંત જીવના અંશત્વમાં અને બ્રહ્મના નિરવયવત્વમાં માને છે. જીવ પોતાના દોષનું આરોપણ બ્રહ્મમાં ના કરી શકે કે જે બ્રહ્મ દોષ વગરનું નિર્દોષ છે.

શ્રી વલ્લભના મતે બ્રહ્મ જ આનંદાશના તિરોભાવની સ્થિતિમાં જીવ રૂપે પ્રતિત થાય છે. જીવમાં સદંશ અને ચિદંશ વિદ્યમાન છે. સદંશ સ્ફુરિત થાય ત્યારે જીવને 'આભાસ' કહેવાય છે અને સદંશ અને ચિદંશ બન્નેની સ્ફૂરણાની સ્થિતિમાં 'પ્રતિબિંબ' કહેવાય છે. સત્-ચિત્-આનંદ ત્રણે અંશની સ્ફુરણા થાય ત્યારે જીવને બ્રહ્મ કહેવાય છે. તેઓ આ આભાસને લૌકિક આભાસ કે પ્રતિબિંબ નથી માનતા કે જે મિથ્યા હોય છે. આ પ્રતિબિંબ વિલક્ષણ હોય છે. આ પ્રતિબિંબને ભગવાનનું એક સ્વતંત્ર સ્વરૂપ જ સમજવું જોઈએ કારણકે તે

નિયત પરિમાણથી રહિત છે. એ મચ્છર સમાન પણ હોઈ શકે અને હાથી સમાન પણ હોઈ શકે. અને એની ઉત્પત્તિને માટે કોઈ જાતના પ્રયત્નની પણ અપેક્ષા નથી હોતી. એક ઉદાહરણથી આ મુદ્દાને સ્પષ્ટ રીતે સમજીએ. જો કોઈ વ્યક્તિ બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થઈને પણ બ્રાહ્મણના આચાર-વિચારવાળો ન હોય તો તે બ્રાહ્મણાભાસ કહેવાય છે. બ્રાહ્મણકુળમાં જન્મ લેવાથી તે બ્રાહ્મણ તો છે પણ બ્રાહ્મણોચિત્ત આધાર-વિચાર-ધર્મ વગેરે ન હોવાથી બ્રાહ્મણાભાસ કહેવાય છે. એ જ પ્રમાણે આનંદાંશના તિરોધાનથી જીવમાં બ્રહ્મના સર્વ ગુણો નથી છતાં પણ તે બ્રહ્મનો અંશ અવશ્ય છે અને એ જ કારણે બ્રહ્મનો આભાસ કહેવાય છે પણ ભૌતિક વસ્તુઓના આભાસની જેમ એને મિથ્યા ના કહી શકાય.

● ભગવદ્ધર્મોનો જીવમાં તિરોભાવ :

ચેતન જીવમાં ફક્ત આનંદ ધર્મનો જ લોપ નથી પણ ભગવદ્ ઈચ્છાથી એમાં ભગવાનના ષડ્ગુણોનો પણ લોપ થઈ જાય છે આ છ ગુણ છે - ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. ઐશ્વર્યના તિરોધાનથી દીનતા અને પરાધીનતા, વીર્યના લોપથી બધાં પ્રકારના દુઃખો સહન કરવા, યશના તિરોધાનથી દીનતા, (દૈન્ય) શ્રી ના લોપથી જન્મ-મરણ રૂપ આપત્તિ અને જ્ઞાનના તિરોભાવથી દેહાદિમાં અહંબુદ્ધિ અને દરેક પદાર્થમાં વિપરીત જ્ઞાન અને વૈરાગ્યના લોપથી વિષયોમાં આસક્તિ પેદા થાય છે. આ સર્વ ભગવદ્ધર્મોનાં તિરોભાવથી પરિણામ સ્વરૂપે જીવ બંધન અને અજ્ઞાનથી આવૃત્ત થઈ જાય છે.

ઐશ્વર્ય - દીનતા, પરાધીનતા

વીર્ય - સર્વ પ્રકારનું દુઃખ સહન કરવું.

યશ - દીનતા

શ્રી - જન્મ-મરણરૂપી આપત્તિ

જ્ઞાન - દેહાદિમાં અહંબુદ્ધિ, વિપરીત જ્ઞાન.

વૈરાગ્ય - વિષયોમાં આસક્તિ.

આનંદાંશના તિરોધાનથી તથા અવિદ્યા સાથે સંબંધ જોડાય તે પહેલા જીવ શુદ્ધ હોય છે. અવિદ્યાથી જોડાયેલો, જન્મ-મરણના ચક્રમાં ફસાયેલો જીવ સંસારી છે. જ્યારે ભગવાનના અનુગ્રહથી જીવમાં આનંદાશનું પ્રાકટ્ય થાય

ત્યારે તે જીવ મુક્ત બની સચ્ચિદાનંદ રૂપ પ્રાપ્ત કરી ભગવાનથી અભિન્ન બની જાય છે. અણુ હોવા છતાં બ્રહ્મભાવ દશામાં જીવ વિભુ થાય છે પણ તે બ્રહ્મ નથી, બ્રહ્મરૂપ છે. શ્રી વલ્લભાચાર્ય આ ભેદને અવાસ્તવિક માનતાં નથી. પણ એને માટે ભેદ સહિષ્ણુ અભેદનો પ્રયોગ કરે છે. જ્યારે શંકરાચાર્ય પ્રમાણે ભેદ અસહિષ્ણુ અભેદ છે. દા.ત. વિશાળ સાગરમાંથી લહેરો-તરંગો ઉઠે છે પણ લહેરો-તરંગો એ સાગર નથી પણ પાછા સાગરમાં સમાઈ જતાં સાગરથી અભિન્ન બની રહે છે, અને એને જ શ્રી વલ્લભ ભેદ સહિષ્ણુ અભેદ કહે છે.

(૬) વલ્લભવેદાંતમાં तत्त्वमसि નો અર્થ :

જીવ અને બ્રહ્મમાં રહેલી અદ્વૈત સત્તાનું ઉપનિષદમાં 'तत्त्वमसि' મહાકાવ્ય દ્વારા પ્રતિપાદન કરવામાં આવ્યું છે. શંકર અને રામાનુજ તત્ત્વમસિને મહાવાક્ય ગણે છે, શ્રી વલ્લભ તેને મહાવાક્ય કહેતા નથી. શંકર तत् त्वं असि એમ કહીને तत् એટલે બ્રહ્મ અને त्वम् એટલે જીવ (જંતુ). આ બન્નેનો ભાગત્યાગ લક્ષણાથી અભેદ ગણે છે. અહીં જીવ અલ્પજ્ઞ અને ઈશ્વર સર્વજ્ઞ છે. જીવની અલ્પજ્ઞતા અને ઈશ્વરની સર્વજ્ઞતા છોડીને મૂળ તત્ત્વનો વિચાર કરો તો (અલ્પજ્ઞ) જીવ એ (સર્વજ્ઞ) ઈશ્વર જ છે. બન્ને એક અને અખંડ ચૈતન્ય છે અને એટલે જ શંકર 'अहम् ब्रह्मास्मि ।' કે 'शिवोऽहम्' કહે છે.

શ્રી વલ્લભાચાર્ય તત્ત્વમસિને મહાવાક્ય ગણતા નથી. તેમાં तत्त्वम् અને असि એવા બે પદ સ્વીકારે છે. तत् એટલે બ્રહ્મ અને તેને त्व એ ભાવવાચક નામનો પ્રત્યય લગાડ્યો છે. આથી 'तत्त्व' શબ્દનો અર્થ બ્રહ્મત્વ અર્થાત્ બ્રહ્મની સ્થિતિ એટલો જ થાય છે. આમ એનો અર્થ કરતાં તેઓ કહે છે કે જીવ બ્રહ્મ નથી પણ બ્રાહ્મી દશામાં ભગવદાવેશથી તેનો તિરોહિત આનન્દ પ્રકટ થાય ત્યારે તેનામાં વિભુત્વ આવે છે એટલે તે દશામાં તેનામાં तत्त्व અર્થાત્ બ્રહ્મત્વ આવે છે આથી તે બ્રહ્મરૂપ છે. જેમ સુવર્ણના અંશો સુવર્ણરૂપ છે તેમ બ્રહ્મના ચિદંશો કે જીવો બ્રહ્મરૂપ છે. તેમના મતે આત્યંતિક સ્વરૂપે તો બ્રહ્મ અને જીવનો અભેદ જ છે. જીવ બ્રહ્મરૂપ હોઈ બ્રહ્મરૂપને પામે છે તેથી જ એ બ્રહ્માભિન્ન કે બ્રહ્માનન્ય બ્રહ્મરૂપ છે.

આમ જીવ વિચારણાના વિષયમાં આપણે ટૂંકમાં નીચે પ્રમાણે જીવ વિશે વિચાર કરી શક્યા.

૧. જીવ એ બ્રહ્મનો અંશ છે.

૨. વિસ્ફૂલીંગ જેમ અગ્નિનો અંશ છે તેમ જીવ બ્રહ્મનો અંશ છે.

૩. વિસ્ફૂલીંગ (તણખા) જેમ અગ્નિમાંથી વ્યુચ્ચરણ પામતા અગ્નિના અંશ છે. તેમ જીવ પરમાત્મથી વ્યુચ્ચરણ પામે છે.

૪. જીવનું વ્યુચ્ચરણ હોવાથી તેની ઉત્પત્તિ નથી, અને તેથી તે નિત્ય છે.

૫. જીવ એક નહીં પણ અનેક છે, કારણકે વ્યુચ્ચરણ શ્રુતિમાં 'આત્મા' શબ્દને બહુવચનમાં પ્રયોજ્યો છે.

૬. જીવ બ્રહ્મનો અંશ છે છતાં તે બ્રહ્મ સાથે અનન્ય-અભેદતાવાળો છે.

૭. જીવ અને બ્રહ્મ વચ્ચે અભેદતા છે છતાં બ્રહ્મ જીવ કરતાં અધિક છે.

૮. જીવ એ અણુ છે બ્રહ્મભાવદશામાં એ વિભુ હોય છે.

૯. ચૈતન્ય તેનો ધર્મ છે તે જ્ઞાતા પણ છે.

૧૦. જીવ કર્તા છે તેથી ભોક્તા છે. તેનું કર્તવ્ય બ્રહ્મથી તેના કર્મની અપેક્ષાએ નિયામ્ય છે, અને તદ્નુસાર તેને ફલદાન હોવાથી બ્રહ્મને વૈષમ્ય કે નૈર્ઘૃણ્ય નથી.

૧૧. બ્રહ્મ અને જીવ વચ્ચે અભેદ ખરો પણ તે ભેદસહિષ્ણુ અભેદ છે. શંકર માને તેવો ભેદ અસહિષ્ણુ અભેદ નથી.[૮]

(૭) જીવના પ્રકાર

- **દૈવી અને આસુરી જીવ ભેદ-પ્રભેદ :** જીવ બે પ્રકારના હોય છે, દૈવી અને આસુરી જીવ. આસુરી જીવ પ્રવાહી કહેવાય છે. દૈવી જીવ પણ બે પ્રકારના હોય છે, મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય. મર્યાદામાર્ગીય જીવોમાં વેદ તથા બીજા સદ્-શાસ્ત્રોમાં પ્રતિપાદિત જ્ઞાન, ભક્તિ, કર્મ વગેરેનો સમન્વય હોય છે. એટલે તે અનેક પ્રકારના છે. પુષ્ટિમાર્ગીય જીવ સર્વશ્રેષ્ઠ અને વિલક્ષણ ગણાય છે એનો નિરૂપાધિક ભાવ હોય છે. આ ભાવ ભગવાન દ્વારા જીવનો અવિદ્યાથી સંબંધ થતા પહેલાં જ હોય છે. અને એથી એ જીવ દૈવી બને છે. ભગવાન એના ઉપર અનુગ્રહ કરીને મર્યાદામાર્ગીય જીવોથી અલગ પુષ્ટિમાર્ગીય ફલ પ્રદાન કરે છે. શ્રી વલ્લભાચાર્યે એમના પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રંથમાં વિગતવાર અલગ અલગ જીવોનો ભેદ-પ્રભેદ બતાવ્યા છે.


જીવસૃષ્ટિ
દૈવી જીવ
આસુરી જીવ
પુષ્ટિ જીવ
મર્યાદા જીવ
(જ્ઞાન, ભક્તિ, કર્મના આધારે
અનેક પ્રકારના)
દુર્જ્ઞ
અજ્ઞ
શુદ્ધપુષ્ટિજીવ
મિશ્રપુષ્ટિજીવ
પુષ્ટિપુષ્ટિજીવ
મર્યાદાપુષ્ટિજીવ
પ્રવાહી પુષ્ટિજીવ

આસુરી જીવોનું વર્ણન ગીતામાં કર્યું છે.

“प्रवृत्तिं च निवृत्तिं च जना न दिनासुराः ।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥

(શ્રીમદ્ ભગવદ્‌ગીતા અધ્યાય ૧૭ શ્લોક ૭)

આવા જીવો પ્રવૃત્તિ અને નિવૃત્તિ નથી જાણતા એમનામાં પવિત્રતા કે આચાર કે સત્ય જેવું કંઈ હોતું નથી. આવા જીવો દુર્વાસનાને વશ થઈને નિંદિત કર્મો કરે છે અને નીચ યોનિમાં જન્મ લે છે. આસુરી જીવ બે પ્રકારના છે, દુર્જ્ઞ અને અજ્ઞ. પ્રવાહીજીવ ભગવાનનો દ્વેષ કરે છે અને ક્રૂર હોય છે અને વારંવાર અસુર યોનિમાં જન્મ લે છે. અને આવાગમનના ચક્રમાં પડે છે. ભગવાન જ્યારે આત્મરમણની ઈચ્છા કરે છે ત્યારે સર્વ જીવોના અવિદ્યા રૂપ સંસારને નષ્ટ કરે છે ત્યારે આસુરી જીવોનો પણ ઉદ્ધાર કરે છે.

મુક્તિના અધિકારી મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય બન્ને પ્રકારના હોય છે પણ આ બન્ને પ્રકારના જીવોની મુક્તિમાં ફેર હોય છે. પુષ્ટિજીવ ચાર પ્રકારના છે. (૧) શુદ્ધપુષ્ટિ ભક્ત (૨) પુષ્ટિપુષ્ટિ ભક્ત (૩) મર્યાદાપુષ્ટિ ભક્ત (૪) પ્રવાહીપુષ્ટિ ભક્ત.

જીવની ત્રણ અવસ્થાઓ છે તેના આધારે જીવના ત્રણ ભેદ છે. (૧) શુદ્ધ (૨) સંસારી (૩) મુક્ત. બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ બાદ આનંદાંશ તિરોધાન થઈ જાય છે. ત્યારથી જીવ અવિદ્યાના સંબંધમાં આવે છે. ત્યાર પહેલાની અવસ્થામાં જીવ ‘શુદ્ધ’ હોય છે. ત્યાર પછી જીવમાંથી ઐશ્વર્ય વગેરે છ ભગવદ્ ધર્મોનો તિરોભાવ થઈ જાય છે. જેના પરિણામે જીવ બંધનમાં પડે છે અને અવિદ્યાથી

ગ્રસ્ત બને છે. ત્યારે જીવ 'બદ્ધ' થઈ જાય છે. અવિદ્યા જ જીવના બંધનનું કારણ છે અને આ બંધન અનાદિ કહેવાય છે, પણ આ અનાદિત્વ સાપેક્ષ છે. અન્ય કાર્યોની સરખામણીમાં અનાદિ કહેવાય છે, તાત્ત્વિક રૂપે નહીં. જેમ કે મનુષ્યની સરખામણીમાં દેવતાઓ અમર કહેવાય છે પણ દેવોનું એ અમરત્વ સાપેક્ષ છે.

બંધનગ્રસ્ત જીવ પંચપર્વા અવિદ્યાથી બંધનમાં પડીને દુઃખ ભોગવે છે. અવિદ્યાના પાંચ પર્વ છે. (૧) દેહાધ્યાસ (૨) ઈન્દ્રિયાધ્યાસ (૩) પ્રાણાધ્યાસ (૪) અંતઃકરણાધ્યાસ (૫) સ્વરૂપ વિસ્મરણ.

અવિદ્યાગ્રસ્ત જીવ સંસારી કહેવાય છે. સંસારી જીવ સ્થૂળ-સૂક્ષ્મ શરીરોના સંબંધને કારણે જન્મ-મરણ વગેરે અનુભવે છે. જ્યાં સુધી વિદ્યા પ્રાપ્ત નથી કરતો ત્યાં સુધી 'સંસારી' કહેવાય છે.

વિદ્યા દ્વારા અવિદ્યાનો નાશ થાય છે. અવિદ્યાનો નાશ થવાથી જીવ 'મુક્ત' થાય છે. વિદ્યા પણ પાંચ પર્વા હોય છે. (૧) વૈરાગ્ય (૨) સાંખ્ય (૩) યોગ (૪) તપ (૫) શ્રીકૃષ્ણ ભક્તિ. વિદ્યાથી જીવ ભગવાનનો સાક્ષાત્કાર કરીને એને પ્રાપ્ત કરે છે અને સાયુજ્ય અનુભવે છે. પંચ પર્વા વિદ્યા મેળવ્યા બાદ જીવ 'મુક્ત જીવ' કહેવાય છે.[૯]

મુક્ત જીવ બે પ્રકારના છે. (૧) જીવનમુક્ત (૨) મુક્ત. અવિદ્યાથી રહિત સનકાદિ જીવનમુક્ત કહેવાય છે. ભગવાનના વ્યાપ્ત વૈકુંઠથી ભિન્ન લોકમાં નિવાસ કરવાવાળા મુક્ત જીવ કહેવાય છે.

ભગવાનની પરમ કૃપા થવાથી પરમ મુક્તિ પ્રાપ્ત થાય છે. કેટલાક ઉત્તમ કોટિના જીવ ફલસ્વરૂપા સ્વતંત્રભક્તિ દ્વારા ભગવાનની નિત્ય લીલામાં પ્રવેશ કરે છે અને તે જ એ જીવનો મોક્ષ છે.

● બ્રહ્મભાવ-અણુમાં વિભુત્વ :

ભગવાનની ઈચ્છાથી જીવમાં બ્રહ્મભાવની ઉપલબ્ધિ થાય છે અને એનો જીવ ભાવ નિવૃત્ત થાય છે. જીવમાં આનંદનો આવિર્ભાવ થવાથી એના દેહમાં પણ ચિદ્ અને આનંદનો આવિર્ભાવ થાય છે અને જીવનું જડત્વ લય થઈ જાય છે. જીવનો ભોકતૃભાવ નિવૃત્ત થઈ જાય છે અને તે બ્રહ્માત્મક થઈ જાય છે. આ સ્થિતિમાં જીવમાં ભગવદ્ આવેશ હોવાના કારણે ભગવાનના વ્યાપકત્વ વગેરે ધર્મો પણ ઉપચરિત થાય છે. જીવ સ્વરૂપતઃ અણુ છે, વિભુ-વ્યાપક

નથી. વ્યાપકત્વ બ્રહ્મનો જ ધર્મ છે, જીવનો નહીં. પણ આનંદાશની અભિવ્યક્તિ થવાથી જીવમાં પોતાનામાં કરોડો બ્રહ્માંડની પ્રતીતિ થાય છે બ્રહ્મભાવમાં પણ જીવ રહે છે તો અણુ જ, પરંતુ એનામાં વ્યાપકત્વ રૂપ ભગવદ્ધર્મ પ્રગટ થાય છે. બ્રહ્મ વિરૂદ્ધ ધર્માશ્રયી છે પરિમાણતા અને વ્યાપકત્વ એ બન્ને પરસ્પર વિરૂદ્ધ ધર્મ બ્રહ્મના છે, તેથી બ્રહ્મભાવની સ્થિતિમાં જીવમાં પણ એ બન્ને ધર્મો વાસ્તવિક અને સત્ય છે. બ્રહ્મભાવમાં પણ જીવના અણુત્વનો અભાવ નથી હોતો.

(૮) મોક્ષ-વિવેચન :

ભારતીય સાધના મોક્ષપરક છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ માન્યા છે. એમાં મોક્ષ સર્વોપરી છે. મોક્ષ એટલે સંસાર-દુઃખથી છૂટીને નિત્ય, શાશ્વત આનંદને પ્રાપ્ત કરવો. જીવનું અંતિમ લક્ષ્ય મોક્ષની પ્રાપ્તિ જ છે. જુદા જુદા દર્શનોમાં મોક્ષ વિશે પણ અલગ અલગ મત છે.

શ્રી શંકરાચાર્યના મત પ્રમાણે જીવ તો સ્વભાવથી જ મુક્ત છે. જે સ્વભાવથી સિદ્ધ છે. એની ન તો પ્રાપ્તિ થઈ શકે કે ન તો ઉત્પત્તિ. જેમ કોઈ વ્યક્તિ ગળામાં સોનાની ચેન (Chain) પહેરે અને પછી ભૂલી જાય ત્યારે અહીં તહીં શોધે છે. કોઈ જાણકાર વ્યક્તિ એને બતાવે કે ભાઈ, ચેન તો તારા ગળામાં જ છે ત્યારે એને આનંદ થાય છે. તેવી જ રીતે જ્યારે ગુરુના ઉપદેશથી અવિદ્યાનો નાશ થાય છે, એનો ભ્રમ દૂર થાય છે ત્યારે જીવને પોતાના સ્વ-સ્વરૂપનું જ્ઞાન થાય છે અને એ જ મોક્ષ છે. આ અવસ્થામાં જીવ સચ્ચિદાનંદ રૂપ પરબ્રહ્મ સાથે એકતાનો અનુભવ કરે છે અને એ પરમ આનંદની સ્થિતિ છે. આ મોક્ષ, જ્ઞાનથી અજ્ઞાનનો નાશ થવાથી જ થાય છે એવો શ્રી શંકરાચાર્યનો દૃઢ મત છે.

શ્રી રામામુજનો સિદ્ધાંત છે કે મુક્તિ ભગવાન નારાયણના અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે. વેદ-વિહિત કર્મોથી ચિત્ત-શુદ્ધિ થાય છે જેનાથી બ્રહ્મ જિજ્ઞાસા-રૂપ જ્ઞાન ઉત્પન્ન થાય છે. પરંતુ મુક્તિનું મુખ્ય કારણ તો ભક્તિ જ છે. કર્મ અને જ્ઞાન ભક્તિ ઉદયમાં સહયોગી બની રહે છે. એમના મતે ભક્તિ એટલે પ્રપત્તિ, શરણાગતિ ભગવાન જ અમારી એક માત્ર ગતિ છે, ગન્તવ્ય સ્થાન છે એવું માનીને ભગવાનને શરણે જવું એ જ શરણાગતિ છે અને એ જ પ્રપત્તિ, ભગવાનના અનુગ્રહનું સર્વોત્કૃષ્ટ સાધન છે.

શંકરાચાર્યના મતે મુક્તાવસ્થામાં આત્મા અને બ્રહ્મનું અભિન્ન થઈ

એકત્વ થઈ જાય છે. પરંતુ રામાનુજ માને છે કે મુક્તાવસ્થામાં આત્મા, પરમાત્માની 'સમાન' અર્થાત્ સમાકાર-સમાન ધર્મી થઈ જાય છે પરંતુ એની 'એકાત્મ્ય' સ્થિતિ થતી નથી. આત્મા બ્રહ્મ નથી થતો પણ બ્રહ્મની સમાન થઈ જાય છે. મુક્તાવસ્થામાં જીવ સર્વજ્ઞ થઈ જાય છે, એના સંકલ્પ સત્ય હોય છે, સ્વાધીન હોય છે પરંતુ તે સર્વકર્તા, સૃજન-પાલન-સંહાર શક્તિથી સંપન્ન નથી થતો. એમના મતે ભગવાનના દાસ બનવું એ જ સર્વોચ્ચ મુક્તિ છે. શંકરાચાર્ય 'જીવનમુક્તિ અને વિદેહમુક્તિ' એ બન્નેમાં માને છે પણ રામાનુજ કેવળ 'વિદેહમુક્તિ' માને છે.

નિમ્બાકાચાર્યનો મત છે કે જેના પર ભગવાન દયાની વર્ષા કરે છે તે જ એનામાં આકૃષ્ટ થાય છે જીવ ભગવાનના શરણમાં જાય છે અને એને પ્રેમ કરવા લાગે છે ત્યારે પ્રભુકૃપાથી એનામાં ભક્તિનો ઉદય થાય છે. મુક્તાવસ્થામાં જીવ દુઃખોથી સંપૂર્ણ અને સ્થાયી રૂપથી મુક્ત થાય છે અને ભગવદ્-ભાવોથી વ્યાપ્ત થઈ જાય છે. આ અવસ્થા સદેહ પ્રાપ્ત થતી નથી એટલે એ પણ રામાનુજની જેમ 'વિદેહ-મુક્તિ' માને છે 'જીવન-મુક્તિ' નહીં.

શ્રી વલ્લભ કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણે વૈદિક માર્ગને માન્ય કરે છે. વેદોક્ત કર્મ કરવાવાળા જીવ સ્વર્ગાદિ લોકમાં જાય છે અને પુણ્ય ક્ષીણ થતાં પુનઃ મૃત્યુલોકમાં આવે છે. પણ ભક્ત અને જ્ઞાનીનો મોક્ષ થતાં પુનર્જન્મ થતો નથી. વેદોક્ત સાધનોથી આલોક્ય, સામીપ્ય, સારુપ્ય અને સાયુજ્ય એમ ચાર પ્રકારોમાંથી કોઈ એક પ્રકારની મુક્તિ મળે છે. જ્ઞાની અક્ષર બ્રહ્મમાં લીન થઈ જાય છે એને સાયુજ્ય મુક્તિ મળે છે. એમાં જીવની પૃથક સત્તા નથી રહેતી.

ભક્તોને પણ ભગવાનથી સાયુજ્ય મળે છે પણ એ જ્ઞાનમાર્ગીય સાયુજ્ય સમાન નથી. એ 'સાયુજ્ય-અનુરુપા' મુક્ત અવસ્થા છે. તત્વાર્થદીપનિબંધમાં તેઓ કહે છે કે "આનંદાંશનો પ્રકાશ થવાથી બ્રહ્મભાવ થાય પણ સાયુજ્ય અને બ્રહ્મભાવ શ્રી ભગવચ્ચરણની સેવા વડે કરીને પણ પ્રાપ્ત થાય છે."

आनन्दांशप्रकाशाद्धि ब्रह्मभावो भविष्यति ।
सायुज्यं चान्यथा तस्मिन्नुभयं हरिसेवया ॥[१०]

આ સ્થિતિમાં જીવ પૂર્ણ પુરુષોત્તમની લીલામાં પ્રવેશ કરે છે અને ભગવદ્ રૂપ થઈને લીલાનો આનંદ લીલાનો લાભ લે છે. તે 'અન્યથા રૂપ' ને ત્યાગીને 'સ્વરૂપ' માં સ્થિત થઈ જાય છે અને એ જ નિર્ગુણ અવસ્થા છે.

શ્રી વલ્લભના મતે મર્યાદામાર્ગીય ભક્તિથી સાયુજ્ય મુક્તિ મળે છે પણ પુષ્ટિભક્તોને આવા સાયુજ્યની અપેક્ષા નથી પણ તેઓ ‘નિત્યલીલા પ્રવેશ’ની અપેક્ષા રાખે છે એટલે કે ભગવાનની રસમયી નિત્ય લીલામાં પ્રવેશ કરે છે.

• ક્રમ મુક્તિ અને સદ્યોમુક્તિ :

ક્રમ મુક્તિ તત્ત્વવેત્તાઓની થાય છે. ક્રમશઃ જ્યારે વેદ-વિહિત કર્મોથી સાધકની ચિત્તવૃત્તિ શુદ્ધ થાય છે, અને ઉપાસના વગેરેથી જ્ઞાનનો ઉદય થાય છે અને અંતે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે જ્ઞાનીને સદ્યોમુક્તિ મળી શકે છે પણ પુષ્ટિમાર્ગીય ભક્તને તત્કાલ મુક્તિ મળે છે. ભગવદ્કૃપાથી એને ન ભોગવાયેલા (અભુક્ત) પ્રારબ્ધ કર્મોને ભોગવવા નથી પડતાં, કે નથી એને જુદા જુદા લોકમાં જવું પડતું, અને તે પુષ્ટિમાર્ગીય જીવોને જ પ્રાપ્ત થાય છે.

• જીવનમુક્તિ અને વિદેહમુક્તિ :

જીવતા જીવ મુક્તાવસ્થાનો આનંદ પ્રાપ્ત કરવો એ જીવનમુક્તિ છે અને પંચભૌતિક શરીરથી મુક્ત થયા બાદ મુક્તિનો આનંદ એ વિદેહ મુક્તિ છે. શ્રી વલ્લભાચાર્ય જીવનમુક્તિની અવસ્થા પણ સ્વીકારે છે. જ્ઞાનમાર્ગીય જીવનમુક્તિ સગુણ મુક્તિ છે અને પુષ્ટિમાર્ગીય જીવન-મુક્તિ નિર્ગુણ મુક્તિ છે. જ્યારે પુષ્ટિભક્ત વિપ્રયોગની રસાત્મક સ્થિતિ અનુભવે છે ત્યારે એ સ્થિતિમાં રસરૂપ ભગવાન ભક્તના હૃદયમાં આવિર્ભૂત થાય છે અને સદા એના હૃદયમાં વસીને પોતાની વિવિધ લીલાઓનો રસાત્મક અનુભવ કરાવે છે. આ સ્થિતિ જીવન-મુક્ત કહેવાય છે. આવા ભક્તો આ લોકમાં પણ મુક્ત છે અને શરીર છૂટ્યા પછી પણ મુક્ત છે અને શાશ્વત ભગવદ્ આનંદમાં મગ્ન રહે છે.

• સગુણ મુક્તિ અને નિર્ગુણ મુક્તિ :

ભગવાનના કોઈપણ રૂપની ભક્તિ કરવાથી એને સંબંધિત ફળ મળે છે. ભગવાનના અંશ રૂપ દેવ-દેવતાઓની ઉપાસનાનું ફળ પણ નિશ્ચિત છે પણ તે ફળ સીમિત અને નશ્વર છે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણની સેવાથી નિર્ગુણ મુક્તિ પ્રાપ્ત થાય છે. જ્યારે બીજા દેવતાઓની સેવાથી સગુણ મુક્તિ મળે છે. જ્ઞાનમાર્ગમાં જ્ઞાનનો વિષય અક્ષરબ્રહ્મ નિર્ગુણ છે તો પણ જ્ઞાનમાર્ગ સગુણ છે કેમ કે જ્ઞાનની ઉત્પત્તિ સત્ત્વગુણથી થાય છે એટલે જ્ઞાનમાર્ગથી થતી મુક્તિ પણ સાત્ત્વિક અર્થાત્ સગુણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સાથે સાયુજ્ય એ જ નિર્ગુણ મુક્તિ છે. જે જ્ઞાનીઓની સાધનાનું પર્યવસાન બ્રહ્મભાવમાં થઈ જાય

છે એને જીવન-મુક્તિ અને વિદેહ-મુક્તિ બન્ને મળે છે પણ એ બન્ને સગુણ એટલે કે સાત્ત્વિકી છે. પણ જો એ જ્ઞાની બ્રહ્મભાવ પ્રાપ્ત થયા પછી શ્રીકૃષ્ણની ભક્તિ કરે તો તે નિર્ગુણ છે. અહીં યાદ રહે કે વલ્લભના મતે કેવળ જ્ઞાનથી નિર્ગુણ હોવાનું સ્વીકાર્ય નથી. જે કેવળ જ્ઞાન છે એ સાત્ત્વિક છે, સગુણ છે પણ જો તે જ્ઞાની ભક્તિયુક્ત છે તો જ તે નિર્ગુણ છે. જે જ્ઞાની જ્ઞાન પ્રાપ્ત કરવા ઉપરાંત શ્રીકૃષ્ણ ભક્તિમાં પ્રયત્નશીલ હોય છે તે મહાન છે.

महात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः ।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥

"મહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક જે સ્નેહ તે ભક્તિ કહેવાય છે તેથી તે જ મુક્તિ છે. બીજી રીતે મુક્તિ નથી."[૧૧]

● જીવ તત્ત્વ-તુલનાત્મક વિવેચન :

શંકરાચાર્ય અન્તઃકરણાવિચ્છિન્ન ચૈતન્યને જીવ માને છે. માયામાં ચૈતન્યનું પ્રતિબિમ્બ ઈશ્વર છે અને અવિદ્યામાં ચૈતન્યનું પ્રતિબિમ્બ જીવ છે. શ્રી વલ્લભ આ પ્રતિબિમ્બવાદને સ્વીકારતા નથી. જો બ્રહ્મ નિરાકાર, અરૂપ છે તો તેનું પ્રતિબિમ્બ કેવી રીતે પડે? મોક્ષ દશામાં અપરોક્ષ જ્ઞાનથી અવિદ્યાનો નાશ થવાથી પ્રતિબિમ્બનો આધાર પણ નાશ પામે છે. અને ત્યારે પ્રતિબિંબ રૂપ જીવનો પણ નાશ થાય. પરંતુ જીવ તો નિત્ય છે એથી વલ્લભ-વેદાન્ત જીવને પ્રતિબિંબ નથી માનતો. જીવ બ્રહ્મનો અંશ છે, પ્રતિબિમ્બ નહીં. વળી શંકર જીવને અંશ નહીં પણ અંશ જેવો (अंश इव) માને છે. તેઓ જીવને અણુ નહીં પણ વિભુ માને છે. તેમના મતે અત્યંત સૂક્ષ્મ હોવાથી જ આત્માને અણુ કહ્યો છે. વલ્લભનો દૃઢ મત છે કે જીવ અણુ જ છે પણ જ્યારે જીવમાં ભગવાનનો આવેશ થાય છે ત્યારે એમાં વ્યાપકત્વ (વિભુત્વ) વગેરે ભગવદ્ ધર્મો પ્રકટ થાય છે.

રામાનુજાચાર્ય જીવને બ્રહ્મનો આભાસ નથી માનતા, ના તો જીવને બ્રહ્મ સમાન નિત્ય મુક્ત માનતા. તેઓ જીવ-બ્રહ્મનો અંશ-અંશી સંબંધ માને છે. તેઓ પણ જીવને અણુ અને બ્રહ્મને વિભુ માને છે. બન્ને જીવ-બ્રહ્મનો અંશ-અંશી સ્વીકાર તો કરે છે પરંતુ શ્રી વલ્લભ રામાનુજની જેમ બ્રહ્મ અને જીવ વચ્ચે રાજા અને પ્રજાનો સંબંધ નથી માનતા, રામાનુજની જેમ વિશેષણ - વિશેષ્ય ભાવની ચર્ચા નથી કરતા.

શ્રી મધ્વ જીવને પરમાત્માથી તદ્દન ભિન્ન માને છે જે શ્રી વલ્લભને સ્વીકાર્ય નથી.

શ્રી નિમ્બાર્ક જીવને જ્ઞાન સ્વરૂપ અને જ્ઞાનનો આશ્રય જ્ઞાતા માને છે. જીવને પ્રત્યેક દશામાં કર્તા માને છે. સંસારી અને મુક્તાવસ્થામાં પણ જીવને ભોક્તા માને છે. જીવ સ્વતંત્ર નથી. ઈશ્વર નિયંતા છે અને જીવ નિયમ્ય. શ્રી વલ્લભ પણ જીવને કર્તા, ભોક્તા અને જ્ઞાતા માને છે. પણ એ શંકરની જેમ ઔપાધિક નથી. નિમ્બાર્ક પણ જીવને અણુ અને અનેક પ્રકારના માને છે. રામાનુજ, નિમ્બાર્ક અને મધ્વ જીવને પરતત્ત્વથી સ્વરૂપતઃ અલગ માને છે પણ મધ્વને બાદ કરતાં બન્ને એ તો સ્વીકારે છે કે જીવ પોતાના સ્વરૂપ, સ્થિતિ, પ્રવૃત્તિ વગેરેમાં બ્રહ્મનું કારણ હોવાથી પરતત્ત્વનો અંશ છે. નિમ્બાર્ક બદ્ધ અને મુક્ત બે પ્રકારના જીવ માને છે. બદ્ધ જીવના બે પ્રકાર મુમુક્ષુ-બભુક્ષુ. મુક્ત જીવના બે પ્રકાર (૧) નિત્ય મુક્ત (૨) મુક્તિ.

સંદર્ભસૂચિ

૧. પ્રો. જેઠાલાલ ગો. શાહ - શ્રીમદ્બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્, ગુજરાતી અનુવાદ, સૂત્ર ૨-૩-૪૩

૨. શ્રી વલ્લભાચાર્યકૃત તત્વાર્થદીપનિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણકારિકા ૨૭-૨૮ નું વિવેચન.

૩. પ્રો. જેઠાલાલ ગો. શાહ - શ્રીમદ્બ્રહ્મસૂત્રાણુભાષ્ય અણુભાષ્ય સૂત્ર ૨-૩-૧૯, ૨૦, ૨૧

૪. અણુભાષ્ય સૂત્ર - ૨-૩-૨૨ થી સૂત્ર ૨-૩-૨૮

૫. અણુભાષ્ય સૂત્ર ૨-૩-૩૫

૬. શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય - ૫ શ્લોક ૧૦, ૧૧

૭. અણુભાષ્ય, સૂત્ર ૨-૩-૪૦, ૪૧

૮. પ્રો. જેઠાલાલ ગો. શાહ અનુવાદિત 'શ્રીમદ્બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્ - ઉપોદ્ઘાત 'શુદ્ધાદ્વૈત સિદ્ધાંત' પાન. નં. ૧૦૧-૧૦૨ નો સાર

૯. તત્વાર્થદીપનિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણકારિકા ૩૧-૩૩ અને એના ઉપરની 'પ્રકાશ' ટીકા.

૧૦. તત્વાર્થદીપનિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણ-પ્રકાશ ટીકા કારિકા - ૩૫

૧૧. તત્વાર્થદીપનિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા - ૪૨

પ્રકરણ - ૬ જગત (World)

જગત-બ્રહ્માંડ કે જે બ્રહ્મનું આધિભૌતિક પાસુ (Aspect of Brahman) છે તે અનિવાર્ય છે કે તે બ્રહ્મ જ છે. “અગ્નિમાંથી જેમ તણખા નીકળે તેમ બ્રહ્મના સત્ અંશ વડે જડ પદાર્થ પ્રગટ થયા અને આનન્દાંશ સ્વરૂપે સર્વના અન્તર્યામી પણ ઉત્પન્ન થયાં. સત્, ચિત્ અને આનન્દના સ્વરૂપોમાંથી પહેલા બેમાં અન્ય લીન હોય તેથી આનન્દનો લોપ થતાં જડ અને જીવ નિરાકાર છે. જડ, જીવ અને અન્તરાત્મા એમ ત્રણ પ્રકારનો વ્યવહાર છે.”[૧] બ્રહ્મનું સ્વરૂપ હોવાથી એ બ્રહ્મ જેટલું જ સત્ય અને નિત્ય છે.

“પ્રપંચ અથવા જગતની રચના માટેના અનેક મત પ્રચલિત છે. શ્રી વલ્લભે પોતાના સમયના પ્રચલિત વિભિન્ન મતોનો અભ્યાસ કર્યો હતો અને એમણે દરેક મતની આલોચના કરી અને એની અપૂર્ણતા દર્શાવી અને કઈ રીતે વેદ વિરુદ્ધ છે એ પણ દર્શાવ્યું. શ્રી વલ્લભનો સ્પષ્ટ મત છે કે આ જગત પ્રકૃતિજન્ય નથી, એનું ઉપાદાન કારણ પ્રકૃતિ નથી, એ પરમાણુજન્ય પણ નથી. પ્રપંચ એ વિવર્તરૂપ કે આભાસરૂપ પણ નથી. જગત બ્રહ્મ, શૂન્ય અથવા વિજ્ઞાન વચ્ચેનો અતાત્ત્વિક અન્યથા ભાવ પણ નથી. એ અદષ્ટ, સ્વભાવ, વાસના વગેરેથી પણ ઉત્પન્ન થયું નથી. પ્રપંચની ઉત્પત્તિ અસત્‌થી પણ થઈ નથી. “प्रपंचो भगवत्कार्यः ।” આ જગત અથવા પ્રપંચ ભગવાનનું જ કાર્ય છે.”[૨]

(૧) જગત કાર્ય - બ્રહ્મ સમવાયિકારણ :

બ્રહ્મસૂત્રમાં જન્માદ્યધિકરણમાં (બ્ર.સૂ. ૧-૧-૨) “जन्माद्यस्य यतः शास्त्रयोनित्वम्” બ્રહ્મનું લક્ષણ આપતા તે બ્રહ્મને જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કરનાર કહ્યા છે. અને એનું સમર્થન ‘यतो वा इमानि भूतानि जायन्ते ।’ એ શ્રુતિ દ્વારા કર્યું છે. આથી જગત એ બ્રહ્મની કૃતિ અને પરિણામ છે.

કોઈપણ કૃતિ યા કાર્યનું કોઈ કારણ તો હોય જ છે. ઘડાનું નિર્માણ કરવા માટે કર્તા કુંભાર, ઉપકરણ ચાક-દંડ અને સામગ્રી રૂપ માટીની આવશ્યકતા છે. કુંભાર અને એની દંડચક્ર વગેરે નિમિત્ત કારણ છે. તથા માટી ઉપાદાન

કારણ છે - ઘડો બનાવવા માટે માટી ઉપાદાન સમવાયીકારણ છે. જગતરૂપી કાર્યનું કારણ બ્રહ્મ છે. બ્રહ્મ જગતનું કર્તા, નિમિત્ત કારણ પણ છે. અને સ્વયં જ જગત રૂપે વ્યક્ત થતું હોવાને લીધે સમવાયીકારણ પણ છે. "तत्तु समन्वयात् ।" (બ્ર.સૂ. ૧-૧-૩) પ્રમાણે પણ બ્રહ્મ સમવાયીકારણ છે, સમન્વયને લીધે ઘડાના દૃષ્ટાંતમાં માટી ઉપાદાન-સમવાયીકારણ, દંડ-ચક્ર સહાયક કારણ અને કુંભાર નિમિત્ત કારણ છે ત્રણે જુદા છે. પણ જગતના કારણ બ્રહ્મની બાબતમાં તેમ નથી. બ્રહ્મ એ ઉત્તમ કારણ રૂપ છે જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું માટે તે બ્રહ્મ સમવાયીકારણ અને બ્રહ્મ જ તેનું બનાવનાર છે માટે તે નિમિત્તકારણ, ઉભયકારણરૂપ બ્રહ્મ જ છે.

શ્રી એસ.એન. દાસગુપ્તા એમના 'A History of Indian Pholosophy - Vol IV' પણ કહે છે કે, "Vallabha holds that Brahman is the Inherent cause (સમવાયીકારણ) because it exists everywhere in his tripartite nature, as being, thought & bliss. The bliss of Brahman is unlimited by conditions, the relation of bliss and the self as associated with knowledge is thus different from the pleasure of prakriti (પ્રકૃતિ). By His will that He manifests Himself as many and also manifests His three characters - સત્, ચિત્, આનંદ - in different proportions in the material world of અન્તર્યામી. Brahman by his own will has manifested himself with preponderance of the elements of being, consciousness and bliss in his three forms as matter, soul and the Brahman. Brahman is therefore regarded as the સમવાયીકારણ of the world." (Purusottam's commentary of Anubhasya - Page 90)

"Vallabha's point of view is very close of Bhaskar, though not identical, he holds that it is the same Brahman who is the world and in the selves. He only manifested some qualities in their preponderating manner in the different forms, multiplicity therefore does not involve any change. Vallabha again denies the relation of સમવાય like other Vedantic thinkers, though he regards Brahman as the innerent cause of the world. સમવાયી according to vallabha, in not a relation of inherence such as is admitted by the Nyaya writers, with him it means identity (તાદાત્મ્ય). Vallabha says that there is no separate relation of inherence here to combine these pairs, it is the substance itself that appears in action, qualities and as cause and effect. It is thus merely a manifestion of identity in varying forms that gives us the notion of diversity in contraries, in reality there is no difference between the varying forms which are supposed to be associated togather by a relation of inherence."[3]

આમ બ્રહ્મ, જગતનું અભિન્ન-નિમિત્ત-ઉપાદાન કારણ છે. શુદ્ધાદ્વૈત મત બ્રહ્મને જગતનું સમવાયીકારણ માને છે. સમવાયમાં કાર્ય કારણનો નિત્ય સંબંધ હોય છે. શુદ્ધાદ્વૈતમાં 'સમવાય' ને 'તાદાત્મ્ય' રૂપ માનવામાં આવે છે. જગત અને બ્રહ્મ વચ્ચે તાદાત્મ્ય છે એટલે એમાં સમવાય સંબંધ છે. બ્રહ્મ જ જગતનું કારણ છે અને એ જ કાર્ય રૂપમાં પરિણમે છે. એ જ ઉપાદાન છે, એ જ નિર્માતા છે અને એ જ નિર્મિત છે.

શ્રી વલ્લભના મત પ્રમાણે 'तत्तु समन्वयात् ।' (બ્ર.સૂ. ૧-૧-૩) સૂત્રમાં સત્ અંશ જ જગતનું સમવાયી કારણ છે એમ કહ્યું છે અને ઈક્ષતિ અધિકરણ (બ્ર.સૂ. ૧-૧-૪ થી ૧૦ સૂત્રોમાં) ચિત્ અંશ બ્રહ્મને પણ જગતના કર્તા કહ્યા છે. બ્રહ્મ સમવાયીકારણ છે કેમ કે એનો જગતમાં સર્વત્ર સારી રીતે અન્વય (સમન્વય) છે, કેમ કે "अस्ति भाति प्रियत्वेन....... અસ્તિ, ભાતિ અને પ્રિયત્વે કરીને સચ્ચિદાનંદ રૂપ બ્રહ્મનો જ જગતમાં સર્વત્ર અન્વય છે. જગતમાં વિવિધતા બ્રહ્મની ઈચ્છાથી જ છે, કારણકે જડ, જીવ અને અન્તર્યામીમાં જ સચ્ચિદાનંદ બ્રહ્મનો એક એક અંશ પ્રકટ છે. શ્રુતિ પણ એનું સમર્થન કરે છે.

બ્રહ્મના નિમિત્તત્વ માટે તો બધાં સંમત હોવાથી સ્પષ્ટ છે. જગતનો કર્તા બ્રહ્મ સગુણ નથી, કેમ કે સગુણ બ્રહ્મ પરતંત્ર છે, અને સ્વતંત્રતા વિના કર્તૃત્વ સંભવી શકે નહીં. વેદ બ્રહ્મનું નિર્વિશેષ સ્વરૂપ કહીને પોતે જ કહેલા જગતના કર્તૃત્વનો નિષેધ કરતો નથી. બ્રહ્મ જગતનું સમવાયીકારણ હોવા છતાં પણ એ નિર્દોષપૂર્ણ ગુણ વિગ્રહ છે એ પ્રમાણે 'अन्तस्तद्धर्माधिकरण' (બ્ર.સૂ. ૧-૧-૧૯, ૨૦ સૂત્રો) માં કહ્યું છે. બ્રહ્મ સર્વ વ્યવહાર અને પ્રમાણોથી અતીત હોવા

છતાં એણે વિચાર્યું કે હું લોકને ઉત્પન્ન કરીને વ્યવહારનો વિષય બનું, તેથી પરમાત્મા જેમ જેમ સૃષ્ટિ રચતા ગયા તેમ તેમ પોતે જ કહેતા ગયા. આગળ જોયું તેમ સગુણ બ્રહ્મ સ્વતંત્ર ન હોવાથી કર્તા થઈ શકે નહીં જ્યારે "વેદો તો પ્રમાણભૂત છે તેથી શ્રુતિના બળથી પ્રાપ્ત થતું બ્રહ્મનું સર્વભવનસામર્થ્ય જ સ્વીકારવું જોઈએ.[૪]

(૨) જગતની સત્યતા :

જગતની સત્યતા બાબતમાં શુદ્ધાદ્વૈત બહુ જ સ્પષ્ટ વિચાર ધરાવે છે. જગત પૂર્ણ સત્ય છે અને જેટલું બ્રહ્મ સત્ય છે એટલું જ જગત પણ સત્ય છે. શંકર અને બીજા વેદાંતી આચાર્યોની જેમ શ્રી વલ્લભ પણ કહે છે કે જગત કાર્ય છે અને એનું કારણ બ્રહ્મ છે. પણ બ્રહ્મ કઈ રીતે જગતની રચના કરે છે ? એનું સ્વરૂપ કેવું છે ? એ વિષયમાં વલ્લભ શંકરથી જુદી જ વ્યાખ્યા કરે છે. શાંકરદર્શન પ્રમાણે જગતની રચના માયા દ્વારા થાય છે, જગત એ રીતે બ્રહ્મમાં વિવર્તિત (આભાસિત) થાય છે. જે રીતે દોરડામાં સાપની ભ્રાંતિ થાય છે. અર્થાત્ જગત ભ્રાંતિરૂપ છે અને એટલે અસત્ છે, મિથ્યા છે. જ્યારે શ્રી વલ્લભ કહે છે કે જગત પૂર્ણ સત્ય છે અને એની રચના અને સ્થિતિ બ્રહ્મની સત્ ઈચ્છા પર આધારિત છે.

જગતનું સત્યત્વ સૂત્રકારે પણ સાબિત કર્યું છે "भावे चोपलब्धेः ।" (બ્ર.સૂ. ૨-૧-૧૫) ઘટાદિના અસ્તિત્વમાં ઘટાદિની ઉપલબ્ધિ છે એટલે કે ભાવ વિદ્યમાન હોય તો જ ઘટમાં ઘટની ઉપલબ્ધિ થાય છે. પદાર્થોને ઘટાદિની સંજ્ઞા તેમના અસ્તિત્વ પછીથી જ અપાય છે. ઘટાદિ પદાર્થોનું અસ્તિત્વ હોય તો જ તેમનો એ નામથી વ્યવહાર કરાય છે. એટલે ઘટાદિ મિથ્યા છે એમ કહી શક્યા નથી. વસ્તુનું અસ્તિત્વ હોય ત્યારે જ તેને જાણી શકાય છે. "सत्त्वाच्चावरस्य ।" (બ્ર.સૂ. ૨-૧-૧૬) એટલે કે પ્રપંચનું (જગતનું) અસ્તિત્વ છે એટલે કે પ્રપંચનું અસ્તિત્વ ત્રણે કાલમાં હોવાથી તેમાં બ્રહ્મત્વ છે. વિજ્ઞાનવાદનો છેદ કરતાં સૂત્રકાર કહે છે કે "नाभाव उपलब्धेः ।" (બ્ર.સૂ. ૨-૨-૨૮) એટલે કે બાહ્ય પદાર્થ રૂપ પ્રપંચનો અભાવ નથી કારણકે તેની ઉપલબ્ધિ છે. પ્રપંચની ઉપલબ્ધિ હોવાથી તેનો અભાવ છે એમ કહી શકાય નહીં. સૂત્રકાર તે પછીના સૂત્રમાં જણાવે છે કે "જાગ્રત દશામાં જોયેલ જગતની સરખામણી સ્વપ્ન દશામાં સમાનતા કે સાધર્મ્ય નથી પરંતુ વૈધર્મ્ય છે. "वैधर्म्याच्च

न स्वप्नादिवत् ।" (બ્ર.સૂ. ૨-૨-૨૯). સ્વાપ્નિક પદાર્થોની માફક બાહ્ય પદાર્થોની ઉપલબ્ધિ નથી, કારણકે સ્વાપ્નિક પદાર્થો અને બાહ્ય પદાર્થો વચ્ચે ઘણો ભેદ છે. બાહ્ય પદાર્થ તો વર્ષ પછી જુઓ તો પણ જણાશે. દા.ત. વર્ષ પછી જોવાતો સ્તંભ ત્યાં જ જોવા મળશે. જ્યારે સ્વાપ્નિક પદાર્થો તો સ્વપ્ન કાળે જ જોઈ શકાય છે. સૂત્ર ૨-૨-૩૦ "न भावोनुपलब्धेः ।" ના ભાષ્યમાં શ્રી વલ્લભ નોંધે છે કહેવાય છે કે બાહ્ય પદાર્થ સિવાય પણ વાસનાને (Cognition or mental impressions) લીધે જ્ઞાનનું વૈવિધ્ય થશે તે યોગ્ય નથી. વાસનાઓનું અસ્તિત્વ બંધ બેસતું નથી. તમારા મતે બાહ્ય પદાર્થની ઉપલબ્ધિ નથી. જે ઉપલબ્ધ હોય તે જ વાસનાને ઉત્પન્ન કરે છે. (વાસના અનુભવથી ઉત્પન્ન કરાયેલો સ્મૃતિ જનિત સંસ્કાર છે, તેની ઉત્પત્તિ અનુભવ વગર સિદ્ધ થતી નથી.) જો એમ કહેવામાં આવે કે વિવિધ જ્ઞાનથી વાસના અને વાસનાથી વિવિધ જ્ઞાન એમ અનાદિ ચક્ર સ્વીકારીએ તો 'અન્ધપરમ્પરાન્યાય' થી તેની અપ્રતિષ્ઠા જ બને છે. (પ્રતિષ્ઠા થતી નથી) અર્થ સિવાય વાસનાનો અભાવ તે અન્વય છે અને વાસના સિવાય પદાર્થની ઉપલબ્ધિ તે વ્યતિરેક. આમ પદાર્થનું અસ્તિત્વ સિદ્ધ થાય છે."[૫] આમ સ્પષ્ટ થાય છે કે બાહ્ય પદાર્થની ઉપલબ્ધિ વિના વાસનાની ઉત્પત્તિથી નામ અને રૂપવાળા જગતને સમજી ન શકાય અને એ 'અન્ધપરંપરાન્યાય' બની રહે. જ્યારે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ બ્રહ્મને **'અભિન્નનિમિત્તોપાદાન કારણ'** માને છે અને જેટલું કારણ સત્ય છે તેટલું જ કાર્ય પણ સત્ય છે. કાર્ય અને કારણમાં કોઈ તાત્ત્વિક ભેદ નથી.

(૩) અભિન્નનિમિત્તોપાદાન કારણ વાદ :

तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः । (બ્ર.સૂ. ૨-૧-૧૪) એટલે કે 'આરમ્ભણ' શબ્દથી કાર્યની કારણ સાથે અભેદતા જણાવી છે (મિથ્યાતત્ત્વ નહીં).

"वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् ।"

(છા.ઉપ. ૪-૧-૪)

સૂત્ર ૨-૧-૧૪ છાંદોગ્ય ઉપનિષદના ઉપરના પ્રખ્યાત વચન ઉપર આધારિત છે અને તે કાર્ય અને કારણની એકતા સાબિત કરે છે. શ્રુતિ અને સૂત્ર બન્નેનો હેતુ કાર્ય અને કારણ વચ્ચેનો ભેદ નહીં પણ એકતા (Oneness) પૂરવાર કરવાનો છે, અને નહીં કે માયાવાદીઓની જેમ કાર્યનું (જગતનું) મિથ્યાત્વ પ્રતિપાદન કરવાનું. જો પ્રપંચ પોતે જ મિથ્યા હોય તો તે જ સમયે

એનું બ્રહ્મ સાથે અભેદ કેવી રીતે કહી શકો ? સત્યવસ્તુ અને મિથ્યાતત્ત્વ વચ્ચે એકરૂપતાનો સંબંધ ન હોઈ શકે. શ્રી વલ્લભ આ સૂત્રના ભાષ્યમાં કહે છે કે સૂત્રકાર 'અનન્યત્ત્વ' નો ઉપયોગ કરે છે નહીં કે 'મિથ્યાત્ત્વ'. આરમ્ભણાદિ શબ્દોથી તેની સાથેની અનન્યતા જણાય છે. કાર્યનું કારણ સાથેનું અનન્યત્ત્વ (એકતા) છે, મિથ્યાત્વ' નહીં. ઘટપટાદિ વિકારો વાણીથી કરાયેલા છે તે મિથ્યા અર્થના સૂચક નથી. વાણીથી વ્યવહારને માટે અમુક પદાર્થને ઘટ કહીએ છીએ અને અમુક ને પટ કહીએ છીએ. પદાર્થોમાં ઘટપટાદિ નામ-સંજ્ઞા વાણીના વિકાર રૂપ છે. બાકી વસ્તુતઃ તે બ્રહ્મ જ છે. આટલો જ અર્થ શ્રુતિ જણાવે છે. તેમાં તમામ પદાર્થો મિથ્યા છે એવો અર્થ નથી. તે જ રીતે જગત અથવા જીવ એ બ્રહ્મ જ છે એ ખરું પણ હકીકત એ છે કે વાણીના વિકારને લીધે તે જગત અથવા જીવ (જગત - દશા અથવા જીવ - દશા) કહેવાય છે.

શ્રી વલ્લભ તત્ત્વાર્થદીપનિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા - ૮૩ માં પણ કહે છે કે (છાંદોગ્યમાં કહેલા) વાચારમ્ભણ વાક્યો બ્રહ્મ થકી અભિન્ન બોધ કરે છે, તેથી તે જગતનું મિથ્યાત્વ પ્રદિપાદન કરતા નથી. વ્યાસનું ગૌરવ હોવાથી બ્રહ્મ થકી જગતને અભિન્ન માનવું યોગ્ય છે.[૬]

શ્રી વલ્લભ તત્ત્વાર્થદીપનિબંધના 'મંગલશ્લોક'માં પણ કહે છે, "જે રૂપ અને નામના ભેદે જગત્ રૂપ છે, જે રૂપ અને નામના ભેદે ક્રીડા કરે છે, અને જેથી - જેમાંથી (અભિન્નાનિમિત્તોપાદાન કારણે) રૂપ અને નામના ભેદે જગત્ છે એવા અદ્ભૂતકર્મા, લોકવેદ પ્રસિદ્ધ ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર હો." શ્રી વલ્લભ આ જ કારિકાની એમની 'પ્રકાશ' ટીકામાં કહે છે કે "પ્રભુ રૂપ અને નામની ભિન્નતાથી ક્રીડા કરે છે, રૂપ અને નામની ભિન્નતાથી જગતરૂપ છે, તથા જેના ભેદ થકી જગત સર્જાયું છે તે જગતમાં સ્વતંત્ર બનીને ક્રીડા કરે છે, ક્રીડા કરવા છતાં પણ માયામાં લપેટાતા નથી."[૭] આમ બ્રહ્મની (પ્રભુની) ક્રિયાશક્તિ સ્વાભાવિક છે નહીં કે બહારથી આરોપિત 'માયા' વગેરે શક્તિથી.

ભગવદ્ગીતામાં પણ જે જગતની અસત્યતા (મિથ્યાત્વ) માં માને છે તેની તીખી આલોચના કરી છે.

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसम्भूतं किमन्यत्कामहेतुकम् ॥[૮]

"આસુરી પ્રકૃતિના માણસો કહ્યા કરે છે કે જગત આશ્રય વિનાનું, સાવ અસત્ય અને ઈશ્વર વિના આપમેળે માત્ર સ્ત્રી-પુરુષના સંયોગથી ઉદ્ભવ્યું છે માટે કામ જ એનું કારણ છે, એ કામ સિવાય બીજું શું છે ?" અહીં ગીતાકારે જગતને મિથ્યા માનનારને આસુરી પ્રકૃતિના કહ્યા છે.

આમ અજન્મા ભગવાન (બ્રહ્મ) સ્વયં જગતને ઉત્પન્ન કરે છે, એની રક્ષા કરે છે અને એનો સંહાર પણ કરે છે. આ રીતે સત્ય બ્રહ્મ દ્વારા ઉત્પન્ન આ જગત ક્યારેય અસત્ (મિથ્યા) ના કહી શકાય.

• સૃષ્ટિનું પ્રયોજન - જગત નિર્માણનો હેતુ :

આ જગતનો નિર્માતા કોણ છે એ પ્રશ્નની સાથે આ જગતનું નિર્માણ કેમ કર્યું એ પ્રશ્ન પણ જોડાયેલો છે. ચેતન સત્તા નિષ્પ્રયોજન કોઈ કામ નથી કરતી તો નિત્ય ચૈતન્ય સ્વરૂપ પરબ્રહ્મનું જગત નિર્માણ માટે કોઈ ને કોઈ પ્રયોજન તો અવશ્ય હશે. આ વિષયમાં વેદાન્તના લગભગ બધા આચાર્યોએ બ્રહ્મસૂત્ર "लोकवत्तु लीला कैवल्यम् ।" (બ્ર.સૂ. ૨-૧-૩૩) ના આધારે જ ઉત્તર આપ્યો છે કે એ માત્ર પ્રભુની લીલા જ છે, એ સિવાય કોઈ પ્રયોજન નથી. સૂત્ર ઉપરના ભાષ્યમાં શ્રી વલ્લભ કહે છે કે "લીલામાં કોઈ પ્રયોજન હોતુ નથી. લીલા જાતે જ પ્રયોજન છે." (બ્ર.સૂ. અણુભાષ્ય સૂત્ર ૨-૧-૩૩) "नहि लीलाया किंचित्प्रयोजनमस्ति......" ઈશ્વરત્વને લીધે લીલા વિશે શંકા કરી શકાય નહીં. સંસારમાં રાજા વગેરે મૃગયા કે બીજા કાર્યો પણ કરે છે, કોઈ અન્ય પ્રયોજનથી નહીં. સૃષ્ટિ એ પરમાત્માની રમણેચ્છાનું પરિણામ છે. स एकाकी न रमते । વૈચિત્ર્ય અને વૈવિધ્યના અભાવમાં કેવળ એકાકી રૂપમાં રમણ (લીલા) સંભવ ન હોવાથી પરમાત્માએ એકમાંથી અનેક બનવાની ઈચ્છા કરી. एकोहम् बहुस्याम् । આ રીતે ભગવાનની લીલાને માટે સૃષ્ટિનો આવિર્ભાવ થયો. વલ્લભના મતે બ્રહ્મ જેનો કર્તા છે એ સર્વ પ્રવૃત્તિઓ બ્રહ્મની લીલા જ છે. આ 'સૃષ્ટિ-લીલા' ને બે પાસાં છે, 'રૂપ-લીલા' અને 'નામ-લીલા'. જ્યારે બ્રહ્મ સ્વેચ્છાએ પોતાના સર્વભવનસામર્થ્યથી જુદા જુદા આંશિક રૂપે અને ચોક્કસ આકારમાં આવિર્ભાવ પામે તેને 'રૂપ-લીલા' કહે છે અને સર્વ પદાર્થ બ્રહ્મ રૂપ જ છે તે 'નામ-લીલા' દ્વારા તે પદાર્થો જુદી જુદી સંજ્ઞાથી ઓળખાય છે આ રીતે સૃષ્ટિનો આવિર્ભાવ 'રૂપ-લીલા' અને 'નામ-લીલા' ના સિદ્ધાંત દ્વારા સૂચવાય છે.

(૪) આવિર્ભાવ-તિરોભાવ વાદ :

વલ્લભ દર્શનમાં આવિર્ભાવ-તિરોભાવના સિદ્ધાંતનું વિશેષ મહત્વ છે. આ સિદ્ધાંતને આધારભૂત માનીને આચાર્યશ્રીએ એક તરફ આરંભવાદ અને ઉત્પત્તિવાદના દોષોથી પોતાના મતને બચાવી લીધો તો બીજી બાજુ માયાવાદ અથવા વિવર્તવાદના અધ્યારોપની ઝંઝટથી મુક્ત થયા. વસ્તુની અનુભવ-વિષય હોવાની યોગ્યતા અથવા વસ્તુની સ્વ-કાર્ય કરવાની સ્થિતિ 'આવિર્ભાવ' છે. વસ્તુની અનુભવ-વિષય ના હોવાની સ્થિતિ 'તિરોભાવ' છે. જે રીતે દહીમાં માખણ રહેલું જ છે પણ એ અનુભૂતિનો વિષય નથી એ જ એના 'તિરોભાવ' ની સ્થિતિ છે, અવ્યક્તાવસ્થા છે. દહીં વલોવ્યા પછી માખણ 'આવિર્ભૂત' થાય છે અને એ અનુભવનો વિષય બને છે, એ એની વ્યક્તાવસ્થા છે. એ જ રીતે જગત જ્યારે 'આવિર્ભાવ' ની સ્થિતિમાં હોય છે ત્યારે પ્રત્યક્ષ હોય છે, ઈન્દ્રિયોથી ગ્રાહ્ય હોય છે અને વ્યક્ત હોય છે. જ્યારે જગતનો 'તિરોભાવ' થાય છે ત્યારે તે પ્રત્યક્ષ નથી હોતું અને ઈન્દ્રિયગોચર પણ નથી હોતું પણ તે અવ્યક્તાવસ્થામાં જરૂર હોય છે.

આવિર્ભાવનો અર્થ ઉત્પત્તિ નથી થતો અને તિરોભાવનો અર્થ નાશ નથી થતો. આવિર્ભાવ-તિરોભાવ એ વિદ્યમાન, સત્તાશીલ અને નિત્ય વસ્તુની જ સ્થિતિ છે. સત્ (વિદ્યમાન-સત્તાશીલ)નો ક્યારેય વિનાશ નથી થતો અને અસત્ (અવિદ્યમાન)થી સત્‌ની ઉત્પત્તિ નથી થઈ શકતી. દા.ત. રેતીમાંથી તેલ ન નીકળી શકે, તલમાંથી જ તેલ નીકળી શકે. જગતનો આવિર્ભાવ-તિરોભાવ એટલે જ સત્ય છે. પ્રપંચના નિત્ય હોવાને કારણે જ એનું વ્યક્ત અને અવ્યક્ત (આવિર્ભાવ-તિરોભાવ) હોવાનું પ્રતિપાદન થઈ શકે છે.

શ્રી વલ્લભના બ્રહ્મવાદ પ્રમાણે દરેક પદાર્થ સર્વરૂપ અને સર્વત્ર વિદ્યમાન છે અને એટલે તો દરેક પદાર્થને બ્રહ્મત્વ સિદ્ધ થાય છે. બ્રહ્મવાદની માન્યતા અનુસાર બ્રહ્મની 'બહુભવનેચ્છા-અનેક થઈ જવાની ઈચ્છા'થી એક વસ્તુમાં બીજી વસ્તુનો તિરોભાવ થઈ જાય છે. ઘટમાં પટ તથા બીજી બધી વસ્તુઓનો તિરોભાવ થઈ ગયો. ઘટમાં એક માત્ર ઘટત્વ (ઘડાપણુ)નો જ આવિર્ભાવ થયો એટલે ઘડો બીજા પદાર્થોથી અલગ ઘડાના રૂપમાં જ વ્યક્ત થાય છે. બ્રહ્મના સર્વધર્મ સર્વત્ર અને બધાં જ પદાર્થોમાં છે પણ ભગવાન એક પદાર્થમાં કેટલાક ધર્મોનો આવિર્ભાવ અને બીજા ધર્મોનો તિરોભાવ કરી દે છે. આ પ્રમાણે

નિયમિત થવાને કારણે એ પદાર્થ બીજા કાર્યોને ઉત્પન્ન નથી કરી શકતો. ઘડામાં કાપડનો તિરોભાવ છે અને કાપડમાં ઘડાનો તિરોભાવ છે. આ પ્રમાણે કાપડ કાપડના રૂપમાં જ પ્રગટ થાય છે અને ઘડો ઘડાના રૂપમાં જ પ્રગટ થાય છે. આ રીતે જગતની દરેક કાર્ય પ્રણાલી અને ધર્મ નક્કી થઈ ગયા છે. જો કે દરેક વસ્તુમાં દરેક વસ્તુ થવાનું સામર્થ્ય છે પણ એ સામર્થ્ય 'અવ્યક્ત' અથવા 'તિરોહિત' છે. કોઈ વિશેષ પ્રક્રિયાથી એ સામર્થ્ય ફરીથી અભિવ્યક્તિ થઈ શકે છે.[૯]

જગતની નિત્યતાની બાબતમાં એક શંકા કરવામાં આવે છે કે જગતમાં ઉત્પન્ન થયેલી વસ્તુ દા.ત. ઘડો, એનો નાશ થઈ શકે છે. તો પછી જે જગતમાં એ ઉત્પન્ન થયેલ છે એને નિત્ય કેવી રીતે કહી શકાય ? એના ઉત્તરમાં શુદ્ધાદ્વૈતવાદી પ્રશ્ન કરે છે કે નિત્ય શું છે ? ઘડાના નાશથી શેનો નાશ થયો ? આકારનો નાશ તો થયો નથી કારણકે એ બીજા ઘડામાં જોઈ શકાય છે એ ઘડાના નાશથી માટી તો બની જ છે. ઘટ સંજ્ઞા પણ નષ્ટ નથી થઈ કારણકે શબ્દ નિત્ય છે, એનો નાશ થતો નથી. પણ ઘડો ફૂટી ગયો તો આકાર અને માટીની સંજ્ઞાની ઓળખ હતી, તે હવે આકાર 'તિરોહિત' થઈ જવાથી એ સંયોગ રહ્યો નહીં. કોઈ કારણથી એ ઘડો ફૂટી જવાથી તે ઘડાનો 'તિરોભાવ' થઈ ગયો. આ ઉદાહરણમાં 'આવિર્ભાવ' એ માટીમાંથી ઘડાનું વ્યક્તરૂપે થવું છે અને પાછું એનું માટીરૂપ થવું એ તિરોભાવ છે. આના સંદર્ભમાં શ્રીગિરિધરજી 'શુદ્ધાદ્વૈતમાર્તણ્ડ' માં કહે છે,

> **"तिरोभावे तु कार्यं हि वर्तते कारणात्मना ।**
> **आविर्भावे तु कार्यं हि यथा मृदि घटादयः ॥**[१०]

એટલે તિરોભાવમાં કાર્ય, કારણ રૂપમાં રહે છે અને આવિર્ભાવમાં કાર્ય રૂપમાં રહે છે. જે રીતે ઘડો વગેરેનો તિરોભાવ થાય છે ત્યારે માટી, ઘડો વગેરેના કારણ રૂપમાં રહે છે અને આવિર્ભાવમાં ઘડો કાર્ય રૂપે રહે છે, અર્થાત્ કારણની અંદર રહેલ કાર્યને બહાર પ્રગટ કરવાની જે શક્તિ છે તે આવિર્ભાવ શક્તિ છે અને કાર્યને કારણમાં લીન કરવાની જે શક્તિ છે તે તિરોભાવ શક્તિ છે.

તત્વાર્થદીપનિબંધમાં શ્રી વલ્લભ બ્રહ્મનું વર્ણન કરતા કહે છે, "તે બ્રહ્મ અનન્તમૂર્તિ છે, કૂટસ્થ છે અને ચલ છે, તે સર્વ વિરૂદ્ધ ધર્મોનો આશ્રય છે અને

યુક્તિનો (reasoning) વિષય નથી. તે આવિર્ભાવ અને તિરોભાવ વડે બહુ રૂપથી બ્રહ્મ ઉત્પન્ન કરે છે."[૧૧]

આમ જગતના પદાર્થોની ઉત્પત્તિ અને લય એ માત્ર બ્રહ્મની આવિર્ભાવ-તિરોભાવ શક્તિ જ છે. બ્રહ્મ જ્યારે પદાર્થ રૂપે દેખાય છે અને ઈન્દ્રિયો દ્વારા અનુભવગમ્ય હોય છે તેને જગતની ઉત્પત્તિ કહે છે અને જ્યારે તે પોતાના કારણ રૂપ બ્રહ્મમાં લીન થઈ જાય છે તેને લય કહે છે. પણ જગત તો બ્રહ્મ જેટલું જ સત્ય અને નિત્ય છે. એની ઉત્પત્તિ અને લય એ બીજું કંઈ નહીં પણ બ્રહ્મની આવિર્ભાવ-તિરોભાવ શક્તિ છે. આવિર્ભાવ-તિરોભાવ રૂપ શક્તિઓની સ્વતંત્ર સત્તા નથી. એ પરમાત્માની જ શક્તિઓ છે. ભગવાનમાં આ શક્તિઓ સ્વાભાવિક છે, આરોપિત નથી. અને આ જ શક્તિઓથી ભગવાન લીલા (રમણ) માટે જીવ અને જગતના રૂપમાં પરિણમે છે.

સૂત્રકારે પણ 'पटवश्च' (સૂત્ર ૨-૧-૧૯) માં 'પટ' નું ઉદાહરણ આપીને આવિર્ભાવ-તિરોભાવનો સિદ્ધાન્ત સમજાવ્યો છે. જેવી રીતે ગડી વાળેલું કપડું હોય ત્યારે તે કપડું કેટલું લાંબુ અગર પહોળું છે તે આપણે જાણી શકતા નથી. તેમ જગતનો જ્યાં સુધી આવિર્ભાવ થયો ન હોય ત્યાં સુધી જગતનું સ્પષ્ટ જ્ઞાન થતું નથી. આથી જગતની અવ્યાકૃત (તિરોભાવ) દશામાં આપણને તે જ્ઞાન નહોતું આથી એમ કહી શકાય નહીં કે જગત જ નહોતું.

આમ જગત બ્રહ્મ સ્વરૂપ હોવાથી નિત્ય છે તેમ જ આવિર્ભાવ-તિરોભાવ એ બ્રહ્મની શક્તિઓ હોવાથી નિત્ય છે.

(૫) અવિકૃતપરિણામવાદ :

ભારતીય દર્શનમાં કાર્ય-કારણનો સંબંધ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સૃષ્ટિની રચના કેવી રીતે થાય છે એ સમજાવવા કાર્ય-કારણના સંબંધનો ઉપયોગ થાય છે. આ સંબંધમાં એક બીજાના વિરોધી બે મત પ્રતિપાદન થયેલા છે (૧) સત્ કાર્યવાદ (૨) અસત્ કાર્યવાદ. સત્કાર્ય વાદ પ્રમાણે કાર્યમાં કારણ પહેલેથી જ અનુસ્યૂત રહેલું હોય છે, પણ તિરોહિત હોય છે. એટલે ઈન્દ્રિયગમ્ય નથી. જેમ કે તલમાં અને સરસવમાં તેલ રહેલું જ છે એટલે એમાંથી તેલ નીકળી શકે રેતીમાંથી તેલ ન નીકળે. તલમાં તેલ પહેલેથી જ છે ન હોત તો એનો ઉદ્ભવ ન થઈ શકે. એનાથી વિરુદ્ધ અસત્-કાર્યવાદી કહે છે કે એ કાર્ય બિલકુલ નવી રચના છે. ભારતીય દર્શનમાં વેદાંત તથા સાંખ્યદર્શન સત્કાર્યવાદી છે અને

ન્યાય, વૈશેષિક વગેરે અસત્-કાર્યવાદી છે. પરંતુ સત્કાર્યવાદીઓમાં પણ મતભેદ છે. બ્રહ્મમાંથી જો જગતની ઉત્પત્તિ માનીએ અર્થાત્ બ્રહ્મને જગતનું સમવાયીકારણ માનીએ તો પછી બ્રહ્મમાં વિકાર થશે એવી શંકા કેટલાકને થાય છે.

પ્રસ્થાનત્રયીનું અનુસરણ કરવાવાળા આચાર્યોએ ચોક્કસ રૂપે જગતને બ્રહ્મની અભિવ્યક્તિ તરીકે સ્વીકાર્યું છે પણ એમાં પણ મતભેદ છે. એક આભાસવાદ અને બીજો પરિણામવાદ. આભાસવાદ શંકર તથા એમના અનુયાયીઓને સ્વીકાર્ય છે. તથા પરિણામવાદ ભાસ્કર, રામાનુજ, વલ્લભ વગેરે વૈષ્ણવ આચાર્યોને સ્વીકાર્ય છે. જો કે બન્નેના મતે વિશ્વની કોઈ જુદી સત્તા નથી અને એ માત્ર બ્રહ્મની જ અભિવ્યક્તિ છે પણ એ અભિવ્યક્તિના સ્વરૂપમાં અંતર છે. આભાસવાદ પ્રમાણે વિશ્વ બ્રહ્મનો આભાસ કે પ્રતિબિંબ માત્ર છે. એની પોતાની કોઈ વાસ્તવિક સત્તા નથી. એ તો માત્ર વિકલ્પ છે અને વિકલ્પ હોવાથી વિકલ્પાસદ બ્રહ્મથી અભિન્ન છે. શંકર માને છે જગત બ્રહ્મમાં વિવર્તિત થાય છે એટલે એમનો સિદ્ધાંત 'વિવર્તવાદ' કહેવાય છે. પરિણામવાદમાં વિશ્વ બ્રહ્મથી પોતાની અલગ સત્તા ન રાખવા છતાં પણ એટલું જ સત્ય છે જેટલું બ્રહ્મ પોતે સત્ય છે. સાંખ્ય-દર્શનમાં માનવામાં આવે છે કે પ્રકૃતિ સ્વયં જગત રૂપે પરિણમે છે એટલે એ સિદ્ધાંત 'પ્રકૃતિ-પરિણામવાદ' કહેવાય છે. રામાનુજના મતે બ્રહ્મ સ્વયં જગતના રૂપમાં પરિણામ પ્રાપ્ત કરે છે એટલે એમનો સિદ્ધાંત 'બ્રહ્મ-પરિણામવાદ' કહેવાય છે.

શ્રી વલ્લભ વૈષ્ણવ આચાર્યોની પરંપરામાં છે અને જગતને બ્રહ્મના વાસ્તવિક પરિણામ તરીકે સ્વીકારે છે. સૃષ્ટિઈચ્છા થવાથી બ્રહ્મ જ આ નામ રૂપાત્મક જગતમાં પરિણમે છે. જે રીતે સુવર્ણમાંથી કંગન, કુંડળ વગેરે જુદા જુદા ઘાટ ઘડાય છે એ જ રીતે બ્રહ્મ પોતાના સત્, ચિત્ અને આનંદના સ્વરૂપના ધર્મ પરિવર્તનથી જીવ-જડાદિ રૂપે આવિર્ભૂત થાય છે. પોતાના આ પરિણામમાં બ્રહ્મને બીજા કોઈની મદદની અપેક્ષા નથી. બ્રહ્મ પોતાની 'સર્વભવન સામર્થ્યરૂપા' માયા શક્તિથી જ એ વિવિધ નામ-રૂપોમાં પરિણમે છે. આ પરિવર્તન (પરિણામ) હોવા છતાં બ્રહ્મના સચ્ચિદાનંદ અખંડ સ્વરૂપમાં કોઈ પરિવર્તન થતું નથી. એ તો નિત્ય અપરિવર્તનશીલ અને નિત્ય અવિકારી રહે છે. વલ્લભદર્શનમાં અનેક ઉદાહરણો દ્વારા આ વાત સિદ્ધ કરવામાં આવી છે. "જેમ સાપ પોતાની ઈચ્છાથી સીધી લાકડી જેવો પણ થઈ શકે છે અને ગુંચળું વાળીને પણ પડી રહે છે પણ એમાં કોઈ વિકાર થતો નથી. એ જ રીતે બ્રહ્મ

પણ જગત રૂપ થાય છે તો પણ એમાં વિકાર થતો નથી. સોનામાંથી અનેક ઘાટના ઘરેણાં બને છે પણ સોનું અવિકૃત જ રહે છે. એ જ રીતે કામધેનુ, ચિન્તામણી, કલ્પવૃક્ષ વગેરેમાંથી અનેક ઈચ્છિત વસ્તુઓ પ્રાપ્ત થાય છે તો પણ એ અવિકૃત જ રહે છે. એ જ રીતે બ્રહ્મમાંથી સંપૂર્ણ જગત ઉત્પન્ન થવા છતાં એમાં કોઈ વિકાર થતો નથી.[૧૨]

“આ નામ રૂપાત્મક જગતને જો એટલું જ સત્ય માનવામાં આવે કે જેટલું બ્રહ્મ સત્ય છે તો સ્પષ્ટ રૂપે ‘દ્વૈતાપત્તિ’ થાય અને જો નામ રૂપાત્મક સૃષ્ટિને બ્રહ્મના વાસ્તવિક પરિણામ રૂપે સ્વીકારવામાં આવે તો સર્વાતીત, નિર્વિશેષ, અસીમ અને અપરિચ્છિન્ન બ્રહ્મને સવિશેષ, સીમાબદ્ધ અને પરિચ્છિન્ન માનવું પડે. એ કોઈ રીતે સ્વીકાર્ય નથી. તો પણ જગત તો છે જ અને એ સઘળાં વ્યવહારનો વિષય હોવાથી મહત્વપૂર્ણ તો છે જ. એટલે એની સ્થિતિ સ્પષ્ટ કરવાની જરૂર છે. શંકર પણ અખંડ-અદ્વૈતના સમર્થક છે એટલે એમના મતે પણ જગત બ્રહ્મથી ભિન્ન ના હોઈ શકે, એ બ્રહ્મનું એક રૂપાન્તર જ છે પણ આ રૂપાન્તર વાસ્તવિક પરિણામ રૂપે નથી કારણકે શંકરની સર્વ બ્રહ્મસંબંધી ધારણાઓમાં વાસ્તવિક પરિણામને કોઈ અવકાશ નથી. એમના મતે બ્રહ્મ સર્વથા નિર્વિશેષ અને નિર્ધમક તત્ત્વ છે અને એના સર્વ ધર્મો જેવા કે સર્વશક્તિમાનત્ત્વ, સર્વકર્તૃત્વ વગેરે આરોપિત છે. કાર્ય-કારણનું અંતર, કાર્ય અને કારણનો સંબંધ એ સર્વ વ્યવહારિક સ્તર પર છે એટલે એનું પરિણામ પણ વ્યવહારિક જ છે. આમ વાસ્તવિક પરિણામને અભાવે જગત બ્રહ્મનો આભાસ માત્ર છે. આભાસ આભાસ્યથી અનન્ય હોય છે એટલે જગત પણ બ્રહ્મથી અભિન્ન છે. બ્રહ્મ અને જગત વચ્ચે આભાસ્ય-આભાસક અથવા બિંબ-પ્રતિબિંબના આધાર પર શંકર બ્રહ્મના સર્વાતીતત્ત્વ અને સર્વદોષરહિત તત્ત્વને પણ સિદ્ધ કરે છે.”[૧૩] શ્રી શંકર આમ જગતને બ્રહ્મના વ્યવહારિક તત્ત્વ રૂપે તો સ્વીકારે જ છે પણ એના પારમાર્થિક તત્ત્વ તરીકે જગતને સ્વીકારતા નથી એટલે જગતને માયા-મિથ્યા કહે છે, એટલે એમનો સિદ્ધાંત ‘વિવર્તવાદ’ કહેવાય છે.

શ્રી વલ્લભાચાર્ય અને સૂત્રકાર બન્નેને અવિકૃત પરિણામવાદ જ સ્વીકાર્ય છે. જગતનું ઉપાદાન કારણ સાક્ષાત્ બ્રહ્મ હોવા છતાં પણ તેમાં વિકૃતિ થતી નથી. એમણે આ સિદ્ધાન્તને કરોળિયો, માટી (મૃત્તિકા), સુવર્ણ વગેરે વૈદિક ઉદાહરણો, અહિકુંડલ, પાષાણ, પટ વગેરે વેદાન્ત સૂત્રોના ઉદાહરણો અને કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણી વગેરે પોતાના ઉદાહરણોથી શ્રી વલ્લભ સમજાવે

છે. કરોળિયો પોતાની ઈચ્છા થાય ત્યારે પોતાના મોઢામાંથી લાળ કાઢીને બહાર ફેલાવે છે અને ઈચ્છા થાય ત્યારે પોતાના મુખમાં પાછી સંકેલી લે છે, આથી ત્યાં કોઈ પણ વિકાર નથી. ત્રણે અવસ્થામાં તેની લાળ કરોળિયા-ઉર્ણનાભ રૂપે જ છે. તે જ પ્રમાણે બ્રહ્મ પોતાની ઈચ્છાથી પોતામાંથી જગતનો આવિર્ભાવ કરે છે અને પાછું પોતામાં સમેટી લે છે. તેથી વિકાર બનતો નથી બ્રહ્મત્વને હાનિ નથી. ત્રણે અવસ્થામાં જગત બ્રહ્મરૂપ જ છે. બ્રહ્મરૂપ ધર્મી જગત રૂપ ધર્મ સ્વરૂપે પરિણામ પામે છે, તે જ પ્રમાણે માટી ઘડો વગેરે રૂપે પરિણામ પામે છે, અને તે પાછા માટીમાં મળી જાય છે. ઘડો વગેરે માટી જ છે. તે પહેલાં પણ માટી હતી અને ઘડાના લય પછી પણ માટી જ છે. સોનાના અલંકારો પ્રથમ સોનુ જ હતા, અલંકાર વખતે પણ સોનુ જ છે અને અલંકારોને ગાળી નાખીએ તો પણ સોનુ જ છે. તેમ બ્રહ્મમાંથી જગત સંભવે છે અને તેમાં લય પામે છે છતાં તેમાં વિકાર નથી. વર્તુળાકાર સાપ સીધા આકારવાળા સાપથી જુદો નથી. એક જ સર્પ ઉભય રૂપે થઈ શકે છે. તેમ કાર્ય જગત કારણ રૂપ બ્રહ્મથી જુદું નથી. હીરા વગેરેમાં જેમ પાષાણત્ત્વ સમાન છે, પાષાણત્ત્વની હાનિ નથી, તેમ ઉચ્ચાવચ સર્વ જગતમાં બ્રહ્મ સમાન છે, બ્રહ્મત્વને હાનિ નથી. "અમુક પટને પ્રથમ સંકુચિત કરેલો હોય અને પછી તેને વિસ્તૃત કરેલો હોય તો ત્યાં બે જુદા પટ થતા નથી તે જ પ્રમાણે બ્રહ્મ જગતથી ભિન્ન નથી. બ્રહ્મ સ્વતઃ જગતરૂપ થાય છે. કુંભાર વગેરેને ઘડો બનાવવા માટે દંડ, ચક્ર વગેરેની અપેક્ષા રહે છે તેવા નિમિત્તની અપેક્ષા પણ સર્વભવનસમર્થ બ્રહ્મને રહેલી નથી. કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણી વગેરે દિવ્ય પદાર્થોમાંથી અનેકાનેક ઈચ્છીત પદાર્થ પરિણમે છે તો પણ તેમાં અણુમાત્ર પણ વિકૃતિ નથી. તે જ પ્રમાણે બ્રહ્મ કોઈ જાતના વિકાર વગર સ્વતઃ જગદ્રૂપે પરિણમે છે અને એ જ 'અવિકૃત પરિણામવાદ' કહેવાય છે. શ્રી વલ્લભે આ વાદનું અણુભાષ્યમાં સ્થાપન કર્યું છે."[૧૪]

કાર્યકારણ, નામરૂપ, જીવ ઈશ્વર એ સર્વના માયારહિત 'અદ્વૈત' સ્વીકાર કરવામાં આવતો હોવાથી શ્રી વલ્લભનો મત 'શુદ્ધાદ્વૈત અને અખંડ બ્રહ્મવાદ' તરીકે ઓળખાય છે.

(૬) જગત અને સંસારનો ભેદ :

શુદ્ધાદ્વૈત વેદાંતનો આ એક વિશિષ્ટ સિદ્ધાંત છે. જેમાં જગત અને સંસારને ભિન્ન માનવામાં આવ્યા છે. જગત અને સંસાર વચ્ચેનો ભેદ શાસ્ત્રીય રીતે

પ્રકટ કરવાનું સંપૂર્ણ શ્રેય શ્રી વલ્લભાચાર્યને ઘટે છે. એમના મતે આ બન્ને શબ્દો સમાનાર્થી નથી. પૂર્વના કોઈ પણ ભાષ્યકારે આવું પૃથ્થકરણ કર્યું હોય એવું જાણવામાં નથી. જગત સત્ છે જ્યારે સંસાર અસત્ છે. જીવની અવિદ્યાથી અહંતામમતાત્મક સંસાર ઉત્પન્ન થાય છે, જે મિથ્યા છે. શ્રી વલ્લભ આ બન્ને વચ્ચેનો ભેદ તત્ત્વાર્થદીપ નિબંધની નીચેની કારિકામાં જણાવે છે.

प्रपञ्चो भगवत्कार्यस्तद्रूपो माययाऽभवत् ।
तच्छक्त्याऽविद्यया त्वस्य जीवसंसार उच्यते ॥

"પ્રપંચ-જગત ભગવદ્કાર્ય છે, પ્રભુ માયા વડે જગતરૂપ બન્યા, પ્રભુની અવિદ્યાશક્તિ વડે જીવને સંસાર પ્રાપ્ત થાય જીવ અહંતામમતાવાળો બને."[૧૫]

"આ જગત પ્રકૃતિથી ઉત્પન્ન થયેલું નથી તેમ પરમાણુથી થયેલું નથી, તેમ ભ્રમ રૂપ નથી, તેમ જ અદૃષ્ટથી પણ ઉત્પન્ન થયું નથી, અસત્‌ની સત્તારૂપે પણ નથી, પણ ભગવદ્કાર્ય હોઈ પરાકાષ્ઠાપન્ન (ભગવાન)ની કૃતિથી જ સાધ્ય છે કાર્યરૂપ હોવા છતાં પણ તે ભગવદ્ રૂપ જ છે. જો તેમ ના હોય તો અસત્‌ની સત્તા થાય પ્રભુ માયાશક્તિ વડે જગતરૂપ થયા માયા ભગવાનની સર્વ રૂપ થવાના સામર્થ્યવાળી શક્તિ છે, કે જે પ્રભુના સ્વરૂપમાં રહે છે. અહીં કેટલાક લોકો સંસાર અને જગતનો ભેદ જાણતા ન હોવાથી મોહ પામે છે. તે મોહ દૂર કરવા માટે સંસાર અને જગતનો (પ્રપંચ) ભેદ જણાવવા અવિદ્યા શક્તિનું વર્ણન છે. અવિદ્યા પણ પ્રભુની એક શક્તિ જ છે. કે જેની ગણના પ્રભુની મુખ્ય બાર શક્તિઓમાં છે. શ્રુતિના વાકયોમાં રમણને માટે જ પ્રપંચરૂપે પ્રભુનો આવિર્ભાવ કહ્યો છે. વિચિત્રતા વિના રમણ સંભવી શકે નહીં, તેથી પ્રભુની આ અવિદ્યા શક્તિ વડે જીવનો સંસાર કહેવાય છે, નહીં કે ઉત્પન્ન થાય છે. કારણકે સંસાર અભિમાન રૂપે છે, તેથી જ અસદ્રૂપે તેની ગણના છે. અજ્ઞાન, ભ્રમ, અસત્ વગેરે શબ્દો અહંતા-મમતારૂપ સંસારમાં જ પ્રવર્તે છે, નહીં કે પ્રપંચમાં. પ્રપંચ બ્રહ્માત્મક છે. અહંતા-મમતાત્મક સંસાર અવિદ્યા વડે થાય છે, તત્ત્વજ્ઞાન થતાં તે નિવૃત્તિ પામે છે. પ્રપંચ (જગત) બ્રહ્માત્મક હોવાથી નિવૃત્તિ પામતો નથી."[૧૬]

संसारस्य लयो मुक्तौ न प्रपञ्चस्य कर्हिचित् ।
कृष्णस्यात्मरतौ त्वस्य लयः सर्वसुखावहः ॥

"જીવનમુક્તિમાં સંસારનો લય થાય, જ્ઞાનથી સંસારનો નાશ થાય છે. જગતનો નાશ કદી પણ થતો નથી. (કરોડો જ્ઞાનીઓનો પરમમોક્ષ થાય તો

પણ જગત તો તેનું તે જ રહે છે.) જગતનો સર્વ સુખાવહ લય તો આત્માના રમણની ઈચ્છાથી ભગવાન કરે ત્યારે જ થઈ શકે."[૧૭]

આ સંસાર જીવ-કૃત છે. જીવ અવિદ્યા, કલ્પના અથવા ભ્રમથી સંસાર રચે છે. અવિદ્યાથી આવૃત જીવને અવિદ્યાને કારણે સંસારની પ્રતીતિ થાય છે. અવિદ્યાગત જીવ જ સંસારનું નિમિત્ત છે એટલે સંસાર અજ્ઞાનજન્ય, ભ્રમાત્મક, અસત્ અને નાશવંત છે.

સંસારનું સ્વરૂપ અહંતા-મમતાત્મક છે. અવિદ્યાગ્રસ્ત જીવ 'આ હું અને આ મારું છે' એમ માને છે. જીવ પોતાની સત્તાને બીજાથી (બ્રહ્મથી) ભિન્ન અને સ્વતંત્ર માને છે. તે પોતાના શરીર, મન, બુદ્ધિથી જોડાયેલા 'મારું અને પોતાનું' એવી કલ્પના કરે છે અને આ 'અહંતા-મમતાને' વધારીને એનાથી મોહિત થઈ એમાં રચ્યો પચ્યો રહે છે અને પરિણામે સ્વયં ફસાતો જાય છે. પછી તો એક દુષ્ચક્ર શરૂ થાય છે. અહંતાથી મમતા, મમતાથી ભેદભાવ, ભેદભાવથી દ્વૈતબુદ્ધિ, દ્વૈતબુદ્ધિથી રાગદ્વેષ, અને રાગ-દ્વેષથી અનન્ત અનેક અનેક પ્રકારના દુ:ખ શોક આમ એક દુષ્ચક્રમાં જીવ ફસાતો જાય છે. રાગ-દ્વેષ અને દ્વૈતબુદ્ધિથી જીવ અનેક પ્રકારના સારા-નરસા કર્મો કરે છે, સુખ-દુ:ખમાં રાચે છે અને એના ફળ ભોગવે છે. અજ્ઞાનવશ દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ વગેરેના ધર્મોને પોતાના ગણવા લાગે છે અને જન્મ-મરણના ચક્રમાં પડ્યો રહે છે. આ દુર્ગતિ એટલા માટે છે કે જીવ પોતાને અને પોતે કરેલા કર્મો અને ફળને બ્રહ્મથી ભિન્ન અલગ સમજવા લાગે છે.

ભગવાનની માયા શક્તિ બે પ્રકારની છે. વિદ્યા અને અવિદ્યા આ બન્નેનો સંબંધ જીવથી છે.

"विद्याऽविद्ये हरेः शक्ती माययैव विनिर्मिते ।
ते जीवस्यैव नान्यस्य दुःखित्वं चाप्यनीशता" ॥३१॥

"વિદ્યા અને અવિદ્યા પ્રભુની શક્તિઓ છે. માયાથી નિર્મિત થયેલી છે અને તે જીવને જ છે. અન્યને નહીં. તેથી તેને વિશે દુઃખત્વ અને અનીશત્વ છે." આ બન્ને શક્તિ પાંચ-પાંચ પર્વવાળી છે. વિદ્યાનું એક એક પર્વ અવિદ્યાના એક એક પર્વને દૂર કરે છે - કાટે છે. આ અવિદ્યાના પાંચ પર્વો આ પ્રમાણે છે. (૧) સ્વરૂપનું અજ્ઞાન અને (૨) દેહ (૩) ઈન્દ્રિય (૪) પ્રાણ (૫) અંતઃકરણ એ ચારેના અધ્યાંસો એમ પાંચ અવિદ્યાના પર્વ છે. (અવિદ્યાની ગાંઠો છે) જેથી બંધાયેલો જીવ સંસારને પ્રાપ્ત થાય છે."

"स्वरुपाज्ञानमेकं हि पर्व देहेन्द्रियासवः ।
अन्तः करणमेषां हि चतुर्द्धाऽध्यास उच्यते ॥३२॥

અંતઃકરણાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, દેહાધ્યાસ અને સ્વરૂપનું વિસ્મરણ એમ અવિદ્યાના પાંચ પર્વો છે. એ રીતે અવિદ્યા થતાં અન્ય ધર્મોથી બંધાયેલો જીવ જન્મ મરણને પ્રાપ્ત કરે છે.

"विद्ययाऽविद्यानाशे तु जीवो मुक्तो भविष्यति ॥३३॥

"અવિદ્યાનું નિરૂપણ કરી શ્રી વલ્લભ વિદ્યાનું નિરૂપણ કરે છે. વિદ્યા વડે અવિદ્યાનો નાશ થતાં દેહ, ઈન્દ્રિય, પ્રાણ એ સર્વ અધ્યાસ વિનાના થાય અને તેથી જીવ મુક્ત બને."[૧૮]

આમ અવિદ્યા દુર્બળ છે, બ્રહ્મ પર એનું બળ ચાલતું નથી. જેથી શંકરાચાર્યનો "બ્રહ્મ માયા વડે ઈશ્વર અને અવિદ્યા વડે જીવ કહેવાય છે." એ સિદ્ધાંતનું ખંડન થઈ જાય છે.

વૈરાગ્ય, સાંખ્ય, યોગ તપ અને પ્રેમ (ભક્તિ) એમ પંચપર્વાવાળી વિદ્યા વડે પંચપર્વાત્મક અવિદ્યાનો નાશ થાય છે અને ત્યારે જ સંસારમાંથી મોક્ષ થાય છે, સર્વ અધ્યાસ નાશ પામે છે. જીવનમુક્તિ મળતાં દેહ વગેરે જતાં રહેતા નથી, પરંતુ તેનો અધ્યાસ કે મિથ્યા આરોપ જ નાશ પામે છે. દેહાદિનો અધ્યાસ થતો રહે છતાં દેહ વગેરે જતા નથી કેમ કે તે તો જગતમાં આવેલા છે, જ્યારે અધ્યાસ એ સંસારમાં આવેલો છે.

વિદ્યા દ્વારા અવિદ્યાનો નાશ થાય છે. વાસ્તવમાં વિદ્યા દ્વારા અવિદ્યાનો સંપૂર્ણ નાશ નથી થતો. કોઈ પણ 'કાર્ય' નો સર્વથા નાશ ત્યારે જ સંભવે છે કે જયારે એના 'સમવાયીકારણ' નું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય. વિદ્યા પોતાની જનેતા, કારણભૂતા માયાનો નાશ કરી શકતી નથી. અને જ્યાં સુધી કારણભૂત માયા છે ત્યાં સુધી અવિદ્યા કોઈને કોઈ રૂપે ચાહે, સૂક્ષ્મ રૂપે બની રહે છે. આ કારણે જ કેવળ વિદ્યા દ્વારા મોક્ષ પ્રાપ્તિ સંભવ નથી. વિદ્યા દ્વારા દેહ, પ્રાણ, ઈન્દ્રિયોના અધ્યાસ દૂર થાય છે પણ એનું સ્વરૂપ નષ્ટ થતું નથી. એનું સ્વરૂપ કલ્પિત સંસારની વસ્તુ નથી, પણ એ તો જગત સાથે જોડાયેલી છે કે જે ભગવાન નિર્મિત છે. વિદ્યા પ્રાપ્ત થવાથી જીવની દેહ, ઈન્દ્રિય અને પ્રાણની આસક્તિ છૂટી જાય છે, મમતા સમાપ્ત થઈ જાય છે અને જીવ અવિદ્યાના બંધનમાંથી છૂટી જીવન-મુક્ત બને છે. આ રીતે વિદ્યા દ્વારા જીવ ભગવાનમાં પ્રવેશ પામે છે. (એનો મોક્ષ તો ભગવત્ કૃપાથી જ મળે છે.)

સંસાર સુખદુઃખાત્મક છે, જગત તેવું નથી. સંસારનો નાશ થયા પછી પણ જગત તેવું ને તેવું જ રહે છે, છતાં પણ એ જગતથી સુખ-દુઃખ કશું થતું જ નથી. અવિદ્યા વડે જીવને જ્યારે બંધન પ્રાપ્ત થાય છે ત્યારે તે સંસારી કહેવાય છે. આસુરી સંપદ્‌માં જન્મેલા જીવો સંસારને સત્ય માને છે. વલ્લભના મતે જગત સત્ છે પરંતુ તેની પ્રતીતિ ભ્રામક છે. સર્વભેદ કે અનેકતા પ્રપંચની બાબતમાં છે, એના સ્વરૂપની બાબતમાં નથી. ગુણ તથા કર્મથી બંધાયેલો સંસાર અજ્ઞાનમૂલક તથા સ્વપ્નવત્ મૂઢ છે. આમ સંસાર અને જગત ભિન્ન છે, એમ આચાર્યશ્રી સિદ્ધ કરે છે.

(૭) જગતનો વિકાસ-સૃષ્ટિક્રમ :

સૃષ્ટિના સ્વરૂપ, સ્થિતિ, સ્વભાવ વગેરે પર આચાર્યશ્રીએ વિસ્તારપૂર્વક વિચાર કર્યો છે પણ સૃષ્ટિ ક્રમનું વિસ્તૃત વિવેચન એમના અણુભાષ્ય કે તત્ત્વાર્થદીપનિબંધ ગ્રંથોમાં ખાસ મળતું નથી. જે છે તે શ્રીમદ્ ભાગવતના આધારે બહુ સંક્ષેપમાં એનું વર્ણન કર્યું છે. કેટલાક સિદ્ધાંતો જુદા હોવા છતાં સામાન્ય રીતે શ્રીવલ્લભની સૃષ્ટિ પ્રક્રિયા સાંખ્યને ઘણી મળતી આવે છે. ક્રમ એક હોવા છતાં મહત્વપૂર્ણ બાબતોમાં સાંખ્ય અને શ્રી વલ્લભ વચ્ચે મતભેદ છે. સાંખ્યથી સૌથી મોટું અંતર એ છે કે સાંખ્ય મત અનુસાર સૃષ્ટિનું મૂળ ઉદ્‌ભવસ્થાન **પ્રકૃતિ** છે. જ્યારે વલ્લભના પ્રમાણે એ મૂળ ઉદ્‌ભવસ્થાન બ્રહ્મ જ છે. બ્રહ્મના સ્વરૂપનો વિચાર કરતી વખતે આગળ જણાવ્યું છે કે બ્રહ્મની ઈચ્છાસૃષ્ટિનું મૂળ સ્વરૂપ 'અક્ષર' કહેવાય છે. 'અક્ષર' રૂપે બ્રહ્મને જ સૃષ્ટિના મૂળતત્ત્વ તરીકે સ્વીકાર્યું છે. આ કારણરૂપ અક્ષરના તત્ત્વભેદથી અઠ્ઠાવીસ ભેદ છે. એમાં બ્રહ્મત્વ કે ભગવદ્‌તત્ત્વ હોવાથી એ 'તત્ત્વ' કહેવાય છે, સાંખ્યની જેમ જુદા પદાર્થ હોવાને કારણે નહીં. આ અઠ્ઠાવીસ તત્ત્વ કારણરૂપ સચ્ચિદાનંદના કેવળ સત્‌ના જ ભેદ રૂપે છે. ચિત્ કે આનન્દની સ્વતંત્ર કારણતા નથી. ચિત્તનું સ્વરૂપત્ત્વ છે અને આનંદનું ફલરૂપત્વ છે. ચિત્તની અને આનંદની સત્ સાથે સંલગ્ન હોવાથી જ કારણતા છે, સ્વતંત્ર રૂપથી નહીં. આ પ્રમાણે સદ્‌અંશની કારણતા હોવાથી બ્રહ્મનું સદ્ અંશ જ અઠ્ઠાવીસ ભાગોમાં વિભક્ત થાય છે.

કારણકોટિમાં ૨૮ તત્ત્વોનો સમાવેશ થાય છે. ભગવદ્‌ભાવ હોવાથી એને 'તત્ત્વ' તરીકે નામ આપવામાં આવ્યું છે. ભગવાનની જે અસાધારણ કારણતા છે તે ૨૮ પ્રકારથી પ્રકટ થાય છે અને એ તત્ત્વ ભગવાનનું જ રૂપ છે.

કારણકોટિ (૨૮ તત્ત્વ)


ગુણત્રય
પુરુષ (આત્મા)
૪
૫ પ્રકૃતિ (પ્રધાન)
(ત્રિગુણોની સામ્યાવસ્થા)
સત્વ
૧
રજસ્
૨
તમસ્
૩
૬ મહત્ તત્ત્વ
૭ અહંકાર
પાંચ તન્માત્રાઓ
૮ શબ્દ
૯ સ્પર્શ
૧૦ રૂપ
૧૧ રસ
૧૨ ગન્ધ
પંચ મહાભૂત - આકાશ
૧૩
વાયુ
૧૪
તેજ
૧૫
જલ
૧૬
પૃથ્વી
૧૭
પાંચ કર્મેન્દ્રિય
પાંચ જ્ઞાનેન્દ્રિય
મન
૨૮
વાણી
૧૮
હાથ
૧૯
પગ
૨૦
ગુદા
૨૧
જનનેન્દ્રિય
૨૨
કાન
૨૩
ત્વચા
૨૪
નાક (ઘ્રાણ)
૨૫
આંખ
૨૬
જીભ (રસના)
૨૭

વલ્લભ-વેદાન્ત (પ્રસ્થાન રત્નાકર પર આધારિત)[૧૯]
ડૉ. ધીરજ પ્રકાશ જોષી પાન નં. ૧૭૦

શ્રી પુરુષોત્તમજીએ 'પ્રસ્થાન રત્નાકર' ગ્રંથમાં ગુણોના સ્વરૂપનું વિવેચન કર્યું છે. એનાથી વલ્લભવેદાંતમાં સ્વીકાર્ય ગુણોના સ્વરૂપ પર થોડો પ્રકાશ પાડે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહેવામાં આવેલા ગુણોના અસાધારણ સ્વરૂપે જ એનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

વલ્લભના મતે ગુણોની પ્રવૃત્તિ ભગવદ્ઈચ્છાથી થાય છે. સાંખ્યથી બીજું

અંતર એ પણ છે કે આ ગુણોથી કેવળ પ્રકૃતિનો જ સંબંધ નથી, મૂળ તો એ બ્રહ્મના જ ગુણો છે, માયા કે પ્રકૃતિના નહીં. સૃષ્ટિકાલમાં બ્રહ્મ પોતાની કાર્યાત્મિકા શક્તિ માયાથી એનું ગ્રહણ કરીને ત્રિગુણાત્મિકા સૃષ્ટિની રચના કરે છે.

- સત્વ :

નિર્મલ હોવાના કારણે પ્રકાશક અને સુખાત્મક હોવાથી સુખાસક્તિ દ્વારા દેહમાં દેહાદિની આસક્તિ ઉત્પન્ન કરવાવાળો સત્ત્વ ગુણ છે.

"तत्र सत्त्वं निर्मलत्वा-प्रकाशकमना मयम् ।
सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन चानध ॥६॥

"ત્રણે ગુણોમાં સત્ત્વગુણ નિર્મળ હોવાના કારણે પ્રકાશક અર્થાત તેજ પ્રગટાવનાર અને વિકાર વિનાનો છે, છતાં એ સુખ વડે એટલે કે સુખના અભિમાન વડે જીવાત્માને બાંધે છે."

- રજસ :

રજોગુણ રાગાત્મક છે અને તૃષ્ણા અને અંગદોષનું કારણ છે. એ કર્માસક્તિ દ્વારા દેહાસક્તિ ઉત્પન્ન કરે છે -

"रजो रागात्मकं विद्धि तृष्णासङ्गसमुद्भवम् ।
तन्निबध्नाति कौन्तेय कर्मसङ्गेन देहिनाम् ॥७॥

"રાગ સ્વરૂપના રજોગુણને તું લાલસા અને આસક્તિથી ઉદ્ભવેલો જાણ, એ જીવાત્માને કર્મોના તથા એના ફળોના સંગ વડે બાંધે છે."

- **तमस् :**

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥८॥

"સૌ દેહાભિમાનીઓને મોહિત કરનાર તમોગુણને તો તું અજ્ઞાનમાંથી ઉપજેલો જાણ, એ આ જીવાત્માને પ્રમાદ, આળસ અને નિદ્રા વડે બાંધે છે."[૨૦]

सत्त्वं सुखे सञ्जयति रजः कर्मणि भारत ।
ज्ञानमावृत्य तु तमः प्रमादे सञ्जयत्युत ॥९॥

"સત્ત્વગુણ સુખમાં જોડે છે, રજોગુણ કર્મમાં અને તમોગુણ તો જ્ઞાનને ઢાંકી દઈને પ્રમાદમાં જોડે છે."[૨૧]

- **પુરુષ :**

વલ્લભવેદાન્તમાં ગણાવેલ તત્ત્વોમાં ગુણો પછી પુરુષ અને પ્રકૃતિ આવે છે. આ **પુરુષ** બ્રહ્મની એક અભિવ્યક્તિ-વિશેષ છે. તેઓ કહે છે કે બ્રહ્મ પોતાના અક્ષર રૂપમાં પુરુષ અને પ્રકૃતિના ભેદથી દ્વિવિધ છે. આ રીતે પુરુષ સૃષ્ટિકારણ અક્ષરનું જ એક રૂપ છે. શ્રી પુરુષોત્તમજીએ પુરુષનું લક્ષણ 'આત્મા' કહ્યું છે. तत्लक्षणन्तु आत्मा इति । 'આત્મા' વિશે કહ્યું છે કે દેહ, ઈન્દ્રિય સર્વ પદાર્થોમાં જે વ્યાપ્ત છે, અધિષ્ઠિત છે તેને 'આત્મા' કહે છે.

પ્રકૃતિની સ્થિતિ પણ લગભગ એવી જ છે. એ સાંખ્યની સર્વકારણ મહિમામયી પ્રકૃતિ નથી, પરંતુ વલ્લભવેદાંતમાં સ્વીકૃત બ્રહ્મની મુખ્ય શક્તિ માયાનું જ એક રૂપ છે. એને બ્રહ્મના અક્ષર રૂપની શક્તિ કહી છે. તે માયાથી કોઈ પણ રીતે સ્વતંત્ર નથી. જે રીતે બ્રહ્મ સૃષ્ટિના સંદર્ભમાં 'અક્ષર' કહેવાય છે, એ જ રીતે માયા સૃષ્ટિના સંદર્ભમાં 'પ્રકૃતિ' કહેવાય છે. માયાનું જ એક સ્વરૂપ છતાં એ માયાની સમકક્ષ પણ નથી. પણ પ્રકૃતિ અને માયામાં નિયમ્ય નિયામક ભાવ છે, જેમ અક્ષર અને પુરુષોત્તમમાં છે. સાંખ્યમાં જે સ્થિતિ પ્રકૃતિની છે તે જ શુદ્ધાદ્વૈતમાં માયાની છે. મહત્તત્વ વગેરેની ઉત્પત્તિ પણ પ્રકૃતિથી નહીં, પણ માયાથી જ કહેવાય છે.

- **મહત્ તત્ત્વ :**

પ્રકૃતિમાં રહેલ સત્વ, રજ, તમના ક્ષુબ્ધ થવાથી સર્વપ્રથમ સૃષ્ટિ અવસ્થામાં 'મહત્' ની ઉત્પત્તિ થાય છે. આમ તો પ્રકૃતિના સૂત્ર અને મહત્ બે રૂપ પ્રકટ થાય છે, પણ આ બન્નેમાં સૂત્ર-ક્રિયાશક્તિમાન હોય છે, તથા મહત્ જ્ઞાન-શક્તિમાન. આમ 'સૂત્ર' અને 'મહાન' બન્ને મળીને એક તત્ત્વ 'મહત્' બની જાય છે. મહત્તાત્ત્વનું શરીર હિરણ્યમય અર્થાત્ તેજોમય હોય છે.

- **અહંકાર :**

કાલાદિ દ્વારા 'મહત્તત્ત્વ' માં વિકાર ઉત્પન્ન થવાથી મહત્તત્ત્વથી 'અહંકાર' ની ઉત્પત્તિ થાય છે.

● પાંચ તન્માત્રાઓ - પાંચ મહાભૂતો :

સ્થૂળ ભૂતોની સૂક્ષ્મ અવસ્થાનું નામ તન્માત્રા છે. આ નિર્વિશેષ અથવા સૂક્ષ્મ શબ્દાદિથી તન્માત્રાઓથી સવિશેષ સ્થૂલ આકાશ વગેરે ભૂત ઉત્પન્ન થાય છે. (જલ, પૃથ્વી, વાયુ, અગ્નિ અને આકાશ પંચ મહાભૂતો) તન્માત્રાઓ 'તામસ અહંકાર' નું કાર્ય છે તથા આકાશાદિ સ્થૂલ તત્ત્વોનું ઉપાદાન-કારણ છે.

● પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય :

રાજસ અહંકારથી ઉત્પન્ન થયેલી આ જ્ઞાન અને ક્રિયાની કરણ (સાધનરૂપ) ઈન્દ્રિયો છે. વાણી, પાણિ (કર), ઉપસ્થ, પાદ, પાયુ (ગુદા) એ પાંચ કર્મેન્દ્રિય છે અને કાન, ત્વચા, ઘ્રાણ (નાક), ચક્ષુ અને રસના (જીભ) એ પાંચ જ્ઞાનેન્દ્રિય છે.

● મન :

મનનું વિવેચન કરતાં શ્રી પુરુષોત્તમજી કહે છે કે કર્મ તથા જ્ઞાન એ બન્ને પ્રકારના કાર્યનું સંચાલન કરતું હોવાથી મન ઉભયાત્મક માનવામાં આવે છે. કામ, સંકલ્પ, શ્રદ્ધા, અશ્રદ્ધા વગેરે ગુણ મનના જ છે. એની સાથે સુખ-દુઃખ, પ્રયત્ન અને દ્વેષ પણ મનના જ ગુણ છે, આત્માના નહીં. આંતર-બાહ્ય બન્ને પ્રકારના કાર્ય મનથી જ થાય છે. મન એક ઈન્દ્રિય છે, જે વ્યાપક ન હોવા છતાં અણુ પરિમાણવાળી છે. એ પરમાત્માથી ઉત્પન્ન થાય છે એટલે નિત્ય નથી પણ અનિત્ય છે. મન એક સાથે જ અનેક ઈન્દ્રિયો સાથે જોડાઈ શકે છે.

તત્ત્વોની ઉત્પત્તિનો ક્રમ એ જ છે કે જે સર્વમાન્ય અને સર્વ સ્વીકૃત છે. પ્રકૃતિથી મહત્, મહત્‌થી અહંકાર, અહંકારથી પાંચ તન્માત્રાઓ, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠી ઈન્દ્રિય મન, પાંચ તન્માત્રાઓથી પંચમહાભૂતોની ઉત્પત્તિ થાય છે. વલ્લભ મનની ક્રિયાત્મકતા અને જ્ઞાનમયતાનો સ્વીકાર કરી અને છઠ્ઠી ઈન્દ્રિય તરીકે સ્વીકારે છે. શ્રી વલ્લભના મતે અન્તઃકરણ, ઈન્દ્રિયો, તન્માત્રાઓ અને મહાભૂત ત્રિગુણાત્મક છે, પરંતુ તેમની ગુણમયતા અને પ્રાકૃતતાને કારણે નહીં પણ બ્રહ્માત્મક હોવાના કારણે છે, કેમ કે ગુણો પણ બ્રહ્માંશ જ છે. અંતઃકરણ સાત્વિક છે. ઈન્દ્રિયો સાત્ત્વિક-રાજસ છે, તન્માત્રાઓ રાજસ્-તામસ છે અને મહાભૂત તામસ છે.

આ ૨૮ તત્ત્વો ઉપરાંત વલ્લભવેદાન્તમાં કાલ, કર્મ અને સ્વભાવને પણ જગત નિર્માણમાં સહાયક ગણવામાં આવ્યા છે પણ એ ઈશ્વરના અભિન્ન સ્વરૂપ છે.

- કાલ :

કાલ બે પ્રકારના છે નિત્ય અને વ્યવહારિક. નિત્યકાલમાં સત્ત્વ, રજ અને તમ એ ત્રણે છે પણ વ્યવહારિક કાલમાં કેવળ સત્યાંશ પ્રકટ થાય છે. કાલનું કામ છે પ્રકૃતિના ગુણોની સામ્યાવસ્થાને વિક્ષુબ્ધ કરવાનું. કાલ અતીન્દ્રિય છે. એનું અનુમાન કેવળ કાર્યોના સ્વરૂપથી જ કહી શકાય છે. કર્મ અને સ્વભાવ કાલના જ ભાગ છે.

- કર્મ :

કર્મ સાર્વભૌમ છે, એ જ 'દૈવ' છે. મનુષ્યના સર્વ સત્-અસત્ કર્મ એનું જ આંશિક રૂપ છે. કર્મ જ વ્યક્તિઓના ફળને નિશ્ચિત કરે છે, એટલે એને 'અદૃષ્ટ' માનવાની જરૂર નથી. ઈશ્વર દ્વારા રચિત સર્વવ્યાપી કર્મ જ સર્વ જીવાત્માઓના 'કર્મ-ફળ' નિશ્ચિત કરવામાં 'અદૃષ્ટ'નું કામ કરે છે.

સ્વભાવ પણ એક સાર્વભૌમ તત્ત્વ છે અને એનો વ્યાપાર પણ ઈશ્વરની ઈચ્છાથી નક્કી થાય છે એટલે એને પરિણામનું કારણ કહેવાય છે.

આ સર્વથી એક વાત ફલિત થાય છે, જે છે શ્રી વલ્લભની સમન્વયાત્મક દૃષ્ટિ. આ સમન્વય પરબ્રહ્મ પુરુષોત્તમની અદ્વિતીયતાને અક્ષુણ્ણ રાખવાની દૃષ્ટિથી કરવામાં આવ્યો છે. જુદા જુદા દરેક શાસ્ત્રો અને દર્શનોમાં માન્યતા પ્રાપ્ત સર્વ તત્ત્વોનો અન્તર્ભાવ આચાર્યશ્રી 'પુરુષોત્તમ'માં કરવાનો પ્રયત્ન કરે છે. એમની આ પ્રવૃત્તિ તેમના દર્શનમાં સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે, ચાહે તેઓ બ્રહ્મના સ્વરૂપ પર વિચાર કરતા હોય કે ચાહે માયાનો, ચાહે જીવનું નિરૂપણ કરતા હોય કે ચાહે જગતનું. આ જ વાત સૃષ્ટિ-ક્રમમાં પણ સ્પષ્ટ થાય છે. જ્ઞાનીઓના ઉપાસ્ય 'અક્ષર'નો આવિર્ભાવ એમણે પુરુષોત્તમમાં કર્યો એ ઉલ્લેખનીય છે. સાંખ્યોક્ત પ્રકૃતિ અને પુરુષ પણ સ્વતંત્ર તત્ત્વો ન રહેતા બ્રહ્મના કારણ સ્વરૂપ અન્તર્ગત બની રહ્યા. શ્રી વલ્લભ પ્રકૃતિની કારણતા સ્વીકારે છે પણ એને અક્ષરની શક્તિ બનાવીને શક્તિ શક્તિમાનથી અભિન્ન હોય છે એટલે કારણતા 'અક્ષર' ની થઈ. એ અક્ષર પુરુષોત્તમના કારણ સ્વરૂપથી વિશેષ કાંઈ નથી. એ રીતે અંતે બાકી રહે છે પરબ્રહ્મ પુરુષોત્તમ જ. વૈશેષિકે જે કાલનો દ્રવ્યાન્તર માન્યો એને વલ્લભે બ્રહ્મની અભિવ્યક્તિ બનાવ્યો. કાલ, કર્મ અને સ્વભાવ સૃષ્ટિના સાધારણ કારણ છે પરંતુ સ્વતંત્ર રૂપે નહીં. એ સર્વને વિભિન્ન કાર્યોમાં પ્રયોજીત બ્રહ્મના જુદા જુદા અંશો રૂપે સ્વીકારવામાં આવ્યા. એ સર્વ અંશો પોતાના અંશી પુરુષાત્તમથી નિયંત્રિત છે. આ રીતે શ્રી વલ્લભે સર્વ તત્ત્વોનો સમન્વય પરબ્રહ્મ પુરુષોત્તમમાં કરી દીધો.

- માયા :

માયાની અવધારણા (Hypothesis) ભારતીય દર્શનની મુખ્ય વિશેષતાઓમાંની એક છે. ભારતીય દર્શનના મોટાભાગના મતવાદોમાં, ખાસ કરીને આસ્તિક દર્શનોમાં આ માયા તત્ત્વનું વિશેષ મહત્વ રહ્યું છે. માયા બ્રહ્મ અને એની અભિવ્યક્તિ - આ જગત સાથે ઘનિષ્ઠ રૂપે જોડાયેલી છે. ક્યાંક એ વિશ્વના કારણ રૂપે સામે આવે છે, તો ક્યાંક સ્પષ્ટીકરણના રૂપમાં. એને બ્રહ્મની શક્તિ માનવામાં આવે કે ઉપાધિ, પણ પ્રત્યેક દશામાં બ્રહ્મ અને જગત એ બન્નેમાં એની સ્થિતિનો સ્વીકાર કરવો અનિવાર્ય છે. શ્રી વલ્લભનો મત છે કે માયા શબ્દનો પ્રયોગ શાસ્ત્રોમાં અને લોકવ્યવહારમાં અનેક અર્થમાં કરવામાં આવે છે. એમાંના કેટલાક અર્થ આ પ્રમાણે છે. (૧) ભગવાનની સર્વભવન સામર્થ્ય રૂપ માયા (૨) વ્યામોહિકા શક્તિરૂપ માયા (૩) ઈન્દ્રજાળની માયા (૪) કપટતા વગેરે.

શ્રી વલ્લભનો ચોક્કસ મત છે કે "માયા ભગવાનની શક્તિ છે." એમાં કોઈ સંદેહ નથી. એ વાત શાસ્ત્રોથી સિદ્ધ છે અને એમાં તર્કની આવશ્યકતા નથી. સૃષ્ટિ રચનાના સંદર્ભમાં જ્યારે માયાનો ઉલ્લેખ થાય છે ત્યારે એનો અર્થ ભગવાનની સર્વભવન સામર્થ્ય રૂપા શક્તિ અથવા કંઈ પણ કરવાની અથવા થઈ શકવાની શક્તિ. આ માયાશક્તિ ભગવાનમાં જ રહેલી છે. એ કોઈ બહારનો પદાર્થ નથી કે જેનાથી ભગવાન દોરાઈ જાય કે ઉપહિત (Conditioned) થઈ જાય છે. આ શક્તિ બીજા ઉપર આશ્રિત પણ નથી. જે પ્રમાણે મનુષ્યમાં કર્મ કરવાની શક્તિ હોય છે અને એ શક્તિ એ પુરુષમાં રહેલી જ હોય છે, બહારથી પ્રાપ્ત શક્તિ નથી એ પ્રમાણે જ માયા શક્તિ ભગવાનમાં રહેલી જ છે.

પુરાણોના મત પ્રમાણે માયા એ જગત રચનાનું એક સાધન માત્ર છે અને તે પણ બ્રહ્મના સ્વરૂપથી જુદું નથી. જેવી રીતે સોનાની મૂર્તિ બનાવવા માટે સોનાને ગરમ કરીને પ્રવાહી બનાવીને એને બીબામાં (સાંચામાં) ઢાળી દેવામાં આવે છે ત્યારે એ બીબા જેવી જ મૂર્તિનો આકાર બની જાય છે. અને એ મૂર્તિ સોનાની હોય છે. એ રીતે ભગવાન સ્વયં માયાના બીબામાં પોતાને જગતના રૂપમાં ઢાળે છે, એટલે માયાને સાધન બનાવીને રચેલું આ જગત પણ ભગવદ્‌રૂપ જ છે, મિથ્યા નથી. વેદોમાં કહ્યું છે કે ભગવાન પોતે જ પોતાને જગતરૂપ કરી લે છે. વેદમાં માયાને સાધન નથી બતાવી પણ પુરાણોમાં માયા-રૂપ સાધનનો

ઉલ્લેખ છે. શ્રી વલ્લભે બીબાનો દાખલો આપી બન્ને માન્યતાઓનું સામંજસ્ય કરીને બન્નેની એકરૂપતા સિદ્ધ કરી. બન્ને રીતે એમણે જગતની ભગવદ્-રૂપતા સિદ્ધ કરી છે.

● વ્યામોહિકા માયા :

ભગવાનની શક્તિ વ્યામોહિકા માયા પણ છે. એ જીવને મોહમાં નાખીને ભ્રમ ઉત્પન્ન કરે છે. એક બાજુ ભ્રમ પેદા કરીને પદાર્થનું વાસ્તવિક રૂપ પ્રગટ થવા દેતી નથી અને બીજી બાજુ પદાર્થના વાસ્તવિક રૂપથી ભિન્ન અલગ રૂપની પ્રતીતિ કરાવે છે. બ્રહ્મવેત્તાઓને તો આ પ્રતીતિ થાય છે પણ વ્યામોહિકા માયાથી મોહિત જીવોને જગતના પદાર્થો એકબીજાથી ભિન્ન છે એવો અબ્રહ્મત્વભાવ ઉત્પન્ન થાય છે. દોરડામાં સાપ હોતો નથી પણ ભ્રમિત બુદ્ધિથી દોરડામાં સાપ દેખાય છે. આ રીતે માયા વસ્તુઓના વાસ્તવિક રૂપને આચ્છાદિત કરીને એમાં બીજાની પ્રતીતિ કરાવે છે.

શુદ્ધાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે પ્રભુની પ્રકૃતિ કે માયારૂપ શક્તિથી જગતનો આવિર્ભાવ થાય છે. આ માયાશક્તિ દ્વારા તે અસંખ્ય નામ અને રૂપ દ્વારા પોતાને અભિવ્યક્ત કરે છે. જુદા જુદા રૂપોમાં એનો આવિર્ભાવ-તિરોભાવ આ માયાથી જ થાય છે. બ્રહ્મના સંદર્ભમાં માયાની સ્થિતિ એ છે કે જે પુરુષના સંદર્ભમાં એની 'કાર્યકારણ સામર્થ્ય'ની હોય છે.

"माया हि भगवतः शक्ति सर्वभवनसामर्थ्या रुपा तत्रैव स्थिता । यथा पुरुषस्य कर्मकारणादि । सामर्थ्यम् ।"[२२]

બ્રહ્મની શક્તિ હોવાથી માયા અસત્ ન હોઈ શકે, કેમ કે સત્ બ્રહ્મ સાથે અસત્ માયાનો સંબંધ સંભવ નથી. જો શક્તિ અસત્ હોય તો શક્તિમાનનું અસત્ હોવું પણ નક્કી છે. વલ્લભનું બ્રહ્મ વાસ્તવિક અર્થમાં શક્તિમાન છે, એનું શક્તિત્વ પ્રાતીતિક કે ઔપાધિક નથી પણ સ્વાભાવિક છે. વલ્લભના સિદ્ધાંતમાં બ્રહ્મની કોઈ ઉપાધિ નથી એથી એના ધર્મોને ઔપાધિક કે અવાસ્તવિક સ્વીકારવાનો કોઈ પ્રશ્ન જ નથી. બ્રહ્મની શક્તિ માયા પણ બ્રહ્મની જેમ જ સત્ય અને નિત્ય છે. શુદ્ધાદ્વૈત મતમાં 'સત્' હોવાની પહેલી અને છેલ્લી અપેક્ષા બ્રહ્મથી અભિન્ન હોવું એ છે. માયા એ દૃષ્ટિએ 'સત્' છે, બ્રહ્મથી ભિન્ન કોઈ તત્ત્વાન્તર રૂપમાં એના અસ્તિત્વનો વલ્લભ સ્વીકાર નથી કરતા. માયાની સત્યતાનો અર્થ છે માયાની બ્રહ્માત્મકતા.

શ્રી વલ્લભનો આ સિદ્ધાંત સ્પષ્ટરૂપે શંકરના માયા-સિદ્ધાંતથી ભિન્ન છે. ખરેખર તો વલ્લભ માયાવાદની પૂરી વ્યવસ્થાના જ વિરોધી છે. વલ્લભને વ્યવહારિક સત્તા અને પારમાર્થિક સત્તા જેવી બે તથાકથિત સ્થિતિ માન્ય નથી. આમ જોવા જઈએ તો શંકરને પણ બ્રહ્મની બે સત્તાઓ માન્ય નથી. જ્યારે તેઓ પારમાર્થિક અને વ્યાવહારિક સત્તાઓની વાત કરે છે ત્યારે બે સત્યોની વાત નથી કરતા પણ સત્ય અને સત્યના આભાસની જ વાત કરે છે. 'સત્ય' સદૈવ એક જ હોય છે, બે નહીં. સત્યના એકત્વની બાબતમાં શંકર અને વલ્લભ વચ્ચે કોઈ ભેદ નથી. ભેદ એ છે કે વલ્લભ સત્યનો કોઈ આભાસ કે અવિદ્યાત્મક પ્રતીતિ સ્વીકારતા નથી. જ્યારે શંકર એને વ્યાવહારિક સ્તર પર તો સ્વીકારે જ છે. દૃષ્ટિનું આ અંતર બન્નેના માયા સંબંધી સિદ્ધાંતોના અંતરનું પણ કારણ બને છે. વલ્લભ વિશ્વને બ્રહ્મના પરિણામ તરીકે સ્વીકારે છે, એટલે માયાની કલ્પના બ્રહ્મના સર્વભવન સામર્થ્યના રૂપમાં કરે છે. શંકર વિશ્વને બ્રહ્મનો આભાસ માને છે એટલે આ આભાસની શક્યતાના રૂપમાં તેઓ માયાને બ્રહ્મની ઉપાધિના રૂપે સ્વીકારે છે કારણકે આભાસ યા પ્રતિબિમ્બની સ્થિતિ કોઈ શક્યતા (આધાર) કે ઉપાધિ વિના સંભવ નથી હોતી. માયાની ઉપાધિના રૂપે સ્વીકૃતિ જ વલ્લભના મત પ્રમાણે શંકરના મતની સૌથી મોટી અનુપપત્તિ છે, અને એનો વિરોધ કરતા તેઓ એ સંબંધી સર્વ સિદ્ધાંતોનો વિરોધ કરે છે. બ્રહ્મનું નિર્વિશેષત્વ, સગુણ બ્રહ્મની પરિકલ્પના, એનું માયાતત્ત્વ, જીવનું પ્રતિબિંબત્વ, જગતનું આભાસ રૂપત્વ વગેરે મુખ્ય સિદ્ધાંતો છે, જેનું વલ્લભે વિસ્તારપૂર્વપક ખંડન કર્યું છે. આશ્ચર્ય એ વાતનું છે કે માયાવાદ અને એનાથી પ્રેરિત, જીવ અને સૃષ્ટિના માયિકત્વનો તીવ્ર વિરોધ કરવા છતાં એમણે શંકરના માયાવાદના ખંડન પર વિશેષ ધ્યાન નથી આપ્યું. માયાનું જે પણ ખંડન છે તે જીવનું પ્રતિબિમ્બત્વ ખંડન અથવા સૃષ્ટિના માયિકત્વ-ખંડનના પ્રસંગે જ કર્યું છે. સ્વતંત્ર રીતે સદ્-અસદ્‌થી વિલક્ષણ, અનિર્વચનીય, ભાવરૂપ જે માયા છે તેનું ખંડન વલ્લભે વિશેષ રૂપે નથી કર્યું. આમ પણ વલ્લભની એ વિશેષતા છે કે પરપક્ષખંડનની અપેક્ષાએ તેઓ સ્વપક્ષ સ્થાપનમાં જ વધારે રુચી ધરાવે છે. શંકર અને વલ્લભના મતમાં એક બીજું મહત્વનું અંતર એ છે કે શંકર માયા અને અવિદ્યાને અભિન્ન માને છે જ્યારે વલ્લભ એ બન્નેને જુદા જુદા માને છે. અવિદ્યા માયાની શક્તિ છે પણ એમાં એક અવાન્તર ભેદ છે. આ અવિદ્યા જ અધ્યાસરૂપા છે, માયા નહીં. માયાને જો વ્યામોહિકા કહેવામાં આવે છે એ આ અવિદ્યા સંબંધમાં જ કહેવામાં આવે છે. બન્નેના મતમાં આ

ભેદ છે કે શંકરની માયા અથવા અવિદ્યાની જેમ વલ્લભની માયા અને અવિદ્યા અસત્ નથી. બન્ને સત્ અને ભગવાનની શક્તિઓ છે. આ વિવેચન પરથી સ્પષ્ટ થાય છે કે વલ્લભવેદાન્તમાં માયા ન તો અસત્ છે કે ન તો ઉપાધિ. એ બ્રહ્મની કાર્યકારણાત્મિકા શક્તિ છે તથા અવિદ્યાના માધ્યમથી અધ્યાસનું કારણ બને છે પણ સ્વયં અધ્યાસરૂપા નથી. બ્રહ્મને જે 'માયી' કહેવાય છે તે આ માયાશક્તિથી યુક્ત હોવાને કારણે જ કહેવાય છે.

વલ્લભની માયા સંબંધી અવધારણા રામાનુજની ખૂબ સમીપ છે. રામાનુજ પણ માયા તથા અવિદ્યાને જુદા ગણે છે. એમના મતે માયા બ્રહ્મની 'વૈચિત્ર્યશાલિની' શક્તિ છે, બ્રહ્મની ઉપાધિ કે અજ્ઞાન નહીં. રામાનુજ માયાને પરમાત્માની નિત્ય શક્તિ માને છે, જે સર્જનશીલ છે. રામાનુજના મતે માયાને કારણે બ્રહ્મમાં અવસ્થિત અચિત્ તત્ત્વમાં વાસ્તવિક વિકાર ઉત્પન્ન થાય છે, અથવા માયા બ્રહ્મમાં પરિણામ ઉત્પન્ન કરે છે. જ્યારે શ્રી વલ્લભના મતે બ્રહ્મમાં કોઈ વિકાર ઉત્પન્ન થતો નથી, જેને તેઓ અવિકૃત-પરિણામવાદ કહે છે. શંકરપણ માયાને ઈશ્વરની શક્તિ તો માને છે પણ તેને ઈશ્વરની નિત્ય ઈચ્છા ન માનકર **અનિત્ય** માને છે, જેને એ જ્યારે ઈચ્છે ત્યારે છોડી શકે છે. શંકરના મત પ્રમાણે બ્રહ્મમાં કોઈ વાસ્તવિક વિકાર અથવા પરિવર્તન થતું નથી. વિકાર કેવળ આભાસી છે એટલે માયાથી વિવર્ત (આભાસ) થાય છે, વિકાર કે પરિણામ નહીં.

વલ્લભના મત પ્રમાણે માયા ભગવાનની સ્વાભાવિક શક્તિ છે કે જે ભગવાનમાં જ રહેલી છે અને એનામાં સર્વ કંઈ થવાની અને સર્વ કંઈ કરવાની શક્તિ છે. જગતની રચનામાં એ બીબાનું (સાંચાનું) કામ કરે છે. જીવની દૃષ્ટિએ માયાના બે રૂપ છે, અવિદ્યા-માયા, વિદ્યા-માયા. આ બન્નેનો જીવ પર પ્રભાવ પડે છે. જે રીતે માયા સૃષ્ટિની કારણભૂત છે એ રીતે અવિદ્યા સંસારની કારણભૂત છે. વલ્લભની દૃષ્ટિએ જગત અને સંસાર જુદા છે, જગત સત્ય છે અને સંસાર મિથ્યા. વલ્લભના મતે જગત કે જે સત્ય છે અને બ્રહ્માત્મક છે તે જીવના બંધનનું કારણ નથી, પણ આ જગતમાં જીવની જે દ્વૈતબુદ્ધિ છે એ જ એના બંધનનું કારણ છે, અને આ 'દ્વૈતબુદ્ધિ' જ સંસાર કહેવાય છે, અને અવિદ્યા એની જનની છે. "અવિદ્યા જીવોને વ્યામોહન કરીને જીવ-સંસારનું નિર્માણ કરે છે."[૨૩]

ખાસ વાત તો એ છે કે અવિદ્યા કૃત સંસાર મિથ્યા હોવા છતાં સ્વયં

અવિદ્યા અસત્ નથી. "સામાન્ય રીતે બ્રહ્મની શક્તિ કહેવાય છે પણ વિચાર કરતાં એ બ્રહ્મના જીવ રૂપ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલી હોવાથી વલ્લભ એને જીવની શક્તિ પણ કહે છે."[૨૪]

વિદ્યા અને અવિદ્યા એ બન્ને ભગવાનની જ શક્તિઓ છે. એનાથી માત્ર જીવ જ પ્રભાવિત થાય છે, જડ કે અંતર્યામી નહીં. અવિદ્યાને કારણે જીવને સ્વરૂપ વિસ્મૃતિ થઈ જાય છે. અને જીવને દેહાધ્યાસ થાય છે. અવિદ્યાને કારણે જીવને દુઃખ થાય છે અને અવિદ્યાથી ગ્રસ્ત બંધાયેલો જીવ જન્મ-મરણના દુઃખાત્મક સંસારમાં ફસાય છે. અવિદ્યા બંધનકર્તા છે અને વિદ્યા મુક્તિ દાતા છે.

स्वरुपाज्ञानमेकं हि पर्व देहेन्द्रियासवः ।
अन्तःकरणमेषां हि चतुर्द्धाऽध्यास उच्यते ॥
पंचपर्वा त्वविद्येयं यद्बद्धो याति संसृतिम् ।
विद्ययाऽविद्यानाशे तु जीवो मुक्तो भविष्यति ॥[२५]

અવિદ્યાના પાંચ પર્વ છે. (૧) અંતઃકરણાધ્યાસ (૨) પ્રાણાધ્યાસ (૩) ઈન્દ્રિયાધ્યાસ (૪) દેહાધ્યાસ અને (૫) સ્વરૂપ-વિસ્મૃતિ. કોઈ વસ્તુમાં બીજી કોઈ વસ્તુનો ભ્રમ થવો અથવા અજ્ઞાન વશ આરોપ કરવો એને અધ્યાસ કહેવાય છે. અંતઃકરણાધ્યાસમાં જીવ પોતાને અંતઃકરણથી અભિન્ન માને છે. સર્વપ્રથમ માયાથી મહત્ તત્ત્વની ઉત્પત્તિ થાય છે અને મહત્‌થી અહંકારની ઉત્પત્તિ થાય છે. મહત્ અને અહંકારને અંતઃકરણ કહેવાય છે એટલે સૌથી પહેલો અંતઃકરણાધ્યાસ થાય છે. એને કારણે જીવને અહંકાર થાય છે અને પોતે 'હું કર્તા છું' 'હું ભોક્તા છું' એમ માનવા લાગે છે. અહંનું રૂપાન્તર પ્રાણ છે. એટલે પછી પ્રાણાધ્યાસ થાય છે ત્યારે જીવ પ્રાણ ધર્મને જ પોતાનું સ્વરૂપ માનવા લાગે છે, એને પ્રાણાધ્યાસ કહેવાય. ત્યારબાદ જીવ પોતાની ઈન્દ્રિયો વિશે જ વિચાર કરે છે કે 'હું ભૂખ્યો છું, હું તૃપ્ત છું, હું સુંદર છું' વગેરે વગેરે. એને ઈન્દ્રિયાધ્યાસ કહે છે. પછી જીવ પોતાના સમગ્ર પંચભૌતિક દેહને જ પોતાનું સ્વરૂપ માનવા લાગે છે એને દેહાધ્યાસ કહેવાય છે. અને જ્યારે જીવ, અંતઃકરણ, પ્રાણ, ઈન્દ્રિય, દેહ વગેરેનો વિચાર કરીને પોતે જ આ સર્વ છે એનાથી જુદો નથી, અને એના ધર્મોને જ જીવ જ્યારે પોતાના ધર્મો માનવા લાગે છે ત્યારે સ્વરૂપાધ્યાસ થાય છે. જીવને પોતાના સ્વસ્વરૂપનું વિસ્મરણ થાય છે અને સંસારના બંધનમાં પડી સુખદુઃખને પામે છે.

- વિદ્યાશક્તિ :

तस्य ज्ञानाद्धि कैवल्यम् विद्याविनिवृत्तितः ।
वैराग्यं सांख्ययोगौ च तपोभक्तिश्च केशवे ॥
पञ्चपर्वैति विद्येयं यथा विद्वान् हरिं विशेत् ।
सत्त्वसृष्टिप्रवृत्तानां दैवानां मुक्तियोग्यता ॥[૨૬]

"વિદ્યા દ્વારા જ્ઞાનથી અવિદ્યાની નિવૃત્તિ થતાં કૈવલ્યની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન, સાંખ્ય, યોગ, તપ અને ભગવદ્ભક્તિ એ પાંચ વિદ્યાના પર્વો છે." પાંચ પર્વા વિદ્યાથી જ્ઞાની બ્રહ્મમાં શ્રીહરિમાં પ્રવિષ્ટ થાય છે અને સર્વ પ્રથમ વિષયોમાંથી વિરાગ, વિતરણ અને વિતૃષ્ણ થાય છે. એ પછી નિત્ય અને અનિત્યનો વિવેક જાગૃત થાય છે. જેના પરિણામે સર્વ પદાર્થોનો ત્યાગ થાય છે. ત્યાગ બાદ એકાંતમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એમ અષ્ટાંગ યોગની સાધનાની ધીરે ધીરે શરૂઆત થાય છે અને મન એકાગ્ર થવાથી (ચિંતન-મનન દ્વારા) તપની અવસ્થા પ્રાપ્ત થાય છે. અંતે ભગવાનની નિરંતર ભાવનાથી પ્રભુ પ્રત્યે પ્રેમ-રૂપાભક્તિ પ્રાપ્ત થાય છે. "આ પંચ પર્વા વિદ્યા છે કે જે વડે જ્ઞાની પ્રભુમાં પ્રવેશે છે. સત્ત્વ સૃષ્ટિમાં પ્રવૃત્ત થયેલા જીવોને દૈવીની યોગ્યતા પ્રાપ્ત થાય છે."

વિદ્યા કાલ પરિચ્છિન્ન છે ક્યારેક એનો નાશ થવાની સંભાવના પણ રહે છે, એટલે વિદ્યા પ્રાપ્તિ થવાથી જ મુક્તિ મળી જતી નથી. એવી સ્થિતિમાં સ્વતંત્ર ભક્તિ અને સાયુજ્યની પ્રાપ્તિ માટે ભગવદ્-ભજનનો જ આશ્રય લેવો પડે છે.

"दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥"

"ગીતામાં માયાને દૈવી, ગુણમયી અને દુરત્યયા કહી છે. તેમજ પ્રભુશરણથી તેને તરી શકાય છે."[૨૭]

પ્રસ્તુત શ્લોકના સંદર્ભમાં શ્રી વલ્લભ કહે છે "**विद्याऽविद्ये हरेः शक्ति मायायैव विनिर्मिते।** અર્થાત્ વિદ્યા અને અવિદ્યા એ બન્ને ભગવાન હરિની શક્તિઓ છે, જે માયા દ્વારા વિનિર્મિત છે એટલે કે માયાને આધીન છે." એમ કહી તેઓ પ્રસ્તુત શ્લોકના '**मामेव ये प्रपद्यन्ते**' શબ્દો ટાંકે છે અને કહે છે આ વાક્યથી સિદ્ધ થાય છે કે ભક્તિની ઉપલબ્ધિ થતાં અવિદ્યા અને વિદ્યા બન્નેની

નિવૃત્તિ થાય છે. શ્રી પુરુષોત્તમજી પણ શ્રી વલ્લભના મતને સમર્થન આપતાં કહે છે, "માયા સાથેના સંબંધ માત્રથી બ્રહ્મ માયાધીન થઈ જતું નથી. પાશ ધારણ કરનાર પાશાધીન થઈ જતો નથી તેમજ મેઘાવૃત સૂર્ય મેઘાધીન થતો નથી. આ પ્રમાણે માયા પણ ભગવદ્રૂપ હોવાથી તે ભગવદાધીન, બ્રહ્મ માયાધીન નથી."[૨૮]

બ્રહ્મને માયાનો સંબંધ થતો નથી તેથી તે શુદ્ધ કહેવાય છે. શેવાળથી ઢંકાયેલું પાણી જોઈ શકાતું નથી. તેમ સૃષ્ટિ-સર્જનમાં ઉત્પન્ન થયેલી ગુણમયી માયાથી ઢંકાયેલા પૂર્ણ પુરુષોત્તમને પણ સામાન્ય મનુષ્ય જોઈ શકતા નથી. જેટલી શેવાળ દૂર કરો એટલું પાણી જોઈ શકાય છે. તેમ પૂર્ણ પુરુષોત્તમ જેટલી માયા દૂર કરી દે છે તેટલા અંશમાં એ અભિવ્યક્ત થાય છે.

શ્રી વલ્લભના સિદ્ધાંતોની વિશેષતા એ છે કે તેઓ એના નિરૂપણમાં હંમેશાં વિશ્લેષણાત્મક રહ્યા છે. વલ્લભ મોટે ભાગે એક જ તત્ત્વના અનેક રૂપો અને સ્થિતિઓનું પ્રતિપાદન કરે છે. એ સર્વ રૂપ અને સ્થિતિઓ વાસ્તવિક હોય છે અને એમાં નિયમ્ય-નિયામક ભાવ પણ હોય છે. માયાના સિદ્ધાંતમાં પણ એમ જ છે. વલ્લભ માયા તથા વિદ્યા-અવિદ્યા અને પ્રકૃતિમાં નિયમ્ય-નિયામક ભાવ સ્વીકારે છે. વિદ્યા-અવિદ્યા અને પ્રકૃતિ માયા દ્વારા જ નિયંત્રિત થાય છે.

સંદર્ભસૂચિ

૧. તત્ત્વાર્થદીપનિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા ૨૮-૨૯, 'विस्फुलिङ्गा इवाग्रेस्तु सदंशेन जडा अपि.......'

૨. डॉ. गजानन शर्मा - श्रीमद् वल्लभाचार्यव्यक्तित्व, सिद्धांत और संदेश पृष्ट नं. १५४ का सारांश

૩. A History of Indian Philosophy, Vol. IV, By S.N. Dasgupta Publisher Cambridge University Press, 1949

૪. બ્રહ્મસૂત્ર - અણુભાષ્ય ૧-૧-૫ "वेदाश्च प्रमाणभूताः ततः सर्वभवनसामर्थ्यमेव.......,

૫. બ્રહ્મસૂત્ર - અણુભાષ્ય સૂત્ર ૨-૨-૩૦

૬. તત્ત્વાર્થદીપનિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા ૬૩ वाचारम्भाणवाक्यानि....

૭. તત્ત્વાર્થદીપનિબધ, શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા ૧ नमो भगवते અને એના ઉપરની પ્રકાશ ટીકા.

૮. ભગવદ્ગીતા, અધ્યાય ૧૬, શ્લોક ૮

૯. डॉ. गजानन शर्मा – श्रीमद् वल्लभाचार्य – व्यक्तित्व, सिद्धांत और संदेश પાન નં. ૧૫૫ નો સારાંશ

૧૦. શ્રી ગિરિધરજી કૃત "शुद्धाद्वैतमार्तण्ड – श्लोक – १५

૧૧. તત્ત્વાર્થદીપનિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા ૭૧-૭૨

अनन्तमूर्ति तद ब्रह्मम् .... आविर्भाव तिरोभावे........

૧૨. શ્રી ગિરિધરજી કૃત "शुद्धाद्वैत मार्तण्डं શ્લોક ૧૨-૧૩

૧૩. डॉ. राजलक्ष्मी वर्मा – आचार्य वल्लभ और उनका दर्शन પાન નં. ૧૬૪ નો સારાંશ

૧૪. શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્ - પ્રો.જેઠાલાલ ગો. શાહ ઉપોદ્ઘાત પાન નં. ૮૧-૮૨ નો ટૂંકસાર

૧૫. તત્ત્વાર્થદીપનિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા - ૨૩

૧૬. તત્ત્વાર્થદીપનિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા - ૨૩

ઉપરની શ્રી વલ્લભાચાર્ય કૃત પ્રકાશ ટીકા

૧૭. તત્ત્વાર્થદીપનિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા - ૨૪

૧૮. તત્ત્વાર્થદીપનિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા - ૩૧, ૩૨, ૩૩

૧૯. ડૉ. ધીરજ પ્રકાશ જોષી - વલ્લભ વેદાન્ત (પ્રસ્થાન રત્નાકર પર આધારિત) પાન નં. ૧૭૦

૨૦. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૪ - શ્લોક ૬, ૭, ૮

૨૧. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૪ - શ્લોક ૮

૨૨. તત્ત્વાર્થદીપનિબંધ, ૧/૨૭ પર પ્રકાશ ટીકા.

૨૩. તત્ત્વાર્થદીપનિબંધ, ૧/૩૨ પર પ્રકાશ ટીકા.

૨૪. તત્ત્વાર્થદીપનિબંધ - પ્રકરણ ૨/૧૨૦

"अविद्या जीवास्य........

૨૫. તત્ત્વાર્થદીપનિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા ૩૨-૩૩

૨૬. તત્ત્વાર્થદીપનિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા ૪૫-૪૬

૨૭. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૭ શ્લોક ૧૪

૨૮. તત્ત્વાર્થદીપનિબંધ, શા. પ્રકરણ કારિકા ૬૭ ઉપરની શ્રી પુરુષોત્તમજીની ટીકા.

પ્રકરણ - ૭ : અન્ય અદ્વૈતવાદ સાથે તુલનાત્મક સમીક્ષા

ભારતીય તત્ત્વજ્ઞાનમાં વેદાંત દર્શનોનો મુખ્ય વિષય બ્રહ્મ છે અને એને ઓળખવા માટે એનું પ્રતિપાદન કરવા માટે બ્રહ્મ જિજ્ઞાસુઓ માટે પરમ પ્રમાણ, શ્રુતિ-વેદ છે. એટલે સર્વ જિજ્ઞાસુઓએ-ચિંતકોએ એનો સ્વતઃપ્રમાણ તરીકે સ્વીકાર કર્યો છે.

વેદાંત દર્શનની આધાર - ભૂમિ ઉપનિષદોને ગણવામાં આવી છે. ઉપનિષદોની આ શ્રુતિઓમાં બ્રહ્મ, જીવ અને જગતનો સ્વીકાર કરી એ સર્વ વચ્ચે રહેલા સંબંધો વિશેના સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ક્યારેક શ્રુતિઓમાં રહેલા આ ચિંતનમાં વિરોધાભાસ પણ જોવા મળે છે. દા.ત. કેટલીક શ્રુતિઓમાં બ્રહ્મનું વિરોધાભાસી વર્ણન મળે છે જેમ કે બ્રહ્મ સગુણ પણ છે, બ્રહ્મ નિર્ગુણ પણ છે. બ્રહ્મ ચલ પણ છે, કૂટસ્થ પણ છે, એ પગ વિના દોડી શકે છે, આંખ વિના જોઈ શકે છે વગેરે વગેરે. આ બધી વિચારધારાઓમાં એક વાક્યતા અને સુસંગતતા લાવી એને સંગઠીત કરવાનું શ્રેય બાદરાયણને જાય છે. એમનું મુખ્ય ધ્યેય ઉપનિષદના જુદા જુદા મુખ્ય સિદ્ધાંતોને એકત્ર કરી વેદો અને ઉપનિષદોને પુનઃ સ્થાપિત કરવાનું હતું અને જે કંઈ ગેરસમજ કે વિપરિત વિચારધારાઓ હતી તે દૂર કરવાની હતી. બધાં જ આચાર્યો માને છે કે બાદરાયણે 'બ્રહ્મસૂત્ર' રચી ભારતીય તત્ત્વજ્ઞાનને મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

'બ્રહ્મસૂત્ર'ના આ સૂત્રોની પરિભાષા એટલી બધી ગૂઢ છે કે તેનો આશય એકદમ સમજી શકાય તેમ નથી. તેમાં ઉપનિષદોના તત્ત્વનું દોહન કરીને જે નવનીત બાદરાયણે કાઢ્યું તે જ આપવામાં આવ્યું છે, માટે આ તત્ત્વજ્ઞાનને સ્પષ્ટ રીતે સમજાવવા અર્થે જુદા જુદા આચાર્યોએ તેના ઉપર ભાષ્ય લખ્યા છે. બ્રહ્મસૂત્રને પાયારૂપ ગણી આ આચાર્યોએ તેમના તત્ત્વચિંતન અને અધ્યાત્મ દર્શનને અનુરૂપ વ્યક્તિગત વિવરણ કરી ભાષ્યો લખ્યા છે.

સામાન્ય રીતે શંકરાચાર્યને બ્રહ્મસૂત્ર ઉપર પ્રથમ ભાષ્ય લખનાર ગણવામાં આવે છે. જો કે એમની પહેલા પણ કેટલાક આચાર્યોએ ભાષ્ય લખેલા પણ તે આજે ઉપલબ્ધ નથી. બ્રહ્મસૂત્રમાં દર્શાવેલા બ્રહ્મ વિશેના વિચારોમાંથી જુદા જુદા આચાર્યોએ જુદા જુદા મતો તારવી ભાષ્ય લખાયા છે. એમાં ચાર મતો - અદ્વૈતમત, વિશિષ્ટાદ્વૈતમત, દ્વૈતમત અને દ્વૈતાદ્વૈત મત મુખ્ય છે.

બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય લખનાર મહાન આચાર્યોમાં નીચે જણાવેલ આચાર્યોનો સમાવેશ છે.

(૧) શ્રી શંકરાચાર્ય (ઈ.સ. ૭૮૮ - ૮૨૦) કૈવલાદ્વૈતવાદ

(૨) શ્રી ભાસ્કર (લગભગ ઈ.સ. ૧૧૦૦) ભેદ - અભેદવાદ

(૩) શ્રી રામાનુજાચાર્ય (ઈ.સ. ૧૦૧૭ - ૧૧૨૭) વિશિષ્ટાદ્વૈતવાદ

(૪) શ્રી મધ્વાચાર્ય (ઈ.સ. ૧૧૯૯ - ૧૨૭૮) દ્વૈતવાદ

(૫) શ્રી નિંબાકાચાર્ય (ઈ.સ. ૧૨૦૦ - ૧૨૫૦) દ્વૈતાદ્વૈતવાદ

(૬) શ્રી વલ્લભાચાર્ય (ઈ.સ. ૧૪૭૩ - ૧૫૩૨) શુદ્ધાદ્વૈતવાદ

(૭) શ્રી ચૈતન્ય (લગભગ ૧૫૦૦) અચિંત્યભેદાભેદ (Will of Lord)

(૮) શ્રી વિજ્ઞાનભિક્ષુ (ઈ.સ. ૧૬૦૦) જીવના બ્રહ્મ સાથેના એકાત્મા સાથેનો દ્વૈતવાદ

(૯) શ્રી સહજાનંદસ્વામી (સ્વામીનારાયણ) (ઈ.સ. ૧૭૮૧ - ૧૮૩૦) નવવિશિષ્ટાદ્વૈત (Neo Qualified Non-dualism)

શ્રી શંકર તથા અન્ય સર્વ આચાર્યોએ શ્રુતિને બ્રહ્મના વિષયમાં અંતિમ પ્રમાણ તરીકે સ્વીકાર્યું છે, પણ શંકર તથા વૈષ્ણવ આચાર્યોની દૃષ્ટિમાં જે અંતર છે તે એમના દ્વારા સ્વીકૃત પરમસત્તા બ્રહ્મના સ્વરૂપમાં પણ આવી ગયુ છે.

બ્રહ્મસૂત્ર ઉપરના આદિ ભાષ્યકાર શંકરાચાર્ય મનાય છે, તેમણે લખેલ ભાષ્ય 'શાંકરભાષ્ય' કહેવાય છે. એમના મતે બ્રહ્મ જ એક માત્ર 'અદ્વૈત તત્ત્વ' છે. તે શુદ્ધ, બુદ્ધ, નિત્ય, મુક્ત, સ્વતંત્ર અને સત્ય છે. કેવળ એક જ બ્રહ્મને અદ્વૈત તરીકે સ્વીકાર્યું હોવાથી તેમનો મત 'કૈવલાદ્વૈત' તરીકે પ્રસિદ્ધ થયો. બ્રહ્મ સત્, ચિત્, આનંદ છે, તે કૂટસ્થ નિત્ય, સર્વવ્યાપી, સર્વવિક્રિયા રહિત, નિરવયવ, નિર્ગુણ અને નિરાકાર છે. તે દેશકાલાદિથી પર અને સ્વયં જ્યોતિ સ્વભાવ છે. આત્મા એ બ્રહ્મ જ છે. તે જ સત્ય છે. જગત માયા કે અવિદ્યાને લીધે દેખાય છે, આથી તે મિથ્યા છે. આથી એમના વાદને બીજા વૈષ્ણવ આચાર્યોએ 'માયાવાદ' તરીકે ઓળખાવી એનું ખંડન કર્યું છે.

શ્રી વલ્લભાચાર્યે બ્રહ્મસૂત્ર પર 'અણુભાષ્ય'ની રચના કરી છે. એમાં એમણે શ્રુતિઓને આધારભૂત ગણીને જ બાદરાયણના સૂત્રોનું વિવેચન કર્યું

છે. એમણે તર્કનો આશ્રય ન લેતા માત્ર વેદ-ઉપનિષદના શબ્દને જ પ્રમાણ તરીકે સ્વીકાર્યું છે અને એટલે એમના ભાષ્યમાં એમણે 'માયાવાદ'નું ખંડન કરી 'શુદ્ધાદ્વૈત' બ્રહ્મવાદનું પ્રતિપાદન કર્યું છે. એમના મતે બ્રહ્મ 'અદ્વૈત' એટલે કે સ્વગત, સ્વજાતીય અને વિજાતીય એ ત્રણે ભેદોથી રહીત છે. 'માયા વિનાના શુદ્ધ બ્રહ્મને' જગતના કારણ તરીકે સ્વીકારેલું હોવાથી જ એમનો દાર્શનિક સિદ્ધાંત 'શુદ્ધાદ્વૈત' તરીકે ઓળખાય છે.

હવે આપણે પ્રો. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ અનુવાદિત 'શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુભાષ્યમ' ને આધારે શ્રી વલ્લભ અને શ્રી શંકરના દાર્શનિક સિદ્ધાંતોનું તુલનાત્મક વિવેચન જોઈએ.

(૧) શ્રી વલ્લભાચાર્ય અને શંકરાચાર્ય

શ્રીવલ્લભાચાર્ય - શુદ્ધાદ્વૈત	શ્રીશંકરાચાર્ય - કૈવલાદ્વૈત
- બ્રહ્મ નિર્ગુણ અને સગુણ છે. પ્રાકૃત ગુણોથી રહિત માટે નિર્ગુણ અને અલૌકિક ગુણોથી યુક્ત માટે સગુણ	- બ્રહ્મ નિર્ગુણ જ છે. સગુણ બ્રહ્મનું બીજું નામ શબલ બ્રહ્મ છે. તે મુખ્ય નથી પણ ગૌણ છે. તે માયાજન્ય છે.
- બ્રહ્મ સર્વ ધર્મથી યુક્ત છે.	- બ્રહ્મમાં કોઈપણ ધર્મ જ નથી જે ધર્મો દેખાય છે તે માયાથી દેખાય છે.
- બ્રહ્મ વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે.	- બ્રહ્મમાં ધર્મો જ નથી તો પછી વિરુદ્ધ ધર્મો તેમાં હોય જ નહીં.
- બ્રહ્મે લીલા કરવાને માટે જગત સર્જ્યું છે માટે બ્રહ્મ એ જ જગતનું કર્તૃત્વ તેમ સમવાયિકારણ પણ છે.	- અવિદ્યાને લીધે બ્રહ્મમાં જગતની પ્રતીતિ થાય છે. આ અવિદ્યાને લીધે બ્રહ્મમાં જગતનું કર્તૃત્વ જણાય છે. આ કર્તૃત્વ ખરુ નથી.
- જગત એ બ્રહ્મનું અવિકૃત પરિણામ છે.	- જગત એ બ્રહ્મમાં રજ્જુ સર્પની માફક વિવર્તથી જણાય છે. કેવળ આભાસ માત્ર છે. (આભાસવાદ)

- જગત સત્ય છે, અને સંસાર મિથ્યા છે.	- જગત અને સંસાર એક છે અને તે મિથ્યા છે.
- બ્રહ્મ જ આ જગતની ઉત્પત્તિનું કાર્ય પણ છે અને કારણ છે. માયારૂપી દિવ્ય શક્તિથી પરમાત્માએ પોતાનામાંથી આ જગતનું નિર્માણ કર્યું છે. જગત એ પરમાત્માના 'સત્' (being) સ્વરૂપનો અંશ છે. જગત સત્ય છે.	- બ્રહ્મને જગતની ઉત્પત્તિ સાથે કંઈ પણ લેવાદેવા નથી પણ માયાને લીધે જ બ્રહ્મ આ જગતનું કાર્ય અને કારણ ભાસે છે. માયા અથવા અવિદ્યાને કારણે જગત એ જગતરૂપે ભાસે છે. બ્રહ્મ જ સત્ય છે અને જગત મિથ્યા છે.
- જીવો બ્રહ્મના અંશ છે, જીવ એ પરમાત્મના 'ચિત્' સ્વરૂપનો અંશ છે. તેઓ ઘણી માત્રામાં છે અને તેઓ જ્ઞાતા પણ છે.	- જીવો પરમાત્માના અંશ નહીં પણ અંશ જેવા (अंश इव) છે. જેમ અવિદ્યાથી બ્રહ્મમાં જગતનો આભાસ થાય છે, તેમ અવિદ્યાની વિક્ષેપશક્તિથી જીવ દેખાય છે અને વસ્તુતઃ આત્મા હોવાથી તે એક જ છે અને જ્ઞાતા નહીં પણ જ્ઞાનરૂપ છે.
- જીવો અસંખ્યાત છે. જીવો સત્ય છે.	- એક જ આત્મ અસંખ્ય જીવો રૂપે ભાસે છે.
- આ જીવો નિત્ય અણુ છે. બ્રાહ્મી દશામાં ભગવદાવેશ થતાં તેમનામાં વિભુત્વ જણાય છે.	- જીવ આત્મા તરીકે અણુ નહીં પણ વિભુ છે.
- બ્રહ્મના તે અંશ હોવાથી, જીવમાં કર્તૃત્વ તથા ભોકતૃત્વ પણ છે.	- જીવનું કર્તૃત્વ તથા ભોકતૃત્વ ઉપાધિજન્ય છે.
- બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ તે જગત્, આધ્યાત્મિક તે જીવ અને આધિદૈવિક તે પરબ્રહ્મ.	- બ્રહ્મના આવા ત્રણ સ્વરૂપ નથી. આધિદૈવિક સ્વરૂપ તરીકે ગણવામાં આવતું આનન્દમય સ્વરૂપ તે પરબ્રહ્મ નથી. પરબ્રહ્મ તે અક્ષરબ્રહ્મ છે.

- પુરુષોત્તમ એ જ પરમાત્મા છે અને તે અક્ષર બ્રહ્મથી પણ ઉચ્ચ સ્થાન ધરાવે છે. પરબ્રહ્મ સત્ - ચિત્ - આનંદ સ્વરૂપ છે અને તે પોતે જ જ્ઞાની, જ્ઞાતા અને જ્ઞાન છે.	- અક્ષરબ્રહ્મ જ સર્વોચ્ચ બ્રહ્મની વિભાવના છે. જ્ઞાતા દ્વારા જ બ્રહ્મતત્ત્વને જાણી શકાય છે.
- વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ભાગવતની સમાધિ ભાષાને પ્રમાણભૂત ગણવામાં આવ્યા છે. મીમાંસા, સ્મૃતિ અને બીજા શાસ્ત્રોને પણ જો એ પ્રમાણ ચતુષ્ટયી સાથે વિરોધી મંતવ્ય ન દર્શાવે તો એને સ્વીકારવામાં આવ્યા છે.	- શબ્દ પ્રમાણ જેવા કે વેદ, ગીતા અને બ્રહ્મસૂત્રને પ્રમાણભૂત માનવામાં આવે છે. સાથે સાથે તર્ક અને અનુભૂતિને પણ સ્વીકારવામાં આવ્યા છે.
- બ્રહ્મના જ્ઞાન માટે તેઓ સમગ્ર વેદને પ્રમાણભૂત માને છે.	- તેઓ ઉપનિષદને પ્રમાણભૂત ગણે છે એમાં પણ ઉપનિષદનો જે ભાગ એમના નિર્ગુણ - નિરાકાર બ્રહ્મવાદને અનુરૂપ છે એટલાનો જ સ્વીકાર કરે છે.
- મોક્ષ એટલે જીવનુ પરમાત્માની લીલામાં સાયુજય. ભગવાનની લીલામાં પ્રવેશ માટે પુષ્ટિભક્તિ અને શરણાગતિ એજ મુખ્ય સાધન છે. કર્મ અને જ્ઞાન શરૂઆતના તબક્કે ભક્તિના આધાર સ્તંભ છે. ભક્તિ એ માત્ર સાધન નથી પણ ફળ પણ છે.	- મોક્ષ એ જ પરમફલ છે અવિદ્યાની નિવૃત્તિ તેનું નામ મોક્ષ. જ્ઞાન એ જ મોક્ષનું સાધન છે. ભક્તિ એ સાધન છે પણ ગૌણ છે. જ્ઞાન એ જ છે. સર્વોચ્ચ સ્થિતિ છે. કર્મ એ મનની શુદ્ધી માટે નવધા ભક્તિ એ સાધન છે.
- માયા એ બ્રહ્મની શક્તિ છે અને બ્રહ્મને આધીન છે.	- માયા એ બ્રહ્મની શક્તિ નથી.
- ભક્તિ એ જ સાધન છે.	- જ્ઞાન એ જ સાધન છે.
- કૃષ્ણ જ સર્વોચ્ચ બ્રહ્મની વિભાવના છે.	- બ્રહ્મ જ સર્વોચ્ચ છે. કૃષ્ણ એ સાકાર સ્વરૂપ છે બ્રહ્મ કરતાં ઉતરતી કક્ષાનું છે.

- એમના મતે દુનિયામાં રહેલી અસમાનતા ઈશ્વરની ઈચ્છા અને લીલાને આભારી છે. સત્ય સંપૂર્ણ અને આનુસંગિક બન્ને છે. આનુસંગિક સત્ય અનુભવ પર આધાર રાખે છે. આ બન્ને સિક્કાની બે બાજુ જેવા છે.	- એમના મતે અસમાનતા માયાને કારણેછે. સત્ય એકમેવ અને સંપૂર્ણ છે. અનુભવેલું સત્ય નામ પૂરતું જ સત્ય છે એ આખરી સત્ય નથી.
- શ્રુતિમાં તમામ સ્થળે સરખું પ્રામાણ્ય છે. અમુક મુખ્ય અને અમુક ગૌણ તે ખોટું છે. નિર્ગુણ બ્રહ્મની પ્રતિપાદક શ્રુતિઓ જેટલી સત્ય છે તેટલી જ સગુણ બ્રહ્મની પ્રતિપાદક પણ સત્ય છે.	- બ્રહ્મ નિર્ગુણ અને નિરાકાર હોવાથી છે, સગુણ અને સાકાર બ્રહ્મનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ ગૌણ છે.
- બધી શ્રુતિ સ્વરૂપલક્ષણ નિરૂપક છે.	- બધી શ્રુતિ સ્વરૂપલક્ષણ નિરૂપક નથી.

આ સરખામણી પ્રમાણે શંકરાચાર્યના કૈવલાદ્વૈત અને વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતની વિલક્ષણતા દેખાય છે. હવે અહીં એક બાબત સ્પષ્ટ કરવી જરૂરી છે કે બ્રહ્મસૂત્રકારનો આશય શંકરાચાર્યે બરાબર પ્રકટ કર્યો છે કે કેમ શંકરાચાર્યના સિદ્ધાન્ત સાથે અન્ય ભાષ્યકારોને જે મોટામાં - મોટો ભેદ છે તે તેમના માયાવાદ વિશે છે. અલબત્ત સૂત્રકારનો આશય માયાવાદમાં નથી, તેનો મુખ્ય પુરાવો એ છે કે બ્રહ્મસૂત્રોમાં કોઈ પણ સ્થળે 'માયા' શબ્દનો પ્રયોગ નથી. ફક્ત બ્રહ્મસૂત્ર ૩-૨-૩ માં (माया मात्रं तु कात्स्न्र्येनानभिव्यक्तस्वरूपत्त्वात् ।) 'માયા' શબ્દ છે પણ તે સ્વપ્ન સૃષ્ટિનો જ વિચાર કર્યો છે, તેથી જાગ્રતકાલની વ્યવહાર સૃષ્ટિ મિથ્યા જણાતી નથી. બ્રહ્મસૂત્રમાં માયાવાદની ગંધ સરખી નથી એટલું જ નહીં પણ શ્રુતિમાંથી પણ તેને સમર્થન મળતું નથી. ઈશાવાસ્યોપનિષદમાં વિદ્યા તથા અવિદ્યાનો ઉલ્લેખ છે પણ ત્યાં અવિદ્યા માયા નથી. કાઠક અને મુંડકમાં પણ માયા નથી. તૈત્તિરીયકમાં તે પરમાત્માની શક્તિના અર્થમાં છે. ફક્ત બૃહદ્આરણ્યકમાં એક વાક્યમાં "ઈન્દ્ર માયાથી બહુરૂપ થાય છે." માયાનો ઉલ્લેખ છે. અહીં પણ તેનો અર્થ પરમાત્માની શક્તિઓ એવો થાય છે. આ રીતે જોતા જણાશે કે શ્રુતિઓમાં માયાવાદ કોઈ સ્થળે નથી તો તે માયાવાદ શંકરના ભાષ્યમાં ક્યાંથી આવ્યો ? કેટલાક વિદ્વાનોનું

માનવું છે કે શંકરાચાર્ય ઉપર માયાવાદની જે અસર છે તે તેમના ગુરુના ગુરુ ગૌડપાદને લીધે છે. આ ગૌડપાદ આચાર્ય હિંદુ હોવા છતાં તેમના ઉપર બૌદ્ધમતના વિજ્ઞાનવાદની અને શૂન્યવાદની ઊંડી અસર થયેલી હતી. કદાચ આ અસર શંકરાચાર્યમાં પણ આવેલી હોઈ શકે.

શંકર તથા અન્ય સર્વ આચાર્યોએ બ્રહ્મના વિષયમાં શ્રુતિને અંતિમ પ્રમાણ તરીકે સ્વીકાર્યું છે પરંતુ શંકર અને અન્ય વૈષ્ણવ આચાર્યોની દૃષ્ટિમાં જે અંતર છે એને લીધે એમણે સ્વીકારેલ પરમસત્તાના સ્વરૂપમાં પણ ભેદ જણાય છે. શંકરના મતે બ્રહ્મનું સ્વરૂપ નિર્ગુણ અને નિર્વિશેષ છે. બ્રહ્મના સવિશેષત્વ અને સાકારત્વનું પ્રતિપાદન કરવાવાળી શ્રુતિઓ એમના મતે ઉપાસનાપરક છે અને એનું પ્રયોજન અચિન્ત્ય અને દુર્બોધ બ્રહ્મતત્ત્વમાં સાધકની બુદ્ધિને સ્થિર કરવાનું માત્ર છે. શંકરના મતે ઉપનિષદોમાં પ્રતિપાદિત બ્રહ્મ નિરુપાધિક અને સોપાધિક - બે પ્રકારનું વર્ણન છે. નિરુપાદિક બ્રહ્મ 'નિષ્ફલં, નિષ્ક્રિયં, શાન્તં, નિરવદ્યં, નિરંજનમ્ (શ્વે. ૬/૧૯)', 'નેતી-નેતી' (બ્ર. ૨/૩/૬) વગેરેથી સર્વથા નિસંગ અને નિર્વિશેષ રૂપથી પ્રતિપાદિત છે અને સોપાધિક બ્રહ્મ 'य एषोऽन्तरादित्ये हिरण्मयः पुरुषो .... (છા. ૧/૬/૬)' 'सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः (છા. ૩/૧૪/૪)' વગેરેથી સાકાર અને સવિશેષરૂપે છે. નિરુપાધિક અને સોપાધિક બ્રહ્મને શંકર ક્રમશઃ 'પર' અને 'અપર' બ્રહ્મ પણ કહે છે. સવિશેષ શ્રુતિઓ ઉપાસના અર્થે હોવાને કારણે 'વિધિપરક' છે 'વસ્તુપરક' નહીં, એટલે એના આધારે બ્રહ્મનો સવિશેષ તરીકે સ્વીકાર ના થઈ શકે.

શંકરના મતે પરમસત્તા સર્વથા નિરપેક્ષ અને નિર્વેશેષ છે એમાં વિશેષો (ધર્મો)ની કલ્પના કરવી એટલે એને સીમાબદ્ધ અને સાપેક્ષ બનાવી દેવા.

શંકરના આ સિદ્ધાન્તનો વલ્લભ વિરોધ કરે છે. વલ્લભ બ્રહ્મનો સવિશેષ સ્વીકાર કરે છે. એમની દૃષ્ટિએ શ્રુતિઓ સોપાધિક અથવા અપર - બ્રહ્મનું નહીં પણ મુખ્ય અને પર-બ્રહ્મનું જ વર્ણન કરે છે. વલ્લભ બ્રહ્મની કોઈ ઉપાધિ સ્વીકારતા નથી. એટલે એમના મતે બ્રહ્મના ઔપાધિક રૂપ અથવા ઔપાધિક ધર્મોનો કોઈ પ્રશ્ન જ નથી ઉઠતો. સર્વ શ્રુતિઓ બ્રહ્મના વાસ્તવિક પરમ સ્વરૂપનું જ પ્રતિપાદન કરે છે, અને બન્ને પ્રકારની શ્રુતિઓ બ્રહ્મના વિષયમાં સમાન રીતે પ્રામાણ્ય છે. બ્રહ્મના વિષયમાં શ્રુતિનો સર્વોચ્ચ પ્રમાણ શંકર અને વલ્લભ બન્નેને માન્ય છે પણ સગુણ અને નિર્ગુણ શ્રુતિઓના પ્રશ્ને બન્નેની વિચારધારાઓ અલગ અલગ દિશામાં ફંટાઈ જાય છે. એક બાજુ શંકર પરમસત્તા

- બ્રહ્મને સર્વાકાર રહિત નિર્વિશેષ સ્વીકારે છે, તો વલ્લભ એને સાકાર અને સવિશેષ માને છે.

- **જગત - માયા :**

શંકર અને વલ્લભ વચ્ચેના વિવાદનો બીજો મુખ્ય સિદ્ધાંત માયાવાદ વિશેનો છે. શંકરના મતે બ્રહ્મ નિષ્ક્રિય, નિરંજન અને અદ્વયતત્ત્વ છે એટલે એમાં કોઈ વિશેષ અથવા સંબંધને માટે કોઈ અવકાશ નથી. પણ જે જગત દૃશ્યમાન છે એને શંકર માયાજનીત માનીને એની વ્યવહારિક સત્તાનું પ્રતિપાદન કરે છે. એટલે કે જગત સત્ય નથી પણ માયાની ઉપાધિને લીધે દૃશ્યમાન છે. એમના મતે વસ્તુ સ્વરૂપે વિચાર કરતા માયાનું કોઈ અસ્તિત્વ નથી, અને જગત તંથા જાગતિક વ્યવહારની પણ કોઈ પારમાર્થિક સત્તા નથી. આ માયા જે ઈશ્વરની (સગુણ બ્રહ્મની) શક્તિ છે તે સર્વકર્તા, સર્વનિયન્તા ઈશ્વરમાં કલ્પિત એક વિકલ્પ માત્ર છે. આ સર્વ વ્યવહારિક સત્ય છે, પારમાર્થિક દૃષ્ટિથી જોતા એની કોઈ સત્તા નથી. સચ્ચિદાનંદ નિર્વિશેષ બ્રહ્મ જ એક માત્ર વાસ્તવિકતા છે.

વલ્લભના મતે માયા બ્રહ્મની સર્વભવનસામર્થ્ય રૂપા શક્તિ છે. બ્રહ્મની શક્તિ હોવાને કારણે માયા અસત્ ન હોઈ શકે, કારણ કે સત્ બ્રહ્મથી અસત્ માયાનો કોઈ સંબંધ સંભવિત નથી. જો શક્તિ અસત્ હોય તો શક્તિમાન પણ અસત્ હોય. (જે શંકર માને છે.) વલ્લભનું બ્રહ્મ વાસ્તવિક અર્થમાં શક્તિમાન છે એનું શક્તિમત્ત્વ પ્રાતીતિક અને ઔપાધિક નથી પણ સ્વાભાવિક છે. વલ્લભના સિદ્ધાન્તમાં બ્રહ્મની કોઈ ઉપાધિ નથી એટલે એના ધર્મોને ઔપાધિક અથવા અવાસ્તવિક સ્વીકારવાનો કોઈ પ્રશ્ન જ નથી. શક્તિમાન સત્ય હોવાથી શક્તિનું સત્ય હોવું એ સહજ - સ્વાભાવિક છે. શ્રી વલ્લભને વ્યવહારિક સત્તા અને પારમાર્થિક સત્તા જેવી બે તથાકથિત સ્થિતિ માન્ય નથી. આમ જોવા જઈએ તો શંકરને પણ માન્ય નથી, જ્યારે તેઓ પારમાર્થિક અને વ્યવહારિક સત્તાઓની વાત કરે છે ત્યારે બે 'સત્ય'ની વાત નથી કરતા, પણ સત્ય અને સત્યના આભાસની વાત કરે છે. 'સત્ય' સદા એક જ હોય, બે નહીં. સત્યના એકત્વ બાબતે શંકર અને વલ્લભમાં કોઈ મતભેદ નથી, ભેદ ત્યાં છે કે વલ્લભ સત્યની કોઈ આભાસ કે અવિદ્યાત્મક પ્રતીતિ સ્વીકાર નથી કરતા, જ્યારે શંકર કરે છે અને તે પણ વ્યાવહારિક સ્તર પર. દૃષ્ટિનું આ અંતર જ બન્નેના માયા સંબંધી સિદ્ધાન્તોના અંતરનું કારણ બને છે. વલ્લભ વિશ્વને બ્રહ્મનું પરિણામ સ્વીકારે છે, એટલે તેઓ માયાની કલ્પના બ્રહ્મના સર્વભવનસામર્થ્ય

રૂપમાં કરે છે. શંકર વિશ્વને આભાસ માને છે એટલે આ આભાસની કલ્પનાના રૂપમાં તેઓ માયાને બ્રહ્મની ઉપાધિના રૂપમાં સ્વીકારે છે કારણ કે આભાસ અથવા પ્રતિબિમ્બની સ્થિતિ કોઈ કલ્પક અથવા ઉપાધિ વિના સંભવ નથી.

શંકર અને વલ્લભના માયા સંબંધી સિદ્ધાંતમાં બીજુ અંતર એ છે કે શંકર માયા અને અવિદ્યાને અભિન્ન માને છે જ્યારે વલ્લભ બન્નેને જુદા જુદા માને છે. અવિદ્યા માયાનું કાર્ય છે. આ અવિદ્યા અધ્યાસરૂપા છે, માયા નહીં. માયાને જ્યારે ક્યારેક ક્યારેક વ્યામોહિકા કહેવામાં આવે છે તે અવિદ્યા સંબંધમાં જ કહેવાય છે. બન્નેના મતમાં બીજું પણ એક અંતર છે કે શંકરની માયા અથવા અવિદ્યાની જેમ વલ્લભની માયા અને અવિદ્યા 'અસત્' નથી. બન્ને સત્ છે અને ભગવાનની શક્તિઓ છે.

આમ વલ્લભના મતે માયા ન તો અસત્ છે કે ન ઉપાધિ. માયા જગત-પ્રપંચની કારણભૂત છે તો અવિદ્યા સંસારની કારણભૂત છે. અને વલ્લભના મતે જગત અને સંસાર એક નથી. જગત સત્ય છે અને સંસાર મિથ્યા. વલ્લભના મતે વિદ્યા અને અવિદ્યા એ બન્ને માયાથી સ્વતંત્ર નહીં પણ એને આધિન છે અને સાથે સાથે માયાથી ભિન્ન પણ છે. વલ્લભે એને માયાના કાર્ય તરીકે સ્વીકાર્યું છે.

● જીવ સંબંધી માન્યતા :

વલ્લભ વેદાન્ત અનુસાર જીવ બ્રહ્મનું ચિદ્ અંશ પ્રધાન રૂપ છે. અણુભાષ્યમાં વલ્લભે જીવને ચૈતન્ય સ્વરૂપ કહ્યો છે. અને ભાષ્યપ્રકાશકાર (પુરુષોત્તમજી)ના પ્રમાણે જીવને ચૈતન્ય સ્વરૂપ ગણવો એટલે એને ચૈતન્ય ગુણ યુક્ત સ્વીકારવો પડે. જીવ જ્ઞાન ધર્મક હોવા સાથે જ્ઞાનસ્વરૂપ પણ છે. ખરેખર તો ચૈતન્ય જીવનો સ્વરૂપ ભૂત ધર્મ છે. વલ્લભ જીવને ફક્ત 'ચૈતન્યધર્મક' અથવા કેવળ 'ચૈતન્ય સ્વરૂપ' ન માનતા બન્ને માને છે. શંકર જીવને 'ચૈતન્ય સ્વરૂપ' તો માને છે પણ 'ચૈતન્યધર્મક' સ્વીકારતા નથી અને એનું કારણ એમની બ્રહ્મ સંબંધી માન્યતા છે. સત્, ચિત્, આનંદ બ્રહ્મનું સ્વરૂપ છે, ગુણો નહીં. એમનું બ્રહ્મ સન્માત્ર, ચિન્માત્ર તથા આનન્દમાત્ર છે, સત્તાશાલી, સર્વજ્ઞ અને આનંદ-પ્રચુર નહીં. એટલે તેઓ 'આનન્દમય' બ્રહ્મત્વને પણ સ્વીકારતા નથી. શંકરના બ્રહ્મ અને એના ચૈતન્યમાં ગુણ-ગુણી સંબંધ નથી. એમના મતે જીવ ચૈતન્ય સ્વરૂપ જ ગણાય, ચૈતન્ય ધર્મક ના હોઈ શકે. શુદ્ધાદ્વૈત મતમાં જીવને અણુ પરિમાણ સ્વીકારવામાં આવ્યો છે. અણુત્વ ચિદ્

અંશનો ધર્મ છે એટલે જીવનું અણુ હોવું સ્વાભાવિક છે. શંકરના મત પ્રમાણે જીવ અણુ-પરિમાણ ન હોઈ શકે, જીવ મહત્ - પરિમાણ જ છે. જો પરબ્રહ્મ જ ઉપાધિ-સમ્પર્કથી જીવરૂપ હોય તો જે પરિમાણ બ્રહ્મનું છે એ જ જીવનું પણ હોવું જોઈએ. પરબ્રહ્મનું બધે જ મહાપરિમાણ કહેવાયું છે તો જીવનું પરિમાણ પણ મહત્ છે.

વલ્લભના મતે જીવ ભગવદ્ અંશે હોવા છતાં પણ જીવ રૂપે વ્યાપક નથી પણ અણુ જ હોય છે. અણુત્વ જે રીતે ચિદ્ અંશનો ધર્મ છે વ્યાપકત્વ એ જ રીતે આનન્દાંશનો ધર્મ છે. જીવનો બ્રહ્મભાવ આનન્દની અભિવ્યક્તિ પછી થાય છે. આનન્દની અભિવ્યક્તિ થતાં જીવ વ્યાપક થઈ જાય છે. વ્યાપકત્વમાં અધિક પરિમાણની જરૂર નથી પણ આનંદાત્વની અભિવ્યક્તિની આવશ્યકતા હોય છે.

જીવના કર્તૃત્વ - ભોક્તૃત્વની બાબતમાં સર્વ આચાર્યોમાં ખાસ મતભેદ નથી. શંકર કેવળ એને વ્યવહારિક સ્તર પર સ્વીકારે છે ત્યારે વલ્લભ એને વાસ્તવિક સ્તર પર સ્વીકારે છે. શંકરના મતે જીવ-ભાવ પણ મિથ્યા છે અને જીવ-ધર્મ પણ, વલ્લભ વેદાંત પ્રમાણે જીવ-ભાવ પણ સત્ય છે અને જીવ-ધર્મ પણ આ સત્યત્વ અને મિથ્યાતત્ત્વ સિવાય સામાન્ય રીતે બન્નેના સિદ્ધાંતો એક જેવા છે.

શ્રી વલ્લભ અંશ-અંશી ભાવે જીવને બ્રહ્મના અંશ તરીકે ગણે છે જ્યારે શંકર જીવને 'અંશ-જેવો' (अंशइव) ગણે છે એટલે એને વિભુ સ્વરૂપે માને છે. શ્રી વલ્લભ જીવને બ્રહ્મના અંશ તરીકે જ સ્વીકારે છે પણ જ્યારે આનન્દાંશનો આવિર્ભાવ થતાં જીવ ઈશ્વર સાથે તાદાત્મ્ય અનુભવે છે ત્યારે એનામાં બ્રહ્મભાવ પેદા થાય છે અને તે વિભુરૂપ બને છે. આથી બન્નેના तत्त्वमसि । મહાવાક્યના અર્થમાં પણ ફરક પડે છે. શંકરના મતે तत्त्वमसि એ મહાવાક્ય છે. તેમાં तत्-त्वम् અને असि એવા ત્રણ શબ્દો છે. तत् એટલે બ્રહ્મ,त्वम् એટલે જીવ. આ બન્નેની ભાગત્યાગ લક્ષણથી અભેદતા છે. વલ્લભના મતે तत्त्वमसि એ મહાવાક્ય નથી. તેમાં तत्वम् અને असि એમ બે પદ છે. तत् કહેતા બ્રહ્મ, તેને त्व એ ભાવવાચક નામનો પ્રત્યય લગાડ્યો છે આથી तत्त्व શબ્દનો અર્થ 'બ્રહ્મત્વ - બ્રહ્મની સ્થિતિ' એટલો જ થાય છે. तत्वमसि આખું પદ એવું જણાવે છે કે જીવ બ્રહ્મ નથી પણ બ્રાહ્મી દશામાં તેનો તિરોહિત આનંદ પ્રકટ થાય છે ત્યારે તેનામાં બ્રહ્મનું વિભુત્વ આવે છે એટલે તે દશામાં તેનામાં બ્રહ્મત્વ હોય છે આથી તે બ્રહ્મરૂપ છે.

● મોક્ષ સંબંધી માન્યતા :

શ્રી વલ્લભ અને શ્રી શંકરના બ્રહ્મ અને જીવ વિશેના સિદ્ધાંતોમાં પાયાનું અંતર છે એટલે સ્વાભાવિક રીતે જ એ બન્નેના મોક્ષ વિશેના મતમાં પણ અંતર છે. શંકર બ્રહ્મને નિર્ગુણ, નિરાકાર, અદ્વિતીય વગેરે રૂપે વર્ણવે છે એટલે સગુણ-સાકાર સ્વરૂપ બ્રહ્મની (ઈશ્વરની) ભક્તિ એમને મતે ગૌણ છે. મોક્ષની પ્રાપ્તિને માટે એમના મતે જ્ઞાન અને વૈરાગ્ય (અભ્યાસ) એ જ ઉચ્ચતમ સાધન છે. જ્ઞાનં વિના અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ શક્ય નથી. તેઓ ભક્તિ અને ઉપાસનાને સ્વીકારે છે પણ એ પ્રાથમિક અવસ્થામાં શંકરના મત પ્રમાણે જીવ તો સ્વભાવથી જ મુક્ત છે. જે સ્વભાવથી જ સિદ્ધ છે એની ન તો પ્રાપ્તિ થઈ શકે કે ન તો ઉત્પત્તિ. ગુરુના ઉપદેશથી અવિદ્યાનો નાશ થાય છે અને ભ્રમ દૂર થાય છે ત્યારે જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે અને એ જ મોક્ષ છે. આ અવસ્થામાં જીવ સચ્ચિદાનંદ રૂપ પરબ્રહ્મ સાથે એકતાનો અનુભવ કરે છે અને એ જ બ્રાહ્મી સ્થિતિ છે. अहम् ब्रह्मास्मि ।

શ્રી વલ્લભ કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણે વૈદિક માર્ગને માન્ય કરે છે પરંતુ શ્રી વલ્લભ પ્રેમલક્ષણા ભક્તિને ઈશ્વરના સાયુજ્ય માટે શ્રેષ્ઠ માને છે. એમાં ભક્ત જો ઈશ્વર પ્રત્યે પ્રેમપૂર્વક શરણાગતિ સ્વીકારે તો ભગવાન અનુગ્રહ કરી એને પોતાને શરણે લે છે અને ભક્તિની પરાકાષ્ઠામાં ભક્ત ભગવાન સાથે તાદાત્મ્ય અને સાયુજ્ય અનુભવે છે અને ભગવદ્ રૂપ થઈ લીલાનો આનંદ માણે છે અને વલ્લભ વેદાંતમાં એને જ મોક્ષ કહે છે. અહીં ભક્તિ સાધન પણ છે અને ફળ પણ છે.

ઉપનિષદો અદ્વૈતનો જ ઉપદેશ આપે છે એ વાત શંકરાચાર્ય અને વલ્લભાચાર્ય બન્ને સ્વીકારે છે, તેથી અન્ય આચાર્યોની વિચારસરણીની તુલનામાં આ બન્ને આચાર્યો પરસ્પર અતિ સમીપ છે એમ કહી શકાય. જો કે અદ્વૈતને સિદ્ધ કરવાના બન્નેના માર્ગો ભિન્ન છે. શંકરાચાર્યે માયાનો સ્વીકાર કરી કૈવલાદ્વૈતની સ્થાપના કરી જ્યારે વલ્લભાચાર્યે સ્વરૂપ પરિણામવાદનો સ્વીકાર કરી માયા રહિત શુદ્ધાદ્વૈત મતની સ્થાપના કરી. છતાં પણ જ્યાં શંકરાચાર્યનો અભિપ્રાય યોગ્ય લાગ્યો ત્યાં શ્રી વલ્લભાચાર્યે પાતાના ભાષ્યમાં એનો નિઃસંકોચ સ્વીકાર કર્યો છે.

● રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્ય :

રામાનુજ અને વલ્લભ બન્ને બ્રહ્મના અદ્વૈત વાદને સ્વીકારે છે. પણ

રામાનુજનો સિદ્ધાંત વિશિષ્ટાદ્વૈત અને વલ્લભનો સિદ્ધાંત શુદ્ધાદ્વૈત તરીકે ઓળખાય છે.

પહેલા આપણે ટૂંકમાં રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતના સિદ્ધાંતો જોઈએ. શંકરાચાર્યના નિર્ગુણવાદ, વિવર્તવાદ વગેરે સિદ્ધાંતોનું એમણે સવિસ્તર ખંડન કર્યું. તેઓ ચિત્ (જીવો), અચિત્ (જગતના જડ પદાર્થો) અને પરમાત્મા એ ત્રણને મૂળ તત્ત્વો તરીકે સ્વીકારે છે. ઈશ્વર સમગ્ર વિશ્વનું ઉપાદાન અને નિમિત્તકારણ છે. ઈશ્વર અંગી (શરીર) છે અને ચિત્- અચિત્ તેના અંગો કે શરીર રૂપ છે. આથી બન્ને વચ્ચે શરીર- શરીરી ભાવ કે અંગાગીભાવ તેઓ સ્વીકારે છે. સૂક્ષ્મ ચિત્ - અચિત્થી વિશિષ્ટ એવું બ્રહ્મ સ્થૂલ ચિત્- અચિત્ રૂપે થાય છે. તેને સૃષ્ટી કહી છે. અર્થાત્ સૂક્ષ્મ ચિત્ - અચિત્ વિશિષ્ટ બ્રહ્મ કારણ છે અને સ્થૂલ ચિદચિદ્વિશિષ્ટ બ્રહ્મ કાર્ય છે. અને તે બન્ને વિશિષ્ટોનું ઐક્ય હોવાથી રામાનુજનો સિદ્ધાંત 'વિશિષ્ટાદ્વૈત' કહેવાય છે. શંકરાચાર્યથી ભિન્ન એવું એમનું બ્રહ્મ વસ્તુતઃ કેવલ નથી કે સૃષ્ટિ કેવલ બ્રહ્મમાં અધ્યસ્ત નથી. અર્થાત પરમાત્મા, ચિત્ (જીવો) અને અચિત્ (જગત) એ ત્રણે પદાર્થો સાચા છે અને તેમાં ચિત્ અને અચિત્ તે પરમાત્માના વિશેષણોની માફક છે અને પરમાત્મા વિશેષ્ટની માફક છે. અર્થાત્ બ્રહ્મ શંકર કહે છે તેવું કેવલ અદ્વૈત નથી પણ ચિત્ અને અચિત્ વિશિષ્ટ અદ્વૈત છે. એમના મતે પરમાત્મામાં સજાતીય, વિજાતીય અને સ્વગત એમ ત્રણ પ્રકારના ભેદો રહેલા છે. પરમાત્મા જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ - એ છ ગુણયુક્ત છે. તેમજ હેયગુણ રહિત હોવાથી નિર્ગુણ છે. જીવાત્માં પરમાત્મા નહીં પણ પરમાત્માનો અંશ છે. અર્થાત્ તે પરબ્રહ્મની વિભૂતિ પ્રકાર કે વિશેષણ છે. જીવ અણુપરિમાણ અનેક અને કર્તા છે. જીવનું આ કર્તૃત્વ પરમાત્માને આધિન છે. જીવ પણ બધ્ધ, મુક્ત અને નિત્ય એમ ત્રણ પ્રકારના છે પરમાત્મા જડ અને જીવના અન્તર્યામિ રૂપે તેમનું નિયમન કરે છે. પરમાત્મા વાસુદેવ, સંકર્ષણ (જીવ), પ્રદ્યુમ્ન (મન) અને અનિરુદ્ધ (અહંકાર) એમ ચાર વ્યૂહમાં વ્યવસ્થિત છે. ભક્તિ દ્વારા જ પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે. કર્મ અને જ્ઞાન એ ભક્તિ કરવાના સાધનો છે. ભક્તિયુક્ત અંતઃકરણથી પરમાત્માની આરાધના કર્યા પછી જીવને મુક્તિ મળે છે. મુક્તિમાં જીવ ભગવાનના જેવો થાય છે અને ભગવાનનું દાસ્ય કરે છે અને આ રીતે મુક્તિમાં પણ બ્રહ્મ અને જીવનો ભેદ રહેલો હોય છે. આ મુક્તિ જીવન દરમ્યાન અસંભવિત હોવાથી રામાનુજ શંકરના જીવન મુક્તિના સિદ્ધાંતને સ્વીકારતા નથી. પ્રપત્તિ દ્વારા મોક્ષ પ્રાપ્તિ

સ્વીકારી છે. મોક્ષાવસ્થામાં પરમાત્માનાં સાનિધ્યમાં પરમાત્માનો સઘળો આનંદ જીવ ભોગવે છે. જો કે જીવ પરમાત્મા જેવો થાય છે, પરંતુ પરમાત્મા બની જતો નથી.

આમ રામાનુજ અને વલ્લભના સિદ્ધાંતોમાં ઘણું સામ્ય જોવા મળે છે. બન્ને બ્રહ્મને જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ સ્વીકારે છે. બન્ને બ્રહ્મને સાકાર-નિરાકાર બન્ને રૂપે સ્વીકારે છે. બન્ને શંકરના માયાવાદનું ખંડન કરે છે. બન્ને જગતને બ્રહ્મનું વાસ્તવિક પરિણામ સ્વીકારે છે અને માને છે કે જગત સત્ય છે. વલ્લભ જગતને બ્રહ્મના સત્ અંશ તરીકે નિરૂપે છે. રામાનુજ એને બ્રહ્મનો અંશ નહીં પણ બ્રહ્મના વિશિષ્ટ ગુણ- લક્ષણ (Attribute) તરીકે માને છે બન્ને માને છે કે જીવ અનેક છે અને તે જ્ઞાતા-કર્તા અને ભોક્તા છે. વલ્લભની માયા સંબંધી ધારણા પણ રામાનુજની ખૂબ નજીક છે. રામાનુજ પણ માયા તથા અવિદ્યાને જુદા માને છે. વલ્લભ માયાને બ્રહ્મની દિવ્ય શક્તિ માને છે; બ્રહ્મની ઉપાધિ કે અજ્ઞાન નહીં. બન્ને જીવને અણુ - પરિમાણ તરીકે સ્વીકારે છે. જીવનું કર્તૃત્વ - ભોકતૃત્વ બન્ને સ્વીકારે છે પણ તે બ્રહ્મથી સ્વતંત્ર અને નિરપેક્ષ નથી. જીવના સર્વ ધર્મ બ્રહ્મથી જ સંબંધ રાખે છે. જીવ બ્રહ્મનો જ અંશ છે એટલે ન તો તે સ્વરૂપતઃ બ્રહ્મથી સ્વતંત્ર છે કે ન તો ધર્મથી વસ્તુતઃ કર્તૃત્વ બ્રહ્મગત જ છે અને જીવ બ્રહ્મનો અંશ હોવાથી એ જીવમાં સંક્રાન્ત થાય છે. આમ બન્ને જીવનું કર્તૃત્વ ઈશ્વર સંબંધથી જ માને છે.

વલ્લભની જેમ રામાનુજ પણ સત્કાર્યવાદના સમર્થક છે અને સ્વીકારે છે કે કાર્ય કારણની જ વિશિષ્ટ અભિવ્યક્તિ છે. આ સમસ્ત કાર્ય - જગત ઉત્પત્તિ પહેલા બ્રહ્મમાં સૂક્ષ્મરૂપે પ્રવર્તમાન હતુ અને પ્રલય વખતે એમાં જ વિલિન થઈ જશે. કાર્ય ભૂત સૃષ્ટિ બ્રહ્માત્મક હોવાથી સત્ય અને નિત્ય છે. રામાનુજ, ભાસ્કર અને વલ્લભ ત્રણે આચાર્યો જગતને બ્રહ્મનું વાસ્તવિક પરિણામ સ્વીકારીને એને સત્ અને બ્રહ્મરૂપ સ્વીકારે છે.

બ્રહ્મની ચિદ્રુપતાના વિષયમાં રામાનુજનો મત પણ વલ્લભ જેવો જ છે. તેઓ પણ બ્રહ્મને જ્ઞાનરૂપ અને ગુણયુક્ત સ્વીકારે છે. જે જ્ઞાતા છે, તે જ જ્ઞાન સ્વરૂપ પણ થઈ શકે છે અને જે જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનાશ્રય હોવાનું સામર્થ્ય પણ રાખે છે. .... વગેરે શ્રુતિ પણ બ્રહ્મના સર્વજ્ઞતા (જ્ઞાતૃત્વ)નું કથન કરે છે. 'જ્ઞાતૃત્વ'નો અર્થ જ છે 'જ્ઞાનગુણાશ્રયત્વ'. બ્રહ્મનો આ ધર્મ અનાગન્તુક સ્વાંભાવિક ધર્મ હોવાને કારણે નિત્ય છે. રામાનુજ અને વલ્લભ બન્ને બ્રહ્મને

ચૈતન્યસ્વભાવ હોવાને કારણે 'સ્વયંપ્રકાશ' માને છે. જ્ઞાનરૂપ હોવાંનો અર્થ છે પ્રકાશક હોવું. જ્ઞાન 'સ્વયંપ્રકાશ' પણ હોય છે અને 'સર્વપ્રકાશક' પણ. આ જ્ઞાન જ ભગવત્સ્વરૂપ છે એટલે બ્રહ્મને કોઈ પ્રકાશની આવશ્યકતા નથી.

વલ્લભની જેમ રામાનુજ પણ પરબ્રહ્મને 'આનન્દમય' અને આનંદને એના ગુણ તરીકે સ્વીકારે છે. શુદ્ધાદ્વૈત મતમાં બ્રહ્મના આનંદાંશનું પોતાનું વિશિષ્ટ સ્થાન છે. બ્રહ્મને સર્વજ્ઞ આનન્દકાર કહેવાયું છે.

બન્ને ઈશ્વરના અનુગ્રહને મુક્તિનું કારણ માને છે. વલ્લભ એને અનુગ્રહ અથવા પુષ્ટિ કહે છે રામાનુજ એને પ્રપત્તિ કહે છે.

બન્ને માને છે કે મોક્ષ દશામાં જીવ બ્રહ્મ નથી બનતો પણ બ્રહ્મ જેવો (Similar) બને છે. વલ્લભના મતે મુક્ત જીવ એની આનન્દાવસ્થામાં એના અનુગ્રહથી ઈશ્વરની લીલાનું સાયુજ્ય અનુભવે છે.

બન્ને પુરુષોત્તમ - પરબ્રહ્મને અક્ષર બ્રહ્મ કરતાં ઉચ્ચ ગણે છે - અગણિતાનંદ માને છે.

શ્રી વલ્લભ, રામાનુજ અને બીજા આચાર્યોએ ઉપનિષદો, બ્રહ્મસૂત્ર વગેરેને આધારે જ પોતાના સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે પણ વિચારો અને દૃષ્ટિભેદને લીધે એમના સિદ્ધાંતોમાં સૂક્ષ્મ ભેદ પણ જણાઈ આવે છે. આપણે આગળ જોયું તેમ વલ્લભ અને રામાનુંજના દર્શન વચ્ચે ઘણું સામ્ય છે પણ એમની વચ્ચે શાસ્ત્રોના અર્થ ઘટનામાં અને સિદ્ધાંતોમાં જે ભેદ છે તે વિગતે જોઈએ.

(૨) શ્રી વલ્લભાચાર્ય અને શ્રીરામાનુજાચાર્ય

શ્રીવલ્લભાચાર્ય	શ્રીરામાનુજાચાર્ય
- વલ્લભ આત્માને બ્રહ્મના ચિદ્ અંશ સ્વીકારે છે એટલે કે બન્ને વચ્ચે અંશી - બ્રહ્મ અને અંશ - જીવ ભાવ છે.	- રામાનુજના મત પ્રમાણે બ્રહ્મ અને જીવનો સંબંધ શરીરનો આત્મા સાથે છે તેવો છે અથવા તો જીવ એ વિશિષ્ટ બ્રહ્મનું વિશેષણ છે.
- વલ્લભના મતે અચિત્ જગત અને ચિત્ જીવ બ્રહ્મથી અભિન્ન છે પણ એ બન્નેનો આવિર્ભાવ બ્રહ્મમાંથી થયો હોવા છતાં બન્નેનું સ્વતંત્ર અસ્તિત્વ છે.	- તેઓ માને છે કે બ્રહ્મના અંગભૂત હોવાથી અચિત્ જગત અને ચિત્ - જીવો નિમિત્ત કારણ રૂપે અને ઉપાદાન કારણ રૂપે પણ બ્રહ્મથી અભિન્ન છે.

- જગતને પરમાત્માના સત્ (being) અંશ તરીકે ગણે છે.	- જગતને બ્રહ્મનો સત્ (being) અંશ ન ગણતા પણ બ્રહ્મની એક વિશિષ્ટતા (Attribute) તરીકે ગણે છે. જીવ, જગત અને બ્રહ્મ - એ ત્રણેને સત્ માને છે.
- તેઓ માત્ર પ્રેમલક્ષણા ભક્તિને જ ઈશ્વર પ્રાપ્તિનું મુખ્ય સાધન માને છે. ભક્તિ એ પરમાત્માના સાક્ષાત્કારનું છે. સાધન પણ છે અને ફળ પણ છે.	- તેઓ કર્મ, જ્ઞાન અને ઉપાસનાને સ્વીકારે છે. એમના મતે ઉપાસના એ જ ભક્તિ
- વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભાગવતને પણ ચતુર્થ પ્રમાણ તરીકે સ્વીકારે છે. બ્રહ્મના જ્ઞાન માટે માત્ર ઉપર જણાવેલ શબ્દ પ્રમાણને જ સ્વીકારે છે.	- વેદ, ગીતા અને બ્રહ્મસૂત્રને શબ્દ પ્રમાણ ત્રાયી) ગણે છે. પ્રત્યક્ષજ્ઞાન (Perception) અને અનુમાન પ્રમાણ (Inference) ને પણ પ્રમાણ તરીકે સ્વીકારે છે.
- તેઓ માને છે કે જડ અને જીવમાં જ્યારે આનંદનો આવિર્ભાવ થાય છે ત્યારે તેઓ વિભુસ્વરૂપ (બ્રહ્મસ્વરૂપ) બને છે.	- તેમના મતે કાર્ય કે કારણની સ્થિતિમાં અચિદ્ અને ચિદ્તત્ત્વ બદલાયા વિના એક રૂપે જ રહે છે.
- તેઓ અવિકૃત પરિણામવાદમાં માને છે. તેમના મતે જ્યારે સત્ અને ચિદ્ અંશમાંથી જડ અને જીવનો આવિર્ભાવ થાય છે ત્યારે પરિણામ રૂપે આમાં કોઈ વિકાર આવતો નથી. (દા.ત. સુવર્ણ અને અલંકારો, માટી - ઘડો)	- રામાનુજ પરિણામવાદમાં તો માને છે પણ એમના મતે ઈશ્વરના શરીર રૂપ જડ અને જીવમાં વિકાર આવે છે પણ બ્રહ્મમાં કોઈ વિકાર થતો નથી. (દા.ત. દૂધમાંથી દહીં બને છે એ દૂધનો જ પ્રકાર છે પણ એમાં વિકાર આવે છે.)
- જગત અને સંસારમાં ફરક ગણે છે. જગત સત્ય છે અને સંસાર મિથ્યા છે	- જગત અને સંસારમાં કોઈ ફરક ગણતા નથી.

- જીવની બ્રહ્મથી કોઈ અલગ સત્તા નથી, એ બ્રહ્મ રૂપે જ સત્ય છે, જીવરૂપે નહીં.	- જીવને બ્રહ્માત્મક સ્વીકારવા છતાં પણ એની 'વિશેષણ' અથવા 'પ્રકાર' રૂપે બ્રહ્મથી અલગ સત્તા સ્વીકારે છે. વલ્લભ એનું સમર્થન કરતા નથી.
- જીવને ત્રણ પ્રકારના ગણે છે. (૧) પુષ્ટિ (divine) (૨) મર્યાદા (spiritual) (૩) પ્રવાહી (worldy)	- તેઓ પણ ત્રણ પ્રકારના જીવ ગણાવે છે. (૧) નિત્ય સૂરિ (૨) મુક્ત આત્મા અને (૩) બદ્ધ આત્મા
- વલ્લભના મતે ભક્તિ એટલે પ્રેમ લક્ષણા ભક્તિ, સમર્પણ અને સેવા.	- નવધા ભક્તિને સ્વીકારે છે એના બે સ્તર છે. (૧) સામાન્ય ભક્તિ - સમર્પણ અને સેવા. (૨) ઉચ્ચસ્તરીય ભક્તિ - બ્રહ્મનું શુદ્ધ જ્ઞાન અથવા પરમાત્માની કૃપાથી મેળવેલું અંતઃસ્ફુરણાનું જ્ઞાન.

અખંડ અદ્વૈત પ્રત્યેની આસ્થાને કારણે જ વલ્લભ બ્રહ્મના સ્વરૂપમાં 'સ્વગત-દ્વૈત' પણ સ્વીકારતા નથી અને આ જ વલ્લભ અને રામાનુજના મતમાં મુખ્ય અંતર છે. રામાનુજ સ્પષ્ટ શબ્દોમાં બ્રહ્મના સ્વરૂપમાં સ્વગત-દ્વૈત સ્વીકારે છે. રામાનુજ ત્રણે સત્તાઓ સ્વીકારે છે. - ઈશ્વર, ચિત્, અચિત્. પણ આ ત્રણે સત્તાઓ ઘટ-પટની જેમ અત્યન્ત ભિન્ન નથી. ચિત્ અને અચિત્ ઈશ્વર પર આશ્રિત સત્તાઓ છે અને ઈશ્વર એમનો અંતર્યામી આત્મા છે. તત્ત્વતઃ એ ઈશ્વરથી ભિન્ન નથી પણ સ્વરૂપગત વૈશિષ્ટ્ય હોવાથી પોતાનું ભિન્ન અસ્તિત્વ પણ રાખે છે. એમનું પરસ્પર વૈશિષ્ટ્ય તો જાણી શકાય છે. પરંતુ એ ઈશ્વરથી વિભાજ્ય નથી કારણ કે વૈશિષ્ટ્ય એનું સ્વરૂપભૂત છે. રામાનુજનું બ્રહ્મ 'વિશેષ્ય-વિશેષણ' સંબંધની એક સંગઠીત સંલગ્નતા કહી શકાય, એટલે બ્રહ્મની અને વિશ્વની એકતા યા અદ્વૈત-વિશિષ્ટ ઐક્ય અથવા વિશિષ્ટાદ્વૈત છે, સ્વરૂપ ઐક્ય યા સ્વરૂપ-અદ્વૈત નહીં. જે રીતે વિશેષણને પોતાના વિશેષ્યથી

અલગ પોતાની કોઈ સત્તા હોતી નથી એ જ રીતે વિશ્વને બ્રહ્મથી સ્વતંત્ર પોતાની કોઈ સત્તા નથી હોતી. ચિત્ અને અચિત્ બ્રહ્મની જ અભિવ્યક્તિ છે એટલે બ્રહ્મ 'પ્રકારી' અને ચિદ્-અચિદ્ 'પ્રકાર' છે. પ્રકાર - પ્રકારી રૂપે એની સત્તા છે. ચિદચિદાત્મક વિશ્વ બ્રહ્મ પર જ આશ્રિત અને એના દ્વારા જ સંચાલિત છે, એટલે વિશ્વ અને બ્રહ્મમાં શરીર - શરીરી ભાવ છે.

શ્રી વલ્લભ ક્યાંય બ્રહ્મમાં દ્વૈત સ્વીકારતા નથી. જીવ અને જડનું સ્વરૂપ તો લગભગ એ જ છે કે જે રામાનુજ સ્વીકારે છે. પણ મુખ્ય ભેદ એ છે કે વલ્લભ જીવ અને જડને રામાનુજના ચિત્ - અચિત્‌ની જેમ બ્રહ્મના નિત્યસહવર્તી વિશેષણ તરીકે સ્વીકારતા નથી. સૃષ્ટિકાળમાં બ્રહ્મ જ જીવ-જડ રૂપે પરિણમે છે. જીવ અને જડની સત્તા બ્રહ્મ રૂપથી જ છે, જીવ-જડ રૂપથી નહી. જીવ અને જડની વૈયક્તિક વિશેષતાઓને સુરક્ષિત રાખવાનો રામાનુજનો આગ્રહ છે, એવો વલ્લભનો નથી. એટલે શરીર - શરીરીભાવ, વિશેષ્ય - વિશેષણને સ્વીકારતા નથી. બ્રહ્મ કાર્યાવસ્થામાં ભલે અનેક હોય, કારણાવસ્થામાં એક જ છે. રામાનુજ પ્રલયકાલમાં પણ બ્રહ્મને સૂક્ષ્મ ચિદ ચિદ્‌વિશિષ્ટ માને છે પણ શ્રી વલ્લભ એને સ્વીકારતા નથી.

(૩) શ્રી વલ્લભાચાર્ય અને ચૈતન્ય મહાપ્રભુ :

શ્રી વલ્લભાચાર્યના સમકાલીન અને કૃષ્ણ ભક્તિના પ્રવર્તક શ્રી કૃષ્ણ ચૈતન્ય (ઈ.સ. ૧૪૮૫ થી ૧૫૩૩) બંગાળમાં થઈ ગયા. અન્ય આચાર્યોની જેમ તેમણે પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્ય રચના કરી નથી કે કોઈ નવો વાદ પ્રવર્તાવ્યો નથી. ભાગવતપુરાણને મુખ્ય ગ્રંથ તરીકે સ્વીકારીને એમણે પ્રેમપૂર્વક કૃષ્ણ ભક્તિ કરવાનો ઉપદેશ આપ્યો હતો. વલ્લભના સમકાલીન હોવાથી શુદ્ધાદ્વૈત સંપ્રદાયના સિદ્ધાંતો સાથે એમના વિચારોમાં ઘણું સામ્ય જણાય છે. જેમ કે શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે, સચ્ચિદાનંદ, આનંદમય પ્રાકૃત ગુણરહિત અને અતિમનોહર છે. શ્રીકૃષ્ણે સ્વયં જ આ જગતને પોતાની માયા શક્તિથી સ્વક્રીડાર્થે ઉત્પન્ન કર્યું છે. જીવ બ્રહ્મનો અંશ છે, બ્રહ્મને આધિન છે અને અણુ છે. જગત સત્ય છે. તેમણે વૈધી (as a means) અને રાગાનુરાગા (Love type) એવા ભક્તિના બે પ્રકારો માન્યા છે જે અનુક્રમે વલ્લભના મર્યાદા અને પુષ્ટિ ભક્તિ સાથે સામ્ય ધરાવે છે. બન્ને માને છે કે મોક્ષાવસ્થામાં જીવ કૃષ્ણપ્રેમ અને કૃષ્ણનું સાયુજ્ય માણે છે.

શ્રી ચૈતન્ય મહાપ્રભુની સાહિત્ય રચનાની પૂર્તિ એમના વિદ્વાન શિષ્યોએ

વિદ્વત્તાપૂર્ણ અને વિશાળ સાહિત્ય ગ્રંથોની રચના દ્વારા કરી છે. એમના શિષ્ય રૂપગોસ્વામીએ અનેક ગ્રંથોની રચના કરી છે. જેમાં 'ભક્તિરસામૃતસિન્ધુ' અને 'ઉજ્વલ નીલમણી' મુખ્ય છે. સનાતન ગોસ્વામીએ 'વૈષ્ણવતોષિણી' અને 'ભાગવતામૃત' ગ્રંથોની રચના કરી છે. તેમના ભત્રીજા જીવગોસ્વામીએ આ સંપ્રદાયને અતિ વિપુલ સાહિત્ય આપ્યું છે. જેમાં તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ 'ષટ્સંદર્ભ' ગ્રંથ ખૂબ મહત્વનો છે જેણે બ્રહ્મસૂત્ર ભાષ્યનું કાર્ય કરેલું છે.

એમના દિક્ષાગુરુ મધ્વસંપ્રદાયના અનુયાયી હતા એટલે ચૈતન્ય દ્વારા પ્રચારિત ભક્તિમાર્ગને મધ્વ સંપ્રદાયની ગૌડ્ય શાખા ગણવામા આવે છે. પણ સ્વયં ચૈતન્યના મતે એમણે પોતે કોઈ સુનિયોજિત દાર્શનિક મતવાદનો પ્રચાર કર્યો ન હતો. તેઓ તો રાધા - કૃષ્ણની પ્રેમલક્ષણા ભક્તિનો જ પ્રચાર કરતા હતા. એમણે પોતાના મત પ્રમાણે નૃત્ય-ગાન સહિત 'સંકીર્તન'ને એમના પ્રચારમાં વિશેષ સ્થાન આપ્યું. ચૈતન્ય મહાપ્રભુના ઉપદેશો અને રચનાઓના આધારે એમના પછી એમના શિષ્યોએ દાર્શનિક મતની પરિકલ્પના કરી, જેનું નામ **'અચિન્ત્યભેદાભેદ'** છે. આ ક્ષેત્રમાં જીવગોસ્વામી અને બલદેવનું મહત્ત્વનું યોગદાન છે.

ચૈતન્ય પર વલ્લભનો પ્રભાવ તો હતો જ સાથે સાથે તેઓ પોતાના વિચારોમાં નિમ્બાર્કના દ્વૈતાદ્વૈતની પણ ખૂબ નજીક છે. ચૈતન્ય મતમાં દ્વૈતાદ્વૈત સાથે એમાં 'અચિન્ત્ય' શબ્દ જોડવામાં આવ્યો છે. જેનો અર્થ છે કે ઈશ્વર તથા જીવ-જગત, પૂર્ણ અને અંશની વચ્ચે જે ભેદ અને અભેદ છે, એકમાં અનેકતા અને અનેકતામાં એકતા, એ બુદ્ધિ ગમ્ય નથી. બુદ્ધિની સીમાથી પર હોવાથી 'અચિન્ત્ય' છે. આ મતમાં સર્વથી મોટી વિશેષતા છે રાધાની સર્વોચ્ચ પ્રતિષ્ઠા. આ સંપ્રદાયમાં પહેલી વાર 'રાધાભાવના' ને આટલું મહત્ત્વ મળ્યું છે. ભક્તિને રસની કોટિએ પહોંચાડવાનું શ્રેય પણ આ સંપ્રદાયને જાય છે. ભક્તિ તથા અન્ય સર્વ સૈદ્ધાન્તિક માન્યતાઓ માટે ચૈતન્ય મતમાં મુખ્ય રૂપે ભાગવતનો આધાર લેવામાં આવ્યો છે. ચૈતન્યનો પ્રભાવ સંપૂર્ણ બંગાળ અને વ્રજમંડળ પર છવાઈ ગયો. રાધા-કૃષ્ણ પ્રત્યેની એમની પ્રેમમયી ભક્તિ તો સદીઓ સુધી સાહિત્ય માટે પ્રેરણાસ્રોત બની રહી છે.

વલ્લભ અને ચૈતન્ય વૈષ્ણવ સંપ્રદાયના કૃષ્ણભક્ત આચાર્યો છે પણ ક્યાંક બન્ને વચ્ચે નજીવું અંતર પણ દેખાઈ આવે છે. વલ્લભ ગોપીઓના પ્રેમને સર્વોચ્ચ ગણે છે જ્યારે ચૈતન્ય રાધાપ્રેમને શ્રેષ્ઠ ગણે છે. વલ્લભ દર્શન

શુદ્ધાદ્વૈતવાદ તરીકે આળખાય છ. ચૈતન્યના શિષ્યોએ 'અચિન્તયભેદાભેદ' વાદનું પ્રતિપાદન કર્યું.

વલ્લભ બ્રહ્મના 'વિરુદ્ધ ધર્માશ્રય'ને માને છે, ચૈતન્ય બ્રહ્મના ધર્મોને 'અચિન્ત્ય'ની વિભાવનાથી સમજાવે છે. વલ્લભ સત્ અને ચિદ્ અંશને બ્રહ્મનો સ્વભાવ ગણે છે અને 'આનંદ' ને બ્રહ્મમય ગણે છે. ચૈતન્યના મતે એ બ્રહ્મની 'અચિન્ત્ય' શક્તિ છે અને સત્ય તથા નિત્ય છે. આ 'અચિન્ત્ય' શક્તિ ઉપરાંત બ્રહ્મની બાહ્યશક્તિને 'માયાશક્તિ' અને 'જીવશક્તિ' કહે છે. ઈશ્વર એ વિશેષ્ય (qualified) છે અને એની સર્વ શક્તિઓ એના 'વિશેષણ' (qualification) છે.

વલ્લભ અને ચૈતન્ય બન્નેએ કૃષ્ણભક્તિને ધર્મ-દર્શન અને સાહિત્યના શિખર પર પહોંચાડી દીધી. બંગાળમાં તાંત્રિક પ્રભાવનું ખંડન કરવાનું શ્રેય પણ ચૈતન્યને જાય છે. શ્રી વલ્લભ અને ચૈતન્યએ ભારતની વૈદિક, ઔપનિષદિક તથા પૌરાણિક પરંપરાઓને અવશ્ય ગ્રહણ કરી છે, પરંતુ એમનો મુખ્ય સંબંધ તો ભક્તિ સંપ્રદાયની પરંપરા સાથે જ છે. બન્નેએ ખાસ કરીને પોતાની મૌલિક પ્રતિભાથી પોતાના સિદ્ધાન્તોના રૂપ - આકાર નિશ્ચિત કર્યા છે, કેવળ પરંપરા પ્રાપ્ત નિષ્ઠાઓથી સંતોષ નથી માન્યો.

(૪) શ્રી વિષ્ણુસ્વામી અને શ્રી વલ્લભાચાર્ય :

સ્વયં વલ્લભ સંપ્રદાયમાં કેટલાક લેખક તથા સંપ્રદાયેતર લેખક પણ કેટલીક માન્યતાઓ અનુસાર શ્રી વિષ્ણુસ્વામી અને શ્રી વલ્લભાચાર્યના પરસ્પર સંબંધના બારામાં ચર્ચા કર્યા કરે છે. જેમ કે શ્રી વલ્લભની દાર્શનિક માન્યતા પ્રમાણે એમના દાર્શનિક શુદ્ધાદ્વૈતવાદી સિદ્ધાંત વિષ્ણુસ્વામીના હતા. પરંતુ પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી ક્યાં તો સ્વયં મહાપ્રભુ દ્વારા પ્રવર્તિત અથવા તેમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી દ્વારા પ્રવર્તિત માને છે. તો વળી કેટલાક લોકો શ્રી વલ્લભની માન્યતાઓ મૌલિક માનીને એમનો વિષ્ણુસ્વામી સાથે કોઈ સંબંધ નથી એવા વિધાન પણ કરે છે. શ્રી શ્યામમનોહરજીના જણાવ્યા પ્રમાણે "કેટલાક ચૈતન્ય સંપ્રદાયના વિદ્વાનોની પણ એવી ધારણા છે કે સ્વયં મહાપ્રભુએ પોતાના વિચારોને જનમાન્ય મનાવવા માટે વિષ્ણુસ્વામી સાથે પોતાનો સંબંધ જોડી દીધો હતો."[૩]

આમ તો વિષ્ણુસ્વામીનો સમય સ્પષ્ટ રીતે જાણી શકાયો નથી પણ 'સર્વદર્શનસંગ્રહ' કાર માધવાચાર્ય (વિ.સ. ૧૩૫૩ - ૧૪૪૩) દ્વારા એમનો

નામોલ્લેખ થયો છે. શ્રીધર સ્વામીનો સમય ૧૨-૧૩ મી સદીની આસપાસ સ્વીકારવામાં આવે છે. ભાગવત પર એમની ટીકા 'ભાવાર્થદીપિકા' શ્રીધરી પ્રખ્યાત છે. કેટલાક શ્રીધર સ્વામીને વિષ્ણુસ્વામીની પરંપરાના માને છે. ડૉ. રાજલક્ષ્મી વર્માના મતે શ્રીધર સ્વામીનો સમય બારમી સદીનો ઉત્તરાર્ધ લગભગ નિશ્ચિત છે. શ્રીધરે પોતાની ટીકામાં વિષ્ણુસ્વામીના શ્લોકને ટાંક્યો છે, એટલે વિષ્ણુસ્વામીનો સમય બારમી સદીનો પૂર્વાર્ધ હોવો જોઈએ. જો શ્રીધરને તેરમી સદીની શરૂઆતમાં થયેલા માની લઈએ અને જો એમના અને વિષ્ણુસ્વામીમાં ઝાઝુ અંતર ન હોય તો પણ વિષ્ણુસ્વામીનો સમય બારમી સદીનો ઉત્તરાર્ધ જ નક્કી થાય છે.[૪]

'વલ્લભદિગ્વિજય'માં બિલ્વમંગલને વિષ્ણુસ્વામીનો શિષ્ય ગણવામાં આવ્યો છે. બિલ્વમંગલનો સમય નવમી સદીનો છે એટલે એ વિષ્ણુસ્વામી 'શુદ્ધાદ્વૈત'ના સ્થાપક ન હોઈ શકે. 'શુદ્ધાદ્વૈત' સાથે સંબંધ ધરાવનાર વિષ્ણુસ્વામીનો સમય બારમી સદી જ હોવો જોઈએ, કેમ કે એમના સિદ્ધાંતો વિશે જે કંઈ જાણકારી ઉપલબ્ધ છે એને આધારે કહી શકાય કે તેઓ વૈષ્ણવ આચાર્યોની પરંપરામાં હતા. વૈષ્ણવભક્તિ, ખાસ કરીને કૃષ્ણ ભક્તિના મુખ્ય તત્ત્વો એમના સિદ્ધાંતોમાં મળે છે. દુર્ભાગ્યવશ એમના વિશેની માહિતી બહુ જ અસ્પષ્ટ અને ધુંધળી છે.

વિષ્ણુસ્વામીની દાર્શનિક માન્યતાઓ શું હતી એ પણ સ્પષ્ટ નથી કારણ કે એમની કોઈ રચના ઉપલબ્ધ નથી. કહેવાય છે કે એમણે 'સર્વજ્ઞસૂક્ત' નામના ભાષ્યની રચના કરી હતી પણ એ પણ પ્રાપ્ય નથી. શ્રીધરે શ્રીમદ્ ભાગવતની પોતાની ટીકામાં વિષ્ણુસ્વામીનો ઉલ્લેખ કર્યો છે. શ્રીધરે ભાગવતના પ્રથમ શ્લોકનું ભાષ્ય કરતી વખતે વિષ્ણુસ્વામીના એક શ્લોકનો પોતાના મતના સમર્થન માટે ઉપયોગ કર્યો છે. શ્રીધરનો મત છે કે ઈશ્વરની બે શક્તિઓ છે - વિદ્યાશક્તિ અને અવિદ્યાશક્તિ. પોતાની વિદ્યાશક્તિથી એ પોતાની માયાનું નિયંત્રણ કરે છે. વાસ્તવિક રૂપે એ સત્, ચિત્, આનંદ, સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન છે. ભકિત દ્વારા એના સ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થતા જીવ મુક્તિનો અધિકારી બને છે.

પોતાના આ મતના સમર્થનમાં શ્રીધરે વિષ્ણુસ્વામીના આ શ્લોકને ટાંક્યો છે -

"तदुक्तं विष्णुस्वामिना -
ह्लादिन्या संविद्याश्लिष्टः सच्चिदानन्द ईश्वरः ।
स्वाविद्या संवृतो जीवः संक्लेशनिकराकरः ॥[५]"

એનો અર્થ એ છે કે "ઈશ્વર સત્, ચિત્ અને આનંદ સ્વભાવ છે. 'ઈશ્વર' પદથી એનું સવિશેષત્વ તથા માયાપતિ હોવાનું જાણી શકાય છે. એની સર્વશક્તિમત્તા અને જગન્નિયન્તૃત્વનું જ્ઞાન પણ થાય છે. તે હંમેશા પોતાની '(હ્લાદિની) શક્તિ' એટલે કે આનન્દરૂપા વિદ્યાશક્તિથી યુક્ત છે. તે જીવથી એ અર્થમાં ભિન્ન છે કે જીવ પોતાની અવિદ્યાથી ગ્રસ્ત થયેલો છે અને એને કારણે અનેક પ્રકારના કષ્ટ ભોગવે છે." આમ આ શ્લોકના આધારે વિષ્ણુસ્વામીનો આ મત નિશ્ચિત થાય છે.

સ્વયં વલ્લભે ક્યાંય પણ વિષ્ણુસ્વામીને પોતાના મતના સંસ્થાપક તરીકે સ્વીકાર્યા નથી. વલ્લભના મતે એમનો શુદ્ધાદ્વૈત સિદ્ધાંત અથવા 'બ્રહ્મવાદ' સર્વથા મૌલિક છે તથા એના પ્રવર્તક એ પોતે જ છે. માત્ર બે જ વાર એમણે વિષ્ણુસ્વામીનો ઉલ્લેખ કર્યો છે. શ્રી ગોસ્વામી શ્યામમનોહરજીના જણાવ્યા પ્રમાણે પોતાની અગિયાર વર્ષની ઉંમરે શ્રી વલ્લભાચાર્યે સ્વયં પોતાના હસ્તાક્ષરમાં ઉજ્જૈનના પુરોહિતને લખેલ વૃતપત્રમાં પોતાને 'વિષ્ણુસ્વામિમતાનુવર્તી' હોવાનું સ્વીકાર્યું છે. પરંતુ ભાવાર્થદીપિકામાં ઘણી જગ્યાને શ્રીધરસ્વામી માયાવાદનું અનુસરણ કર્યું હોવાથી એમને માયાવાદી માને છે. ઉજ્જૈનના વૃતપત્ર સિવાય નિબંધ તથા ભાષ્યગ્રંથોની પુષ્પિકામાં પણ સ્વયં મહાપ્રભુ પોતાને 'વિષ્ણુસ્વામીમતાનુવર્તી' હોવાનો ઉલ્લેખ જરૂર કરે છે, પણ સાથે સાથે સુબોધિનીમાં એવું પણ વિધાન કરે છે કે,

"भेदः पारमार्थिकः इति शास्त्रं पुरस्कृत्य त्रिविधो भक्तियोग उक्तः ते च साम्प्रतं विष्णुस्वाम्यनुसारिणः तत्त्व वादिनो, रामानुजः च .... अस्मत्प्रतिपादिस्तु नैर्गुण्यः ।[६]"

આ વિધાન દ્વારા સિદ્ધાન્તની દૃષ્ટિએ પણ વલ્લભે વિષ્ણુસ્વામીનો પ્રતિવાદ કર્યો છે. અહીં 'ભક્તિ યોગ' ના સંદર્ભમાં વલ્લભ વિષ્ણુસ્વામીની ભક્તિને 'સગુણ' તથા પોતાની ભક્તિને 'નિર્ગુણ' જણાવીને બન્નેના મતનો ભેદ સ્પષ્ટ કર્યો છે. સગુણ ભક્તિ ગુણોથી પરિચ્છિન્ન હોવાને કારણે ભેદપરક હોય છે અર્થાત ઈશ્વર અને સૃષ્ટિમાં ભેદ બુદ્ધિપૂર્વક હોય છે. નિર્ગુણ ભક્તિ ઈશ્વર અને સૃષ્ટિના અભેદમાં પર્યવસિત હોય છે અને આ નિર્ગુણ ભક્તિ જ વલ્લભની પ્રતિપાદન કરેલ છે. એનો અર્થ એ છે કે વલ્લભ વિષ્ણુસ્વામીના મતને દ્વૈતપરક

માને છે જ્યારે પોતે અદ્વૈતના પ્રતિપાદક છે. વલ્લભે ઉપનિષદના અદ્વૈતપરક વાક્યોના આધારે જ બ્રહ્મને સ્વરૂપગત ભેદથી રહિત માન્યો છે. બ્રહ્મ અને એના ધર્મોમાં અદ્વૈત જ છે. જ્યારે એનાથી વિપરીત વિષ્ણુસ્વામી દ્વૈતબોધક શ્રુતિઓને જ પ્રાધાન્ય આપે છે. આમ સુબોધિનીના વચનોના આધારે એટલું તો નિશ્ચિત પણે સિદ્ધ થાય છે કે મહાપ્રભુની આત્મ સ્વીકૃતિ પ્રમાણે શ્રી વિષ્ણુસ્વામી ભેદવાદી હતા શુદ્ધાદ્વૈતી ન હોતા, જ્યારે શ્રીધર સ્વામી તો ચોક્કસ માયાવાદી હતા. શ્રી વિષ્ણુસ્વામી વલ્લભના મતે ભક્તિસંપ્રદાયના ચાર આચાર્યોમાંના એક હતા.

આ ઉપરથી એટલું નક્કી થાય છે કે શ્રી વલ્લભ પણ પોતાના દાર્શનિક દષ્ટિકોણથી નહીં પણ કોઈ બીજા કારણસર વિષ્ણુસ્વામીના અનુવર્તી હતા. આ જ અર્થની સુબોધિનીના મંગલચરણમાં મળતી એક અન્ય સ્વીકૃતિ "**श्री गोपीपति वन्दिने सुमनसी ब्रह्मामृतस्यन्दिने .... श्रीमद लक्ष्मण भट्टसूरिरिति .... तस्मै तातामहाशयाय ।**" (સુબોધિની ૧-૧-૧) માં પણ છે.

"એના આધારે એવું જણાય છે કે પોતાના પૂર્વજોની ચાલી આવતી કુળપરંપરા પ્રમાણે જ મહાપ્રભુ 'વિષ્ણુસ્વામિમતાનુવર્તી' હતા. સાથે સાથે અહીં 'अहंग्रहोपासना' ના ઉલ્લેખના આધારે એવું પણ લાગે છે કે શાંકર મતમાં જેમ ઉપાસના માટે ભેદ કલ્પના કરવામાં આવે છે, એમ જ ભેદવાદી વિષ્ણુસ્વામી સંપ્રદાયમાં ઉપાસના માટે અભેદ કલ્પનાની કોઈ રીત રહેલી હશે." (ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી)[૭]

આ પ્રમાણેની ધારણા કોઈને માન્ય હોઈ શકે છે અથવા અમાન્ય પણ. કોઈ પણ રીતે શ્રીધર સ્વામી દ્વારા કરવામાં આવેલા એક તટસ્થ ઉલ્લેખ 'तदुक्तं विष्णुस्वामिभिः' (ભાવા. દીપ. ૧/૭/૬, ૩/૧૨/૨)ના આધારે એમને વિષ્ણુસ્વામિમતાનુવર્તી માનીને તથા ભાગવત શ્રીધરી વ્યાખ્યાને આધારે વિષ્ણુસ્વામીને અભદવાદી માનવા એ વલ્લભની ધારણાથી તો વિપરીત જ લાગે છે.

આમ સ્વયં વલ્લભના મતે વિષ્ણુસ્વામી ભેદવાદી છે તથા એમનો સિદ્ધાન્ત વલ્લભ દ્વારા પ્રતિપાદિત સિદ્ધાન્તથી અલગ છે. આવી સ્થિતિમાં વિષ્ણુસ્વામીને શુદ્ધાદ્વૈતના પ્રવર્તક માનવું ઉચિત નથી. એ સિવાય શ્રીધરે વિષ્ણુસ્વામીનો જે શ્લોક ટાંક્યો છે, એમાં બ્રહ્મની વિદ્યાશક્તિને 'હ્લાદિનીસંવિત' તરીકે સંબોધેલી છે. વલ્લભે ક્યાંય પણ વિદ્યાશક્તિનો આ નામે ઉલ્લેખ કર્યો નથી.

તો પછી વિષ્ણુસ્વામીને 'શુદ્ધાદ્વૈત' પ્રવર્તક માનવાની જે માન્યતા છે તેનો કોઈક આધાર તો હોવો જોઈએ. એનું કારણ એ પણ હોઈ શકે કે બન્નેના સિદ્ધાન્તોમાં કેટલીક સમાનતાઓ છે. બન્ને વૈષ્ણવ આચાર્યો છે અને મધ્યયુગના ભક્તિ દર્શનના આધાર સ્તંભોમાંના છે. બન્ને સવિશેષ વસ્તુવાદી છે તથા શ્રીકૃષ્ણને પરબ્રહ્મ તરીકે સ્વીકારે છે અને બન્ને કૃષ્ણભક્ત છે. વિષ્ણુસ્વામી અને વલ્લભ બન્ને ભક્તિને ભગવદ્ પ્રાપ્તિનું મુખ્ય સાધન માને છે, સેવક-સેવ્યભાવ પણ બન્નેને માન્ય છે. હોઈ શકે કે આ સર્વ સંભાવનાઓને આધારે વલ્લભને વિષ્ણુસ્વામીની પરંપરાના માની લીધા હોય. પણ મુશ્કેલી એ છે કે આ સમાનતા તો મધ્યયુગના સર્વ કૃષ્ણભક્ત વૈષ્ણવ આચાર્યોમાં જોવા મળે છે અને એ જ તો આ સર્વ આચાર્યોની વિશેષતા છે. પણ એના આધારે વલ્લભને વિષ્ણુસ્વામીની જ પરંપરાના માનવા જેવો મહત્ત્વનો નિર્ણય ન લઈ શકાય. વિષ્ણુસ્વામી માત્ર એટલે જ મહત્ત્વપૂર્ણ બની ગયા છે કે પરંપરાએ એમનું નામ શુદ્ધાદ્વૈતના પ્રવર્તક તરીકે જોડી દેવામાં આવ્યું છે.

(૫) શ્રી વલ્લભાચાર્ય અને નરસિંહ મહેતા :

નરસિંહ મહેતા શ્રી વલ્લભાચાર્યથી ૫૬ વર્ષ આગળ (પહેલા) થઈ ગયા. નરસિંહ મહેતા કોઈ મહાન આચાર્ય કે કોઈ સંપ્રદાયના સ્થાપક ન હતા, એક સીધાસાદા ભક્ત કવિ હતા પણ એમના શુદ્ધાદ્વૈતના સિદ્ધાન્તો અને શ્રી વલ્લભાચાર્યના બ્રહ્મવાદના સિદ્ધાંતો વચ્ચે એટલું બધું સામ્ય છે કે એની તુલના રસપ્રદ બની રહે છે.

નરસિંહને 'ગુજરાતી ભાષાના આદિકવિ' તરીકે બિરદાવવામાં આવે છે અને આ બિરુદને ચરિતાર્થ કરી બતાવ્યું હોય તો એ એના 'ભાવગીતો' એ. આ ભાવગીતો કૃષ્ણની લીલા - કૃષ્ણ વિહારને લગતા છે અને આ વિચારભાથું એને મળ્યું હોય તો એ જયદેવના 'ગીતગોવિંદ' અને શ્રી વિષ્ણુસ્વામીના સિદ્ધાંતોમાંથી. એમના 'આત્મલક્ષિતા'થી સમૃદ્ધ ભાવગીતો જેવા કે રાસ-શરદના પદ, વસંતના, હિંડોળાના, દાણ વગેરેના પદો મુખ્યત્વે વિપ્રલંભ શૃંગારની રચનાઓથી સમૃદ્ધ બન્યા છે. ક્યાંક કેટલાક પદોમાં સંયોગ શૃંગારના દર્શન પણ થાય છે. આ ભાવગીતોની સંખ્યા વિપુલ પ્રમાણમાં છે.

શ્રી વલ્લભની જેમ નરસિંહ પ્રેમલક્ષણા ભક્તિના ઉદાહરણ તરીકે 'વ્રજ તણી ગોપિકા'ઓને સ્વીકારે છે, બીજા કોઈક વિરલા જ એ કોટિના. એની એક અભિલાષા એ પણ જણાય છે કે ભગવાનની લીલાનો અનુભવ કરવાનો યોગ

મળતો હોય તો ભલેને અનેક જન્મ લેવા પડે. પરાત્પર તત્ત્વ તરીકે એ 'શ્રીકૃષ્ણ'ને જ અને એ પણ 'રાધા-કૃષ્ણ'ને ભજે છે. ઘણીવાર તો શ્રીકૃષ્ણની લીલામાં પોતે સખીરૂપે - સખીભાવ સાથે છે એવી તન્મયતા પણ અનુભવે છે.

"તે પૂર્ણ પુરુષોત્તમ પ્રેમદા શું રમે, ભાવે શું ભામિની અંક લીધો,
જે રસ વ્રજ તણી નાર વિલસે સદા, સખીરૂપે તે નરસૈયે પીધો."

ભાવ ગીતોની સરખામણીમાં નરસિંહ મહેતાના ઉપદેશના પદ થોડા જ છે પણ એમાં કાવ્ય તત્ત્વનો અનુભવ થાય છે. જ્ઞાન - ભક્તિ - ઉપદેશના નરસિંહના પદોને ત્રણ પ્રકારે વિભાજીત કરી શકાય. (૧) વૈષ્ણવ લક્ષણ (૨) ઉપદેશ - જેમાં વૈરાગ્ય બોધ, ભક્તિ અને જ્ઞાનના ઉપદેશનો સમાવેશ થાય છે. (૩) શુદ્ધ તત્ત્વજ્ઞાન.

વૈષ્ણવ લક્ષણ પદોમાં વૈષ્ણવ કે પ્રભુભક્ત કેવો હોવો જોઈએ એનો ખ્યાલ આપવામાં આવ્યો છે. ખૂબ જ પ્રખ્યાત અને ગાંધીજીનું પ્રિય ભજન 'વૈષ્ણવજન' એનો ઉત્તમ નમૂનો છે. નરસિંહે ઉપદેશના પદો પણ ઠીક ઠીક સંખ્યામાં લખ્યા છે. જેવા કે 'રાત રહે જ્યાહરે પાછલી ખટ ઘડી, સાધુ પુરુષે સૂઈ ન રહેવું' કે પછી 'જે ગમે જગતગુરુ દેવ જગદીશને' વગેરેમાં સાદો ઉપદેશ આપ્યો છે તો સંસારની અસારતા દર્શાવતું 'ઘડપણ કોણે મોકલ્યું' એ ખૂબ જ જાણીતું પદ છે.

નરસિંહે શુદ્ધ તત્ત્વદર્શનને લગતા થોડા જ પદો લખ્યા છે પણ એમાં એ પરબ્રહ્મ શ્રી હરિમાંથી સર્વ જડચેતનાત્મક જગતનો વિકાસ થયાના સિદ્ધાંતનો સરળ વાણીમાં ખ્યાલ આપે છે જેમ કે -

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે.
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.
પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે.
વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એજ આશે.
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડળ વિશે ભેદ ન્હોયે.
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોયે.
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પરંતરો એ જ પાસે
ભણે નરસૈંયો, એ મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે.

શ્રી વલ્લભાચાર્યે પ્રતિપાદિત કરેલા અવિકૃત પરિણામ વાદનો ખ્યાલ

આપતા અખંડ બ્રહ્મવાદના સિદ્ધાંતના પ્રકારનો તત્ત્વ સિદ્ધાન્ત આમાં જોવા મળે છે. પરંપરા પાસેથી આ જ્ઞાન મળ્યું હોય. શુદ્ધ બ્રહ્મમાંથી વિકસેલી જડચેતનાત્મક સૃષ્ટિમાં એ જ બ્રહ્મ રહેલું છે, એનાથી અતિરિક્ત કશું જ નથી એ વાત નરસિંહ ઉપરના પદમાં સ્પષ્ટ કરે છે અને એવા બ્રહ્મનો સાક્ષાત્કાર કેવળ પ્રેમ અર્થાત પ્રેમલક્ષણા ભક્તિથી જ શક્ય છે એ વૈષ્ણવ સિદ્ધાંત એમણે નિરૂપ્યો છે.

અજ્ઞાનાવસ્થામાં થતો અનુભવ એણે એના ખૂબ જાણીતા 'જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઉંઘમાં અટપટા ભોગ ભાસે' એ પદના બીજા ચરણમાં સ્પષ્ટ કર્યો છે. 'ચિત્ત ચૈતન્ય - વિલાસ તદ્રુપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એ કનક - કુંડળનું દૃષ્ટાંત બીજી વાર આપી કારણ અને કાર્યનો અભેદ - અદ્વૈતભાવ સિદ્ધ કરી આપે છે.

"નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો,
તેજ હું તેજ હું શબ્દ બોલે......."

છાંદોગ્ય ઉપનિષદના મહાવાક્ય तत्त्वमसि । નો સુપ્રસિદ્ધ સિદ્ધાંત આ પદમાં સ્ફૂટ કરી આપ્યો છે. એ મહાકાવ્યના બધાં શબ્દોને સાચવી એમાં વ્યક્ત થતાં અખંડ બ્રહ્મવાદનો પરિચય આપી એ જીવભાવ અને જગત ભાવની સત્યતા નિરૂપે છે. એ સાથે એવા સ્વરૂપના બ્રહ્મની પ્રાપ્તિ માત્ર પ્રેમથી થાય છે એ ભક્તિમાર્ગનો સિદ્ધાંત પણ ચીંધો આપે છે. પ્રેમની પાસે તો એ જ્ઞાનની વાતોને પણ તુચ્છ ગણે છે, માટે એ અપેક્ષા જ્ઞાનની નહીં પણ પ્રેમની રાખે છે અને કહે છે કે -

પ્રેમરસ પાને તું, મોરના પીછધર,
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.
દૂબલા ઢોરનું કૂશકે મન ચલે,
ચતુરધા મુક્તિ તેઓ ન માગે.
એ જ પદમાં એ આગળ સ્પષ્ટ કરે છે કે,
મેં ગ્રહ્યો હાથ ગોપીનાથી ગરવા તણો,
અવર બીજું કાંઈ એ ન ભાવે.
નરસૈંયો મહામતિ ગાય છે ગુણકથી,
જતિ સતીને તો સ્વપ્રે ન આવે.

એણે આત્મચિંતનના કાવ્યોમાં કેવળ અનન્ય શરણાગતિની ભાવના ગાઈ છે. આ પદમાં પણ એણે જ્ઞાનમાર્ગની સરખામણીમાં પ્રેમલક્ષણા ભક્તિને

પ્રાધાન્ય આપ્યું છે. તો બીજી બાજુએ એ 'તત્ત્વજ્ઞાન'ની આવશ્યકતા પણ જુએ જ છે. એનું જાણીતું પદ એ વાત સ્પષ્ટ કરે છે.

"જ્યાં લગી આતમ તત્ત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધનાસર્વ જૂઠી."

નરસિંહના જ્ઞાનાશ્રયી પદો એના તત્ત્વજ્ઞાનની પરંપરાનો સબળ રીતે ખ્યાલ આપે એવા છે. એ પદોની વિશિષ્ટતા એ છે કે એમાં સાદું નિરૂપણ નથી પણ એ કવિત્વપૂર્ણ છે. એને બ્રહ્મનું પૂર્ણાનંદ સ્વરૂપ બતાવવું છે, પણ એની રીતે.

"દૃષ્ટે ન આવે નિગમ જગાવે, વાણી રહીત વિચારો રે,
સત્ય અનંત જેહને કહિયે, તે નવધાથી ન્યારો રે.
નવધામાં તો નહીં નિવેડો, દશધામાં દેખાશે રે,
અચવો રસ છે એહની પાસે, તે પ્રેમી જનને પાશે રે."

એ કહેવા માગે છે કે પરબ્રહ્મ એ આંખનો વિષય નથી પરંતુ નિગમ - વેદ - ઉપનિષદોમાંથી એના સ્વરૂપનો ખ્યાલ આવે છે. વાણીથી એનું વર્ણન થઈ શકે એમ નથી, એ સત્ય છે, અનંત છે. નવધા પ્રકારની સાધન ભક્તિથી એને મેળવી શકાય એમ નથી. એના મત પ્રમાણે તો દસમી નિઃસાધન પ્રેમભક્તિથી જ એ પ્રાપ્ય છે. એ આજ પદમાં આગળ કહે છે કે -

"પૂર્ણાનંદ પોતે પુરુષોત્તમ પરમ ગત છે એની રે,
એ પદ ક્ષર અક્ષરની ઉપર, તમે જોજો ચિત્તમાં ચેતી રે."

એ પદ અર્થાત 'બ્રહ્મ' પુરુષોત્તમ ક્ષર અને અક્ષર બ્રહ્મ - અવ્યક્ત બ્રહ્મથી પણ પર છે.

નરસિંહના મતે આવા પરાત્પર સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે 'હું - તું' એવું દ્વૈત દૂર થાય - દ્વિધાભાવ દૂર થઈ પુરુષોત્તમ સાથે એકાત્મકતા - મોક્ષ થાય. વળી એ "અદ્વૈત બ્રહ્મ, અનોપમ લીલા" શબ્દનો પ્રયોગ કરે. બ્રહ્મસૂત્રકારે 'लोकवत्तु लीलाकैवल्यम् ।' એ સૂત્રમાં જે 'લીલા' શબ્દનો પ્રયોગ કર્યો છે એ જ અર્થ નરસિંહને પણ અભિપ્રેત હોય એમ લાગે છે.

પરબ્રહ્મ શ્રી હરિમાંથી આ સર્વ વિકાસ થયો છે એ તત્ત્વ વિશે સ્પષ્ટતા કરતાં નરસિંહ જણાવે છે કે -

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંતભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ, વેદ વાસે."

'सर्वं खल्विदं ब्रह्म, तज्जलानि –' છાંદોગ્ય ઉપનિષદની આ ઉક્તિ પ્રમાણે જે કંઈ છે તે બધું જ બ્રહ્મ છે, એમાંથી ઉત્પન્ન થાય છે, એમાં લય પામે છે અને એમાં જ પ્રાણ ધારણ કરી રહે છે. 'શિવ' પરબ્રહ્મ તત્ત્વમાંથી 'જીવ' ભાવનો વિકાસ થયો. પરબ્રહ્મ એમાંથી વિકસેલા અક્ષરબ્રહ્મ, જીવો અને જગત બધું જ બ્રહ્માત્મક છે એ કનક - કુંડળના ઉદાહરણથી સમજાવે છે (બે વાર). વૃક્ષમાં બીજ અને બીજમાં વૃક્ષરૂપે એ બ્રહ્મ જ છે. 'પરાંતર'થી એટલે કે આપણા ચર્મચક્ષુએ બીજ કે વૃક્ષમાં દેખાય છે પણ આત્યંતિક રીતે એ બ્રહ્મ જ છે. સ્વાભાવિક રીતે જ અહીં વલ્લભાચાર્યના અવિકૃત પરિણામવાદ સાથે સામ્ય દેખાય છે.

નરસિંહની 'સગુણ - નિર્ગુણ'ની સમજ પણ ધ્યાનમાં લેવા જેવી છે. એ કહે છે કે "નિરગુણ- ગારો નાહેલિયો રે સગુણ થયો રે" આમાં નિર્ગુણ એટલે લૌકિક ગુણોથી રહીત અને સગુણ એટલે અલૌકિક ગુણોવાળો એ શ્રી વલ્લભાચાર્યનો મત સ્પષ્ટ થતો નથી. નરસિંહના મનમાં નિરંજન - નિરાકાર જેવું સ્વરૂપ મૂળ હતું તે માનવ - દેહના રૂપમાં એટલે કે પ્રાકૃતગુણોનો અનુભવ કરાવતું રૂપ-અવતારરૂપ છે એવું લાગે છે.

એણે ઉપદેશના જે પદો લખ્યા છે તેમાં આ સંસાર અને તેની માયાને એ મિથ્યા ગણે છે અને અંતે શ્રી હરિને જ ચરણે જવાની વાત કરે છે. દા.ત., "ધ્યાન ધર હરિ તણું, અલ્પમતિ આળસુ, જે થકી જન્મના દુઃખ જાયે." એ જ પદમાં આગળ કહે છે કે "પટક માયા પરી, અટક ચરણે હરિ, વટક્ય માં વાત સૂણતા જ સાચી." એમાં એ માયા - અજ્ઞાનને દૂર કરવાનો ઉપદેશ આપે છે. તો બીજા એક પદમાં માયાને 'કારમી' કૃત્રિમ કહી છે. માયા સાથે જ એ 'અહંતા'નો ત્યાગ કરવાનું પણ કહે છે. અને એ માને છે કે ઈશ્વરે ધાર્યું હોય તે જ થાય છે અને એ વાત 'જે ગમે જગત - ગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવે.' પદ વિસ્તારપૂર્વક સમજાવે છે.

તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એ શુદ્ધ અદ્વૈતવાદી છે. વિષ્ણુસ્વામીની પરંપરા નરસિંહના સમય સુધી જળવાયેલી હતી જ અને વારકરી સંપ્રદાયની પરંપરાનો પણ નરસિંહને લાભ મળ્યો છે. એ ભક્ત તો હતો જ. હા, એના સાંસારિક અને વ્યવહારિક પ્રસંગોએ એણે ઈશ્વરની સહાય માટે પ્રાર્થના કરી જ હતી એટલે એ ભક્તિને કોઈ સકામ ભક્તિ ગણી શકે. પણ એણે તત્ત્વદર્શન અને ભક્તિદર્શન બન્નેનો સમન્વય કરી પોતાની સ્વતંત્ર આગવી છટાથી એણે સરળ શબ્દોમાં સમજાવ્યા અને એમાં જ એની સફળતા છે.

નરસિંહ મહેતા શ્રી વલ્લભાચાર્યથી ૫૬ વર્ષ આગળ થઈ ગયા. તે સમયે શૂદ્રોને ભક્તિ કે મોક્ષના અધિકારી ગણવામાં આવતા નહોતા. પણ શ્રી વલ્લભની જેમ નરસિંહ પણ શૂદ્રોને ભક્તિના અધિકારી ગણતા હતા એટલું જ નહીં પણ પોતે હરિજન વાસમાં જઈ એમની સાથે બેસી ભજનો ગાતા હતાં.

નરસિંહ મહેતા પોતાને કોઈ સિદ્ધાંત પ્રતિપાદક આચાર્ય ગણાવવા માગતા નહોતા અને એ આચાર્ય હતા પણ નહીં. એમણે પોતાનો કોઈ સંપ્રદાય પણ શરૂ કર્યો નથી. એમણે શાસ્ત્રોનો ખાસ અભ્યાસ કર્યો હોય એવું પણ જાણમાં નથી. નાનપણથી જ એ ભક્ત હતા અને ગુજરાત, સૌરાષ્ટ્ર તો એના સંતો અને ભજનિકો માટે જાણીતું છે. સંતો, સાધુઓ અને ભક્તોના સમાગમ દ્વારા એના ભક્ત હૃદયને ઉપનિષદો - ગીતા - ભાગવતના પરિશીલનથી જે સમજાયુ તે આપવાનો એમનો સ્વાભાવિક પ્રયત્ન છે. એમના કથનની એક જ વિશેષતા છે કે એ કોઈ સંપ્રદાયમાં જકડાયેલા હોય એમ ખંડનમંડનમાં પડતા નથી અને સીધો સિદ્ધાંત જ નિરૂપી લે છે.

(૬) શ્રી વલ્લભાચાર્યનો 'શુદ્ધાદ્વૈત વેદાંત' અને શ્રી સહજાનંદ સ્વામીનો 'નવ્ય વિશિષ્ટાદ્વૈત' વેદાંત :

શ્રી સહજાનંદ સ્વામીને શ્રી મુનશી 'અર્વાચીન ભારતના ઘડવૈયા' તો શ્રી હોપકીન્સ 'ક્રાંતિકારી સુધારક' તરીકે ઓળખાવે છે અને શ્રી રાનડે એમને 'ધર્મ-દર્શન પરંપરાના' છેલ્લા હિન્દુ આચાર્ય તરીકે બિરદાવે છે.

સામાન્ય રીતે એવી માન્યતા હતી કે ચૈતન્ય અને શ્રી વલ્લભાચાર્ય પછી વેદાંત પરંપરાનો અંત આવ્યો ! પણ એવું નથી. ઈ.સ. ૧૭૮૧ માં જન્મેલ સહજાનંદ સ્વામી વૈષ્ણવી ભક્તિમાર્ગ (સ્વામીનારાયણ સંપ્રદાય)ના પ્રવર્તક છે. એટલું જ નહીં પણ એમણે સ્વતંત્ર, મૌલિક, પ્રમાણભૂત વેદાંત દર્શન પણ આપ્યું છે. એમણે જીવ, ઈશ્વર, માયા (પ્રકૃતિ), બ્રહ્મ અને પરબ્રહ્મના પાંચ અનાદિ ભેદોવાળું સ્વતંત્ર મૌલિક વેદાંતદર્શન આપ્યું અને સાંપ્રદાયિક વ્યવસ્થા માટે આચાર્યો અને વ્યવસ્થિત પણે ચાલુ રહે એવી ગુરુ પરંપરા પણ સ્થાપી.[૮]

તેમણે શ્રી રામાનુજાચાર્ય પ્રણીત 'વિશિષ્ટાદ્વૈત' માન્ય રાખ્યો પરંતુ તેમાંની ખૂટતી કડીઓ ઉમેરીને પોતાના અનુભવો પર આધારિત સ્વતંત્ર અને બુદ્ધિગ્રાહ્ય દાર્શનિક વિચારો શાસ્ત્ર પ્રમાણોને આધારે આપ્યા છે. તેમણે કોઈ વાદનું ખંડન કર્યું નથી. તેમનું વલણ હંમેશા મંડનાત્મક રહ્યું છે.

તેમણે પ્રસ્થાન ત્રયી પર ભાષ્યો નથી લખ્યા પણ તેમના 'વચનામૃત'

ગ્રંથ દ્વારા વેદાંતના જટિલ વિષયને સાદી-સરળ ગુજરાતી ભાષામાં રજૂ કર્યા છે. તેમણે 'વિશિષ્ટાદ્વૈત'ને સ્વીકાર્યો પણ તેના તત્ત્વત્રયના (ચિદ્-અચિદ્ - ઈશ્વરના) સ્થાને પાંચ તત્ત્વો નિત્ય કહ્યા છે. તેઓ કહે છે કે 'વેદ, પુરાણ, ઈતિહાસ અને સ્મૃતિઓ એ સર્વે શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત સ્વીકાર્યો છે. જે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ (અક્ષર) અન પરબ્રહ્મ (પરમેશ્વર) એ સર્વે અનાદી છે. આ પાંચ તત્ત્વો વચ્ચેનો ભેદ સાચો છે, વાસ્તવિક છે, પરંતુ એ ભેદ કાલ્પનિક, આભાસી કે ઔપચારિક નથી.

● પાંચ તત્ત્વો :

રામાનુજે ચિદ્, અચિદ્ ઈશ્વરના તત્ત્વત્રયના નિયમને સ્વીકાર્યો છે. એમના મત પ્રમાણે બ્રહ્મ અને જીવનો સંબંધ શરીરને આત્મા સાથે છે તેવો છે. અથવા તો જીવ એ વિશિષ્ટ બ્રહ્મનું વિશેષણ છે. વલ્લભના મતે અચિત્ જગત અને ચિત્ - જીવ બ્રહ્મથી અભિન્ન છે એવું નથી. એ બન્નેનો આવિર્ભાવ બ્રહ્મમાંથી થયો હોવા છતાં બન્નેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. જ્યારે રામાનુજ માને છે કે તેઓ (જીવ) નિમિત્ત કારણ રૂપે અને ઉપાદાન કારણ રૂપે પણ બ્રહ્મથી અભિન્ન છે.

શ્રી સહજાનંદે રામાનુજનો 'વિશિષ્ટાદ્વૈત' સ્વીકાર્યો પણ ચિદ્ - અચિદ્ - ઈશ્વરના તત્ત્વત્રયને સ્થાને પાંચ તત્ત્વો નિત્ય કહ્યા છે. જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ (અક્ષર) અને પરમેશ્વર (પરબ્રહ્મ) એ સર્વે અનાદી છે.

તેઓ માને છે કે પરબ્રહ્મ એક જ સ્વતંત્ર, સર્વવ્યાપક, સર્વદૃષ્ટા, સર્વના પ્રેરક, સર્વના નિયંતા અને સર્વના આત્મા છે. જ્યારે સામે પક્ષે જીવ, ઈશ્વર, માયા અને અક્ષર એ પરબ્રહ્મ પરમાત્મા દ્વારા નિયામ્ય, વ્યાપ્ય, આધીન, પરતંત્ર અને અસમર્થ છે. તેથી સર્વના આત્મા પરબ્રહ્મને જીવ, ઈશ્વર, માયા અને અક્ષરના શરીરી કહ્યા છે જ્યારે જીવ, ઈશ્વર, માયા અને અક્ષર બ્રહ્મને પરબ્રહ્મનું શરીર કહ્યું છે.

શ્રીજી મહારાજના કહેવા પ્રમાણે 'શરીર' એટલે પરબ્રહ્મ દ્વારા વ્યાપ્ય, પરબ્રહ્મને આધીન, સદાપરંતંત્ર પરબ્રહ્મની અપેક્ષાએ અતિ અસમર્થ, પરબ્રહ્મથી પ્રેર્ય, પરબ્રહ્મથી નિયામ્ય, પરબ્રહ્મ દ્વારા અવસ્થિત અને પરબ્રહ્મની તુલનામાં 'સકળ ઐશ્વર્ય સંપન્ન નહીં.' આત્મા (માયા- પ્રકૃતિ અને સર્વ જીવો અને ઈશ્વરો) તથા અક્ષર હંમેશા પરબ્રહ્મનું શરીર છે, જ્યારે પરબ્રહ્મ તેમના શરીરી છે.

શ્રી વલ્લભાચાર્ય પરબ્રહ્મ અને જીવ વચ્ચે અંશ-અંશીનો સંબંધ સ્વીકારે છે. પરબ્રહ્મ અંશી છે અને તેમાંથી વ્યુચ્ચરણ પામીને અસંખ્ય જીવો અગ્નિમાંથી તણખા નીકળે એમ વિસ્ફુરીત થયા એટલે એ બ્રહ્મ સ્વરૂપ હોવા છતાં બ્રહ્મના અંશ છે અને અંશી કરતા અંશની શક્તિ હંમેશા ઓછી હોય છે. જીવ બ્રહ્મનો અંશ હોવા છતાં એમાં પરબ્રહ્મની સર્વ ભવનસામર્થ્ય એવી શક્તિ નથી અને એથી એ સદા પરબ્રહ્મની અપેક્ષાએ અતિ અસમર્થ અને પરબ્રહ્મથી પ્રેર્ય તો છે જ.

● પરબ્રહ્મનું સ્વરૂપ :

શ્રી સ્વામીનારાયણના મતાનુસારે -

(૧) સગુણ - નિર્ગુણ ઐશ્વર્ય પરબ્રહ્મને સગુણ પણ ન કહેવાય અને નિર્ગુણ પણ ન કહેવાય. ભગવાન પોતાની ઈચ્છાએ કરીને પોતાનામાંથી નિર્ગુણ રૂપને સગુણરૂપ જે ઐશ્વર્ય તેને પ્રકટ કરીને પાછું પોતાને વિશે લીન કરે છે.

(૨) પરબ્રહ્મનું અન્વય - વ્યતિરેકપણું - પરબ્રહ્મ ભગવાન વ્યતિરેક હોવા છતાં સર્વમાં અન્વયપણે રહ્યા છે અને અન્વય હોવા છતાં પણ વ્યતિરેક જ છે. અક્ષર બ્રહ્મ, ઈશ્વર, જીવ, માયાના કાર્ય વિશે ભગવાનને અંતર્યામી કહેવા અને નિયંત પણે કહેવા તે ભગવાનનું અન્વયપણું છે.

(૩) પરબ્રહ્મનું એકદેશી - સર્વદેશી પણું -

ભગવાન તો સદાય મૂર્તિમાન જ છે પરંતુ ભગવાન એકદેશી થકા સર્વદેશી છે અને એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને જ્યાં દર્શન દેવા હોય ત્યાં દર્શન આપે છે અને એકરૂપ થકા અનંતરૂપે ભાસે છે. સર્વના હૃદયને વિષે પણ વ્યાપીને રહ્યા છે અને મૂર્તિમાનની પેઠેં ક્રિયાને કરે છે.

આમ શ્રી વલ્લભ અને શ્રી સહજાનંદ બ્રહ્મને જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ સ્વીકારે છે અને બ્રહ્મને સાકાર - નિરાકાર બન્ને રૂપે સ્વીકારે છે અને વલ્લભની જેમ પરબ્રહ્મના 'વિરુદ્ધ ધર્માશ્રય'નો પણ સ્વીકાર કરે છે.

શ્રી વલ્લભ અવતારોને વિભુતિ કહે છે અને બ્રહ્મનો અંશ એમનામાં હોવાથી એમને અંશાવતાર કહે છે.

સહજાનંદ સ્વામી "સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને

પાછા પુરુષોત્તમને વિશે લીન થાય છે." એમ કહે છે. ઈશ્વરમૂર્તિ વિરાટમાં પરબ્રહ્મમાં ચોક્કસ કાર્ય નિમિત્ત તેમની શક્તિના અનુપ્રવેશથી અવતાર થાય છે.

● અક્ષર બ્રહ્મ :

'અક્ષર', 'બ્રહ્મ', 'અક્ષરબ્રહ્મ' શબ્દોને એક બીજાના પર્યાય તરીકે સ્વામીનારાયણે વાપર્યા છે. સામાન્ય રીતે અન્ય આચાર્યો તથા ભાષ્યકારોએ બ્રહ્મ અને પરબ્રહ્મ અર્થાત્ અક્ષર અને પુરુષોત્તમ (પરબ્રહ્મ) વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે પિછાન્યો કે પાડ્યો નથી. શ્રી વલ્લભાચાર્ય અને શ્રી સ્વામીનારાયણ બન્નેએ 'પરબ્રહ્મ' અને 'અક્ષરબ્રહ્મ'ની વિગતે ચર્ચા કરી છે. સ્વામીનારાયણ મતે અક્ષરબ્રહ્મ થકી પરબ્રહ્મ - પુરુષોત્તમ નોખા છે. પરબ્રહ્મ - પુરુષોત્તમ પરમ આધ્યાત્મિક તત્ત્વ છે, જ્યારે અક્ષર બ્રહ્મ તો માયા (પ્રકૃતિ - જગત), ઈશ્વરો અને જીવોથી પર અને તેમના આધાર રૂપ સ્વતંત્ર આધ્યાત્મિક તત્ત્વ છે. પરબ્રહ્મ, ક્ષર અને અક્ષરથી પર છે અને ક્ષર અને અક્ષરના આત્મા છે અને શરીરી છે. ક્ષર અને અક્ષર તો પરબ્રહ્મને આધીન પરતંત્ર છે.

શ્રી વલ્લભના મતે બ્રહ્મના ત્રણે પાસાઓ (પરબ્રહ્મ - આધિદૈવિક, અક્ષરબ્રહ્મ - આધ્યાત્મિક, અંતર્યામી - આધિભૌતિક) બ્રહ્મમાં રહેલા 'આનંદ' તત્ત્વના તારતમ્યથી જુદા પડે છે. શ્રી પુરુષોત્તમ સંપૂર્ણ આનંદમય રસઘન સાક્ષાત મૂર્તિ છે. रसोवैः सः । અને તે કૃષ્ણભક્તિથી અને સ્વાનુગ્રહથી પ્રાપ્ય છે. અક્ષરબ્રહ્મમાં 'આનંદ' તત્ત્વને થોડા ઘણા અંશે ગ્રહણ લાગેલું છે અને તેથી તેને મર્યાદિત આનંદવાળુ કહેવાય છે અને તેથી શ્રી વલ્લભ અક્ષરબ્રહ્મને પરબ્રહ્મ કરતાં સહેજ ઉતરતી કક્ષાનું ગણે છે. 'અંતર્યામી' (જીવાત્મા)માં આનંદ તત્ત્વનું નિજ ઈચ્છાથી સંપૂર્ણ તિરોધન થયેલું છે અને પરબ્રહ્મની ઈચ્છાથી જીવ અનેક રૂપે થયેલ છે.

● માયા :

શ્રી વલ્લભાચાર્ય માયાને બ્રહ્મની દિવ્ય શક્તિ માને છે અને એ બ્રહ્મને આધીન છે. રામાનુજ પણ માયાને wonderful power of God તરીકે સ્વીકારે છે. શ્રી સહજાનંદના મતે 'માયા' શબ્દે કરીને ત્રિગુણાત્મિકા પ્રકૃતિનો નિર્દેશ કર્યો છે. માયાને અવિદ્યા, તમસ્, પ્રકૃતિ, અવ્યક્ત તરીકે પણ ઓળખાવી છે. સત્વ, રજસ અને તમસ્ - આ ત્રણ ગુણ યુક્ત હોઈ તેને ત્રિગુણાત્મિકા કહી છે. દેહ તથા દેહના સંબંધીને વિષે અહંમતત્ત્વની કરાવનારી છે. માયા પણ પરબ્રહ્મને આધીન પરબ્રહ્મ દ્વારા નિયામ્ય છે, પરતંત્ર છે અને પરબ્રહ્મની

શક્તિ છે. માયા પરબ્રહ્મની કાર્યોપયોગી પરંતુ પરબ્રહ્મ પર સદા અવલંબિત શક્તિ છે. છતાં પરબ્રહ્મ માયાથી સદા નિર્લેપ, અસંગી છે. તેઓ માયાને અચેત (અચિદ્) ગણે છે, અને મહત્તત્વાદિક ચોવીસ તત્ત્વોએ યુક્ત છે.

સ્વામીનારાયણના મતે "જીવ પરમાણુ જેવો અતિ સૂક્ષ્મ છે, ચૈતન્ય રૂપ છે, પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખશીખ વ્યાપેલો છે અછેદ્ય, અભેદ્ય, અજર, અમર ઈત્યાદિ લક્ષણવાળો છે. જીવ ચિદ્રૂપ છે, જ્ઞાન સ્વરૂપ છે એટલું જ નહીં પણ જ્ઞાતા પણ છે." અર્થાત્ જ્ઞાનના આશ્રય જીવ જ છે.

हृत्स्थोऽणु सूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम् ।
ज्ञान शक्त्या स्थितो जीवो, ज्ञेयोऽच्छेद्यादि - लक्षणः ॥[1]

એમના મતે જીવ પરમેશ્વરનો અશ નથી. એ તો અનાદિ જીવ જ છે. વળી, પરબ્રહ્મ કે અક્ષરબ્રહ્મ રચવીને વિકાર પામીને અસંખ્ય જીવરૂપે થાય છે કે ભાસે છે તેમ નથી જ. તેમજ એક જ જીવ અનેક રૂપે થાય છે, તેમ પણ નથી. જીવ એક નિત્ય ભેદ તરીકે ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મથી ભિન્ન છે. જીવ, દેહ ઈન્દ્રિયો - અંતઃકરણનો અધિષ્ઠાતા છે, તેનો શરીરી છે. દેહના વિકાર, નુકસાન કે નાશથી જીવને કશો જ વિકાર, નુકસાન કે નાશ થતો નથી. જીવ અવિનાશી છે.

જીવ - ઈશ્વરે, સર્વેમાં અંતર્યામી પરમેશ્વરની પ્રેરક શક્તિને કારણે ક્રિયમાણ શક્ય બને છે, પરંતુ અનાદી કાળથી જીવને અવિદ્યા - કર્મરૂપ ઉપાધિ વળગેલી છે તેને લીધે જીવ જુદી જુદી યોનિમાં વિવેક- મર્યાદા ભૂલીને કર્મો કરે છે અને સારાં -નરસાં કર્મો કરીને પોતે જ પોતાનું પ્રારબ્ધ ઘડે છે. જીવને મળેલું સંકલ્પ સ્વાતંત્ર્ય (freedom of will, freedom of choice) પરમાત્માનું આપેલું છે પરંતુ જીવ જે કર્મોની પસંદગી કરે છે અને જેના આધારે કર્મો કરે છે. તે સર્વ તેના અવિદ્યા કર્મના બંધન દ્વારા થયેલા હોય છે. ટૂંકમાં જીવની ક્રિયાશક્તિ, ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ પોતાના અવિદ્યાકર્મની ઉપાધિથી સીમિત છે, અને પરમાત્માને આધીન છે. એમના મતે પણ જીવ કર્તા છે, ભોક્તા છે, જ્ઞાતા છે અને મન, ઈન્દ્રિયો. દેહ અ સર્વે જીવનું ક્ષેત્ર છે અને જીવ એ સર્વેનો ક્ષેત્રજ્ઞ છે.

વલ્લભ જીવ-આત્માને બ્રહ્મના ચિદ્ અંશ તરીકે સ્વીકારે છે એટલે કે બન્ને વચ્ચે અંશી બ્રહ્મ - અંશ જીવ ભાવ છે. રામાનુજના મત પ્રમાણે બ્રહ્મ અને જીવનો સંબંધ જેવો શરીરનો આત્મા સાથે છે તેવો છે અથવા તો જીવ એ વિશિષ્ટ બ્રહ્મનું વિશેષણ છે.

વલ્લભના મતે અચિત્ જગત અને ચિત્ - જીવને બ્રહ્મથી અભિન્નતા છે એવું નથી. એ બન્નેનો અવિર્ભાવ બ્રહ્મમાંથી થયો હોવા છતાં બન્નેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. જ્યારે રામાનુજ માને છે કે જીવ નિમિત્ત કારણ રૂપે અને ઉપાદાન કારણ રૂપે પણ બ્રહ્મથી અભિન્ન છે.

શ્રી વલ્લભના મતે જીવ ત્રણ પ્રકારના છે, પ્રવાહી જીવ, મર્યાદા જીવ અને પુષ્ટિ જીવ. એની વિસ્તૃત જાણકારી એમના 'પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા - ભેદ' નામના ગ્રંથમાં રહેલી છે. રામાનુજના મતે જીવ બદ્ધ, મુક્ત અને નિત્ય એમ ત્રણ પ્રકારના છે.

વલ્લભ માત્ર પ્રેમલક્ષણા ભક્તિને જ ઈશ્વર પ્રાપ્તિનું સાધન માને છે. સંપૂર્ણ શરણાગતિ અને આત્મનિવેદન દ્વારા પ્રેમ લક્ષણા ભક્તિથી ઈશ્વર સાથે સાયુજ્ય સાધી એમની નિત્યલીલામાં પ્રવેશ મળે છે. વલ્લભ કર્મ અને જ્ઞાનને ભક્તિ જેટલું મહત્ત્વ આપતા નથી પણ પરબ્રહ્મનું જ્ઞાન મેળવી એમના સાકાર સ્વરૂપની નિષ્ઠાપૂર્વક સેવા અને શરણાગતિમાં તેઓ માને છે. રામાનુજ કર્મ - જ્ઞાન અને ઉપાસનાને સ્વીકારે છે એમના મતે ઉપાસના એ જ ભક્તિ છે.

સ્વામીનારાયણના મતે સાકાર ભગવાનની ઉપાસનાથી જીવાત્મા માયાના બંધનથી મુક્ત થઈ મોક્ષને પામી શકે છે. ભગવાને બાંધેલ ધર્મ મર્યાદાનું પાલન (કર્મ), વૈરાગ્ય (અનાસક્તિ), બ્રહ્મ - પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપનું જ્ઞાન તથા સદા સાકાર બ્રહ્મની ઉપાસના - ભક્તિ - આ ચાર સાધનાવાળી એકાંતિકી સાધનાથી જીવ પર પરમાત્માનો અનુગ્રહ થાય છે અને જીવનો મોક્ષ થાય છે.

શ્રી સહજાનંદ સ્વામીએ 'વિશિષ્ટાદ્વૈત'નો સ્વીકાર કરી એમાં ખૂટતી કડીઓ ઉમેરીને પોતાના મૌલિક, સ્વતંત્ર અને બુદ્ધિગ્રાહ્ય દાર્શનિક વિચારોનું 'નવ્યવિશિષ્ટાદ્વૈત' તરીકે પ્રતિપાદન કર્યું.

એમણે મધ્વ અને વલ્લભે સૂચવેલ માહાત્મ્યજ્ઞાન યુક્ત ભક્તિનો સિદ્ધાંત પોતાનો કર્યો છે. વલ્લભ સંપ્રદાયે વર્ણવેલી આત્મનિવેદી પૂજા-સેવા રીતિ અને માનસપૂજા વિધિ એમણે સ્વીકારી છે. શ્રી વલ્લભાચાર્ય અને એમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ કહેલ વ્રતોત્સવનો તથા સેવાવિધિનો એમણે સ્વીકાર કર્યો છે.[૧૦]

सर्व - वैष्णव - राज - श्री वल्लभाचार्य - नन्दन ।
श्री विठ्ठलेशः कृतवान् यं व्रतोत्सव - निर्णयम् ॥ ८१
कार्यास्तमनुसृत्यैव, सर्व एव व्रतोत्सवः ।
सेवा-रितिश्य कृष्णस्य, ग्राह्य तदुतैव हि ॥ ८२

સ્વામીનારાયણ વૈષ્ણવ સંપ્રદાય હોવા છતાં હિંદુ ધર્મની વિશાળ ભાવનાનું પોષક, પંચાયતનનું અર્થાત વિષ્ણુ, શિવ, પાર્વતી, ગણપતિ અને સૂર્ય - એ પાંચનું પ્રતિપાદન કર્યું છે.

આમ સ્વામીનારાયણ ધર્મદર્શનમાં સર્વ હિંદુ સંપ્રદાયોનો, શુભ તત્ત્વોનો સુંદર સમન્વય દૃષ્ટિગોચર થાય છે. બધાં જ શુભ તત્ત્વોનો સુભગ સમન્વય એટલે શ્રી સ્વામીનારાયણ સંપ્રદાય.

સંદર્ભ સૂચી

(૧) 'શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્' - અનુવાદક પ્રો. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ ઉપોદ્‌ઘાત - પાન નં. ૩૪ થી ૩૮

(૨) Shri Vallabhacharya - His philosophy And Religion - by Pro. Jethalal G. Shah

પાન નં. ૨૩૫ - ૨૩૬ ના આધારે

- શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્ - અનુવાદક

પ્રો. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ

ઉપોદ્‌ઘાત. પાન નં - ૪૩ ના આધારે

(૩) સાકાર બ્રહ્મવાદ - ગો. શ્યામમનોહરજી પૃષ્ઠ નં. ૧૭૨, ૧૭૩, ૧૭૪

(૪) आचार्य वल्लभ और उनका दर्शन - प्रकरण - विष्णु स्वामी और वल्लभाचार्य पृष्ठ - ३७, ३८, ३९ डॉ. राजलक्ष्मी वर्मा

(૫) શ્રીમદ્ ભાગવત પર શ્રીધરી ૧/૧/૧

(૬) સુબોધિની - ૩/૩૨/૩૭

(૭) સાકાર બ્રહ્મવાદ - ગો. શ્રી શ્યામમનોહરજી પૃષ્ઠ નં. ૧૭૨, ૧૭૩, ૧૭૪

(૮) સ્વામીનારાયણ વેદાંત પરિચય - પ્રો. રમેશભાઈ દવે
પાન નં. ૧૧, ૧૬

(૯) શિક્ષાપત્રી - ભાષ્ય શ્લોક ૧૦૫

(૧૦) શિક્ષાપત્રી - શ્લોક ૮૧ - ૮૨

પ્રકરણ - ૮ : ભક્તિમાર્ગ - અને પુષ્ટિ સંપ્રદાય

બ્રહ્મના ત્રણ સ્વરૂપો આધિભૌતિક (અંતર્યામી), આધ્યાત્મિક (અક્ષરબ્રહ્મ) અને આધિદૈવિક (પરબ્રહ્મ). આ ત્રણ સ્વરૂપના આધારે મોક્ષના મુખ્ય ત્રણ રાજમાર્ગ સ્વીકારવામાં આવ્યા છે. (૧) કર્મમાર્ગ (૨) જ્ઞાનમાર્ગ અને (૩) ભક્તિમાર્ગ.

आवृत्तिरसकृदुपदेशात् । (બ્ર. સૂત્ર ૪-૧-૧) એ સૂત્ર સમજાવતા શ્રી વલ્લભ નોંધે છે કે શ્રુતિમાં જણાવ્યા પ્રમાણે "આત્માનું દર્શન કરવું જોઈએ, શ્રવણ કરવું જોઈએ, મનન કરવું જોઈએ, નિદિધ્યાસન (ધ્યાન) કરવું જોઈએ." સૂત્રનો ભાવાર્થ એ છે કે ફલ માર્ગમાં શ્રવણાદી સાધનો આવશ્યક હોવાથી તેમની વારંવાર આવૃત્તિ કરવી જોઈએ. સૂત્રનો બીજી રીતનો અર્થ એ છે કે કર્મમાં ફલરૂપ પુનર્જન્મ (આવૃત્તિ - Return) હોય છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ માર્ગમાં મોક્ષ-ફળને પ્રાપ્ત કરવા માટે જીવની કક્ષા પ્રમાણે હીનકક્ષા - કર્મમાર્ગ, મધ્યમ કક્ષા - જ્ઞાન માર્ગ અને ઉત્તમ કક્ષા - ભક્તિમાર્ગ ગણાય છે. શ્રી બાદરાયણે એમના બ્રહ્મસૂત્રના ત્રીજા અધ્યાયમાં મોક્ષના આ ત્રણ માર્ગની વિસ્તૃત સમજૂતી આપી છે. તો આ ચોથા અધ્યાયમાં એના ફળ વિશે માહિતી આપી છે. એ મુજબ કર્મ માર્ગનું ફળ બતાવતા જણાવે છે કે કર્મ માર્ગ એ જ્ઞાન અને ભક્તિનું સાધન માત્ર છે, નહીં કે અંતિમ ફળ. કારણ કે કર્મમાર્ગનું ફળ પુનર્જન્મ છે. કર્મ માર્ગી પોતે પ્રાપ્ત કરેલા ફળને ભોગવીને એ ફળ સમાપ્ત થતાં એ પાછા પુનર્જન્મ લઈને આવે છે.

ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે "ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति । તેઓ એ વિશાળ સ્વર્ગલોકને ભોગવીને પુણ્ય ક્ષીણ થતાં પાછા મૃત્યુલોકમાં આવે છે."[1]

સૂત્ર लिङ्गाच्च । (બ્રહ્મસૂત્ર ૪-૧-૨) પ્રમાણે લિંગનો અર્થ શ્રુતિ પ્રમાણે 'અનુમાપક' છે. એટલે કે જીવ જે પ્રમાણે કર્મ કરે છે અને જે પ્રમાણે વર્તન કરે છે એવો એ બને છે. સારા કર્મ કરનાર સારા બને છે અને ખરાબ કર્મ કરનાર ખરાબ ગણાય છે. આ જન્મના સારા કે ખરાબ કર્મોના ફળ આગલા જન્મે ભોગવે છે. આમ ટૂંકમાં કર્મ માર્ગમાં પુનર્જન્મ અવશ્ય હોય છે.

(૧) ભક્તિની વ્યાખ્યા :

સર્વ પ્રથમ 'ભક્તિ' શબ્દનો અર્થ શું છે તેના પર વિચાર કરીએ. 'ભક્તિ' શબ્દ 'ભજ' ધાતુ સાથે ભાવ અર્થમાં 'क्तन' પ્રત્યય લગાવીને થાય છે. 'भज' ધાતુ સેવા, શરણાગતિ, પ્રેમ અને 'ભક્તિ'ના અર્થમાં વપરાય છે. क्तन પ્રત્યય દ્વારા જે ક્રિયા દર્શાવી છે તે નિશ્ચિત રૂપે પ્રેમપૂર્વિકા જ છે. પ્રેમ પ્રધાન હોવાથી એ 'ભક્તિ' શબ્દનો પ્રત્યયાર્થ છે. શ્રી વલ્લભે તત્ત્વદીપનિબંધની વ્યાખ્યા 'પ્રકાશ'માં લખ્યું છે કે ભક્તિ શબ્દનો પ્રત્યાર્થ પ્રેમ અને ધાત્વર્થ સેવા છે. આમ 'ભક્તિ' શબ્દ આત્માનું સ્નેહપૂર્વક સમર્પણ અને શરણાગતિ દર્શાવે છે.

ગીતામાં પણ ભક્તિ માર્ગને 'રાજ-વિદ્યા' કહી છે. "અનન્ય ભક્તિ દ્વારા જ હું પ્રત્યક્ષ દેખાવા માટે તત્ત્વથી જાણવા માટે અને એકાત્મભાવે પ્રાપ્ત થવા માટે શક્ય છું."[2]

भक्त्या त्वनन्यया शक्य अहमेवं विद्योऽर्जुन ।
ज्ञातु द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥

ભક્તિ એટલે ભગવાન પ્રત્યે ઉત્કટ પ્રેમ અને વિરલ આસક્તિ-અનુરાગ. જેમ કે એક પાત્રમાંથી બીજા પાત્રમાં ઠલવાતા તેલની સતત ધાર જેવું પ્રભુ પ્રત્યેનું સતત સ્મરણ એટલે 'ભક્તિ'.

સ્નેહયુક્ત ભક્તિ સાથે પરબ્રહ્મની મહત્તાનું જ્ઞાન પણ હોય તેને મહાત્મ્યજ્ઞાન યુક્ત ભક્તિ કહેવાય છે અને એવો ભક્ત ભગવાનને પ્રિય છે.

(૨) નવધા ભક્તિ :

ભક્તિના વિકાસ ક્રમમાં નવધા ભક્તિનું વિશેષ મહત્ત્વ છે. શ્રીમદ્ ભાગવતના સાતમાં સ્કન્ધમાં નવધા ભક્તિનો ઉલ્લેખ છે.

श्रवणं कीर्तन विष्णो पादसेवनम् ।
अचनं वन्दनं दास्यं सख्यात्मनिवेदनम् ॥[3]

નવધા ભક્તિના શ્રવણ, કીર્તન વગેરે શરૂઆતના અંગ મુખ્યત્વે ક્રિયાત્મક છે. પરંતુ ભક્તિમાં આગળ વધતા ઉત્તરોત્તર વંદન, દાસ્ય, સખ્ય વગેરે ભાવપરક છે. દાસ્ય અને સખ્ય કૃષ્ણભક્તિના ભાવરૂપ છે. પણ અહીં નવધાભક્તિમાં કૃતિસાધ્ય ભક્તિના રૂપે જ છે, નહીં કે પ્રેમલક્ષણા ભાવની ભૂમિ રૂપે. ભક્તિના વિકાસમાં નવધા ભક્તિનું મહત્ત્વ એટલા માટે છે કે સામાન્ય રીતે એના

અભાવમાં પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત નથી થઈ શકતી. એક સામાન્ય વ્યક્તિ માટે પ્રેમલક્ષણા ભક્તિના આધ્યાત્મિક સ્તર પર પહોંચવું ખૂબ મુશ્કેલ છે. જે મન ભૌતિક વિષયવાસનામાં રચ્યું પચ્યું હોય એનામાં એટલી કોમળતા કે માર્દવ નથી હોતું કે એ કૃષ્ણપ્રેમમાં મગ્ન થઈ શકે. નવધાભક્તિની શરૂઆત કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. સાંસારિક એષણાઓથી મન થોડું વિરક્ત થવા લાગે છે અને ત્યારે વ્યક્તિના હૃદયમાં ભગવાનનું મહાત્મ્યજ્ઞાન થવા લાગે છે. નવધા ભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ માટે નિસરણી બની રહે છે. નવધાભક્તિથી ખેડાયેલા હૃદયરૂપી ક્ષેત્રમાં જ ભગવદ્‌પ્રેમના અંકુરો ફૂટે છે.

શ્રવણ :

ભગવાનના નામ, રૂપ, ગુણ અને એની અલૌકિક લીલાઓ સાંભળવી તેને 'શ્રવણ' કહે છે. ભગવત-કથા સાંભળવાથી ભગવાનમાં શ્રદ્ધા અને આદર ઉત્પન્ન થાય છે અને ભક્તને એવી કથાઓ સાંભળવાનું વારંવાર મન થાય છે.

કીર્તન :

ભગવાનની લીલા અને એના રૂપ-ગુણનું ગાન એને કીર્તન કહેવાય છે. વૈષ્ણવ - સંપ્રદાયોમાં કીર્તન સાથે સંગીત પણ ભળ્યું અને કૃષ્ણની રસપૂર્ણ લીલાઓ સંગીતના મધુર સ્વરો સાથે વધારે રસમય બની ગઈ. વલ્લભ સંપ્રદાયમાં તો અષ્ટ પ્રહરની સેવામાં કીર્તનનું ખાસ મહત્ત્વ છે કે જેને 'હવેલી' સંગીત કહે છે.

સ્મરણ :

ભગવાનના ચરિત્રોની સ્મૃતિ વારંવાર મનમાં કરવી એને સ્મરણ કહે છે. સ્મરણ ભગવાનનાં નામનું હોય છે અને ભગવાનની લીલાઓનું પણ. શ્રીકૃષ્ણના નામ સ્મરણથી ભગવાનમાં અનુરાગ દૃઢ થાય છે. ઈષ્ટ દેવનું નામ-જપ એ પણ સ્મરણનો જ એક પ્રકાર છે. જપ અને લીલા સ્મરણ પ્રારંભિક અવસ્થામાં ચિત્તને એકાગ્ર કરવામાં મદદરૂપ થાય છે.

પાદસેવન :

પાદસેવનનો અર્થ છે ભગવાનના ચરણ કમળોમાં શરણાગતિ. પાદસેવન દ્વારા ભક્ત દૈન્યપૂર્વક અહંકારનો પરિત્યાગ કરે છે.

અર્ચન :

અર્ચન મૂર્તિપૂજાના બાહ્ય વિધિ વિધાન છે. પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય

વગેરે ભગવાનની પૂજા - અર્ચન ભક્તિ છે. અર્ચનથી ભક્તના મનમાં ભગવાન પ્રત્યે અનુરાગ, સામીપ્ય વગેરે ભાવો દઢ થાય છે.

વંદન :

આરાધ્ય પ્રત્યે સવિનય પ્રણામ એ જ વંદન ભક્તિ. વંદનનો અર્થ કેવળ યશોગાન નથી પણ આરાધ્યની દિવ્યતા, એમનું મહાત્મ્ય, એમની અનંત શક્તિમત્તા વગેરેનો અનુભવ થવાથી હૃદય આપોઆપ જ વંદન કરે છે. વંદન - ભક્તિમાં આરાધના અને આત્મસમર્પણ એ બન્ને ભાવનાઓ રહેલી છે.

દાસ્ય :

ભગવાનને સ્વામી તથા પોતાને એનો સેવક અથવા દાસ સ્વીકાર કરવો એને દાસ્યભક્તિ કહે છે. જીવ બ્રહ્મનો અંશ છે, અંશ હોવાના કારણે જ બ્રહ્મરૂપ હોવા છતાં પણ કંઈક ભિન્ન અને ન્યૂન - ઉતરતો છે. એટલે જીવ અને ઈશ્વર વચ્ચે સ્વામી - દાસ્યભાવ સર્વથા સંગત છે. દાસ્ય ભાવે ભક્તિ કરવાથી દૈન્યતા આવે છે અને દિનતા એ તો ભક્તિની મોટામાં મોટી અપેક્ષા છે. દૈન્યભાવથી વ્યક્તિને આત્મબોધ થાય છે અને ભગવાન પ્રસન્ન થાય છે. ગોસ્વામી તુલસીદાસે પણ કહ્યું છે કે "સેવક સેવ્યભાવ બિનુ ભવ ન નરિય ઉગારી !" શ્રી વલ્લભાચાર્યે પણ દાસ્યભાવની ભક્તિને ખાસ માન્યતા આપી છે.

સખ્ય :

ભગવાનને સહૃદયી અને સખા - મિત્ર માનીને એમના પ્રત્યે જે ભક્તિભાવ અને પ્રેમ હોય છે તેને સખ્ય - ભક્તિ કહે છે. દાસ્યભક્તિમાં સેવક - સેવ્યભાવ હોવાથી શ્રદ્ધાજન્ય થોડો ડર અને વિષમતા હોય છે, જ્યારે સખ્યભાવમાં પ્રગાઢ આત્મીયતા હોય છે. ભક્તનો પ્રેમ, એ પ્રેમનો ભગવાન દ્વારા પ્રત્યુત્તર એ બન્ને મળીને ભક્તિ અને ભગવાન વચ્ચે સખ્યભાવ સ્થાપિત થાય છે. અર્જુન અને ગોપ બાળકોની શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ સખ્ય ભાવનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

આત્મ નિવેદન :

ઉપર બતાવેલા આઠે પ્રકારોની સાધન ભક્તિ કે અનુષ્ઠાનથી જ્યારે ભક્તના હૃદયમાં ભગવાનનું મહાત્મ્ય જ્ઞાન પૂરી રીતે પ્રકાશિત થઈ જાય છે ત્યારે ભગવાન પ્રત્યે ભક્તનો અનુરાગ દઢ ભાવ ધારણ કરે છે અને ત્યારે એના હૃદયમાં સર્વાત્મભાવથી આત્મસમર્પણની ભાવના જાગે છે અને એ જ

આત્મનિવેદન છે. ભક્ત પોતાનું સર્વસ્વ એટલે સુધી કે પોતાનું સ્વત્વ પણ એને સમર્પિત કરી દે છે. એની પાસે પોતાનું કશું જ બાકી રહેતું નથી. બધું જ ભગવદીય થઈ જાય છે.

આમ શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલ 'નવધાભક્તિ' સામાન્ય રીતે 'સાધના - ભક્તિ' તરીકે એટલે કે ઈશ્વરને પામવાના 'સાધન' તરીકે ગણાય છે. આ નવધાભક્તિ આત્માને પવિત્ર કરે છે અને મનને જોડવામાં મદદ કરે છે પણ આ 'નવધાભક્તિ' કરતાં પણ ઉચ્ચ ભક્તિ 'પરા-ભક્તિ' (Devotion - Par - Excellence) પણ છે. તે ફલ-રૂપા ભક્તિ (Bhakti - as the End) છે અને આ ફલ-રૂપા ભક્તિને શ્રીમદ્ ભાગવતમાં પ્રેમલક્ષણા ભક્તિ તરીકે વર્ણવેલ છે.

● ભક્તિના અલગ અલગ પ્રકાર :

પ્રતિવ્રતા ભક્તિ

પ્રો. રમેશભાઈ દવે 'પતિવ્રતા ભક્તિ'ની વ્યાખ્યા કરતા કહે છે કે ભગવાનને એવા ભક્ત પ્રિય છે કે જેઓ એમની સાથે સ્નેહાત્મક બંધનથી બંધાયેલા હોય છે. એટલું જ નહીં પણ એક પતિવ્રતા પત્ની જેમ પતિને વફાદાર હોય છે અને પતિ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત હોય છે. ભગવાન પ્રત્યેના આવા પ્રેમ અને લગાવને 'પતિવ્રતા ભક્તિ' કહે છે અને ભગવાનના પ્રત્યેક ભક્ત કે જે ભગવાનને પ્રસન્ન કરવા ચાહે છે તેની પાસે 'પતિવ્રતા - ભક્તિ' જેવી ભક્તિની અપેક્ષા રહે છે. આ જાતની એકાંતિક ભક્તિ અને સ્નેહ કે જે માત્ર અને માત્ર ભગવાન પ્રત્યે જ હોય તો તે ભગવાનની કૃપા અને અનુગ્રહને પ્રાપ્ત બને છે.[૪]

આવી એકાંતિકી ભક્તિનો સમાવેશ 'પતિવ્રતા - ભક્તિ'ની જરૂરી આવશ્યકતામાં કરેલો છે. નારદ પાંચરાત્ર કહે છે કે "જે ભક્તો પતિવ્રતા સ્ત્રીની જેમ એકાંતિક ભક્તિ (undivided devotion) ની સાથે ધર્મ (dutifulnes), જ્ઞાન (Right knowledge) અને વૈરાગ્ય (Detachament) ધરાવે તેઓ જ મારા સાચા એકાંતિક ભક્ત છે."

પતિવ્રતા ભક્તિના વિષયના મૂળ ભગવદ્ગીતામાં પણ જોવા મળે છે જ્યાં શ્રીકૃષ્ણ કહે છે કે

मन्मना भव मदभक्तो मद्याजीमां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायण ॥

"મારામાં મનને પરોવ, મારો ભક્ત બન, ફક્ત મારું જ પૂજન કરનારો થા. મને પ્રણામ કર. આ રીતે આત્માને ફક્ત મારામાં જ પરોવીને ફક્ત મારે પરાયણ થયેલો તું મને જ પામીશ."[૫]

પતિવ્રતા સ્ત્રી હંમેશા પોતાના પતિને જ વફાદાર રહે છે. એ ક્યારેય પર પુરુષ તરફ દૃષ્ટિ પણ નાખતી નથી. પછી ભલે ને તે પુરુષ ગમે તેટલો યુવાન, સુંદર, ધનવાન અને પરાક્રમી હોય. તેવી જ રીતે જે ભક્ત ભગવાનને વરેલો છે તે ભક્ત બીજા સાંસારિક સુખો તરફ ધ્યાન આપતો નથી કે પોતાના 'ઈષ્ટદેવ' સિવાય બીજા કોઈ દેવ-દેવીઓ તરફ નજર પણ કરતો નથી. શ્રી વલ્લભાચાર્ય પણ પોતાનાં 'ઈષ્ટદેવ' શ્રીકૃષ્ણ તરફની એકાંતિક ભક્તિ અને ભગવાન પ્રત્યે નિર્વ્યાજ સ્નેહને જ પ્રાધાન્ય આપે છે.

"एकं शास्त्रं देवकीपुत्रगीतमेको देवो देवकीपुत्र एव ।
मन्त्रोऽप्येकस्तस्य नामानि यानि कर्माप्येकं तस्य देवस्य सेवा ॥"[૬]

એને માટે મારો પ્રભુ - ઠાકોરજી એજ મારું સર્વસ્વ અને મારું અંતિમ ધ્યેય છે. પતિવ્રતા - ભક્તિ અને દાસ્ય - ભક્તિનો સુંદર સમન્વય આપણને હનુમાનજીના ચરિત્રમાંથી મળે છે. તે જ રીતે સીતાનો રામ પ્રત્યેનો પ્રેમ અને ગોપીઓનો કૃષ્ણ માટેનો પ્રેમ પતિવ્રતા ભક્તિના ઉત્તમ ઉદાહરણ છે. શ્રી વલ્લભે પણ ગોપીઓના સ્નેહને - રાગને મધુર ભક્તિનું ઉચ્ચતમ શિખર કહ્યું છે.

પતિવ્રતા - ભક્તિના શબ્દ 'પતિ'નો ઉલ્લેખ બ્રહ્મસૂત્રમાં પણ મળે છે. 'पत्यादिशब्देभ्यः ।' (બ્રહ્મસૂત્ર ૧-૩-૪૩) એટલે કે 'પતિ' શબ્દથી સ્પષ્ટ જ બ્રહ્મનો પરમેશ્વરનો ઉલ્લેખ કર્યો છે.

ભક્તિ એટલે ભાવુકતા કે દુન્યવી વિષયભોગ ગણાવીને એનું અવમૂલ્યન કરી ન શકાય. ભક્તિ એ તો ભાવુકતા અને બૌદ્ધિકતાનો સુન્દર સમન્વય સાધીને ઈશ્વર પ્રત્યેનો શુદ્ધ નિર્વ્યાજ પ્રેમ જ છે. એ ભક્તિ ભગવાન પ્રત્યેનો શુદ્ધ પ્રેમ અને પ્રભુ પ્રત્યેના અનુરાગનો સુંદર સમન્વય છે. એટલે પતિવ્રતા ભક્તિને ઈન્દ્રિયજન્ય કે વિષય વાસના રૂપે જોવાનો તો સવાલ જ નથી.

● દાસ્યભક્તિ :

નવધાભક્તિની ચર્ચા કરતી વખતે આપણે દાસ્યભક્તિ કોને કહેવાય એની થોડી વાત કરી. અહીં એને થોડા વધારે વિસ્તૃત અર્થમાં જોઈએ. જેમ

જેમ ભક્ત ભગવાનની અલૌકિક લીલા અને એના મહાત્મ્યને જાણતો અને સમજતો થાય છે તેમ તેમ એ ભગવાન પ્રત્યે વધારેને વધારે દિન થતો જાય છે. એની ભક્તિ વધારેને વધારે ગહન અને દૃઢ થતી જાય છે. ઉદ્ધવ જેવો ભક્ત જ્યારે ભગવાનની મહત્તા અને ગોપીઓનો કૃષ્ણ પ્રત્યેનો સ્નેહ અને કૃષ્ણ માટે સર્વસ્વ ન્યોછાવર કરવાની ઈચ્છાનો અનુભવ કરે છે ત્યારે એનો અહંકાર, ઈર્ષ્યા, ગુસ્સો બધું જ ઓગળી જાય છે અને પોતાની જાતને ધૂળથી પણ નિમ્ન અને ભગવાનના ભક્ત પાસે પણ પોતાને તુચ્છ સમજે છે. બૃહતસંહિતા ૧-૭-૨૬ માં પણ કહ્યું છે કે "दासो भूत्वा यजेत देवम् ।" દાસ્ય ભાવે પણ ભગવાનની ભક્તિ કર.

- **ભગવાનના દાસના મહત્ત્વના લક્ષણો :**

- એને માટે આત્મા નિત્ય અને શાશ્વત છે જ્યારે શરીર નશ્વર છે.
- ભગવાનને માટેની વસ્તુઓ કે સામગ્રીનો ઉપયોગ કરવાની એને લાલચ નથી હોતી.
- એ ભગવાનની ઈચ્છા વિરુદ્ધ અને ભગવાનને પ્રિય ન હોય તેવું કોઈ કાર્ય કરતો નથી.
- ભગવાનને શું ગમશે, શું પસંદ છે એમાં એને ખુશી છે.
- એ માન અને અપમાન બન્ને સંજોગોમાં ખુશ રહે છે અને એ બન્ને ભગવાનની ભેટ છે એમ માને છે.
- એ કોઈ પણ સંજોગોમાં માનસિક સ્વસ્થતા ગુમાવતો નતી, ક્યારેય ચીડ કરતો નથી કે હતાશ ન થતા દરેક સંજોગોમાં એ પ્રેમથી ભગવાનની ભક્તિ કરે છે.
- એ સ્વેચ્છાએ ભગવાન કે એના સંતની દિન ભાવે સેવા કરે છે.

જ્યારે અહમ્ લુપ્ત થાય છે, અહંકાર વિહિનતા પ્રાપ્ત થાય છે જ્યારે ભક્ત એ અવસ્થાએ પહોંચે ત્યારે સાચો દાસ્યભાવ પ્રગટ થાય છે. એટલે ભક્તિનું ધ્યેય સ્વયં ભગવાન બનવાનું નથી પણ ભગવાનના દાસ બનવાનું છે. એને મોક્ષની પણ ઈચ્છા નથી પણ હંમેશા શાશ્વત એના ભગવાનની સેવા કરવાની છે.

● વાત્સલ્ય ભાવ :

શ્રી વલ્લભાચાર્ય યશોદાની વાત્સલ્ય ભક્તિને પણ સર્વોચ્ચ ગણે છે. સ્ત્રીઓ માટે વાત્સલ્ય ભાવસહજ છે અને બાળ રૂપે શ્રીકૃષ્ણની સેવા કરવી, એને લાડ લડાવવા એ એમને માટે સહજ છે. એટલે પુષ્ટિ સંપ્રદાયમાં ગોપીઓના મધુર ભાવ સાથે વાત્સલ્ય ભાવનું પણ એટલું જ મહત્ત્વ છે. જેમ માતા પોતાના બાળકને શું ભાવશે, શું ગમશે, એને શું પહેરાવીશ તો સુંદર દેખાશે, એમ પોતાના બાળકનો સતત વિચાર કરે છે તેમ ભક્ત પણ પોતાના ઠાકોરજીને શું ભાવશે, શું ગમશે, હું શું કરું તો એ રાજી થાય એમ સતત પોતાના ઠાકોરજીમાં મગ્ન રહે છે અને તેને વાત્સલ્ય ભક્તિ કહે છે.

આમ ભક્ત ભગવાનને કોઈ પણ ભાવે ભજે પણ એમાં એની નિષ્ઠા અને નિર્વ્યાજ પ્રેમ હોવા જોઈએ. અને એટલે જ શ્રી વલ્લભે પ્રેમલક્ષણા ભક્તિને આટલી મહત્ત્વની ગણી છે.

શ્રી વલ્લભે એમના ચતુઃશ્લોકી પ્રકરણ ગ્રંથ (શ્લોક ૧) માં કહ્યું છે -

"सर्वदा सर्वभावेन, भजनीयो व्रजाधिपः ।
स्वस्यायमेव धर्मो हि, नान्यः क्वापि कदाचन ॥"

"હંમેશા સર્વભાવથી વ્રજાધિપતિ શ્રીકૃષ્ણની ભક્તિ કરવી એ જ ધર્મ છે. કોઈ પણ સ્થળે, કોઈપણ સમયે ભગવાનની ભક્તિ સિવાય બીજો કોઈ ધર્મ નથી."

શ્રીમદ્ ભાગવતના નવમાં સ્કન્ધમાં ભગવાન કહે છે -

अहम् भक्त पराधीनो ह्यवतन्त्र इव द्विज ।
साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजन प्रियः ॥

"એટલે કે હું ભક્તને પરાધીન છું અને મારો ભક્ત મને અત્યંત પ્રિય છે. હું સ્વતંત્ર હોવા છતાં ભક્તનો દાસ છું. મારું હૃદય હંમેશા મારા ભક્તને માટે તલસે છે અને હું એને આધીન છું."[૭]

બૃહતસંહિતામાં પણ ભગવાન કહે છે કે, "મને માત્ર શુદ્ધ ભક્તિથી જ ન કે કોઈ બીજા સાધનથી જાણી શકાય છે અને પામી શકાય છે. I am knowable approachable through pure devotion alone and not through any other means whatsoever."

ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥

"હું સર્વમાં સમભાવે વ્યાપક છું, ન તો કોઈ મને અપ્રિય છે કે ન પ્રિય છે, છતાં પણ જે ભક્તો મને પ્રેમથી ભજે છે તેઓ મારામાં છે અને અને હું પણ એમનામાં પ્રત્યક્ષરૂપે પ્રગટ છું."[૮]

આમ ભગવાનને એનો ભક્ત પ્રિય છે એટલે જ એ 'ભક્ત-વત્સલ' કહેવાય છે. એ કરુણાનો સાગર છે. એટલે જ 'કૃપા - સિન્ધુ' કહેવાય છે. અને એટલે જ જ્યારે ભક્તને માથે સંકટ આવે છે ત્યારે દોડી જાય છે અને ભક્તને આધિન બની જાય છે. જેવી રીતે જ્ઞાની ભગવાન વિના રહી શકતો નથી એ જ રીતે ભગવાન પણ એના જ્ઞાની - ભક્ત વિના રહી શકતા નથી.

નરસિંહ મહેતા તો માને છે કે નવધાભક્તિ આરાધ્યને પ્રાપ્ત કરવામા ક્યારેક અશકત પણ છે. ભક્તનો આરાધ્ય જે સત્ય છે, અનન્ત છે, દૃષ્ટિમાં નથી આવતો અને વાણીથી પર છે તે કેવળ દશધા ભક્તિથી (પ્રેમ - લક્ષણાના) માધ્યમથી જ પ્રકટ થાય છે.

"દૃષ્ટિ ન આવે નિગમ જગાવે વાણી રહિત વિચારો રે,
સાથ અનન્ત જ જેને કહીએ, તે નવધાથી ન્યારો રે,

નવધામાં તો નહીં ન ખેડો, દશધા માં દેખાયો રે,
અચરો રસ છે, એની પાસે તે પ્રેમી જન પાશે (મેળવશે) રે."

ભક્તિ માર્ગ કે જે પ્રમેય માર્ગ તરીકે પણ ઓળખાય છે તે આધિદૈવિક માર્ગ પરમાત્માને પામવાનો સરળ અને સીધો રસ્તો છે. ભક્તિમાર્ગ એ જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિમાર્ગ એ ત્રણે માર્ગમાં સર્વોત્તમ છે.

શ્રી વલ્લભે અણુભાષ્યમાં પણ કહ્યું છે કે "ભક્તિમાર્ગ એ જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ કરતા ચઢિયાતો છે અને શ્રુતિમાં પણ પુરુષોત્તમને પામવાનો એ માર્ગ બતાવ્યો છે. આમ બાદરાયણ કે જે શ્રુતિના પ્રમાણને જ માને છે તે પણ જૈમિનિના મત કરતાં ચઢિયાતો માને છે."[૯]

अधिकोपदेशात्तु बादरायणस्यैव तद्धर्शनात् ।[१]

(૪) શ્રી વલ્લભાચાર્ય અને પુષ્ટિભક્તિ :

શ્રી વલ્લભાચાર્યે પુષ્ટિભક્તિની વ્યાખ્યા આપતા કહ્યું છે કે ભગવાન પ્રત્યેનો દૃઢ અને અસ્ખલિત પ્રેમ અને એનું મહાત્મ્ય જ્ઞાન જ જીવને મુક્તિ અપાવી શકે છે. શ્રી વલ્લભ મુખ્ય બે વસ્તુ પર ભાર મૂકે છે. (૧) ભક્ત દ્વારા ભગવાન વિષેનું મહાત્મ્ય જ્ઞાન (The knowledge of His Greatness) (૨) ભગવાન પ્રત્યે સુદૃઢ સ્નેહ શ્રીમદ્. ભાગવતમાં પણ કહ્યું છે કે જેમ ગંગાનો અસ્ખલિત પ્રવાહ પર્વતોમાંથી રસ્તો કરી સાગર તરફ જાય છે, તે જ રીતે ભક્તિ એટલે ઈશ્વર પ્રત્યે સ્નેહનો અસ્ખલિત પ્રવાહ કે જે દુન્યવી અને શાસ્ત્રીય અવરોધોથી મુક્ત છે.

શ્રી વલ્લભ એમના 'ભક્તિવર્ધિની - ૧' પ્રકરણ ગ્રંથમાં સ્પષ્ટ કહે છે કે ઈશ્વર પ્રત્યેની ભક્તિનો બીજભાવ ત્યાગ, કથાશ્રવણ અને કીર્તનથી અવશ્ય દૃઢ થાય અને ત્યારે ભક્તિ દૃઢ થાય છે. ઈશ્વર પ્રત્યેનો પ્રેમ - બીજભાવ માત્ર ભગવાનના અનુગ્રહથી જ ભક્તમાં રોપાય છે. જે જીવ ભગવાનના અતિશય અનુગ્રહના અધિકારી હોય છે, તેને ભગવાન અત્યન્ત પ્રિય પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરે છે. શરૂઆતથી જ ભગવાન ભક્તમાં પુષ્ટિમાર્ગનું - પ્રેમલક્ષણ ભક્તિનું બીજ વાવી દે છે. તે આગળ જતાં કાલાન્તરે વૃદ્ધિ પામે છે. અવિદ્યાથી બદ્ધ સ્થિતિમાં પુષ્ટિમાર્ગીય જીવ પણ માયાને લીધે સત્વ, રજસ, તમસ વગેરેથી આવૃત્ત હોય છે પણ પુષ્ટિ- બીજનો જેમ જેમ વિકાસ થાય તેમ તે ભગવાન પ્રત્યે સ્નેહ અને ભક્તિ પ્રાપ્ત કરતો જાય છે. પુષ્ટિમાર્ગમાં માત્ર સાત્વિક જીવોને જ પ્રવેશ છે એમ નથી સત્ત્વ, રજસ કે તમસ કોઈ પણ જીવ પર ભગવાન અનુગ્રહ કરી શકે છે. દા.ત., ગોકુલના ગોપ - ગોપીજનો રજસ અને તમસના જ ઉદાહરણ છે. છતાં ભગવાનનો અનુગ્રહ થતાં એમનામાં વલ્લભના મતે ઉચ્ચ આદર્શરૂપ પ્રેમલક્ષણા ભક્તિનો આવિર્ભાવ થયો. એટલું ચોક્કસ કે સાત્વિક અધિકારીની સરખામણીમાં રાજસ અને તામસ અધિકારીને બાહ્ય સાધનોનું વધારે અવલંબન લેવું પડે છે. એટલે જ શ્રી વલ્લભે કહ્યું છે કે પુષ્ટિમાર્ગમાં જે ભક્તો પર ભગવાનની કૃપા છે તેમણે પણ ભાગવદ્સેવા, કીર્તન, શ્રવણ વગેરે સાધનો દ્વારા ભગવદ્ ભજન કરવાથી બીજ ભાવ દૃઢ થાય છે અને ત્યારે ભક્તિ પણ દૃઢ થાય છે. સ્વધર્મ આચરણ અને ગૃહસ્થ ધર્મમાં રહીને જો ઘરમાં ભગવદ્ સેવા - પ્રતિકૂલ અર્થાત્ સેવામાં વિઘ્ન ઉત્પન્ન કરવાવાળા સર્વ કાર્યો છોડી માત્ર શ્રવણ - કીર્તન દ્વારા શ્રીકૃષ્ણનું ભજન કરવું જોઈએ અને એ જ માત્ર ભક્તિભાવને દૃઢ કરવાનો ઉપાય છે એમણે કહ્યું છે કે "બીજભાવ

દઢ કરવા માટે બીજાનો સંગ કર્યા વિના, ઘરમાં રહીને ચિત્તની એકાગ્રતા પૂર્વક સ્વધર્મ સમજીને કૃષ્ણ સેવા અને કથા શ્રવણ કરવા જોઈએ."[૧૦] શાસ્ત્રમાં એ બીજને દઢ કહે છે કે જે કોઈ પણ કારણથી નષ્ટ ના થાય.

શ્રવણાદીથી ચિત્તમાં જે ભગવદાવેશ અથવા ભગવદ્રુચિ ઉત્પન્ન થાય છે તેને પરોક્ષ રુચિ કહે છે. પરોક્ષ રુચિથી ભજન કરવાથી બીજભાવ સૂક્ષ્મ ભક્તિમાં પરિવર્તિત થાય છે, અને એ હૃદયમાં ભગવદ્સ્ફૂતિ કરાવે છે. આ ભગવદ્સ્ફૂર્તિથી ભગવત તત્ત્વનો અનુભવ થવાથી અપરોક્ષરુચિ ઉત્પન્ન થાય છે અને આ અપરોક્ષરુચિથી ભક્તિ - બીજ પ્રેમ યા સ્નેહ રૂપ થઈ જાય છે. આ સ્નેહ ભગવાન સિવાય અન્ય સર્વ વિષયથી વિતરાગ થાય છે, એની સંસારમાંથી રુચિ ઓછી થતાં ભગવાનમાં જ ચિત્ત હંમેશા પરોવાયેલું હોય છે અને તેથી નિરન્તર સેવા અને શ્રવણાદિથી આ સ્નેહ **આસક્તિ** રૂપ થઈ જાય છે અને આસક્તિ થવાથી એને ભગવાનથી અતિરિક્ત અથવા ભગવત્ - સંબંધ વિનાના સર્વ પદાર્થો એને બાધારૂપ લાગે છે અને એને જ **આસક્તિ** કહે છે આગળ જેમ આપણે જોયું કે પતિવ્રતા સ્ત્રીની આસક્તિ માત્ર પોતાના પતિ પ્રત્યે જ હોય છે અને એનું સર્વ લક્ષ પતિને પ્રસન્ન કરવા પ્રત્યે હોય છે. તેમ જ ભગવાન પ્રત્યે આસક્તિ થતાં એ પુષ્ટિ ભક્તને ભગવાન સિવાય બીજી કોઈપણ પ્રવૃત્તિમાં રુચિ રહેતી નથી એના સર્વ કાર્ય અને પ્રવૃત્તિ પોતાના 'ઠાકોરજી'ને પ્રસન્ન કરવા માટે જ હોય છે. અંતે આ આસક્તિ ઉત્તરોત્તર વધતાં જતાં **વ્યસનરૂપ** થઈ જાય છે અને આ વ્યસનરૂપ ભક્તિ જ **સર્વશ્રેષ્ઠ** અને માનસી સેવા કહેવાય છે. વ્યસનરૂપ આ ભક્તિ જ સાધ્યભક્તિ કહેવાય છે અને એ જ ચરમ અવસ્થા છે. આ પ્રકારની ભક્તિના પરિપાક રૂપ **પ્રેમ, આસક્તિ** અને **વ્યસન** એ ત્રણ અવસ્થાઓ છે. જેમાં વ્યસન સાધ્યાવસ્થા છે ભક્તિના આ વિકાસની પ્રક્રિયાને શ્રી વલ્લભે 'ભક્તિવર્ધિની'માં નીચેના બે શ્લોક દ્વારા વર્ણવી છે.

व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतोत्सदा ।
ततः प्रेम तथा सक्तिर्व्यसनं च यदो भवेत ॥
बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।
स्नेहाद्रागविनाशः स्यादासक्तया स्याद गृहासचि ॥

આગળ એ જ પ્રકરણમાં શ્રી વલ્લભ કહે છે કે, "આસક્તિ થતાં ઘરમાં રહેનારાઓ સાથેનો સંબંધ બાધક બને છે અને તેમનામાં આત્મીયતા જાગતી નથી જયારે કૃષ્ણમાં વ્યસન થાય ત્યારે જ કૃતાર્થ થવાય છે."[૧૧]

● પુષ્ટિ માર્ગમાં સેવાનું મહત્ત્વ :

પુષ્ટિમાર્ગમાં સેવાનું વિશેષ મહત્ત્વ છે. ભક્તિ જ સ્વયં સેવારૂપ છે. પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધથી દીક્ષિત વ્યક્તિનો એક માત્ર ધર્મ ભગવદ્સેવા જ છે, અન્ય વૈદિક કર્મોનું અનુષ્ઠાન એને માટે જરૂરી નથી. આ માર્ગમાં શ્રવણાદિ એ ભગવદ્સેવા રૂપ છે, નહીં કે નવધા ભક્તિના અંગ તરીકે. નવધાભક્તિ કેટલીક ક્રિયાત્મક છે અને કેટલીક ભાવાત્મક છે જ્યારે 'સેવા'માં ક્રિયા અને ભાવના એ બન્નેનો અદ્ભૂત સમન્વય છે. સેવા ઈષ્ટદેવના નામ અને સ્વરૂપ એ બન્નેની હોય છે. નામસેવા સ્વરૂપ સેવા કરતાં વધારે અમૂર્ત અને અભ્યાસ સાધ્ય છે, સાથે જ શરૂઆતમાં ભગવદ્ નામમાં જ ચિત્તવૃત્તિઓને પરોવવી એ થોડું મુશ્કેલ છે. સ્વરૂપ - સેવા વધારે સરળ અને સરસ છે અને પ્રારંભિક અવસ્થામાં એમાં ભક્તનું ચિત્ત વધારે લાગે છે. ભક્તની માનસિક અને દૈહિક વૃત્તિઓનું નિયોજન સ્વરૂપ - સેવામાં સરળતાથી થાય છે. વૈષ્ણવ સંપ્રદાયોમાં મૂર્તિ એ માત્ર પ્રતિક નથી પણ 'ઠાકોરજી'ની સાક્ષાત અભિવ્યક્તિ છે. વલ્લભ સંપ્રદાયમાં તો સ્વરૂપ - સેવા જ પ્રમુખ છે અને પુષ્ટિ માર્ગની હવેલીઓમાં અષ્ટ- પ્રહર સેવાનો વિસ્તૃત કાર્યક્રમ નિશ્ચિત હોય છે.

પુષ્ટિભક્તિ ફલ - રૂપા ભક્તિ કહેવાય છે. મર્યાદા ભક્તિ સાધન સાપેક્ષ છે અને તે મર્યાદા અથવા શાસ્ત્રીય ભક્તિ, જીવ - સાધ્ય ભક્તિ અને સાધનરૂપા ભક્તિ તરીકે પણ ઓળખાય છે. શ્રી વલ્લભાચાર્ય પ્રેરિત પુષ્ટિ ભક્તિ સાધન નિરપેક્ષ અને ફલ - રૂપા કહેવાય છે અને એને સાધન ભક્તિથી અલગ માનવામાં આવે છે. પુષ્ટિ ભક્ત નિર્ગુણ ભક્તિના આ પ્રકારની સ્વતંત્ર ભક્તિ છે તે પરમ દુર્લભ છે અને એ પુષ્ટિ ભક્તિ 'અવિહિતા' નામથી પણ ઓળખાય છે. વિહિત ભક્તિમાં જ્ઞાન ભક્તિ ઉત્તમ છે અને જ્ઞાન ભક્તિથી પણ આ પુષ્ટિ ભક્તિ ઉત્તમ છે.

● પૂજા અને સેવાનો તફાવત :

પુષ્ટિ સંપ્રદાયમાં શ્રી વલ્લભના મતે પૂજા અને સેવામાં ફરક છે. આ સંપ્રદાયમાં અર્ચના (સેવા) નો પ્રકાર બીજા સંપ્રદાયમાં પ્રચલિત અર્ચના (પૂજા) કરતા અલગ છે. અર્ચનાના બે મુખ્ય પ્રકાર છે, સેવા અને પૂજા. પૂજાનું ક્ષેત્ર કર્મમાર્ગ છે, સેવા શુદ્ધ પુષ્ટિમાર્ગીય છે. પૂજાનો આધાર વિધિ - વિધાન છે, સેવાનો સ્નેહ. પૂજા શાસ્ત્રીય વિધિવત કરવાના હોય છે જ્યારે સેવા સ્નેહાત્મક છે. વિભૂતિ પરત્વ હોવાના કારણે પૂજા કર્મ - માર્ગીય છે. પુષ્ટિમાર્ગમાં માત્ર

પુરુષોત્તમ શ્રીકૃષ્ણની જ સેવા હોય છે. પૂજામાર્ગમાં સાધન અને ફળને ભિન્ન માનવામાં આવે છે જ્યારે પુષ્ટિ ભક્તિમાં ભક્તિ જ સાધન છે અને શ્રીકૃષ્ણની ભક્તિ જ અંતિમ ફળ છે. 'भक्त्या संजायते भक्तिः ।' ભક્તિ જ ધાત્વર્થ સેવા છે અને પ્રત્યયાર્થ સ્નેહ છે. 'धात्वार्थः सेवा प्रत्ययार्थः स्नेहः ।' એટલે એ માર્ગમાં સેવા એજ ભક્તિ અને સ્નેહ બન્નેનો પર્યાય છે. સ્નેહ જ ભક્તિ છે. પૂજા સાર્વજનિક હોય છે જ્યારે સેવા વ્યક્તિગત.

પૂજાનો સંબંધ વિધિ સાથે હોય છે એટલે એ સાર્વજનિક છે. જ્યારે સેવા સ્નેહાત્મક હોવાથી વ્યક્તિગત છે. સ્નેહ ક્યારેય સાર્વજનિક પ્રદર્શનનો વિષય નથી. સ્નેહ એક રસ છે, મધુર રસ છે એટલે એની રસમયતા અને ગોપનીય રાખવામાં આવે છે. "रसो गुप्त एव रसत्वमापद्यते ॥" (સુબોધિની) એટલે પુષ્ટિમાર્ગમાં દેવાલય કે મંદિર હોતા નથી પણ ગોસ્વામી આચાર્યોના ઘરમાં જે 'ઠાકોરજી' બિરાજતા હોય છે એ 'નંદાલય' કે 'હવેલી' તરીકે ઓળખાય છે.

પૂજામાં સ્તોત્ર - પાઠ, અર્ચન, નમન વગેરેનું પ્રાધાન્ય હોય છે અને ધૂપ - દીપ, ઉપહાર, પત્ર, ફળ, ફૂલ જેવા અનેક સાધનોની અપેક્ષા રહેતી હોય છે. જ્યારે પુષ્ટિભક્તિ નિઃસાધન ગણાય છે. એમાં પ્રેમપૂર્વક 'ઠાકોરજી'ની સેવા એ જ મુખ્ય છે. અને 'ઠાકોરજી'ની સેવા માટે વપરાયેલ સર્વ સામગ્રી અને એની તૈયારી પણ 'સેવા' જ ગણાય છે. પૂજા માર્ગમાં ભગવાનને સમર્પિત વસ્તુનું ગ્રહણ નિષેધ મનાય છે. જ્યારે સેવામાર્ગમાં - પુષ્ટિમાર્ગમાં તો ભક્તની નીજ સર્વ વસ્તુઓને ભગવાનને સમર્પણ કર્યા પછી વપરાય છે. અસમર્પિત વસ્તુ અહીં અગ્રાહ્ય મનાય છે.

બીજું પૂજામાં દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર વગેરે ક્રિયારૂપ સાધનોની શુદ્ધિ આવશ્યક ગણાય છે, નહીં તો એ પૂજા દોષયુક્ત થઈ જાય છે. શ્રી વલ્લભાચાર્ય 'સિદ્ધાંત રહસ્ય'માં કહે છે એ પ્રમાણે સેવામાં તો સ્વતઃ શુદ્ધિ થઈ જાય છે અને સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. "सर्वदोषो निवृत्तिर्हि, दोषाः पंच विधाः स्मृताः ।"[१२]

પૂજા માર્ગમાં મંત્રો દ્વારા પ્રાણ - પ્રતિષ્ઠા આવશ્યક ગણાય છે. મંત્ર દ્વારા એ દેવનું 'આવાહન' કરવામાં આવે છે અને પૂજા પૂર્ણ થયા પછી એનું વિસર્જન કરવું પડે છે. દા.ત., 'સત્યનારાયણ'ની પૂજામાં પુરોહિત પ્રથમ દેવનું આવાહન કરે છે. એમાં અનેક જાતની સાધન - સામગ્રી જોઈએ છે અને પૂજા - આરતી પૂર્ણ થયા પછી મંત્રો દ્વારા એનું વિસર્જન કરવું પડે છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં તો

ગુરુજીએ મંત્ર દીક્ષા આપ્યા પછી નીજ ગૃહે પધરાવી આપેલ 'ઠાકોરજી' ઘરમાં હંમેશા બિરાજેલા હોય છે અને ભક્ત યથાશક્તિ - યથામતિ સ્નેહપૂર્વક પ્રભુની સેવા કરે છે. એટલે પુષ્ટિમાર્ગમાં સાધનો, વિધિ - વિધાનો અને મંત્રોની આવશ્યકતા નથી. ભક્ત તો એ જ કરે છે જે પોતાના ઠાકોરજીને સુખદાયક અને આરામદાયક હોય. એટલે જ ઉનાળામાં ઠાકોરજીને શીત વસ્તુઓ ધરાવવામાં આવે છે તો શિયાળામાં 'સેવાઘર' ઉષ્ણ રહે એની કાળજી લેવામાં આવે છે.

● સેવાના પ્રકાર :

સેવા બે પ્રકારની હોય છે - તનુ-વિત્તની અને માનસી. તન - શરીર દ્વારા કરાતી સેવા તનુજા કહેવાય છે. તનનો અર્થ અહીં માત્ર શરીર કે દેહ જ નથી પણ આ દેહ સાથે જોડાયેલા સર્વ સંબંધો, જેવા કે સ્ત્રી, પુત્ર, પરિવાર વગેરે દ્વારા કરાતી સેવાનો પણ 'તનુજા' સેવામાં સમાવેશ થાય છે. વિત્ત અથવા ધન - વૈભવથી કરાતી સેવા 'વિત્તજા' કહેવાય છે. એમાં ભગવાનની સેવા માટે જે કંઈ પણ ધન વપરાય. દા.ત. પરમાનંદદાસ ગોવર્ધનનાથજીની હવેલી બંધાવવા કમાવા ગયા હતા એ પણ 'વિત્તજા' સેવા જ કહેવાય. ભગવાનને માટે જે કંઈ 'મનોરથ' કરાવાય એ સર્વનો વિત્તજામાં સમાવેશ થાય છે. સર્વ દૈહિક ક્રિયાઓ દ્વારા થતી સેવા કરતા વિશુદ્ધ ભાવપૂર્ણ સેવા 'માનસી સેવા' કહેવાય છે. અંતિમ તથા સર્વાધિક મહત્ત્વપૂર્ણ માનસી સેવા જ છે. ચિત્તની કૃષ્ણમયતા જ એનું સ્વરૂપ છે. ચિત્તની સર્વ ગતિઓ કૃષ્ણમાં લીન થઈ જાય છે અને બાહ્ય સંવેદનાઓથી પર થઈને, નિર્બાધરૂપે 'અખંડતેલધારા વ્રત' શ્રી કૃષ્ણમાં લીન થઈ જાય છે. શ્રી વલ્લભે માનસી સેવાને જ પ્રમુખ માની છે. 'સિદ્ધાન્ત મુક્તાવલી' માં તેઓ કહે છે કે "कृष्णसेवा सदा कार्या, मानसी सा परामता ।"[૧૩] ભાવની આ ચરમ સીમા ભક્તિની અંતિમ સ્થિતિ છે. અને એ તનુ વિત્તજા સેવાઓથી ધીમે ધીમે એની પાત્રતા સંપન્ન થાય છે. પણ એમાં કેટલાક ભક્તો અપવાદ રૂપ હોય છે. તેઓ શરૂઆતથી જ ભાવનાની ઉચ્ચ ભૂમિકા પર રહેલા હોય છે કે તેમને મર્યાદામાર્ગીય સાધનોની કે પુષ્ટિમાર્ગીય સાધનોની, ન તનુજા વિત્તજા સેવાની જરૂર હોય છે. તેઓ કૃષ્ણપ્રેમમાં એટલા વિહ્વળ હોય છે કે એમને કશાની સુધબુધ રહેતી નથી. આવા ભક્તો શ્રીકૃષ્ણને અતિશય પ્રિય અને કૃપાપાત્ર હોય છે. પરંતુ બધાં પુષ્ટિ ભક્તો માટે આ સાધ્ય નથી કે નથી બધાં એને માટે યોગ્ય હોતા. સાંસારિક કામનાઓ અને આસક્તિઓથી અહંતા - મમતાથી ઘેરાયેલા લોકો માનસી સેવાની ઉચ્ચ

ભાવનાને સ્પર્શ પણ કરી શકતા નથી. એવા ભક્તો માટે તનુજા વિત્તજા સેવા જરૂરી છે. એનાથી એમના કૃષ્ણપ્રેમના સંસ્કાર દૃઢ થતા જાય છે અને ધીમે ધીમે સંસાર પ્રત્યેની આસક્તિ ઓછી થાય છે. તનુજા, વિત્તજા-સેવાઓ દ્વારા વ્યક્તિની બહિર્મુખી વૃત્તિઓને અંતર્મુખી બનાવી શકાય છે. જ્યાં સુધી દેહ અને મનની વૃત્તિઓનું ઉદાત્તીકરણ નથી થઈ શકતું, ત્યાં સુધી માનસી સેવાની ઉદાત્ત મનઃસ્થિતિની કલ્પના પણ ન કરી શકાય.

આ સર્વ વાતોને ધ્યાનમાં રાખીને શ્રી વલ્લભે માનસી સેવાને સર્વશ્રેષ્ઠ માનવા છતાં એની સિદ્ધિને માટે તનુ વિત્તજા સેવાઓ જરૂરી માની છે. એના દ્વારા સંસાર - દુઃખની નિવૃત્તિ થઈ બ્રહ્મનું જ્ઞાન થાય છે.

"चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ।
ततः संसार दुःखस्य निवृत्तिर्ब्रह्म बोधनम् ॥"

અંતે આ પ્રકરણમાં જ તેઓ આગળ જણાવે છે કે अनुग्रह पुष्टिमार्गे नियामक इति स्थितिः ।[१४]

આમ શ્રી વલ્લભ પુષ્ટિમાર્ગમાં ભગવાનના અનુગ્રહને જ હંમેશા પ્રાધાન્ય આપે છે.

શ્રી વલ્લભના સિદ્ધાન્તોથી એક વાત સ્પષ્ટ થાય છે કે તેઓ ભક્તિને માનસી જ સ્વીકારે છે. સર્વત્ર એમણે ભક્તિને માનસી સેવા રૂપે જ કહી છે. પુષ્ટિમાર્ગની પ્રારંભિક સેવામાં પણ, જ્યારે એ ક્રિયા પ્રધાન તનુજા સેવા હોય છે ત્યારે પણ શ્રી વલ્લભને પ્રેમલક્ષણા માનસી સેવા કે કૃષ્ણ પ્રત્યે અનુરાગાત્મિક મનઃસ્થિતિ જ અભિપ્રેત છે. તેઓ સાધનભક્તિ અને વૈદિક ભક્તિને ગૌણભક્તિ તરીકે જ સ્વીકારે છે. એમના મતે ચિત્તનું કૃષ્ણમય થઈ જવું એ જ સાચી ભક્તિ છે. વલ્લભે ભક્તિને એક વિશેષ મનઃસ્થિતિના રૂપમાં સ્વીકારીને એને કર્મકાંડ અને વિધિ - વિધાનોથી મુક્ત કરી દીધી. પુષ્ટિમાર્ગ એ શ્રી વલ્લભની એક અનોખી ભેટ છે.

પ્રેમ એ પુષ્ટિમાર્ગનું હાર્દ છે. પ્રેમ માનવીય ભાવનાઓમાં સર્વશ્રેષ્ઠ છે. સાંસારિક પ્રેમ સિમિત છે અને એની અભિવ્યક્તિ પણ ઈન્દ્રિયગમ્ય છે. પણ શ્રીકૃષ્ણ પ્રતિ આ પ્રેમના રૂપમાં એટલી શક્તિ છે કે વ્યક્તિ એના પ્રભાવથી ભલે થોડીવાર માટે પણ સ્વ - હું અને મારું - એ આસક્તિથી ઉપર ઊઠે છે. પ્રેમના આ મહત્ત્વને સમજીને જ એ પ્રેમલક્ષણા ભક્તને આધ્યાત્મિક સ્તરે પહોંચાડી છે. પુષ્ટિમાર્ગ ઈશ્વર અને જીવના શાશ્વત પ્રેમ સંબંધને જ આધાર

બનાવીને ચાલે છે અને આ જીવ અને ઈશ્વર વચ્ચેના સંબંધની પુનઃજાગૃતિ જ એનો ઉદ્દેશ્ય છે.

શ્રી વલ્લભના મતે ભક્તિ એટલે 'સ્નેહ' અથવા પ્રેમ પણ વધારે વિચારતા વલ્લભ એનો અર્થ 'સેવા' કરે છે અને પ્રેમ અને સેવા બન્ને મળીને લક્ષ્યાર્થ ભક્તિ છે. તેઓ ભક્તિ વિશે વધારે સમજાવતા કહે છે કે સાચી ભક્તિનો લક્ષ્યાર્થ એટલે મનની એવી સ્થિતિ કે ધીમે ધીમે એ મન પ્રભુમય બની જાય.

Shri S. N. Dasgupta in his 'A History of Indian philosophy' has said "one of the results of Bhakti (Devotion) or rather one of its characteristics has been described as the oneness of all with the self.(સર્વાત્મભાવ) Through the deep notion of love one sees everywhere one's beloved, and even in separation one always perceives one's beloved around one, but God being all, it is natural that through intense attachement to him one should perceive Him in all things, for these are all manifestation of God."[15]

● નિર્ગુણ ભક્તિયોગ :

સર્વ કામનાઓથી રહિત, પુરુષોત્તમમાં ચિત્ત વૃત્તિનો સતત પ્રવાહ એ જ ભક્તિયોગ કે નિર્ગુણ ભક્તિયોગ છે. નિર્ગુણ ભક્તિયોગની બે વિશેષતાઓ છે, એક તો આ ભક્તિ ચિત્તની અનન્ય કૃષ્ણમયતા રૂપ છે અને બીજી કે એ આત્મનિવેદનની પરમોચ્ચ અવસ્થા છે. પ્રથમ વિશેષતા ચિત્તનું કૃષ્ણમાં તન્મય હોવું. આ અવસ્થાને વલ્લભ 'વ્યસન' અવસ્થા કહે છે અને 'બ્રહ્મસંબંધ' દ્વારા જીવ જ્યારે સંપૂર્ણ આત્મસમર્પણ અને શરણાગતિ સ્વીકારે છે કે હું તારો 'દાસ' છું. એનું આ સમર્પણ આ અવસ્થામાં શ્રી કૃષ્ણપ્રેમનું 'વ્યસન' બનીને રહે છે અને શ્રીવલ્લભ એને જ નિર્ગુણ ભક્તિયોગ કહે છે. 'વ્યસન'ની નિર્ગુણ ભક્તિયોગની આ સ્થિતિ 'ભાવ - સમાધિ'ની જ દશા છે.

આ ભક્તિને નિર્ગુણ ભક્તિયોગ કેમ કહે છે એ વિચાર માગી લે છે. 'નિર્ગુણ' શબ્દ બે અર્થમાં લઈ શકાય. આ ભક્તિયોગનો વિષય પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે. તેઓ પ્રકૃતિના ગુણોથી પર છે. એમના દરેક ગુણો દિવ્ય અને અપ્રાકૃત તથા એમના સ્વરૂપથી અભિન્ન છે. શ્રી વલ્લભે આ અર્થમાં જ બ્રહ્મને નિર્ગુણ માન્યો છે. આ નિર્ગુણ બ્રહ્મ અથવા પુરુષોત્તમ શ્રીકૃષ્ણને ભક્તિનો વિષય બનાવવાને કારણે એ ભક્તિયોગ નિર્ગુણ ભક્તિયોગ છે. નિર્ગુણનો

બીજો અર્થ છે નિષ્કામ ભક્તિયોગ અને આ અર્થ વધારે ઉચિત અને ઉપયુક્ત છે. ઉદ્ધવને ભક્તિમાર્ગનો ઉપદેશ આપતા ભગવાન કહે છે -

> “न ह्यङ्गोपक्रमे ध्वंसो मद्धर्मस्योद्धवाण्वपि ।
> मया व्यवसितः सम्यङ् निर्गुणत्वादनाशिष ॥”

“ઉદ્ધવ મારા આ ભાગવત ધમનો પ્રારંભ કરવાથી એમાં વિઘ્નથી રતીભાર પણ ફરક પડતો નથી, કારણ કે આ ધર્મ નિષ્કામ છે અને સ્વયં મેં જ એને નિર્ગુણ હોવાથી સર્વોત્તમ માન્યો છે.”[૧૬]

કામનાઓ અને વાસનાઓ ગુણોનું જ કાર્ય છે. ફળની ઈચ્છાથી કરેલી ભક્તિને મહર્ષિ કપિલ ‘સગુણ’ ભક્તિ કહે છે. જે ભક્તિયોગનું અહીં વર્ણન કર્યું છે એ ‘અહૈતુકી’ કહેવાય છે. આમ નિર્ગુણ ભક્તિયોગનો અર્થ જ નિષ્કામ ભક્તિયોગ છે. આ નિષ્કામ ભક્તિ સ્વયં ફળરૂપ છે. આ ભક્તિ સાધન પણ છે અને ફળ પણ એ જ છે. કપિલે ભક્તિયોગની આ મહત્તાનું વર્ણન ભાગવત પુરાણના આ (૧૧-૧૨-૧૫) શ્લોકમાં કર્યું છે.

> सालोक्य सार्ष्टि सामीप्य सारुप्यैकत्वमच्युत ।
> दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥

જ્યારે ભગવાન પ્રત્યેનો પ્રેમ અત્યંત ગાઢ રૂપ ધારણ કરે છે ત્યારે ભક્તિ સ્વયં રસરૂપ થઈ જાય છે અને શ્રી વલ્લભના મતે આવી ભક્તિ જ આત્યન્તિકી છે, જે સ્વયં રસરૂપ છે. આવી રસધન ભક્તિની પ્રાપ્તિ કર્યા પછી ભક્તને સ્વાભાવિક જ બીજા કોઈ ફળની આકાંક્ષા રહેતી નથી.

● ભક્તિની ચરમસીમા - સર્વાત્મભાવ :

અહીં સુધી આપણે સાધ્ય ભક્તિની ત્રણ અવસ્થાઓનું વિવેચન કર્યું - પ્રેમ, આસક્તિ અને વ્યસન. શ્રી વલ્લભ વ્યસન પછી એક બીજી સ્થિતિનો પણ સ્વીકાર કરે છે. એ છે ‘સર્વાત્મભાવ’ ની સ્થિતિ. એકાદશ સ્કન્ધમાં ભગવાને સર્વાત્મભાવને જ પોતાની પ્રાપ્તિનો હેતુ બનાવ્યો છે.

> “मामेकमेव शरणमात्मानं सर्वदेहिनाम् ।
> याहि सर्वात्मभावेन यास्यसे ह्यकुतोऽभयम् ॥”

“જો સંસારમાં એક માત્ર શરણ છે એવા બધાં પ્રાણીઓ પ્રત્યે ‘સર્વાત્મભાવ’ (આત્મભૂત થઈને) રાખીને જીવ અભયપદને પ્રાપ્ત કરે છે.”[૧૭]

સર્વાત્મભાવની વ્યાખ્યા કરતા શ્રી વલ્લભ અણુભાષ્યમાં કહે છે કે "ભગવદ્ સ્વરૂપની પ્રાપ્તિમાં વિલંબ સહન ન કરી શકવાથી અત્યંત આર્તભાવથી ભાગવદ્ સ્વરૂપની અનુભૂતિ એ જ 'સર્વાત્મભાવ' છે." प्रकृतेऽपि सर्वात्मभावे स्वरूपप्राप्ति विलम्बसहिष्णुत्वे नात्यार्त्या स्वरूपातिरिक्ता स्फूर्त्या ..... (અણુભાષ્ય સૂત્ર ૩-૩-૪૩)

आत्मनो भाव आत्मभावः । એટલે કે આત્મ વિષયક રતિ. આત્મામાં જ વ્યક્તિનો નિરુપાધિક સ્નેહ હોય છે. એટલે જે શુદ્ધ સ્નેહ આત્મા માટે હોય છે તેવો જ સ્નેહ ભગવાનને પણ કરવો જોઈએ. અને આમ પરમાત્મામાં 'આત્મભાવ' સિદ્ધ થવાથી પદાર્થમાત્રમાં પરમાનંદરૂપ પુરુષોત્તમની સ્ફૂર્તિ થવાથી સર્વત્ર આત્મભાવ સિદ્ધ થાય છે. સ્વયં વલ્લભ કહે છે કે 'આત્મ' શબ્દથી પુરુષોત્તમ જ સમજાય છે. કારણ કે સર્વના આત્મભૂત એ પોતે જ છે. સર્વ પોતાનું જ સ્વરૂપ ભક્તિમાર્ગમાં એ જ તો નિરૂપાધિક સ્નેહનો વિષય છે. "સમસ્ત સૃષ્ટિમાં સર્વદા પુરુષોત્તમની અનુભૂતિ જ સર્વાત્મભાવ કહેવાય છે."

"तत्रात्मशब्देन पुरुषोत्तम उच्यते ।
भक्तिमार्गे तु निरुपधिस्नेह विषयः स एव यत्नः ॥"[१८]

● ભગવાન ભક્તનું 'વરણ' કરે છે :

આ ભક્તિનું પહેલું સોપાન છે. જીવની પુરુષોત્તમ પ્રાપ્તિને માટે **સ્વરૂપ યોગ્યતા**. (the fitness for being chosen by the lord) ભગવાન જીવના સ્વરૂપની યોગ્યતા પ્રમાણે એના પર અનુગ્રહ કરી એનું **વરણ** કરે છે અને પછી એ જીવમાં ભક્તિ - ભાવનું બીજ રોપી એને ભક્તિ કરવાની પ્રેરણા આપે છે. આમ પુષ્ટિ ભક્તિમાં પ્રથમ ભગવાન જીવની યોગ્યતા પ્રમાણે એનું વરણ (select) કરે છે પછી ભલે એ જીવ કોઈ પણ પ્રકારનો હોય, સાત્વિક, રાજસિક અથવા તામસી ભાવવાળો હોય. વ્રજગોપીઓ અને વ્રજના ગોપ બાળકો રાજસ અથવા તામસ પ્રકૃતિવાળા જ હતા પણ ભગવાને સામે ચાલીને એમને ભજનાનંદનો અનુભવ કરાવ્યો. તો સામે પક્ષે ગોપીઓ પણ સ્નેહપૂર્વક સમર્પણ અને સંપૂર્ણ શરણાગતિને આધિન થયા હતા.

ક્યાંક ટાગોરે પણ કહ્યું છે કે, "I can not choose the best, but best can choose me." શ્રી વલ્લભ પણ કહે છે કે પરમેશ્વર જીવની 'વરણી' કરે છે. તો શ્રી મોરારીબાપુ કહે છે કે "જીવની એ માટેની સજ્જતા પણ જરૂરી છે. જીવ પુરુષાર્થી, પરમાર્થી, પ્રેમાર્થી હોવો જોઈએ."

કઠોપનિષદ (૧-૨-૨૩)માં પણ કહ્યું છે કે "આ આત્મા ન પ્રવચનથી, ન તો બુદ્ધિથી પ્રાપ્ત થાય છે. જે કોઈ જીવનું એ 'વરણ' કરે છે, એને જ મળે છે. જેના પર પરમાત્માનો પોતાનો અનુગ્રહ છે."

नायमात्मा प्रवचनेन लभ्यो,
न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष
आत्मा विवृणते तनूँ स्वाम् ॥

અનુગ્રહ એટલે કે ભગવાન દ્વારા જીવાત્માનું 'વરણ' (choosing of the soul). શ્રુતિમાં કહ્યું છે કે 'અનુગ્રહ' એટલે 'ભગવાનનો પ્રસાદ' શ્રી વલ્લભ એને માટે 'પુષ્ટિ' શબ્દ વાપરે છે, જેમાં બન્ને અર્થો સમાયેલા છે, ભગવાન દ્વારા 'વરણ' અને ભગવાનનો 'અનુગ્રહ' જેનો ઉલ્લેખ ઉપનિષદમાં પણ છે.

વરણ અને અનુગ્રહ એ બન્ને 'પુષ્ટિ'ના સમાનાર્થી શબ્દો છે. 'પુષ્ટિ'નો સામાન્ય ખ્યાલ (concept) ઉપનિષદ માટે નવો નથી. ઉપનિષદમાં એ છે જ પણ શ્રી વલ્લભાચાર્ય પહેલા કોઈ આચાર્યોએ એના વિશે વિચાર કર્યો નથી. પોતાના ભક્તિ સંપ્રદાયને 'પુષ્ટિ સંપ્રદાય' નામ આપવાનું પ્રથમ શ્રેય શ્રી વલ્લભને જ જાય છે.

શ્રી વલ્લભાચાર્ય પુષ્ટિમાર્ગમાં ત્રણ તત્ત્વોને મુખ્ય ગણે છે, અનુગ્રહ, આત્મનિવેદન અને સેવા. આ ત્રણેનો ખાસ **મનોવૈજ્ઞાનિક સંદર્ભ** અને સ્પષ્ટીકરણ પણ છે. ભક્તિ એક એવો સેતુ છે કે જે બે ચેતના - ઈશ્વરીય ચેતના અને માનવીય ચેતનાને જોડે છે. ભક્તિને માટે બેની અપેક્ષા છે, એક તો જેની ભક્તિ કરવામાં આવે તે આરાધ્ય અને આરાધકના ગુણ, શક્તિ અને યોગ્યતામાં તારતમ્ય જરૂરી છે, નહીં તો ભક્તિ સંભવ નથી. ઈશ્વર અંશી છે, તે પોતાના અંશ જીવની સરખામણીએ - અપેક્ષાએ કયાંક અધિક, શ્રેષ્ઠ, મહાન, સામર્થ્યશાલી છે અને પૂર્ણ છે. એની આ પૂર્ણતા અને શ્રેષ્ઠતાની સામે જ જીવ નતમસ્તક થાય છે અને આત્મસમર્પણ કરે છે. આ સંબંધ સ્થાપવા માટે જીવને એની કૃપાની પણ આવશ્યકતા છે. શ્રીકૃષ્ણ ઈશ્વર છે, સર્વશક્તિમાન છે, 'कर्तुमकर्तुमन्यथावाकर्तुम्' ના સામર્થ્યવાળો છે એટલે એની કૃપા સાધનોના અભાવમાં પણ પોતાના સ્વરૂપ - બળથી જીવનો ઉદ્ધાર કરે છે.

બીજું શ્રી વલ્લભે આત્મનિવેદન પર ભાર મૂક્યો. ભગવાન રીઝે છે તે

જીવની શક્તિ નહીં પણ એની અનુરક્તિ પર રીઝે છે; એના આત્મસમર્પણ પર ખુશ થાય છે. એટલે જ શ્રી વલ્લભે આત્મનિવેદન પર ભાર મૂક્યો છે. જો જીવ એક વાર પોતાની સર્વ અસમર્થતાઓ અને અભાવો સાથે ભગવાન સામે નતમસ્તક એનું એકમાત્ર શરણ સ્વીકારી લે છે તો ભગવાન એને સ્વીકારે છે. પછી ભગવાન એની યોગ્યતા - અયોગ્યતાનો વિચાર નથી કરતાં.

રામાનુજાચાર્યે ભગવદ્‌ભક્તોની બે સ્થિતિનું વર્ણન કર્યું છે. એક બિલાડીના બચ્ચા જેવી અને એક વાંદરાના બચ્ચા જેવી. શ્રી વલ્લભના મતે ભક્તનો ભગવાન પ્રતિ એટલો સમર્પણ ભાવ હોવો જોઈએ કે જેટલો બિલાડીના બચ્ચાને એની મા માટે હોય છે. બિલાડીના બચ્ચા પોતે કંઈ નથી કરતાં, એ પોતાની રક્ષા માટે સંપૂર્ણ રીતે એની મા પર આશ્રિત હોય છે. બચ્ચાની માં એને મોઢામાં ઉંચકીને એને સંકટોથી બચાવે છે. ભગવાનની કૃપાશક્તિ આ જ રીતે પોતાના નિઃસાધન ભક્તોના યોગ-ક્ષેમની રક્ષા કરે છે. ભક્તને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. શ્રી વલ્લભે ભગવદ્ ભક્તોને હંમેશા નિષેધ કર્યો છે. એથી વિરુદ્ધ વાંદરાનું બચ્ચુ પોતાની માને ચીટકેલું રહે છે, વાંદરી એને પકડતી નથી. સાધન માર્ગ - મર્યાદા માર્ગમાં વ્યક્તિ પોતાની રીતે જ પ્રયત્નશીલ રહે છે અને એમાં ભૂલ થતાં પડવાની શક્યતા પણ છે. આવી સ્થિતિ જ્ઞાની અને જ્ઞાની - ભક્તોની પણ થઈ શકે છે. જ્ઞાનના અહંકારમાં પોતાના પતનની સંભાવના પણ છે પણ ભક્ત તો બિલાડીના બચ્ચાની જેમ નિશ્ચિંત થઈને ભગવાનને શરણે જાય છે એટલે ક્યારેક એનો હાથ છૂટી જાય તો ભગવાન એને સંભાળી લે છે, પડવા નથી દેતા.

ભગવદ્ અનુગ્રહ, અનન્ય શરણાગતિ ઉપરાંત પુષ્ટિ માર્ગનું ત્રીજું મહત્ત્વનું તત્ત્વ 'સેવા' છે. ભક્તની શરણાગતિ, એ ભગવદ્ પ્રેમ જ સેવાના રૂપમાં અભિવ્યક્ત થાય છે. ભક્તિ સ્વયં સેવારૂપ છે. ભક્ત પોતાની સાંસારિક કામનાઓને તો છોડી શકતો નથી. એટલે જ શ્રી વલ્લભ કહે છે કે છોડી ના શકતા હોય તો ભગવાનને અર્પણ કરી દો. તમારી ભાવનાઓ અને કામનાઓનું ભગવાનને અર્પણ કરી દેવાથી એનું ઉદ્દાતીકરણ થશે અને ધીમે ધીમે એમાંથી આસક્તિ ઓછી થશે. તમારો અહં, તમારી કામનાઓ સર્વ ઈશ્વરને અર્પણ કરો. દેહ અને ઈન્દ્રીયોની પ્રવૃત્તિઓ ભગવાન સાથે જોડાઈને ઉદાત્ત થઈ જાય છે. મનુષ્ય સ્વભાવથી જ કર્મશીલ છે. સેવાની કાર્યશીલતાથી એનો કર્મપ્રિય સ્વભાવ સંતોષ પામે છે. આગળ આપણે સેવાના સ્વરૂપ વિશે વિગતે ચર્ચા કરી જ છે.

આ પ્રમાણે શ્રી વલ્લભાચાર્યે પુષ્ટિમાર્ગના રૂપમાં પ્રવૃત્તિઓનાં ઉદ્દાતીકરણની (sublimation) એક મનોવૈજ્ઞાનિક વિધિ વ્યક્તિ સમક્ષ રાખી. શ્રી વલ્લભ ગૃહસ્થાશ્રમમાં રહી ભગવાનની ભક્તિ કરવાનું કહે છે એટલે એ તમારી ઈચ્છાઓનું દમન (supression) કરવાનું નથી કહેતા પણ તમારી પાસે જે કંઈ પણ કલા, આવડત હોય, તમારી તૃષ્ણાઓ સર્વ ભગવાનને અર્પણ કરી દો. જેથી આપોઆપ એ સર્વ ભગવાન સાથે જોડાવાથી પવિત્ર બની જશે. અને ભક્તના મનમાં રહેલા 'હું કરું છું' એ મદ - અહંકાર પણ ધીમે ધીમે લુપ્ત બની જશે. હું આ કાર્ય કરવા માટે ભગવાનનું નિમિત્ત માત્ર છું એ જાતનો ભાવ પેદા થવાથી ભક્તના મનમાં હીનતા આવશે. આત્મનિવેદન અને સેવાના માધ્યમથી ભગવદ્અનુરાગ દૃઢ થઈ જાય છે ત્યારે વ્યક્તિ પોતે જ સ્વયં વિરક્ત થઈ જાય છે. એને કોઈ બાહ્ય વિધિ - વિધાનની આવશ્યકતા નથી રહેતી. વ્યક્તિપૂર્ણ રૂપથી ભગવન્મય થઈ જાય છે. એની વૈયક્તિકતા અને એનો અહંકાર કૃષ્ણ પ્રેમની દિવ્ય ચેતનામાં ક્યાંય લુપ્ત થઈ જાય છે. અને સૌથી મોટી વાત તો એ છે કે પરમ નિવૃત્તિમય આ સ્થિતિ 'સેવા' ની પ્રવૃત્તિ દ્વારા આવે છે. પુષ્ટિમાર્ગ પ્રવૃત્તિમાર્ગ છે અને આ પ્રવૃત્તિ સ્વયં નિવૃત્તિમય છે.

● જ્ઞાની અને ભક્ત વચ્ચેનો તફાવત :

શ્રી વલ્લભ એમના અણુભાષ્ય (સૂત્ર ૪-૧-૧૭) માં કહે છે કે શ્રુતિએ જ્ઞાનમાર્ગ અને ભક્તિ માર્ગનો તફાવત આ પ્રમાણે બતાવ્યો છે. જે બ્રહ્મને જ્ઞાન દ્વારા જાણે છે તે બ્રહ્મના આત્માને જાણે છે અને અક્ષરબ્રહ્મનો સાથ માણે છે. જ્ઞાનમાર્ગીઓ અક્ષરબ્રહ્મને પામે છે કેમ કે 'અક્ષર' બ્રહ્મને પામવાનું જ તેમનું ધ્યેય છે. જ્યારે ભક્તોનું ધ્યેય પૂર્ણ પુરુષોત્તમને પામવાનું છે.

ભગવદ્ગીતાના બારમાં અધ્યાયમાં અર્જુને પણ શ્રીકૃષ્ણને પ્રશ્ન પૂછ્યો કે "જે અનન્ય પ્રેમી ભક્તજનો, જે નિરંતર આપના ભજન ધ્યાનમાં રચ્યા - પચ્યા રહીને સગુણ સ્વરૂપ પરમેશ્વરને ભજે છે અને બીજા ભક્તો, કે જે કેવળ અવિનાશી સચ્ચિદાનંદન નિરાકાર બ્રહ્મને જ ઘણા ઉત્તમ ભાવે ભજે છે એ બન્ને પ્રકારના ભક્તોમાં વધુ ચઢિયાતા કોણ છે ?"

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥

ત્યારે ભગવાન જવાબ આપે છે કે

मय्यावेश्य मना ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमाःम मताः ॥

"એટલે કે મારામાં મનને પરોવીને નિરંતર મારા ભજન - ધ્યાનમાં રચ્યા - પચ્યા રહેનારા ભક્તજનો, અત્યંત અડગ શ્રદ્ધાભાવથી યુક્ત થઈને, મુજ સગુણ સ્વરૂપ પરમેશ્વરને ભજે છે, તેઓ મને યોગીઓમાં વધુ ચઢિયાતા યોગી રૂપે માન્ય છે."

અને શ્રીકૃષ્ણ ત્રીજા અને ચોથા શ્લોકમાં આગળ કહે છે કે, "જે ભક્તો ઈન્દ્રિયોના સમુદાયને સારી રીતે વશમાં કરીને મન - બુદ્ધિથી પર, સર્વવ્યાપક, અવિનાશી સચ્ચિદાનંદ બ્રહ્મને નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતાં ભજે છે, એવા સૌમાં સમાન ભાવ રાખનારા યોગીઓ મને જ પામે છે."

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रमचिन्त्यं कूटस्थमचलं ध्रुवम् ॥
सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥[19]

શ્રી વલ્લભ અંતે કહે છે કે "આ રીતે પૂરવાર થાય છે કે જ્ઞાનમાર્ગીઓ 'અક્ષરબ્રહ્મ' ને પામે છે તો ભક્તજનો પૂર્ણ પુરુષોત્તમને પામે છે."[20]

● પુષ્ટિ સંપ્રદાય :

આપણે શ્રી વલ્લભાચાર્યના ૧૫ મી સદીના સમયની વાત કરીએ તો તે સમયે સમસ્ત હિન્દુસ્તાનમાં રાજકીય, સામાજિક અને ધાર્મિક અસ્થિરતા હતી. મુસલમાનોના શાસનમાં હિંદુઓ સ્વતંત્ર રીતે પોતાની મરજી પ્રમાણે ધર્મનું પાલન સારી રીતે કરી શકતા નહોતા. રાજકીય અસ્થિરતા હતી. લોકો હતાશ અને નિરાશ બની ગયા હતાં અને એટલે વૈદિક ધર્મનું કે મર્યાદા માર્ગનું બરાબર જતન કરી શકતા નહોતા. શ્રી આચાર્યએ પોતે જ એ સમયની પરિસ્થિતિનું વર્ણન એમના 'કૃષ્ણાશ્રય' પ્રકરણ ગ્રંથમાં કર્યું છે. (કૃષ્ણાશ્રય શ્લોક - ૧, ૨, ૩, ૪, ૫, ૬)

આવા સમયમાં શ્રી વલ્લભ સામે બે મુખ્ય સવાલ હતા. એક તો વૈદિક ધર્મનું આવા સંજોગોમાં કેવી રીતે જતન કરવું અને એનો લોકોને સાચો ખ્યાલ આપવો. અને બીજું હતાશ અને નિરાશ થયેલા લોકોને આ પરિસ્થિતિમાંથી કેવી રીતે બહાર લાવવા. આ સવાલ હંમેશા એમને વ્યગ્ર કરતો હતો અને

એનો રસ્તો એમને સીધા અને લોકો અપનાવી શકે એવા સરળ ભક્તિમાર્ગમાં દેખાયો.

Mr. M. J. Telivala says in his book, 'Shrimad Vallabhacharya and his mission', "It was in the moments of holy communion and divine inspiration that a mode of worship was revealed to shri Vallabhacharya. Divine Grace was the essence of this mode of worship. Hence following 'पोषणम् तदनुग्रह' a sentence in the Bhagavata he named this mode as Pusti - marge."[21]

પ્રો. જી. એચ. ભટ્ટ એમના 'Vallabhacharya and his Doctrines' પુસ્તકમાં કહે છે કે, "It is most interesting to note that divine bliss is purely a gift of the Lord and cannot be obtained by human effort. It is this very idea of the gift of divine Grace that is called 'Pusti' (પુષ્ટિ) in the Marge. The best illustration of 'Pusti' is found in the case of Gopis of Vrindavana. The doctrine of regarding the Lord as every thing is called 'all in - oneness (સર્વાત્મભાવ)' which should be distinguished from the 'one - in - allness (સર્વાત્મભાવ) of the જ્ઞાની. In સર્વાત્મભાવ of the men (જ્ઞાની) of realization see 'Brahma' in all things, while in other case 'Bhakta (ભક્ત)' sees everything in Lord. The experience of 'Swarupanand (સ્વરૂપાનંદ) ' which is decidedly superior of that of 'Brahmanand (બ્રહ્માનંદ)' is according to Vallabha, the higher conception of the sumum Bonum (મોક્ષ). The Lord is full of Rasa (રસ), out of eight Rasas, Shringar (શૃંગાર) is the most prominent. Shringar has two aspects - (સંયોગ) union and separation (વિપ્રયોગ). There are two stages in this Rasa. In the company of Lord, Bhakta enjoys the happiness of union, while in His absence he suffers the misery of separation. According to some, the stage of separation is superior to that of union."[૨૨]

(૫) પુષ્ટિના અર્થ :

શાસ્ત્રોના પ્રમાણના આધારે જ શ્રી વલ્લભે પુષ્ટિ - અનુગ્રહ શબ્દનો અર્થ સમજાવ્યો છે.

"એ (અનુગ્રહ પુષ્ટિ) માત્ર તે જીવને જ પ્રાપ્ય છે કે જેનું ભગવાન વરણ કરે છે અને એવા ભક્તની સામે જ પ્રકટ થાય છે." (મુણ્ડકોપનિષદ - ૩-૨-૩)

सर्व कर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसाददवाप्नेति शाश्वतं पदमव्ययम् ॥

એટલે કે "મારે પરાયણ થયેલો કર્મયોગી સઘળા કર્મોને સદા કરતો હોવા છતાં યે મારી કૃપાથી શાશ્વત અવિનાશી પરમ પદને પામે છે." (શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧૮- ૫૬)

मच्चितः सर्वदुर्गाणि मत्प्रसादतिरिष्यसि ।

એટલે કે "મારામાં ચિત પરોવનાર તું મારી કૃપાથી જ બધાંયે સંકટોને વિના પ્રયત્ને પાર કરી જઈશ." (ભગવદ્ગીતા અધ્યાય ૧૯-૫૮)

અને શ્રીમદ ભાગવત પુરાણ (૩-૧૦-૪) માં પુષ્ટિની વ્યાખ્યા કરેલી છે "पोषणमू तदनुग्रहो ।"

એટલે પુષ્ટિ એટલે ભગવાનનો અનુગ્રહ - ભગવાનની કૃપા. અને આવી કૃપા કોઈપણ જાતની અપેક્ષા રાખ્યા વિના, ભગવાનમાં સંપૂર્ણ શ્રદ્ધા અને સ્નેહપૂર્વકના સમર્પણથી જ પામી શકાય છે.

શ્રી વલ્લભ એમનાં 'પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા - ભેદ' પ્રકરણ ગ્રંથમાં કહે છે કે શ્રુતિઓએ વર્ણવેલ ભક્તિમાર્ગમાં પુષ્ટિનો સિદ્ધાંત છે જ અને એમના 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથમાં કહે છે કે પુષ્ટિમાર્ગમાં તો ભગવાનનો અનુગ્રહ જ નિયામક (controlling factor) છે. આગળ પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા - ભેદ ગ્રંથમાં તેઓ કહે છે કે "પુષ્ટિ જીવો માત્ર ભગવાનની સેવા માટે જ છે, બીજા કોઈ હેતુ માટે નથી."

"सूक्ष्मं प्रमाणतश्च तथोपलब्धे । (બ્ર. સૂ. ૪-૨-૯) આ સૂત્રના ભાષ્યમાં ભાષ્યકાર કહે છે કે, "પુષ્ટિમાર્ગીય તત્ત્વ સૂક્ષ્મ, દુર્જ્ઞેય છે એનો આશય એ છે કે પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરે તો જ તે 'તત્ત્વ' અનુભવનો વિષય થાય છે, બીજી રીતે નહીં."

साधनं विना स्वरूपबलेनैव कार्यं करणे हि पुष्टि ।
इह तु नियतकर्म विरोधित्त्वस्वभावेन ज्ञानेनैव तथासम्पत्तेः ॥

"સાધન વિના સ્વરૂપલક્ષી કાર્ય કરવું તે પુષ્ટિ છે. અહીં તો નિયત (નક્કી કરેલા) કર્મોના વિરોધી તરીકે સ્વભાવવાળા જ્ઞાનથી જ તે સંપન્ન થાય છે."[૨૩]

ભગવદ્ ગીતામાં પણ કૃષ્ણ કહે છે કે, "હે અર્જુન, જેમ સળગેલો અગ્નિ ઘણા બધાં ઈંધણોને ભસ્મસાત કરે છે તેમ જ્ઞાનરૂપી અગ્નિ બધાં કર્મોને ભસ્મસાત કરે છે."

यथैधांसि समिध्योऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥[२४]

અણુભાષ્યમાં બીજી જગ્યાએ (સૂત્ર ૩-૪-૪૬) ના ભાષ્યમાં શ્રી વલ્લભ કહે છે કે मर्यादापुष्टिभेदेन वरणं द्विधोच्यते पुष्टि तु नान्यापेक्षेति ।

"મર્યાદા અને પુષ્ટિના ભેદથી વરણ બે પ્રકારનું કહ્યું છે. મર્યાદા માર્ગમાં ભક્તે બહારના બીજા સાધનો (સહકારી સાધનો) પર આધાર રાખવો પડે છે જ્યારે પુષ્ટિમાં તો બીજા કોઈની અપેક્ષા નથી."

ડૉ. એસ. એન. દાસગુપ્તા એમના 'A History of Indian Philosophy - Vol. IV' માં શ્રી વિઠ્ઠલેશજીએ 'પુષ્ટિ'ની જે વ્યાખ્યા કરી છે તે સમજાવે છે. શ્રી વલ્લભાચાર્યના પુત્ર શ્રી વિઠ્ઠલેશજીએ શ્રી વલ્લભનું અધુરું રહેલું અણુભાષ્ય પૂર્ણ કર્યું હતું.

"He (Shri Vitthalesaji) says that there are two principle ways, those who follow the Maryada - Marga, follow their duties and attain God in course of time, but those who follow the Pusti - Marga depend entirely on the Grace of God. God's Grace is not conditioned by good deeds such as gifts (Bheta), sacrifices etc., or by the performance of the prescribed duties. The Jivas as such are the natural objects to whom God's Grace is extended when He is pleased by good deeds. But it is more appropriate to hold that God's Grace is free and independent of any conditions, God's will being eternal cannot be dependent on conditions originated through cause and effects. By good deeds and duties performed for God, 'Bhakti' is attained and through 'Bhakti' there is grace of God."[25]

કેટલાક અજ્ઞાની લાકો શ્રી વલ્લભાચાર્યની ફિલોસોફીને સમજ્યા વિના

એમણે વાપરેલ 'પુષ્ટિ' શબ્દ માટે ગેરસમજ ઊભી કરી એ લોકો એને 'શારીરિક પુષ્ટતા' તરીકે ગણે છે. પણ એ ધ્યાનમાં રાખવાનું છે કે પુષ્ટિ શબ્દ શારીરિક પુષ્ટતા (bodily nourishment) માટે નથી વપરાયો, પણ આપણે આગળ જોયું તેમ ભગવાનના અનુગ્રહ માટે જ વપરાયો છે. એમણે અનેક જગ્યાએ ભૌતિક આનંદ અને ઈન્દ્રિયોના ભોગનો ત્યાગ કરી પુષ્ટિ ભક્તે વીતરાગી બનવું જોઈએ એમ ભારપૂર્વક કહ્યું છે. એના ઉદાહરણ જોઈએ. विषयाक्रान्तदेहानां नावेशः सर्वथा हरे ।'[૨૬] એટલે કે ભરપૂર દેહવાળાઓનો કોઈ પણ સમયે હરિમાં આવેશ થતો નથી. પણ એ ભક્તિ માટે અવરોધક અને વિનાશકારી છે. 'નિરોધ લક્ષણમ્' ના શ્લોક ૧૦ માં પણ તેઓ જણાવે છે કે 'સંસારાવેશરહિત થઈને, ઈન્દ્રિયનિગ્રહ કરીને હું ભગવદ્ આસક્ત થયો છે.' આગળ ૧૪ માં શ્લોકમાં પણ જણાવે છે કે "સંસારના આવેશથી દુષ્ટ થયેલી ઈન્દ્રિયોના હિતને માટે સર્વ ઈન્દ્રિયોને તથા સર્વ વસ્તુઓને સર્વવ્યાપક પુરુષોત્તમને વિશે જોડવી. ભગવાનમાં દેહના વિનિયોગ માટે શરીરમાં ગૌણ ભાવ રાખવો. જે ઈન્દ્રિય કે પદાર્થનું ભગવત સંબંધી કાર્ય ન દેખાતું હોય, એનો વિશેષ નિગ્રહ કરવો."

ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે કે -

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥

"હે કૌન્તેય, તું જે કંઈ કર્મ કરે છે, જે ખાય છે, જે હોમે છે, જે દાન કરે છે તથા જે તપ કરે છે એ સઘળું મને અર્પણ કર."[૨૭]

● પુષ્ટિમાર્ગ અને મર્યાદામાર્ગનો ભેદ :

પુષ્ટિમાર્ગ અને મર્યાદામાર્ગ બન્ને ભક્તિમાર્ગ છે પરંતુ એ બન્નેમાં ફેર છે.

મર્યાદા માર્ગમાં જીવને ભગવાન પાસે શુદ્ધ થઈને જવું પડે છે, ત્યારે પ્રભુ એને અંગીકાર કરે છે. પણ પુષ્ટિ માર્ગમાં તો સ્વયં ભગવાન પોતે જ જીવની પ્રકૃતિને અનુરૂપ એનું 'વરણ' કરીને એનામાં ભગવદ્ભાવના બીજ રોપી એનો અંગીકાર કરે છે.

મર્યાદા માર્ગ શાસ્ત્રવિહિત ભક્તિ પર આધારિત છે. મર્યાદા માર્ગમાં સાધન અને ક્રિયા, કર્મ બળ અને કર્મ ફળની અપેક્ષા મુખ્ય હોય છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં સ્નેહપૂર્વક પ્રભુની સેવા મુખ્ય હોય છે. આ માર્ગમાં ભગવાનનો અનુગ્રહ થાય તો જ ભક્તિના બીજ રોપાય છે અને પછી એ માર્ગે આગળ વધવા કોઈ સાધન કે ક્રિયાની અપેક્ષા નથી. એટલે જ એને નિઃસાધન ભક્તિ

કહેવાય છે. પુષ્ટિ ભક્તિમાં પ્રેમ - ભક્તિ અને શરણાગતિ એ જ સાધન છે. અને એ પુષ્ટિ - ભક્તિ દ્વારા હંમેશા પ્રભુની લીલામાં વ્યસ્ત રહેવું એ જ ફળ છે.

(૬) 'બ્રહ્મસંબંધ' અને 'અષ્ટાક્ષરમંત્ર'ની દીક્ષા :

પ્રત્યેક ધર્મમાં સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિ જ્યારે તેમાં દીક્ષા લે છે, ત્યારે તેને માટે અમુક પ્રકારના સંસ્કાર આપવામાં આવે છે. તે જ રીતે પુષ્ટિ સંપ્રદાયમાં વૈષ્ણવ ભક્તને પ્રથમ 'અષ્ટાક્ષમંત્ર' અને પછી 'બ્રહ્મસંબંધ' એટલે કે 'આત્મનિવેદન' ની દીક્ષા આપવામાં આવે છે.

● અષ્ટાક્ષર મંત્ર :

પ્રથમ આપણે 'અષ્ટાક્ષર મંત્ર'નો અર્થ અને એની ભૂમિકા જોઈએ. 'શ્રીકૃષ્ણ શરણં મમ' એ અષ્ટાક્ષર મંત્ર છે. તેનો અર્થ એવો છે કે શ્રીકૃષ્ણ મારુ શરણ છે, એટલે કે હું શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારું છું, શ્રીકૃષ્ણને શરણે છું. 'શરણ' શબ્દના મુખ્ય ત્રણ અર્થ છે. શરણ એટલે **આશ્રય, ઘર** અને **રક્ષક**. આ ત્રણે અર્થ અહીં લાગુ પડે છે. શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે એટલે કે હું શ્રીકૃષ્ણનો જ છું. મારું સર્વ કંઈ શ્રીકૃષ્ણ જ કરશે. મારા કોઈપણ નાના મોટા સર્વ કામ માટે હું શ્રીકૃષ્ણનું શરણ છોડી બીજા કોઈ પાસે જઈશ નહીં. શ્રીકૃષ્ણ સર્વ સમર્થ છે, એટલે તેઓ મારી રક્ષા કરશે, મારા રક્ષક છે. અને ઘર જેમ માણસને રક્ષણ આપી નિર્ભય બનાવે છે, સુખ શાંતિ આપે છે, તેમ શ્રીકૃષ્ણના ચરણકમળો જ મારું નિવાસસ્થાન છે અને ત્યાં હું સંપૂર્ણ સુરક્ષિત અને નિર્ભય છું.

આ શરણમંત્રની દીક્ષા કોઈ પણ જીવ લઈ શકે છે. તેમાં વર્ણ, જાતિ, આશ્રમ વગેરેનું કોઈ નિયમન નથી. સ્ત્રીઓ અને શૂદ્રો પણ આ દીક્ષાના અધિકારી છે. આ દીક્ષા માટે ઉંમરનું પણ કોઈ નિયમન નથી. જન્મના ૧૭ દિવસ પછી આ દીક્ષા આપી શકાય છે. આ વિધિમાં વલ્લભ કુળના આચાર્ય દીક્ષાર્થીના કાનમાં ત્રણ વખત આ મંત્ર સંભળાવે છે અને દીક્ષાર્થી યોગ્ય ઉંમરનો હોય તો તેની પાસે ત્રણ વખત એનું રટણ કરાવવામાં આવે છે અને પછી આચાર્ય દીક્ષાર્થીના ગળામાં તુલસીની કંઠી પહેરાવે છે. તે હવે અષ્ટાક્ષર મંત્રનો જાપ કરવાનો અધિકારી બને છે. 'कृष्णाश्रय' ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્ય શરૂઆતના શ્લોકોમાં તે સમયની વિષમ પરિસ્થિતીનું વર્ણન કરે છે અને અંતિમ ત્રણ - ચાર શ્લોકમાં 'કૃષ્ણ એ જ મારી ગતિ છે.' એમ ભારપૂર્વક કહે છે. અંતિમ દશમાં શ્લોકમાં તેઓ કહે છે -

सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत ।
शरणस्थ - समुद्धारं कृष्ण विज्ञापयाम्यहम् ॥

"શ્રીકૃષ્ણ સર્વસામર્થ્યવાન અને સદા સૌના બધાં અર્થ પૂર્ણ કરનારા છે, તેથી હું કૃષ્ણને શરણાગત છું. તેથી મારો સારી રીતે ઉદ્ધાર કરવા હું તેમને વિનંતી કરું છું."[૨૮]

અષ્ટાક્ષર મંત્ર દ્વારા ભક્ત પ્રતિજ્ઞા કરે છે કે આજથી શ્રીકૃષ્ણ જ મારું શરણ છે અર્થાત્ આજથી હું શ્રીકૃષ્ણનો છું. શ્રીકૃષ્ણનો દઢ આશ્રય રાખવો એ અષ્ટાક્ષર મંત્રની દીક્ષા લેનાર વૈષ્ણવની પહેલી ફરજ છે, તેને અનન્યતા કહેવામાં આવે છે. આ વૈષ્ણવ સર્વ દેવોને આદર આપશે, પણ શ્રીકૃષ્ણ સિવાય કોઈનો આશ્રય કરશે નહીં એને દઢ અનન્યતા કહે છે.

● બ્રહ્મસંબંધ :

બ્રહ્મસંબંધ શબ્દમાં 'બ્રહ્મ' અને 'સંબંધ' એવા બે શબ્દો છે. 'સંબંધ' પહેલા સમ્ ઉપસર્ગ હોવાથી તેનો અર્થ સંપૂર્ણ સમ્યક, પૂરેપુરી રીતે એવો થાય છે. અર્થાત આ મંત્ર દ્વારા જીવનું બ્રહ્મ સાથેનું જોડાણ થાય છે. તે જોડાણ એવા પ્રકારનું છે કે તે કદી પણ છૂટી શકે નહીં. સંબંધ એટલે જોડાણ, જીવનું બ્રહ્મની સાથેનું પુનઃમિલન. જીવ સંસારમાં જ્યારથી આવ્યો છે ત્યારથી પ્રભુથી છૂટો પડ્યો છે. તેને છૂટા પડ્યે અનન્ત વર્ષો વહીં ગયા, તે એટલે સુધી કે જીવ પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી ગયો. આવી સ્થિતિમાં આવી પડેલા જીવનો ફરીથી પ્રભુ સાથેનો મેળાપ કેવી રીતે થઈ શકે એ માટેનો માર્ગ શ્રી વલ્લભાચાર્યે દર્શાવ્યો છે. ત બ્રહ્મસંબંધ મંત્ર કહેવાય છે. આ સંસ્કારથી જીવ પોતાનું મૂળસ્વરૂપ અર્થાત પોતે બ્રહ્મનો અંશ છે તે જાણી શકે છે, અને તે જાણીને પ્રભુ પાસે જવાની ભગવદ્ કૃપા અને યોગ્યતા મેળવી શકે છે. આ ગદ્યમંત્ર એ યોગ્યતા કેવી રીતે મેળવવી એ દર્શાવે છે. અહીં 'બ્રહ્મ' શબ્દ ત્રીજી વિભક્તિમાં લેવો જોઈએ અને બ્રહ્મનો અર્થ કૃષ્ણ જ છે. શ્રી રઘુનાથજી પોતાની ટીકામાં જણાવે છે ब्रह्मत्वात् ब्रह्म पुरुषोत्तमः तत्संबंध तस्मिन् देहात्मनो निवेदनम् ।"

● બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ :

"શ્રી ભગવાન કૃષ્ણથી વિખૂટા પડેલા હજારો વર્ષોનો સમય વીતી જવાથી, તેનને ફરી મળવા માટે હૃદયમાં જે તાપક્લેશનો આનંદ થવો જોઈએ, તે જેને તિરોધાન થયો છે, તેવો હું જીવ, ભગવાન શ્રીકૃષ્ણ (શ્રી ગોપીજનવલ્લભ)ને

દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ અને તના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આ લોક અને પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું હું તમારો દાસ છું, હે કૃષ્ણ, હું તમારો છું."

શ્રી વલ્લભાચાર્યને હંમેશા ચિંતા રહેતી કે સામાન્ય, અજ્ઞાની જીવો, શૂદ્રો, સ્ત્રીઓ વગેરે પામર જીવોના ઉદ્ધાર માટે શું રસ્તો હોઈ શકે અને એ જમાનાનાં 'અંધકાર યુગ'માં શ્રી વલ્લભની આ ચિંતા અસ્થાને પણ નહોતી. શ્રી વલ્લભે એમના જીવનમાં ચમત્કારને ક્યારેય સ્થાન નથી આપ્યું. પણ માત્ર બે કે તે ત્રણ વખત જાણે એમને અંતઃસ્ફુરણાથી 'ભગવદ્ આજ્ઞા' થઈ એમ જણાવ્યું છે. એમાં પહેલી તો એમણે 'સિદ્ધાન્ત રહસ્ય' નામના ગ્રંથમાં પ્રથમ જ શ્લોકમાં આ વાત જણાવી છે.

"श्रावणस्यामल पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद् भगवता प्रोक्तं तदक्षरशः उच्यते ॥"[1]

"શ્રાવણ માસના શુક્લ પક્ષની એકાદશીની મધ્યરાત્રીએ સાક્ષાત ભગવાન દ્વારા કહેલી વાત અક્ષરશઃ કહી ગઈ છે." જાણ કે આ બ્રહ્મસંબંધનો માર્ગ સાક્ષાત ભગવાને આવીને જ એમને ચિંધ્યો છે. પુષ્ટિમાર્ગ આત્મનિવેદનનો માર્ગ છે. 'સિદ્ધાન્ત રહસ્ય' ગ્રંથ એ પુષ્ટિમાર્ગીય નિવેદન - દીક્ષાના અવતરણ સંબંધી ભગવદ્ - આદેશના સુવર્ણ કોષ સમાન છે. ભગવાનના આદેશથી જ 'બ્રહ્મસંબંધ' દીક્ષાની શુભ શરૂઆત થઈ. શ્રી વલ્લભાચાર્ય એ જ ગ્રંથમાં આગળ જણાવે છે કે -

"ब्रह्मसंबंध करणात् सर्वेषां देह जीवयो ।
सर्वदोष निवृत्तिर्हि दोषाः पञ्चविधाः स्मृताः ॥"[2]

બ્રહ્મસંબંધથી દેહ - જીવના દોષોની નિવૃત્તિ ચોક્કસ થાય છે. દોષ પાંચ પ્રકારના છે. (૧) સહજ દોષ (૨) દેશ-કાલ સંયોગથી ઉત્પન્ન થતા દોષ (૩) લોકવેદમાં નિરૂપેલા દોષ (૪) સંયોગથી ઉત્પન્ન થતાં દોષ અને (૫) સ્પર્શથી ઉત્પન્ન થતા દોષ.

(૧) સહજદોષ એટલે દેહ સાથે જોડાયેલા દોષો, જેવા કે પંચ મહાભૂતના દોષ, જાતિ કે વર્ણ સંબંધી દોષ, અવિદ્યારૂપી દોષ, કામ - ક્રોધ - લોભ - મોહ મત્સર - મદ વગેરે સ્વાભાવિક સ્વભાવ સંબંધી દોષ, પ્રાણાધ્યાસથી ઉત્પન્ન થતા દોષ વગેરે.

(૨) દેશ - એટલે સ્થળ જેવા કે નિષિધ અથવા દુષિત સ્થાન, ભગવદ્ સેવા માટે ઉચિત સ્થાન ન મળતા ઉત્પન્ન થતા દોષ.

કાળ - એટલે કે ઉચિત સમય પર કર્મ ન થવું. કળિકાળના પ્રભાવથી ઉત્પન્ન થતા દોષ, સ્વરૂપ વિસ્મૃતિ દોષ વગેરે.

(૩) સંયોગજ દોષ એટલે શુદ્ધ પદાર્થોમાં અશુદ્ધ વસ્તુઓની મિલાવટનો દોષ, દુષ્ટ સંપર્કનો દોષ વગેરે અને આ કલિયુગના જમાનામાં તો સેવા માટેના ઉપકરણો શુદ્ધ સ્વરૂપના મળવા એ ખૂબ મુશ્કેલ છે.

(૪) સ્પર્શજ દોષ એટલે કે શુદ્ધ વસ્તુઓનો અશુદ્ધ વસ્તુ સાથેના સંપર્ક અથવા સ્પર્શથી ઉત્પન્ન થતા દોષ. અસ્પર્શ્યને સ્પર્શ કરવાનો દોષ વગેરે. એટલે જ પુષ્ટિ સંપ્રદાયમાં 'અસ્પર્શ' (અપભ્રંશ - અપરસ)ને આટલું બધું મહત્ત્વ છે.

(૫) લોક વેદ એટલે કે સમાજ અને શાસ્ત્રોમાં બતાવેલા દોષ વગેરે. ચોરી, શરાબ, જુગાર વગેરે સમાજ માન્ય દોષ જ છે. શ્રી આચાર્યએ તો પાંચ જ દોષ જણાવ્યા છે પણ 'च' કહીને કહેલા, ન કહેલા અસંખ્ય દોષનો સમાવેશ કર્યો છે. આ બધાં દોષોની નિવૃત્તિ 'બ્રહ્મસંબંધ'થી થઈ જાય છે. બ્રહ્મસંબંધ સિવાય આ સર્વ દોષોની નિવૃત્તિ શક્ય નથી.

આગળ એ જ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્ય 'અસમર્પિત' વસ્તુના ત્યાગની વાત કરે છે. બ્રહ્મસંબંધ લીધા પછી જીવ ભગવાનને અર્પણ કર્યા સિવાય કોઈ પણ વસ્તુનો અંગીકાર - સ્વીકાર કરી શકતો નથી અને આજ સમર્પણનો માર્ગ કહેવાયો છે.

(૭) જીવના પ્રકાર :

આગળ આપણે જીવ (soul)ના પ્રકરણમાં જીવના પ્રકારનું વિગતે વર્ણન કર્યું છે પણ શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા, ભેદ એ ગ્રંથમાં પુષ્ટિ જીવના પ્રકારનું વિગતે વર્ણન કર્યું છે. એમણે પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા એ ત્રણ જુદા જુદા માર્ગ બતાવ્યા છે. પુષ્ટિમાર્ગ એ ભક્તિમાર્ગ છે, મર્યાદા માર્ગ એ વેદોક્ત માર્ગ છે, અને જન્મ - મરણના દુષ્ચક્રમાં ફસાયેલા જીવો પ્રવાહી માર્ગી છે. પુષ્ટિ માર્ગમાં પ્રભુનો અનુગ્રહ અને પ્રેમ એ જ સાધન છે. મર્યાદામાર્ગ વેદોક્ત વિધિઓનો માર્ગ છે અને પ્રવાહી માર્ગમાં ઈન્દ્રિય સુખ અને કામ્ય સુખો એ જ સાધન છે. પુષ્ટિ માર્ગમાં સાધન જેમ પ્રભુનો અનુગ્રહ છે તો એનું

ફળ પણ શ્રીહરિ જ છે. મર્યાદા માર્ગનું ફળ મોક્ષ છે અને પ્રવાહી માર્ગનું પરિણામ જન્મ - મરણના ચક્કરમાં ભટકતા રહેવાનું છે, જેનો કોઈ અંત નથી.

શ્રી મહાપ્રભુજી પુષ્ટિ માર્ગીય જીવોના પણ બે પ્રકાર જણાવે છે. (૧) શુદ્ધ પુષ્ટિ અને (૨) મિશ્ર પુષ્ટિ. વળી મિશ્ર પુષ્ટિના પણ ત્રણ પેટા પ્રકાર છે, પુષ્ટિ મિશ્ર પુષ્ટિ, પ્રવાહ મિશ્ર પુષ્ટિ અને મર્યાદા મિશ્ર પુષ્ટિ જીવ. આમ અનેક પ્રકારના સૂક્ષ્મ ભેદ જણાવેલા છે.

"પુષ્ટિમાર્ગીય જીવ સ્વરૂપ, અવતાર, ગુણ વડે અથવા સ્વરૂપમાં, દેહમાં અને ક્રિયાઓમાં ભગવાનથી તફાવતવાળો નથી તો પણ ભગવાનને તેની પાસે જેટલું કામ કરાવવું હોય, તેટલી તેનામાં વધઘટ કરે છે."[૨૯]

પુષ્ટિમાર્ગીય જીવો શુદ્ધ પુષ્ટિ અને મિશ્ર પુષ્ટિ એમ બે પ્રકારના હોય છે. વળી મિશ્ર પુષ્ટિ જીવો ત્રણ પ્રકારના છે. ભગવદ્ કાર્યની સિદ્ધિ માટે પ્રવાહ આદિના વિશેષ ભેદવાળા હોય છે. પુષ્ટિ મિશ્ર પુષ્ટિ જીવો સર્વજ્ઞ હોય છે. પ્રવાહ મિશ્ર પુષ્ટિ જીવો ક્રિયામાં પ્રીતિવાળા હોય છે અને મર્યાદામિશ્ર પુષ્ટિ જીવો ભગવદ્ ગુણોને જાણવાવાળા હોય છે. શુદ્ધ પુષ્ટિ જીવો ભગવાનમાં પૂર્ણ પ્રેમવાળા હોય છે. તેઓ અત્યંત દુર્લભ - વિરલ હોય છે. અહીં તો સર્વ પ્રકારના ફળનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પણ ભગવાન જ ચોક્કસ તેમનું ફળ છે. "જેમ ગુણ તથા સ્વરૂપના ભેદ વડે એટલે કે સ્વભાવ ગત ફરક વડે જ આ પૃથ્વીમાં જન્મ્યા છે, તે પ્રકારે પુષ્ટિમાર્ગીય જીવોને તેનું ફળ મળે છે. આગળ આચાર્યશ્રી જણાવે છે કે ભગવાનના ઈચ્છા - ભેદથી જેવી જેની ભક્તિ હોય તેવા ભગવદ્ સ્વરૂપનો તેને માટે આવિર્ભાવ થાય છે. પુષ્ટિમાર્ગીય જીવોમાં વૈદિકપણું અને લૌકિકપણું દેખાવની રીતથી છે. બીજી રીતે તેમાં તેમની રુચિ હોતી નથી. વૈષ્ણવતા તેમનામા સ્વાભાવિક જ હોય છે."[૩૦]

"જે જીવો પ્રવાહ માર્ગમાં તથા અન્યહીન પ્રવાહ માર્ગમાં રહેલા છે તે 'ચર્ષણી' જીવો કહેવાય છે. તે બધાં સર્વ જુદા જુદા માર્ગોમાં થોડાક સમય માટે તન્મયતા પામે છે, પણ ક્યાંય તેમની રુચિ કાયમ રહેતી નથી. તેઓ સર્વ સ્થાનોમાં કર્મ અનુસાર સર્વે પ્રકારના ફળ પામે છે.'[૩૧]

હવે સવાલ એ છે કે આ 'પુષ્ટિ - ભાવ' કાયમ રહે છે ? એ કાયમનો છે કે પછી અધવચ્ચે તૂટી જાય છે ? એ નિત્ય છે ? સૂત્રકારે આ વિષયની પણ સૂત્ર ૩-૪-૩૯ માં ચર્ચા કરી છે.

"तद्भूतस्य तु नातद्भावो जैमिनेरपि नियमातद्रूपाभावेभ्यः ।"

શ્રી વલ્લભાચાર્ય કહે છે કે "જો જેમિનિ જેવા કર્મમાર્ગના પ્રણેતા પણ પુષ્ટિ - માર્ગમાં પ્રવેશ બાદ તદીયત્વને પ્રાપ્ત કરે તો પછી તેમનો ભાવ કોઈ પણ રીતે તિરોહિત થાય નહીં. કહેવાનું તાત્પર્ય એ છે કે ભક્તોનું ભગવદ્દર્શન નિત્ય છે. બીજે પણ શ્રી વલ્લભ કહે છે કે 'भोगस्य न नाशसंभावना' (બ્રહ્મસૂત્ર - અણુભાષ્ય ૪-૪-૨૨) એટલે કે નિત્યલીલાના આનંદનો કોઈ નાશ - અંતસંભવ નથી. અંતે શ્રી ભગવાને જે ભાગવતપુરાણમાં કહ્યું છે કે, "જેણે મારા માટે સ્ત્રી, પુત્ર, ઘરબાર, ધન, સગાવહાલા, ખુદ પોતાના પ્રાણનો પણ ત્યાગ કર્યો છે - સમર્પણ કર્યું છે તેને હું કેવી રીતે તરછોડી શકું."

"ये दारागार पुत्राप्तप्राणान् वित्तमिमं परम् ।
हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ॥"[३२]

"સૂત્રકાર પ્રદીપના દષ્ટાન્તથી જીવનું ભગવાન સાથેનું તાદાત્મ્ય સમજાવે છે. જેમ દિવાની વાટને સળગાવતા પહેલાં તેને તેલમાં બોળવી પડે છે - અર્થાત્ તેલથી તેને ભીંજાવવી પડે છે ત્યાર પછી દીવાને પ્રકાશ સાથે જોડતા દીવો પ્રકટ થાય છે. તે જ પ્રમાણે જ્યાં સુધી ભક્તનું હૃદય સ્નેહથી ભીંજાયેલું ન હોય ત્યાં સુધી ભગવાનનો આવેશ - પ્રાકટ્ય ત્યાં હોતું નથી. ભગવાનનું પ્રાકટ્ય થાય તે માટે હૃદય સ્નેહથી તરબોળ થવું જોઈએ અને તો જ ભગવાન ભક્તને સ્નેહાધિન થાય છે."[૩૩]

સંદર્ભસૂચી

(૧) ભગવદ્ગીતા અધ્યાય ૯ - શ્લોક ૨૧
(૨) ભગવદ્ગીતા અધ્યાય ૧૧ - શ્લોક ૫૪
(૩) શ્રીમદ્ ભાગવતપુરાણ ૭-૫-૨૩
(૪) પ્રો. રમેશભાઈ દવે - 'નવ્ય - વિશિષ્ટાદ્વૈત' The vedant philosophy of Shri Swaminarayana.
(૫) શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૯ - શ્લોક ૩૩
(૬) તત્ત્વાર્થદીપનિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ કારિકા - ૪
(૭) શ્રીમદ્ ભાગવતપુરાણ ૯-૪-૬૩
(૮) શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૯ - શ્લોક ૨૯

(૯) બ્રહ્મસૂત્ર - અણુભાષ્ય ૩-૪-૮
(૧૦) ભક્તિવર્ધિની - ૨
(૧૧) ભક્તિવર્ધિની - ૩-૪-૫
(૧૨) સિદ્ધાન્તરહસ્ય - શ્લોક ૨, ૩, ૪
(૧૩) સિદ્ધાન્તામુક્તાવલી - શ્લોક ૧
(૧૪) સિદ્ધાન્તમુક્તાવલી - શ્લોક ૨, ૧૮
(૧૫) Shri S. N. Dasgupta - 'A History of Indian Philosophy Vol. IV' pages 351-352
(૧૬) શ્રીમદ્ ભાગવત પુરાણ - ૧૧-૨૯-૨૦
(૧૭) શ્રીમદ્ભાગવતપુરાણ ૧૧-૧૨-૧૧
(૧૮) બ્રહ્મસૂત્રાણુભાષ્ય - ૩-૩-૪૭
(૧૯) શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧૨ - ૧, ૨, ૩, ૪
(૨૦) બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્ - ૪-૩-૧૭
(૨૧) Mr. M. T. Teliwala - 'Shrimad Vallabhacharya and his mission, page no. 2-3
(૨૨) Prof. G. H. Bhatt - Shri Vallabhacharya and his Doctrines
(૨૩) બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્ ૪-૧-૧૩
(૨૪) શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૪-૩૭
(૨૫) Dr. S. N. Dasgupta - A History of Indian Philosophy - Vol IV, Pages 377, 378
(૨૬) સંન્યાસ નિર્ણય - પ્રકરણ ગ્રંથ - શ્લોક ૬
(૨૭) શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૯ - શ્લોક ૨૭
(૨૮) કૃષ્ણાશ્રય - પ્રકરણ ગ્રંથ શ્લોક ૧૦
(૨૯) પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા - ભેદ - પ્રકરણ ગ્રંથ શ્લોક ૧૩
(૩૦) પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા - ભેદ - ૧૪, ૧૫, ૧૬, ૧૭
(૩૧) પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા ભેદ - ૨૧, ૨૩
(૩૨) શ્રીમદ ભાગવતપુરાણ ૯-૪-૬૫
(૩૩) બ્રહ્મસૂત્ર ૪-૪-૧૫

પ્રકરણ - ૯ : ઉપસંહાર

વલ્લભ વેદાન્તનો અભ્યાસ કરતાં મુખ્ય બે વાત સ્પષ્ટ રૂપે તરી આવે છે, તે છે બ્રહ્મનું સવિશેષત્વ (સગુણ - સાકાર) અને સૃષ્ટિની સત્યતા (જગત સત્ય છે). ખાસ કરીને આ બે વિષયની પૃષ્ઠભૂમિમાં જ વલ્લભ વેદાંતના સિદ્ધાંતો નક્કી થયા છે. સમગ્ર વૈષ્ણવ વેદાંતમાં તો બ્રહ્મનું એક વિશિષ્ટ વ્યક્તિત્વ જ ઉભરી આવે છે. જે પૂર્ણ રૂપથી 'ઈશ્વર' તરીકે ઓળખાય છે. વલ્લભ દર્શનની પહેલી વિશેષતા છે એમના બ્રહ્મની સવિશેષવાસ્તુવાદિતા અથવા બ્રહ્મનું અધર્મકત્વ - સર્વભુવન સામર્થ્ય અને એને વિગતે વર્ણવતા એ 'વિરુદ્ધધર્માશ્રય' ના સિદ્ધાંત રૂપે ઓળખાય છે. એનું કારણ એ છે કે શ્રુતિઓમાં ક્યાંક બ્રહ્મને નિર્વિશેષ અને નિર્ગુણ તરીકે ઓળખાવ્યું છે, તો ક્યાંક સવિશેષ અને સગુણ તરીકે.

શ્રીશંકરાચાર્યે સગુણ શ્રુતિઓને ઉપાસના પરક અને સવિશેષ 'અપર' બ્રહ્મવાચક માની છે. તો નિર્ગુણ શ્રુતિઓને વસ્તુપરક અને નિર્વિશેષ 'પર' બ્રહ્મ તરીકે સ્વીકાર કર્યો છે. પણ વૈષ્ણવ આચાર્યોએ 'વ્યવહાર' અને 'પરમાર્થ'નું અંતર ન સ્વીકારતા એમનો મત શંકરથી જુદો રહ્યો છે. આ આચાર્યોએ નિર્ગુણ અને સગુણ શ્રુતિઓને બ્રહ્મના વિષયમાં સમાન પ્રમાણ તરીકે સ્વીકારીને એમાં ગૌણ કે મુખ્યનો કોઈ ભેદ ગણ્યો નથી. અને એટલે શ્રી વલ્લભ સગુણ અને નિર્ગુણ શ્રુતિઓને બ્રહ્મના વિષયમાં સમાન પ્રમાણ તરીકે સ્વીકારીને એમાં ગૌણ કે મુખ્યનો કોઈ ભેદ ગણ્યો નથી. અને એટલે શ્રીવલ્લભ સગુણ અને નિર્ગુણ શ્રુતિઓને બ્રહ્મના સાક્ષાત પ્રમાણ તરીકે સ્વીકારે છે. વલ્લભે પોતાના સિદ્ધાંતોના પ્રતિપાદનમાં શ્રુતિઓને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. તેઓ બ્રહ્મના વિષયમાં શ્રુતિઓને સર્વોચ્ચ પ્રમાણ તરીકે સ્વીકારે છે. બ્રહ્મ એ 'અલૌકિક' પ્રમેય છે અને એને માત્ર શ્રુતિના માધ્યમથી જ જાણી શકાય એમાં તર્કને કોઈ અવકાશ નથી.

"अलौकिका हि ये भावान्नत्तंस्तर्केण योजयते ।" (અણુભાષ્ય ૧-૧-૧) બ્રહ્મના સ્વરૂપનો શ્રુતિઓમાં વર્ણવેલ તરીકે જ સ્વીકાર કરવો જોઈએ.

ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી પણ જણાવે છે કે "The system of the interpretation of vedant, adopted by Shri Vallabhacharya provides such a broad frame that the complete picture of the triple aspects of parabrahman can be set into it. After the lapse of the surti - sutra period in the history of Vedant, it is a landmark in the long journey of Vedantic search for a suitable model that can synthesis the different paradoxial intuitions and utterance of the seers of the Upanisads."

(From his article (p. 95) on Antaryamin, Aksar and Purushottama - In light of Vallabh vedant)

બ્રહ્મને સગુણ સાકાર માનવા પાછળ એક મનોવૈજ્ઞાનિક કારણ પણ છે અને એ કારણ યોગ્ય અને પ્રામાણિક પણ છે. વસ્તુતઃ જોવા જોઈએ તો મનુષ્યની સર્વ ધાર્મિક ચેતના જે મનુષ્યના ભૌતિક અને નૈતિક જીવનને સંસ્કાર આપે છે અને જે દાર્શનિક ચેતના એને આધ્યાત્મિક સ્તર પર લઈ જાય છે એ જ 'ઈશ્વર' અથવા સગુણ સવિશેષ બ્રહ્મ છે, નિર્ગુણ નિર્વિશેષ નહી. આ એક વાસ્તવિકતા છે કે એ રહસ્યમય દુર્બોધ સત્યનું જ્ઞાન માનવને થયુ છે અને આગળ પણ થતું રહેશે એ આ સવિશેષ અને સાકાર રૂપનું જ છે. આમ ન હોત તો શંકર જેવા નિર્ભીક દાર્શનિક પણ 'વ્યાવહારિક' સત્તા અને એના અધિષ્ઠાતા 'ઈશ્વર'ની ધારણાનો સ્વીકાર ન કરત.

શ્રી વલ્લભ કૃષ્ણભક્તિપરક દાર્શનિક હોવાને કારણે જ એમના 'બ્રહ્મ' માં ગીતાના 'પુરુષોત્તમ' અને શ્રીમદ્ભાગવતના રસરાજ શ્રીકૃષ્ણની ભાવનાઓ જોડાયેલી છે. વલ્લભ દર્શનમાં ઉપનિષદના બ્રહ્મ અને ભાગવતના શ્રીકૃષ્ણ એકરૂપ થઈ ગયા છે. એમની ઈશ્વરની ભાવનામાં એક તરફ એકત્વ, અદ્વિતીયત્વ અને અવિકારિત્વની માન્યતાઓ સચવાયેલી છે તો બીજી તરફ સૌન્દર્ય, લાલિત્ય, અને રસરાજ કૃષ્ણની લીલાઓ પણ એના પૂર્ણરૂપે દેખાય છે. એમ જરૂર કહી શકાય કે વલ્લભ દર્શનમાં ભારતીય ચિન્તનની મહત્તમ ઉપલબ્ધિ અથવા તો એમની 'ઈશ્વર'ની ભાવનાઓ સર્વાધિક સુન્દર, ગરિમાપૂર્ણ પરંતુ કંઈક રહસ્યમય રૂપે સચેવાયેલી છે.

સૃષ્ટિની સત્યતા વલ્લભ દર્શનની એક મહત્ત્વપૂર્ણ વિશેષતા છે. એમના મતે માયા બ્રહ્મની ઉપાધિ નહીં, પણ શક્તિ છે. અને એનાથી જ નિયંત્રિત અને સૃષ્ટિને ચલાવનાર શક્તિ છે. બ્રહ્મ માયાથી આચ્છાદિત નહીં પણ માયાપતિ છે. એની આ માયાશક્તિ દ્વારા જ બ્રહ્મ ભોક્તા જીવ અને ભોગ્ય જગતના રૂપમાં અવિર્ભાવ પામે છે. આમ જીવ અને જગત બ્રહ્મની જ વાસ્તવિક

અભિવ્યક્તિ છે, ઔપાધિક નહીં. વલ્લભના મતે બ્રહ્મ જ આ સૃષ્ટિના કર્તા અને અભિન્ન - નિમિત્તોપાદાન કારણ છે. બ્રહ્મ જ આ સૃષ્ટિના રૂપમાં પરિણમે છે અને આ પરિણામ પણ વાસ્તવિક છે, આભાસી નથી. જેટલું બ્રહ્મ સત્ય છે એટલી જ આ સૃષ્ટિ પણ સત્ય છે. એની સત્યતા બ્રહ્મરૂપે છે, બ્રહ્મથી અલગ સ્વતંત્ર રૂપે નહીં. આમ સૃષ્ટિ વિષયક વલ્લભ દર્શનની ત્રણ વિશેષતાઓ ગણી શકાય. (૧) સત્કાર્યવાદ (૨) અવિકૃત્વપરિણામવાદ (૩) જગત અને સંસાર વચ્ચેનો ભેદ.

આવિર્ભાવ - તિરોભાવ હોવાના કારણે જગત નિત્ય છે અને એમના મતે કાર્ય ઉત્પત્તિ પહેલા પણ કારણમાં સત્ રૂપે રહેલું જ હોય છે માત્ર એનો આવિર્ભાવ - તિરોભાવ થાય છે જેને સામાન્ય શબ્દોમાં ઉત્પત્તિ અને નાશ કહેવાય છે. એમનો સત્કાર્યવાદ સાંખ્યમતની નિકટ છે. ફરક માત્ર એટલો જ છે કે સાંખ્ય મૂળ કારણ પ્રકૃતિને સ્વીકારે છે જ્યારે શ્રી વલ્લભ શ્રુતિ પરંપરા પ્રમાણે શુદ્ધાદ્વૈત બ્રહ્મને સ્વીકારે છે.

બીજો એમનો અવિકૃત - પરિણામવાદનો સિદ્ધાંત પણ મહત્ત્વનો છે. એમના મતે બ્રહ્મ જગતના રૂપમાં પરિણમે છે ત્યારે એ સુવર્ણ કુંડલની જેમ અવિકૃત રહે છે. એમાં કોઈ વિકાર થતો નથી. સૃષ્ટિ એનું પરિણામ છે છતાં સ્વયં અવિકારી છે. બ્રહ્મ સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત હોવા છતાં તે અતીત છે, અધિક છે અને અપરિચ્છિન્ન છે.

વલ્લભ જગત (પ્રપંચ) અને સંસાર વચ્ચે ભેદ છે એમ માને છે. જગત બ્રહ્મરૂપ છે પણ સંસાર વિષયાસક્તિ રૂપ હોવાથી મિથ્યા છે. અવિદ્યાથી ઘેરાયેલો જીવ બ્રહ્મરૂપ જગતને બ્રહ્મથી જુદુ માને છે પણ અહંતા - મમતાની ભાવનાથી આસક્તિ રૂપ હોવાથી એ 'સંસાર' કહેવાય છે અને આ સંસાર જ જીવના બંધન અને મોક્ષનું કારણ બને છે.

વલ્લભની જીવ સંબંધી ધારણા પણ એમના દાર્શનિક સિદ્ધાંતની એક વિશિષ્ટતા છે. બ્રહ્મ જેટલું સત્ય છે એટલી જ જીવની પણ સત્યતા છે. કારણ કે જીવ બ્રહ્મની જ સ્વરૂપાભિવ્યક્તિ છે. તેઓ બ્રહ્મ અને જીવ વચ્ચે અંશ - અંશી ભાવના સિદ્ધાંતમાં માને છે. જીવ બ્રહ્મનો અંશ હોવાથી જ મુક્તાવસ્થામાં એ બ્રહ્મસ્વરૂપ બની શકે છે, અન્યથા જો તત્વતઃ બ્રહ્મ નથી હોતું તો એનું બ્રહ્મરૂપ થવું અસંભવ છે. જીવની વાસ્તવિકતા, જીવનું બહુત્વ, બ્રહ્મથી જીવની ન્યૂનતા, બ્રહ્મ અને જીવ વચ્ચે ઉપાસક - ઉપાસ્યભાવ આ સર્વ જીવ અને બ્રહ્મના અંશાંશિભાવ પર આધાર રાખે છે. આમ વલ્લભ મતમાં જીવના અંશ હોવાને કારણે પરાપરભાવઘટિત અદ્વૈતની જ માન્યતા છે.

"अतोंऽशत्वेन नानात्वस्य विद्यमानत्वात् परापरभावघटित एवैकात्म्यवादो भगवदभिमत इति सिद्धयति ।"

(અણુભાષ્ય ૨-૩-૫૩ પાર ભાષ્ય પ્રકાશ)

વલ્લભે સર્વત્ર જીવની ગતિવિધિઓ અને એની ક્રિયાઓ પર ભગવદ્ ઈચ્છાનો અંકુશ માન્ય રાખ્યો છે. જીવના કર્તૃત્વ પર પણ ભગવદ્ ઈચ્છાનો અંકુશ છે.

પ્રેમલક્ષણા ભક્તિ જ વલ્લભ દર્શનનું પ્રાણતત્ત્વ છે. જો એને બાદ કરીએ તો પૂરું વલ્લભ દર્શન જ નિષ્પ્રાણ અને સત્વહીન બની જાય. વલ્લભ દર્શનમાં ભક્તિની એટલી મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે કે એનાથી વૈષ્ણવ ચિન્તનમાં ધર્મ અને દર્શન એકરૂપ થઈ ગયા છે. શ્રી વલ્લભે ભક્તિને સાધ્ય અને સાધન બન્ને રૂપે સ્વીકારી છે. સાધનના રૂપમાં ભક્તિ જ્ઞાન, યોગ, કર્મ વગેરે સર્વ સાધનમાં શ્રેષ્ઠ છે. તથા સાધ્યનાં રૂપમાં મોક્ષથી પણ વધારે ઉચ્ચ છે. શ્રી વલ્લભની ભક્તિનો આધાર શ્રીમદ્ ભાગવત છે. ભાગવતના છઠ્ઠા સ્કન્ધમાં ભગવાનના અનુગ્રહનું વિશદ વર્ણન છે. આ અનુગ્રહ જ 'પુષ્ટિ' કે 'પોષણ' છે અને એટલે જ એમણે સ્થાપેલ સંપ્રદાય 'પુષ્ટિ સંપ્રદાય' તરીકે ઓળખાય છે. શ્રી વલ્લભ દ્વારા પ્રતિપાદિત ભક્તિના મુખ્ય તત્ત્વો છે, અનન્યશરણાગતિ પૂર્વક આત્મનિવેદન અને સેવા. અહીં ભક્તિ સ્વયં સેવારૂપ છે. વલ્લભના મતે માનસી સેવા જ ઉત્તમ પ્રકારની ભક્તિ છે. અને આમ શ્રી વલ્લભે બાહ્ય કર્મકાંડ અને પૂજા - પાઠ વગેરે બંધનોથી સેવાને મુક્ત કરી દીધી.

શ્રી વલ્લભના સિદ્ધાન્તોના અભ્યાસથી એ વાત તો સ્પષ્ટ થાય છે કે શ્રી વલ્લભે કોઈ પણ સિદ્ધાંતનું ન તો યુક્તિમૂલક ખંડન કર્યું છે, કે ન તો સમર્થન. સ્વપક્ષની સ્થાપના અને પૂર્વપક્ષના નિરાકરણ માટે એમણે હંમેશા શ્રુતિનો જ આશ્રય લીધો છે. શ્રી વલ્લભના મતે શ્રુતિના તથા કથિત વિરુદ્ધ કથન બ્રહ્મના સ્વરૂપમાં કોઈ વિસંગતિ ઉત્પન્ન નથી કરતા કારણ કે બ્રહ્મ 'વિરુદ્ધધર્માશ્રય' અને 'સર્વભવનસમર્થ' છે. બ્રહ્મ તો 'અલૌકિક પ્રમેય' છે એના વિષયમાં લૌકિક યુક્તિઓ માટે અવકાશ જ ક્યાં છે ?

આમ 'વલ્લભ વેદાન્ત' વિભિન્ન પ્રભાવોનું સમીકરણ છે અને એનો મુખ્ય આધાર ઉપનિષદ્ બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ ભગવદ્ગીતા તથા શ્રીમદ્ ભાગવત છે. એમાં યે ભાગવતનો પ્રભાવ સૌથી વધારે છે. શ્રી વલ્લભ દરેક વિષય માટે ભાગવતનો નિર્ણય અંતિમ માને છે અને એમની મોટા ભાગની માન્યતાઓ ભાગવતથી ગ્રહિત અથવા ભાગવતથી પ્રેરિત છે. ત્યાં સધી તો ઠીક છે પણ આશ્ચર્ય ત્યારે થાય છે કે જ્યારે શ્રી વલ્લભ ભાગવતના સિદ્ધાન્તોને બ્રહ્મસુત્રો અને ઉપનિષદો

પર પણ આરોપિત કરી દે છે, અને ભાગવતમાં પ્રતિપાદિત વિષયોને ઉપનિષદોનાં પ્રતિપાદિત ઘોષિત કરે છે. વલ્લભ દર્શનમાં પરમ સત્તાનું શ્રીકૃષ્ણ રૂપે જે સ્વરૂપ છે તે પુરેપુરુ ભાગવત પ્રેરિત છે. ભાગવતમાં ઉપનિષદોના બ્રહ્મ તથા મહાભારત અને સાકાર સ્વરૂપ ભાગવત તથા એનાથી પ્રેરાયેલ દર્શનોની પોતાની વિશેષતા હોઈ શકે. પણ બ્રહ્મસૂત્રોમાં બ્રહ્મનો નિર્દેશ કોઈ વિશિષ્ટ સાકાર સ્વરૂપમાં નથી. એ જ રીતે ઉપનિષદો અને સૂત્રોમાં પરમતત્ત્વ (પરબ્રહ્મ)ને વિભિન્ન સ્થિતિઓમાં સ્થિત માનવા છતાં પણ એના સ્વરૂપમાં કોઈ તારતમ્ય માનવામાં નથી આવ્યું. આ દષ્ટિએ જોતા શ્રી વલ્લભનો આ સિદ્ધાન્ત પ્રતીત નથી થતો કે પરમતત્ત્વ પરબ્રહ્મ છે અને જ્યારે એની સૃષ્ટિ કરવાની ઈચ્છા થઈ ત્યારે એમાંથી એક સ્વરૂપ આવિર્ભૂત થયું તે 'અક્ષર' છે. તે ઉપરાંત આ 'અક્ષર' ગણિતાનંદ છે. અને પરબ્રહ્મ 'અગણિતાનંદ' છે. પરબ્રહ્મ સ્વયં આનંદઘન છે અને એ આનંદ એ ભાવના છે. એ ભાવનાનું માપ (Measurement) શક્ય છે ? લાગણી કે ભાવનાના તારતમ્યનું કોઈ માપ નથી તો પછી એને કાલ્પનિક રીતે કેવી રીતે રજૂ કરી શકાય ? વસ્તુસ્થિતિ એ છે કે ઉપનિષદોએ 'બ્રહ્મ' તથા 'અક્ષર' માં કોઈ ભેદ સ્વીકાર્યો નથી. જે પરબ્રહ્મને બ્રહ્મ અથવા અવ્યક્ત કહેવાયેલ છે એને જ 'અક્ષર' પણ કહે છે. સૂત્રકાર પણ બ્રહ્મ અને અક્ષરમાં કોઈ ભેદનું પ્રતિપાદન નથી કરતા. બ્રહ્મ તો એકમેવ અને અદ્વિતીય છે તો પછી એના 'પરબ્રહ્મ' અને 'અક્ષર' એમ ભેદ શા માટે ?

જો કે એ સાચું છે કે 'અક્ષર - ધારણા' એ શ્રી વલ્લભના સિદ્ધાંતની એક વિશેષતા છે. એમણે પ્રતિપાદન કરેલ અક્ષર - સ્વરૂપ મુણ્ડક, બૃહ્દારણ્યક, ગીતા અને ભાગવતમાં પ્રતિપાદિત અક્ષર - સંબંધી અવતરણોને આધારે જ છે અને એમના આ સિદ્ધાંતને ઘણા વિદ્વાનોએ અનુમોદન આપ્યું જ છે.

શ્રી વલ્લભ 'रसो वै सः' એ શ્રુતિના આધારે પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના રસરૂપત્વની જ વ્યાખ્યા કરે છે જ્યારે શ્રુતિનું તાત્પર્ય કેવળ બ્રહ્મ 'આનન્દ રૂપ' 'આનંદઘન' છે એટલું જ છે. એ જ રીતે પુષ્ટિમાર્ગ અને મર્યાદામાર્ગનું વિવેચન પણ બ્રહ્મસૂત્રોનો વિષય નથી પણ શ્રી વિઠ્ઠલનાથજીએ રચેલ અણુભાષ્યના તૃતિય અધ્યાયનો કેટલોક ભાગ અને ચોથા અધ્યાયના મોટા ભાગના સૂત્રો વલ્લભના પુષ્ટિ અને મર્યાદાના સ્વરૂપવર્ણન અને ભેદવિવેચન દર્શાવે છે. એ સાચું છે કે ભાગવતમાં ઉપનિષદના દર્શન અને પાંચરાત્ર ધર્મનું અસાધારણ રૂપથી સુન્દર સમન્વય જણાય છે. વધારામાં ભાગવત અને ઉપનિષદ અને બ્રહ્મસૂત્રોના સમય વચ્ચે સેંકડો વર્ષોનો ગાળો રહેલો છે. શ્રીકૃષ્ણની વર્તમાન ધારણાનો વિકાસ તો ઉપનિષદ યુગ બાદ સેંકડો વર્ષો પછી મહાભારત અને ગીતામાં થયેલ છે.

શ્રી વલ્લભ પરબ્રહ્મને પરમાત્મા શ્રીકૃષ્ણના સાકાર સ્વરૂપમાં પણ સ્વીકારે છે. નિર્ગુણ - નિરાકાર બ્રહ્મ વિશે તો કોઈ પ્રશ્ન જ નથી પણ એમના વિરુદ્ધ ધર્માશ્રયના સિદ્ધાંત પ્રમાણે એ સગુણ સાકાર બ્રહ્મનો પણ સ્વીકાર કરે છે. તો પ્રશ્ન એ થાય કે સિદ્ધાંતની દૃષ્ટિએ જોઈએ તો જે આકારથી બંધાયેલ હોય તેને દેશ (space) અને કાલ (Time) ની મર્યાદાઓ (limitations) હોય જ. જે આકારથી મર્યાદિત (limited) છે તેની કર્તૃત્વની શક્તિ (capacity) કેટલી ? માટે જેનો કોઈ આકાર નથી - નિરાકાર છે પણ જેની શક્તિ અદ્‌ભૂત છે એવા બ્રહ્મને જ માનવું પડે !

“ॐ पूर्णम् अदः पूर्णम् इदं पूर्णात् पूर्णम् उदच्यते पूर्णस्य पूर्णम् आदाय पूर्णमेवा वशिष्यते ।”

ઉપનિષદમાં કહ્યું છે કે બ્રહ્મ પૂર્ણ છે અને પૂર્ણમાંથી પૂર્ણ કાઢી લઈએ તો પણ પૂર્ણ જ રહે છે. આ શ્રુતિ પ્રમાણે બ્રહ્મ જ સર્વ છે અને એ પૂર્ણ છે. તો પછી આ અંશ - અંશીના ભેદભાવ શા માટે ? બ્રહ્મસૂત્રના સૂત્ર ૩-૧-૧ ઉપરના અણુભાષ્યમાં જીવના સંદર્ભમાં જીવની અલગ અલગ ગતિઓ બતાવી છે. છાંદોગ્ય ઉપનિષદનો સંદર્ભ ટાંકીને શ્રી વલ્લભ જીવની ગતિ કેવી કેવી અને કેવી રીતે થાય છે એ સમજાવ્યું છે. બ્રહ્મમાં કોઈ ભેદભાવ નથી. તો પછી બ્રહ્મે જ સર્જેલ જીવોની ગતિ જુદી જુદી કેવી રીતે હોઈ શકે ? આપણે એમ કહી શકીએ કે જીવને એના પૂર્વજન્મના કર્મનું ફળ મળે છે તો એ સ્વીકાર્ય છે. પણ એમાં પણ વિષમતા તો છે જ. શ્રી વલ્લભ કહે છે કે ઈશ્વર જીવનું વરણ કરે છે. “यमैवेशः वृणुतेन तेन लभ्याः” પછી ભલે જીવ કોઈપણ પ્રકૃતિવાળો હોય - સાત્ત્વિક, રાજસી કે તામસી. તો પછી ભગવાન જેનું ‘વરણ’ નથી કરતાં, અનુગ્રહ નથી હોતો એવા અસંખ્ય પ્રવાહી જીવોની ગતિ શું ? સૂત્ર ૩-૧-૭-૮ ના અણુભાષ્યમાં પણ શ્રી વલ્લભે ભાગવતમાંથી અનેક ઉદાહરણો આપ્યા છે કે જીવની કક્ષાએ જીવે ઉર્ધ્વગતિ માટે સતત પ્રયત્નો કરવા પડે છે. પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા વગેરે જીવોના વિભાગ (categories) શા માટે હોવા જોઈએ ? આવા કેટલાક તાર્કિક પ્રશ્નો ઉઠે છે.

તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે શુદ્ધાદ્વૈત દર્શન એ શ્રી વલ્લભાચાર્યનું મુખ્ય પ્રદાન છે. આ ફિલસૂફી માત્ર વિદ્વાનો માટે જ નથી પણ જેમણે સંસ્કૃતમાં રહેલા શાસ્ત્રોનો ગહન અભ્યાસ નથી કર્યો એવા સામાન્ય લોકોને પણ આ ફિલસૂફી અને પુષ્ટિમાર્ગે આકર્ષ્યા છે. આમ વિશેષ તત્ત્વજ્ઞાનની સ્થાપનામાં શ્રી વલ્લભ યશસ્વી થયા છે. એમના તત્ત્વજ્ઞાનની પીઠીકા (pedestal) ભક્તિ છે. એમણે ભક્તિની વિભાવનાને એ રીતે વ્યક્ત કરી છે કે સામાન્યમાં સામાન્ય માણસ

પણ એને સરળતા અને સહેલાઈથી અનુસરી શકે, અને વિદ્વાન વ્યક્તિ જ્ઞાન અને કર્મ દ્વારા એની ગહનતામાં ડુબકી મારી શકે. જ્ઞાન અને કર્મના સમન્વય સાથે ભક્તિને એમણે કેન્દ્રસ્થાને સ્થાપી એ એમનું બીજુ પ્રદાન છે. જાણે કે એમણે સામાન્ય લોકોને ભક્તિનો રાજમાર્ગ બતાવી દીધો ! તેમણે ખુદ પોતાના સમગ્ર જીવન દરમિયાન આ અભિગમ અપનાવ્યો હતો અને ઉપનિષદ અને ગીતાની ફિલસૂફીને જીવનમાં સંપૂર્ણપણે ઉતારનાર તરીકે મૂર્તિમંત ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

શ્રી વલ્લભાચાર્યનું એક સામાજિક સુધારક તરીકેનું પ્રદાન પણ એટલું જ મહત્ત્વનું છે. જ્યારે ભારત 'અંધકાર યુગ' માંથી પસાર થઈ રહ્યું હતું, હિન્દુ સમાજ છિન્નભિન્ન થઈ રહ્યો હતો ત્યારે એમનામાં રહેલા સમાજ સુધારકે સ્વીકાર્યું કે "દરેક વ્યક્તિ સમાન છે, નાત-જાત, કોમ કે જાતિ (gender) ના ભેદ વગર." સાડા પાંચસો વર્ષો પહેલાં જ્યારે વર્ણ વ્યવસ્થા એટલી બધી ચુસ્ત હતી કે શ્રી વલ્લભના આ વિચારો ખરેખર ક્રાન્તિકારી લાગે ! એમના ખાસ અનુયાયીઓ - મુસ્લિમો સહિત - દરેક કોમ અને જાતીના હતાં. એ પોતે આટલા મહાન હતા છતાં એમણે ક્યારેય પોતાની જાતને મહાન કે બીજા લોકો કરતા ઉચ્ચ સ્તરની ગણી નહોતી. એમના શિષ્યો પણ 'સખા' તરીકે જ જાણીતા હતા.

એથી વધારે ઉદાત્ત અને હિંમતભર્યું એમનું પગલું તો સ્ત્રીઓને સમાજમાં ઉચ્ચ દરજ્જો આપવાનું હતું. તે જમાનામાં સ્ત્રીઓનું સ્થાન નિમ્ન કોટિનું ગણાતું હતું. એમને ધર્મ કે વેદાભ્યાસની મનાઈ હતી. તેવા સમયે શ્રી વલ્લભાચાર્યે શ્રીકૃષ્ણ - ભક્તિમાં 'ગોપી' અને 'યશોદા' ની ભાવના જગાડી સ્ત્રીઓને ગૌરવભર્યું સ્થાન અપાવી સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરી.

તે જમાનામાં સાચા જિજ્ઞાસુ કે મુમુક્ષુએ સંસારનો ત્યાગ કરી 'સંન્યાસી' બનવું જરૂરી ગણાતું. મોક્ષ એમનું અંતિમ ધ્યેય હતું. એમણે સમાજને યાદ કરાવ્યું કે વૈદિક યુગમાં આપણા આચાર્યો, ગુરુઓ, સંતો અને ખુદ પરમાત્માના અવતારો ગૃહસ્થી હતાં. ભક્તની ખરી કસોટી એમાં જ છે કે સંસારમાં રહીને સાંસારિક ફરજો બજાવતા બજાવતા એ કઈ રીતે એ બધાંથી અલિપ્ત રહી પરમાત્મા સાથે સાયુજ્ય સાધી શકે છે.

જ્યારે ધર્મ અને જુદા જુદા સંપ્રદાયો વખત જતાં સંકુચિત મનોવૃત્તિવાળા અને એના અનુયાયીઓની જાગીર જેવા બનતા ગયા, એવા સમયે એમણે મુક્ત અભિગમ અપનાવીને જેને ગમે એ પુષ્ટિ સંપ્રદાયમાં જોડાઈ શકે. એમ ધર્મના વિશાળ દ્વાર એમણે ખોલી આપ્યા. તેઓ એમના જમાના કરતાં તો ક્યાંય આગળ હતાં. (He was quite ahead of his time.) અને એટલે જ

આજે સાડા પાંચસો વર્ષ પછી પણ એ ધર્મ જળવાઈ રહ્યો છે એટલું જ નહીં પણ વૈશ્વિક સ્તરે (universal appeal) પણ એની અસર ઊભી થઈ શકી.

તેઓશ્રી ભક્તિની ભાવનાને દઢ કરવા માટે ‘સેવા’ને વિશેષ મહત્ત્વ આપતા હતા. ત્યારબાદ શ્રી વિઠ્ઠલનાથજીએ તો ‘શ્રી ગિરિરાજજી’ ની સેવા દરબારી ઠાઠથી થાય એવી પ્રણાલી શરૂ કરી. આથી સામાન્ય ગણાતા ભક્તોમાં પણ જુદી જુદી કલાની ભાવના વિકસી અને એનાથી સાહિત્ય, સંગીત, ચિત્રકલા, પાકશાસ્ત્ર જેવી કલાઓને ઉત્તેજન મળ્યું. શ્રી વલ્લભ કહેતા કે માણસે પોતાની અંદર રહેલી વૃત્તિઓ કે ભાવનાઓને દબાવી દેવાની (supress) કરવાની જરૂર નથી, પણ તમારી પાસે જે પણ શક્તિ કે કલા કે આવડત છે તે તમે ઈશ્વરને અર્પણ કરો અને પછી એના પ્રસાદ તરીકે એને ગ્રહણ કરો. એમણે માનવ મનની વૃત્તિઓનું એ રીતે ઉદાત્તીકરણ (ઉર્ધ્વિકરણ) કરવાનો પ્રયત્ન કર્યો અને એટલે જ વૈષ્ણવ સંપ્રદાયમાં કેટલાક ઉચ્ચ કોટિના કવિઓ, સંગીતકારો, ચિત્રકારો થઈ ગયા. ભક્ત કવિ, સૂરદાસ, કુંભનદાસ, પરમાનંદદાસ જેવા ‘અષ્ટ છાપના’ કવિઓ ઉચ્ચ કક્ષાના સર્જક તો હતા જ સાથે સાથે એમને સંગીતનું પણ જ્ઞાન હતું. વ્રજભાષામાં સુરદાસ, રસખાન, પરમાનંદદાસ વગેરે અષ્ટ છાપ કવિઓ, ગુજરાતીમાં દયારામ જેવા કૃષ્ણભક્ત કવિ અને અખા જેવા માર્મિક તત્ત્વજ્ઞાની થઈ ગયા. જો કે પાછળથી અખાએ સંપ્રદાય છોડીને વેદાંત માર્ગે જ્ઞાનનો રસ્તો અપનાવ્યો હતો. આ અને આવા બીજા અનેક ભક્તોએ હવેલીમાં શાસ્ત્રીય શૈલીનું મધુર સંગીત ગાઈ - બજાવીને શાસ્ત્રીય સંગીત પર આધારિત ‘હવેલી સંગીત’ની ભેટ આપી. જે આજે સાડા પાંચસો વર્ષ થયા એ કીર્તનો અને હવેલી સંગીતની પરંપરા ચાલુ રહી છે. ઠાકોરજીને જાત જાતના શૃંગાર, વસ્ત્રો, અલંકારો ધરવામાં આવતા એ પણ કલાત્મક બનવા માંડ્યા. અને પોતાના ઠાકોરજીને રીઝવવા ગૃહિણીઓ સુંદર ખાદ્ય સામગ્રી બનાવીને પાકશાસ્ત્રમાં નિપુણ બનવા લાગી. આમ શ્રી વલ્લભાચાર્યે સ્થાપેલ પુષ્ટિમાર્ગ દ્વારા સમાજમાં સાહિત્ય, સંગીત, કલા - ચિત્રકલા, પાકશાસ્ત્ર વગેરે કલાઓનો ખૂબ જ વિકાસ થયો.

શ્રી વલ્લભે સેવાને તો વિશિષ્ટ સ્થાન આપ્યું છે અને એટલે જ ગૃહસ્થે પોતાના ઘરમાં બિરાજેલ ઠાકોરજીની તનુ-વિત્તજા સેવા કરવાની રહે છે અને તે અષ્ટ પ્રહરની સેવા છે. ગિરિરાજ પર બિરાજેલ ‘શ્રીનાથજી’ની સેવા કરવાની જવાબદારી બંગાળી બ્રાહ્મણોને સોંપી હતી અને તેઓ મર્યાદામાર્ગી હતા શ્રી વ્લલભના સમય બાદ ઘણા વર્ષો પછી અષ્ટ પ્રહરની સેવાની શરૂઆત થઈ. તનુ-વિત્તજા સેવાનો સ્વીકાર એટલા માટે કર્યો કે તનુ વિત્તજા સેવાથી ભક્તમાં

નમ્રતા આવે છે અને એનો અહમ્ ઓછો થતા 'ઠાકોરજી' સાથે એનું સાયુજ્ય વધે છે. જો કે 'માનસી' સેવાને એ સર્વોચ્ચ સ્થાને માને છે. પણ એમણે તનુ વિત્તજા સેવાનો પણ ભક્તના મનની શુદ્ધિ માટે સ્વીકાર કર્યો છે. એટલે જ એમણે એમના ભક્ત પુરણમલને ગિરિરાજજીનુ નવું મંદિર બનાવવા માટે ધનં કમાવા પરદેશ જવાની પરવાનગી આપી અને એ ધનથી નવી હવેલીનું નિર્માણ કરાવ્યું. આમ એમણે તે સમયના હતાશ થયેલા સમાજમાં નવા પ્રાણનું, નવા ઉત્સાહનું સિંચન કર્યું. આમ શ્રી વલ્લભાચાર્ય મહાન દાર્શનિક (Philosopher) તો હતા જ પણ સાથે સાથે સમાજને યોગ્ય માર્ગે દોરનાર સફળ ધર્માચાર્ય પણ હતા. જાણે કે તેઓ એક જંગમ વિદ્યાપીઠ (હાલતી ચાલતી વિદ્યાપીઠ) જેવા હતા.

આજનું માનવ મન હંમેશા તર્ક અને સંશોધન પર વિશ્વાસ ધરાવે છે. પહેલાનાં જમાનામાં એવું નહોતું. આજનો યુગ ભૌતિકવાદ (Materialism) નો છે. આધ્યાત્મિકતા અને પાયાના નૈતિક મૂલ્યો સાથે સમતોલન કરવામાં કોઈ પણ ધર્મ કેટલે અંશે ઉપયોગી થઈ શકે એમાં જ એની ખરી કસોટી છે. ધર્મના મતમતાંતરો અને ક્રિયાકાંડ (Rituals) ને બાજુએ રાખી, દરેક ધર્મને સ્વીકાર્ય હોય એવી પૂર્વભૂમિકા તૈયાર થઈ શકે ખરી ? શ્રી વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતની ફિલસૂફી અને 'પુષ્ટિ માર્ગ'ની વિભાવના આ જાતની પૂર્વભૂમિકા પૂરી પાડવામાં કેટલે અંશે મદદરૂપ થઈ શકે ? આજે જ્યારે વિજ્ઞાન અને ટેક્નોલોજી હરણફાળે વિકસી રહ્યા છે. દુનિયાના સીમાડાઓ સાંકડા થતા જાય છે. ભૌતિકવાદ સામે આધ્યાત્મિકવાદ (Spiritulism) કેન્દ્ર સ્થાન લઈને વ્યક્તિ અને સમાજ માટે માર્ગદર્શક બની રહ્યા છે. ત્યારે આવા પ્રશ્નો ઉઠવા સ્વાભાવિક છે.

આજના સમાજમાં ભૌતિક સમૃદ્ધિ વધતી ગઈ છે. જ્યાં જુઓ ત્યાં ભૌતિક સુખ - સગવડો અને આરામની સવલતોની જાણે ભરમાર જોવા મળે છે. પણ શું આજનો માનવી ખરેખર સુખી અને સંતોષી છે ? ભૌતિક સમૃદ્ધિ વધવા સાથે જાણે કે સમાજમાંથી માણસાઈની બાદબાકી (Dehumanization) થતા સમાજ છિન્નભિન્ન થતો જાય છે. માણસ પરબ્રહ્મ પરમેશ્વર, પ્રકૃતિ, સમાજ અને કુટુંબ સાથેથી પણ એ કપાતો - વિખૂટો પડતો જાય છે. એનું સમગ્ર જીવન છિન્નભિન્ન અને તનાવગ્રસ્ત થઈ ગયું છે. અને એ સાચા સુખ અને સંતોષ માટે વલખા મારતો થઈ ગયો છે. એના ચિત્તમાંથી પ્રસન્નતા ગાયબ થઈ ગઈ છે અને જાણે ખિન્નતાનો સ્થાયીભાવ જીવનમાં વણાઈ ગયો છે. એવા સમયે આ હતાશાની લાગણીમાંથી બહાર આવવા માટે એને આ વલ્લભ-વેદાંત જરૂર નવજીવન આપી શકે. માણસની આ છિન્નભિન્નતાનું મૂળ

કારણ છે એનામાં રહેલો અહંભાવ. હું કોણ ? હું જ સર્વ કંઈ કરવા શક્તિમાન છું. આ દુનિયામાં સમાજમાં મારાથી આગળ કોઈ નીકળી ન જવો જોઈએ. અને આ નિષ્ફળ દોટમાં (Ratrace) એ અટવાયા કરે છે. અહન્તાની સાથે બીજું કારણ છે તૃષ્ણા. માણસને પોતાની પાસે રહેલી કોઈ વસ્તુથી ધરવ જ નથી એને બીજા કરતા વધારે ને વધારે જોઈએ છે. He wants more and more in life. જો માનવે સુખી અને સંતોષી થવું હોય તો એણે શ્રી વલ્લભાચાર્યના અહંતા - મમતાના ત્યાગનો સિદ્ધાંત જીવનમાં અપનાવવો જ પડે. સ્વ ને સમજવા માટે અને પ્રકૃતિ અને પરબ્રહ્મ સાથે ઐક્ય સાધવા એણે દિવસમાં થોડોક સમય કાઢીને પણ ભગવાનની સમક્ષ શાંતચિત્તે બેસવું જોઈએ. બાહ્ય આચારોની (Rituals) વાત ન કરતાં અને એની સૂક્ષ્મ વિગતો બાજુએ રાખી જોઈએ તો સેવા એટલે શું ? ભગવાન પાસે દિવસમાં થોડો સમય શાંતિથી વિતાવવો એ જ છે અને તૃષ્ણા અને અહંકારને દૂર કરવા માટે તો ભગવાન પાસે શરણાગતિ અને વિનમ્રતા સિવાય બીજો કોઈ રસ્તો નથી.

આજનો માનવી ભૌતિક જ્ઞાનમાં તો વિકાસ સાધતો જ રહ્યો છે એ ભૌતિક જ્ઞાન સાથે આધ્યાત્મિક જ્ઞાન (Spiritualism) નો સમન્વય સાધવાની જરૂર છે. પરબ્રહ્મ - ઈશ્વર શું છે ? આ સમગ્ર બ્રહ્માંડનું સંચાલન કોણ કરી રહ્યું છે ? એવા પ્રશ્નોના જવાબ મેળવવા જ્ઞાન અને સાથે એને સમજવાની (સમજણની) જરૂર છે. જ્યારે એને ઈશ્વરની અનન્યતાનું જ્ઞાન અને સાથે સમજ આવશે ત્યારે આપોઆપ જ એ પરમશક્તિ સામે નતમસ્તક અને ભક્તિભાવપૂર્વક શરણાગતિ સ્વીકારશે અને વલ્લભાચાર્યના સિદ્ધાંત મુજબ ભક્તિ સાથે સાથે નિષ્કામ કર્મયોગની ભાવના પણ વિકસીત થશે. અને ગીતામાં નિર્દેશેલ નિષ્કામ ભક્તિયોગ અને નિષ્કામ કર્મયોગ દ્વારા વ્યક્તિ ધીમે ધીમે સંસાર પ્રત્યે નિર્લેપ (અનાસક્ત) બનતો જશે એનામાં વીતરાગની (detachment) ભાવના દઢ થશે. અને આમ કર્મ કરવા સાથે ભક્તિનો સમન્વય થતા નિર્લેપતા - સંસારથી વિરક્તિની ભાવના પણ આપોઆપ દઢ થતી જશે. આમ આપણે જોયું કે શ્રી વલ્લભના સિદ્ધાંતો અને આચરણ વચ્ચે વિરોધાભાસ નથી. એમની દૃષ્ટિએ જે તત્ત્વજ્ઞાન જીવનમાં આવિર્ભૂત ના થાય તે ખોખલું ગણાય. શ્રી વલ્લભાચાર્યના સિદ્ધાંતોને જીવનમાં ઉતારવામાં આવે તો માનવ મન ચોક્કસ સુખ અને શાંતિ પ્રાપ્તિ કરી શકે. આમ આજના વિષમ સમયમાં તો વલ્લભવેદાંતમાં જરૂર માનવજાતને નવજીવન અને નવચેતના બક્ષવાની ક્ષમતા છે. આ માધ્યમ દ્વારા જ માનવ ઈશ્વર સાથેના આનંદની ક્ષણોને પણ એની સમગ્રતા સાથે ભાવપૂર્વક માણી શકે છે.

સંદર્ભ ગ્રંથો - Bibliography

- **English Book**

1. K.Narain The philosophy of the Vallabh School of Vedant Indological Research centre - Varanasi 11/0/0
2. Prof. G. H. Bhatt Shri Vallabhacharya and his Doctrin, Shri Vallabha Publication Baroda.
3 Helmuth von Glasenoopp translated by Ishverbhai S. Amin Doctrine of Vallabhacharya. Shri Vallabha Publication, Baroda.
4. Prof. Jethalal G. Shah Shrimad Vallabhacharya His Philosophy And Religion. The Pustimargiya Pustakalaya, Nadiad.
5. Bhai Manilal C. Parekh Shri Vallabhacharya Life, Teaching and Movement Shri Bhagavata Dharma Mission, Rajkot.
6. James D. Redington Vallabhacharya on Love Game of Krishna Motilal Banarasidas, Delhi, Varanasi, Patna.
7. Dr. G. V. Tagare Brahmavada - Doctrine of Shri Vallabhacharya Dr. Printworld (P) Ltd. New Delhi - 110015
8. Dr. B. M. Dhruva An Introduction to The Suddhavaita School of Philosophy of Sri Vallabhacharya. Dr. B. M. Dhruva, Bhagatalaw, Bhavnagar
9. Raghunath Sharma Brahmavada - The System of Suddhadvaita Vedanta Shri Raghunath Goswami Vileporle (west) Bombay 400 056
10. G. H. Bhatt Cultural Heritage of India Vol III (Part relating to the school of Vallabha. Ramkrishna Mission Calcutta
11. Dr. Mrudula Marfatia Philosophy of Shri Vallabhacharya. Motilal Banarsidas Delhi, Varanasi, Patna.

12. (Prepared under the direction of Dr. K. M. Munshi History and Culture of the Indian People The Delhi SOLTA-NATE (pages 612 to 623) Bhartiya Vidya Bhavan, Mumbai.

13. Shri Jethalal G. Shah An Introduction to the ANUBHASYA. Shri Vallabha Publication, Baroda

14. Prof Rameshbhai M. Dave Navya - Visistadvaita: The Vedant Philosophy of Sri Swaminarayana. Akshra Prakashana Mumbai.

15. Dr. Chimanlal M. Vaidya. (Translated in Gujarati by Bhailalbhai Shastri Shri Vallabhacharya and His Teachings. Shri Vallabha Publication, Baroda.

16. Brajnath R. Shastri Shrimad Vallabhacharya and His Doctrine Shri Vallabha publication Baroda

17. Dr. Sunanda Y. Shashtri Teachings of Upanisads Sarada Jnana Peetham Pune

18. Edited by C. M. Vaidya Pustimarga and Shri Vallabhacharya Shri Vallabha Publication. Baroda.

- **Gujarati Book**

૧. શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી, શ્રી કે. કા. શાસ્ત્રી આદર્શ પ્રકાશન, અમદાવાદ

૨. અનુવાદક તથા વિવેચક પ્રો. જેઠાલાલ ગોવર્ધન દાસ શાહ, શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુ ભાષ્યમ્ શ્રી વનલીલા વીલના એક્ઝિક્યુટર વતી શ્રી અનિલકુમાર ભટ્ટ ભાવનગર - ૨૬૪ ૦૦૧

૩. અનુવાદક ડૉ. એ. ડી. શાસ્ત્રી, શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુ ભાષ્યમ્, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

૪. અનુવાદક અને સંપાદિકા ડૉ. પુનિતા નાગરજી, શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુ ભાષ્યમ્, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ - ૧

૫. જસવંત મહેતા શ્રી વલ્લભ વિચારમ્, એન. એમ. ઠક્કરની કંપની પ્રિન્સેસ સ્ટીટ મુંબઈ - ૪૦૦૦૦૨

૬. પ્રો. રમેશભાઈ પરીખ, શ્રી વલ્લભનું વસિયતનામું, શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણા

૭. પ્રો. રમેશભાઈ પરીખ, પુષ્ટિમાર્ગની પગદંડી, શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણા

૮. ગોસ્વામી શ્રી શરદકુમાર, પ્રમેય રત્નસંગ્રહ, શ્રી વલ્લભાચાર્ય ટ્રસ્ટ માંડવી - કચ્છ

૯. ગો. શ્રી હરિરાયજી પ્રણીત (અનુવાદક - બિપિન બિહારી દાસ), અષ્ટ સખાની વાર્તા, શ્રી વલ્લભ ગ્રંથ પ્રકાશન, સૂરત

૧૦. કલ્યાણજી રણછોડજી વ્યાસ, ચોરાશી વૈષ્ણવની વાર્તા, મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે ત્રણ દરવાજા, અમદાવાદ

૧૧. પ્રો. રમેશભાઈ વિ. પરીખ, વદતિ વલ્લભઃ શ્રી હરેઃ ચંપકલાલ નગીનદાસ જરીવાળા, સૂરત

૧૨. પ્રો. જેઠાલાલ ગોવર્ધન-દાસ શાહ, પુષ્ટિ દર્પણ, લલ્લુભાઈ છગનલાલ દેસાઈ શ્રી ભક્તિ ગ્રન્થશાળા, અમદાવાદ

૧૩. અનુવાદક - પ્રો. જેઠાલાલ ગો. શાહ, શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્ ભાગ - ૧ અધ્યાય ૧-૨ ભાગ - ૨ અધ્યાય ૩-૪, સપ્તમ વૈષ્ણવ પરિષદ પ્રકાશક - જેઠાલાલ ગોવર્ધન દાસ શાહ

૧૪. લેખક પ્રો. હેલ્મુથ વોર્ન ગ્લાસનાપ અનુવાદક : મોહનલાલ ગાંધી, શ્રી વલ્લભાચાર્યના સિદ્ધાંતો, શ્રી શુદ્ધાદ્વૈત સંસદ અમદાવાદ

૧૫. મોહનલાલ વિઠ્ઠલદાસ ગાંધી, પુષ્ટિ સુધા, શ્રી શુદ્ધાદ્વૈત સંસદ, અમદાવાદ

૧૬. અનુવાદક : શાસ્ત્રી હરિશંકર ઓંકારજી, શ્રી સુબોધિનીજી દશમ-સ્કન્ધ (ભાગ પહેલો - અધ્યાય ૧-૨) હરશંકર ઓંકારજી શાસ્ત્રી, નડિયાદ

૧૭. અનુવાદક : પં. મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, શ્રી વલ્લભ સ્વરૂપ દર્શન, શ્રી ઉમરેઠ સાંસ્કૃતિક ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ

૧૮. વ્યાખ્યાતા : ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી, પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા ભેદ, શ્રી વલ્લભચાર્ય ટ્રસ્ટ, માંડવી, કચ્છ

૧૯. ગોસ્વામી શ્રી શરદ-કુમારજી, પુષ્ટિ પ્રવેશ ૧-૨, શ્રી વલ્લભચાર્ય ટ્રસ્ટ, માંડવી, કચ્છ

૨૦. ડૉ. કૃષ્ણજીવ ગો. ગાંધી, સમર્પણનો સિદ્ધાંત, નવરત્ન ગ્રંથ પરિવાર ગોધરા (જી. પંચમહાલ)

૨૧. અનુવાદક : સુન્દરલાલ મણિલાલ વકીલ, તત્ત્વાર્થદીપનિબંધ - શાસ્ત્રાર્થ પ્રકરણ સુંદરલાલ મણિલાલ વકીલ

૨૨. અનુવાદક : સુન્દરલાલ મણિલાલ વકીલ, તત્ત્વાર્થદીપનિબંધ શ્રી ભાગવતાર્થ પ્રકરણ, સુંદરલાલ મણિલાલ વકીલ

૨૩. અનુવાદક : નાનુલાલ નારાયણદાસ ગાંધી, તત્ત્વાર્થદીપનિબંધ - શ્રી ભાગવતાર્થ પ્રકરણ, શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, નડિયાદ

૨૪. ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહારાજ શ્રી વડોદરા, પુષ્ટિમાર્ગીયવિવેક, શ્રી વિઠ્ઠલ ગ્રંથ પ્રકાશન મંગળ ટ્રસ્ટ, વડોદરા

૨૫. સંપાદક - પ્રો. રમેશભાઈ વિ. પરીખ, ષોડશગ્રંથ (સાર્થ), શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણા

૨૬. શ્રી કે. કા. શાસ્ત્રી, નરસિંહ મહેતા - એક અધ્યયન, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

- **Hindi Book**

१. प्यारे लाल पारख, श्री वल्लभ दर्शन, परफेक्ट ग्राफिक्स, आणंद, गुजरात

२. गोस्वामी श्याम मनोहरजी, वल्लभ वेदान्त, श्री वल्लभाचार्य ट्रस्ट मांडवी, कच्छ

३. कविरत्न आर. कलाधर भट्ट, श्री वेणुगीतम्, भारतीय विद्याभवन, मुंबई - ४०० ००७

४. गोस्वामी श्री श्याम मनोहरजी, ब्रह्मवाद, श्री वल्लभाचार्य ट्रस्ट मांडवी, कच्छ

५. डॉ. धीरज प्रकाश जोशी, वल्लभ वेदान्त (प्रस्थान रत्नाकर पर आधारित), वृष्टि प्रकाशन, उदयपुर

६. गोस्वामी श्याम मनोहरजी, साकार ब्रह्मवाद, श्री वल्लभ विद्यापीठ, कोल्हापुर, महाराष्ट्र

७. श्री मनोहरलाल शास्त्री चतुर्वेद (मनोहरजी), पुष्टि सिद्धांत दर्पण, मौलिक साहित्य प्रकाशन, दिल्ली, ११० ००७

८. गोस्वामी श्याम मनोहरजी, ग्रन्थ परिचय : (१) नवरत्नग्रन्थ (२)

अंतःकरणप्रबोध (३) विवेकधैर्यश्रय (४) चतुःश्लोकी (५) भक्तिवर्धिनी, गोस्वामी १००८ श्री गोविन्द–लालजीपीठ महाराजी पंचम कामापीठ भरतपुर – ३२१०२२

९. लक्ष्मीशंकर निगम श्रीमती शोभा निगम, श्रीमद् वल्लभाचार्य उनका शुद्धाद्वैत एवम् पुष्टिमार्ग, सेन्ट्रल बुक हाउस, सदर बाजार, रायपुर

१०. अनुवादक : पंडित श्री माधव शर्मा, गोस्वामी श्रीगिरिधरजी विरचित, शुद्धाद्वैतमार्तण्ड, श्री मदन मोहन पुस्तकालय, काशी

११. डॉ. गजानन शर्मा, श्रीमद् वल्लभाचार्य व्यक्तित्व, सिद्धान्त और संदेश, श्रीमद् वल्लभाचार्य पंचशती महोत्सव प्रकाशन

१२. डॉ. राजलक्ष्मी वर्मा, आच्चार्य वल्लभ और उनका दर्शन, लोकभारती प्रकाशन, अमदाबाद – ९

१३. संपादक : गोस्वामी श्याम मनोहरजी, पत्रावलम्बनम्, श्री वल्लभ विद्यापीठ कोल्हापुर महाराष्ट्र

(સમાપ્ત)

ડૉ. કોકિલા શાહ

૮ નવેમ્બર-૧૯૩૭માં જન્મેલા કોકિલા એ. શાહ આ જન્મવિદ્યાર્થી રહ્યા છે ઈ.સ. ૧૯૫૯માં ગુજરાત યુનિવર્સિટીમાંથી ગુજરાતી સાહિત્યના મુખ્ય વિષય અને સાયકોલોજી ગૌણ વિષય સાથે બી.એ.ની પરીક્ષા બીજા વર્ગમાં પાસ કરી. પહેલા અને બી.એ. થયા પછી પાંચેક વર્ષ શિક્ષિકા તરીકેની નોકરી કરી હતી.

૧૯૬૨માં ડૉ. એ.સી.શાહ સાથે લગ્ન કર્યા પછી મુંબઈમાં સ્થાયી થયા અને ગૃહિણી તરીકેની જવાબદારી સંભાળી. પણ વધુ અભ્યાસની તૃષા પ્રબળ થતાં ૪૦ વર્ષની ઉંમરે S.N.D.T યુનિવર્સિટીમાંથી ગુજરાતી સાહિત્યમાં ૧૯૭૯માં M.A.ની પરીક્ષામાં યુનિવર્સિટીમાં પ્રથમવર્ગમાં પ્રથમ આવ્યા. ૧૯૯૧ સાયકોલોજીમાં ફરી M.A. કર્યું

વર્ષો વિતતા જ્યારે પણ સંતાનો પાસે અમેરિકા જતાં ત્યારે ત્યાં પણ કોઈને કોઈ પ્રવૃત્તિ કરતા રહેતા, એ દરમિયાન જન્મભૂમિ-પ્રવાસી અને સમર્પણમાં અવારનવાર લેખો લખતા રહ્યા.

પતિ ડૉ. શાહના પ્રેરણા અને પ્રોત્સાહનથી પતિનો સાથ અને સહકાર મળતો રહ્યો એટલે ૨૦૦૯માં ફરીથી મુંબઈ યુનિવર્સિટીમાં 'શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનું શુદ્ધાદ્વૈત વેદાંત દર્શન' એ ફીલોસોફીના વિષયમાં પી.એચ.ડી.માટે રજીસ્ટ્રેશન કરાવ્યું એમના પતિના સહકારથી રીસર્ચનું કામસારી રીતે ચાલતું હતું ત્યાં ૨૦૧૨માં પતિ ડૉ. એ.સી.શાહનું અવસાન થયું. ત્યારબાદ શારીરિક પણ ઘણી મુશ્કેલીઓ આવી ! પણ અંતે ૨૦૧૫માં પી.એચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી ! હવે એ મહાનિબંધનું પુસ્તક રૂપે પ્રકાશન થઈ રહ્યું છે એ સંતોષની વાત છે.

કોકિલાબેને ૧૯૯૬માં કેન્સર જેવા મહાવ્યાધિનો પણ સામનો કર્યો ! અને ઈશ્વરકૃપાએ સાજા થયા. ત્યારબાદ એ **V.Care Foundations** સાથે સંકળાયેલા રહ્યા છે. એમણે 'દઢ મનોબળ અને અતૂટ શ્રદ્ધા' કેન્સર વિજેતાઓના અનુભવની વાતો - એ શિર્ષક હેઠળ એ વાર્તાઓનો અનુવાદ અને સંકલન કર્યું છે અને **V.Care Foundations** દ્વારા એ પુસ્તક પ્રકાશિત થયું છે.

ISBN : 978-93-5108-669-7
9 789351 086697
₹ 270.00

પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ